# ઋતુસેવા
# ઉત્સવસેવા
# મનોરથસેવા

(વ્યાખ્યાતા : ગોસ્વામી શ્રીશ્યામમનોહર (કિશનગઢ-પાર્લા))

॥ શ્રીહરિઃ ॥

# ઋતુસેવા-ઉત્સવસેવા-મનોરથસેવા

(વ્યાખ્યાતા : ગોસ્વામી શ્રીશ્યામમનોહર (કિશનગઢ-પાર્લા))

''સેવાકો પ્રકાર એતન્માર્ગીય વૈષ્ણવ જાનત હૈ. તિનસો મિલિ, ભાવ પૂછિ કે સેવા કરની. તબ ભગવદ્ભાવ ઉત્પન્ન હોય શ્રીઠાકુરજીકી લીલાકો સબ ભેદ જાને''

પુષ્ટિભક્તિ સમ્પ્રદાયની સેવાપ્રણાલીના અંતર્ગત નિત્ય, ઋતુ, ઉત્સવ અને મનોરથએમ ચાર પ્રકારના ક્રમ હોય છે. ઉપરના વચનામૃત અન્તર્ગત આપણે નિત્યસેવા પ્રકારનો વિચાર શ્રીગોપીનાથજી વિરચિત 'સાધનદીપિકા' ગ્રન્થના આધારે સંપૂર્ણપણે ગયા વખતે (કિશનગઢમાં કરવામાં આવેલા એક અન્ય પ્રવચનમાં) કર્યો હતો.

## ઋતુ અનુસારી સેવાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

'સાધનદીપિકા' માં જે પ્રકારે શ્રીગોપીનાથજીએ નિત્યસેવાના પ્રકારને ક્રમબદ્ધ કર્યો છે તેવો ઋતુ અનુસારી સેવાનો ક્રમબદ્ધ પ્રકાર શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી અથવા શ્રીગુસાંઇજીની વાણીમાં આપણા સમ્પ્રદાયમાં પ્રાપ્ત થતો નથી. શ્રીહરિરાયજી, શ્રીવ્રજરાયજી, શ્રીદ્વારકેશજી, યોગી શ્રીગોપેશ્વરજી વગેરે પરવર્તી આચાર્યોએ તે પ્રકારને ક્રમબદ્ધ પ્રગટ કરેલો છે. પરંતુ અહીં ભૂલવું ન જોઇએ કે ભગવત્સેવાના પ્રકારમાં ઋતુ-ઉત્સવ વગેરેના અનુસાર પરિવર્તન તો શ્રીમહાપ્રભુજીના વખતથીજ શરૂ થઇ ગયો હતો. એમાં સૌથી મોટું પ્રમાણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના સેવકો દ્વારા ગાવામાં આવેલા પદો

છે. સુરદાસજી, કૃષ્ણદાસજી, પરમાનંદદાસજી, કુંભનદાસજી, છીતસ્વામી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસજી, નંદદાસજી અને આના સિવાય વિષ્ણુદાસ છીપા, 'શ્રીવિઠ્ઠલગિરિધરન'[1] ની છાપવાળા, કૃષ્ણદાસી વગેરે ભગવદીયોના પદોમાં ઋતુ પ્રમાણે સેવાના ક્રમમાં કરવામાં આવતા પરિવર્તનને આપણે જોઇ શકીએ છીએ, ત્યારના સમયથી સેવાપ્રકારની જે પરમ્પરા શરૂ થઇ તે હાલના સમય સુધી 'શ્રીવલ્લભપુષ્ટિપ્રકાશ' અને જુદા જુદા ઘરોની સેવારીતિના પુસ્તકોમાં જોવા મળે છે.

## બીજા સમ્પ્રદાયોથી વૈશિષ્ટ્ય :

બીજા સમ્પ્રદાયની સેવા-પૂજા પ્રણાલીમાં ઋતુક્રમનો પરિગ્રહ નથી એવું તો આપણે કહી નથી શકતા. કારણ કે બીજા-બીજા સમ્પ્રદાયમાં પણ ઋતુ પ્રમાણે પૂજાવિધિમાં ફેરફાર કરવામાં આવે જ છે. જેમ કે, જે સમ્પ્રદાયમાં સેવા-વિધિ છે એવા નિમ્બાર્ક અને ચૈતન્ય સમ્પ્રદાયમાં પણ ઋતુ પ્રમાણે એમના સેવા પ્રકારમાં ફેરફાર કરવામાં આવે છે. પરંતુ આપણે ત્યાંની ભગવત્સેવામાં ઋતુનું જેવું મહત્વ છે તેવું બીજી જગ્યાએ જોવા મળતું નથી.

આપણે ત્યાં પણ ઋતુનુ મહત્વ માત્ર એક દ્રષ્ટિથી નહીં, અનેક દ્રષ્ટિથી વિચારવામાં આવે છે. જેમ કે - શ્રીઠાકોરજીના વસ્ત્ર, શૃંગાર, ભોગસામગ્રી, અત્તર, ફૂલ, ગેય-રાગ[1], વાદ્ય વગેરે બધી વાતોનો અતિશય જીણવટથી વિચાર કરીને તે બધાને ઋતુ પ્રમાણે ક્રમબદ્ધ કરેલા છે.

## શ્રીગુસાંઇજીનું અપૂર્વ યોગદાન :

આ બધાને ક્રમબદ્ધ કરવામાં શ્રીગુસાંઇજીનું સૌથી વધુ યોગદાન રહેલું છે. આપ ''પિતૃ-પ્રવર્તિત-પથ-પ્રચાર-સુવિચારકઃ'' છે. શ્રીમહાપ્રભુજીએ સેવાનો જે ક્રમ શરૂ કર્યો તેને સાંગોપાંગ જેવો શ્રીગુસાંઇજીએ કર્યો તેવો બીજા કોઇએ નથી કર્યો. શૃંગારની બાબતમાં જોઇએ તો પહેલા મુકુટ અને પાગ આ બે જ શૃંગાર હતા. શ્રીગુસાંઇજીએ બે થી આઠ પ્રકારના શૃંગાર બનાવ્યા. વસ્ત્ર પણ ફક્ત બે જ હતા. વસ્ત્રના પણ અનેક પ્રકાર શ્રીગુસાંઇજીએ શરૂ કર્યા.

ઋતુની બાબતમાં સર્વસામાન્ય લોકોની સૂઝ-બૂઝ હોય જ છે.

મોટાભાગે બધા લોકો ઋતુ પ્રમાણે જીવતા જ હોય છે. નાનામાં નાનો માણસ પણ ઠંડીમાં ગરમ કપડા પહેરશે, ગરમીમાં સુતરાઉ કપડા પહેરશે. પણ આપણા માર્ગની આમાં વિશેષતા એ છે કે આપણે ત્યાં ઋતુ પ્રમાણે બધા ઉપચારોને શ્રીગુસાંઇજીએ જેટલી સાવધાનીથી ક્રમબદ્ધ કર્યા છે તે ન ભૂતો ન ભવિષ્યતિ છે. હું નથી માનતો કે સેવા કે પૂજાની બાબતમાં આટલી સાવધાની બીજા કોઇપણ સમ્પ્રદાયમાં રાખવામાં આવેલી હોય.

## ઋતુ–પ્રકૃત્તિના વિવિધ રૂપ :

એક વાત સમજો કે ઋતુઓ પોતે પોતાનામાં પ્રકૃતિના જુદા–જુદા ચેહેરા છે. આ વાત પ્રકૃતિના પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ આ પાંચેય તત્ત્વોમાં લાગૂ પડે છે.

ગરમીમાં પૃથ્વીનું એક સ્વરૂપ હોય છે તો વરસાદમાં કાંઇક બીજું જ સ્વરૂપ હોય છે. શરદ્માં એક સ્વરૂપ હોય છે તો શીતમાં કાંઇક બીજું સ્વરૂપ હોય છે.

એવી રીતે ગરમીમાં જલનું એક સ્વરૂપ હોય છે તો વરસાદમાં બીજું સ્વરૂપ હોય છે. અને શરદ્માં કાંઇક બીજું સ્વરૂપ થઇ જાય છે. અત્યારે તો નદીઓમાં બંધ (ડેમ) થઇ જવાના કારણે ઋતુના બદલવાથી જલના સ્વરૂપમાં જેવું પરિવર્તન આવે છે તેનો અનુભવ આપણે નથી કરી શકતા. પહેલાં આપણે એ પરિવર્તનનો અનુભવ સ્પષ્ટરૂપે કરી શકતા હતા. આપણે ત્યાં કિશનગઢમાં મથુરાધીશજીની બેઠકની પાસેના કૂવામાં ગરમીના દિવસોમાં નહાવાનું મહાન સુખ હતું. ઠંડીના દીવસોમાં તેમાં જલ ગરમ રહેતું હતું તેથી ઠંડીના દિવસોમાં પણ નહાવાનો આનંદ આવતો હતો, તો આના ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે ઋતુની સાથે ફકત પૃથ્વી જ નહીં, જલ પણ પોતાનો સ્વભાવ બદલે છે.

ઋતુના બદલવાથી અગ્નિ–તેજ પણ પોતાનો સ્વભાવ બદલે છે. જેમ કે ગરમીમાં આપણે અગ્નિને તાપી નથી શકતા પરંતુ ઠંડીમાં તાપી શકીએ છીએ. ઠંડીમાં અગ્નિ આપણને સારી લાગે છે. ગરમીમાં એ જ અગ્નિ આપણને

રૂચતિ નથી.

હવા પણ ઋતુ પ્રમાણે પોતાનો સ્વભાવ બદલે છે.

આકાશને તમે જોશો તો જુદી-જુદી ઋતુમાં તેના રંગ જુદા-જુદા દેખાશે. આકાશને જોવાની ટેવ હોય તો તેના પરિવર્તનને આપણે અનુભવી શકીએ.

## ઋતુચક્ર અને પ્રાણિજીવન :

ઋતુ પ્રમાણે પંચમહાભૂતોમાં થતા પરિવર્તનનો અનુભવ દરેક પ્રાણી કરતો હોય છે. મનુષ્ય પણ પહેલાં આ પરિવર્તનનો અનુભવ કરી શકતો હતો. આજે માણસને આ બાબતનો અનુભવ ઓછો થઇ ગયો છે. કારણકે માણસ આજે યાન્ત્રિક જીવનને જીવવા ટેવાઇ ગયો છે. માણસના અત્યારના જીવનમાં પ્રકૃતિની સાથે જીવવાની પદ્ધતિ રોજ-બરોજ ખતમ થતી જઇ રહી છે. પરંતુ માણસ સિવાયના પ્રાણી પ્રકૃતિની સાથે જીવે છે એથી જ પ્રકૃતિના બદલાતા રૂપોમાં પ્રાણી પણ પોતાનો તાલ-મેલ બેસાડે છે. આપણે ત્યાંના પદોમાં આવતા પ્રકૃતિના વર્ણનને વિચારશો તો મળશે કે કોઇ પક્ષી વર્ષાકાલમાં બોલે છે તો કોઇ વસંતમાં બોલે છે, કોઇ શરદ્માં બોલે છે. પક્ષીઓની જેમ નાના-મોટા પશુ પણ પ્રકૃતિની સાથે પોતાનો તાલ-મેલ બેસાડે છે.

## ઋતુ અને ભક્તજીવન :

માણસ પણ પ્રકૃતિની સાથે પોતાનો તાલ-મેલ બેસાડે છે. આ જીવનની પ્રણાલી છે. જીવનની આપણી પ્રણાલીની સાથે આપણા સેવ્ય શ્રીઠાકોરજીને જોડવાનો પ્રકાર પુષ્ટિમાર્ગ શીખવાડે છે.

## પ્રભુની સાથે ઋતુનું સુખ લેવું :

વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે આપણી જીવન પ્રણાલીમાં જે અન્તર આવી રહ્યું છે તેને આપણે શ્રીઠાકોરજીની સાથે મજા લઇએ. ઠંડીના કારણે આપણી જીવન પ્રણાલીમાં જે ફેરફાર આવી રહ્યો છે તે ઠંડીનો આપણે આપણા શ્રીઠાકોરજીની સાથે મજા લઇએ. એવી જ રીતે વસંત અને ગરમીની પણ આપણે આપણા શ્રીઠાકોરજીની સાથે મજા લઇએ. આ રીતે આપણા

પ્રભુની સાથે ઋતુનો આનંદ લેવો એ એક ભાવ છે.

## ઋતુ અનુસાર સુખદ સેવા :

ઋતુઓના પરિવર્તનમાં પ્રભુને કેવી રીતે સુખપૂર્વક સેવ્ય બનાવવા આ બીજો ભાવ છે.

ઋતુક્રમની સેવાપ્રલાણીના આ બે ભાવોને ધ્યાનમાં રાખવા જોઇએ કે ફક્ત આપણે જ ઋતુનું સુખ ન લઇએ પણ પ્રભુની સાથે ઋતુનું સુખ લઇએ. અને પ્રભુની સાથે ઋતુનો આનંદજ ન લેતા રહીએ પણ ઋતુને અનુસાર પ્રભુની સેવાને સુખદ પણ બનાવીએ.

વાર્તામાં આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે એક વખત જયપુરના રાજા માનસિંહ તીર્થ-યાત્રા કરતા-કરતા દેવદર્શન કરવા ગયા ત્યારે રાજા દર્શન કરવા આવવાના છે એવા સમાચાર સાંભળીને મંદિરોના પુજારીઓએ અતિ ભારે-ભારે સોના-ઝવેરાતના શૃંગારથી પોત-પોતાના ઠાકોરજીને સજાવ્યા. પણ રાજા જ્યારે શ્રીનાથજીના દર્શન કરવા ગયા ત્યારે શ્રીનાથજી ફક્ત બે માલા અને સફેદ વસ્ત્ર ધારણ કરીને બિરાજતા હતા અને આગળ ફૂવારા ઉડી રહ્યા હતા. આ દર્શન કરીને રાજાને ઘણી ઠંડક મળી. અહીંયા વિચારો કે ઠંડક કઇ વાતની થઇ. આંખની ઠંડક, વિચારની ઠંડક, અને તેની સાથે ભગવાનના દર્શનની પણ એક ઠંડક થઇ. આ વાતને માનસિંહે તે વખતે પણ એપ્રિશિયેટ્ (બિરદાવી) કરી કે દર્શનનો જેવો આનંદ અહીં આવ્યો તેવો બીજે ક્યાંય નથી આવ્યો. આ પુષ્ટિમાર્ગનું રહસ્ય છે.

## ઋતુસેવામાં ભોક્તૃભાવ અને ભોગ્યભાવ :

ભગવત્સેવામાં એક તો ભોક્તૃભાવ હોય છે અને એક ભોગ્ય ભાવ હોય છે. પ્રભુને ઋતુ સુખરૂપ બને તે પ્રકારથી પ્રભુની સેવા કરવી તે આપણામાં ભોગ્ય હોવાનો ભાવ છે. ઋતુના ભોક્તા આપણે ન બનીને પ્રભુને માનીએ આ એક વાત છે. અને બીજી વાત ''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ, તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ'' આ છે. સેવકનો સ્વામીની સાથે લોકમાં જેવો વ્યવહાર હોય છે તે પ્રકારથી પ્રભુની સાથે આપણે વ્યવહાર

કરવો. આ પ્રકારમાં સ્વામીને સમર્પિત પદાર્થનું સુખ આપણે લઇએ છીએ. પણ ધ્યાનથી સમજો કે અહીં સમર્પિત પદાર્થનું સુખ આપણે લઇએ છીએ ત્યારે તે સુખ ન ત્યાગનું છે કે ન તે સુખ ભોગનું સુખ છે. સમર્પણનું સુખ પ્રભુને સમર્પિત કરીને તે પદાર્થને આપણે ભોગવવાનું છે. આની આ સૂક્ષ્મતા છે. સૂક્ષ્મતા એ છે કે આ સુખ મારે ભોગવવું છે તેના માટે હું આને પ્રભુને સમર્પિત કરી રહ્યો છું. આવી ભાવના થાય ત્યારે તો તે લૌકિક ભાવ બની જશે. પણ પ્રભુએ આવું સુખ લઇ લીધું છે તેથી હું પણ આનું સુખ લઉં એવો ભાવ હોય તો તે ભાવ સેવકનો થઇ ગયો, લૌકિક ન રહ્યો. સેવાફલ ગ્રન્થના વિવરણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''અલૌકિકસ્તુ ફલાનાં મધ્યે પ્રથમે પ્રવિશતિ''. આ પ્રકારનો ભોગ અલૌકિક છે, લૌકિક નથી. કેમકે પ્રભુએ તેનો ભોગ કરી લીધો છે તેથી ''તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ''. હવે તે સુખનો ભોગ કરવામાં આપણે વૈરાગ્યનો ભાવ રાખવો વ્યર્થ વાત છે.

## પ્રભુની સાથે ઋતુના ભોગમાં જ્ઞાન–વૈરાગ્ય વગેરેનું સ્વરૂપ અને સ્થાનઃ

આમ જોઇએ તો વૈરાગ્ય ખૂબ જ સારી વાત છે. પરંતુ શુષ્ક વૈરાગ્ય ભક્તિમાં સહાયરૂપ નથી બનતો એ યાદ રાખવું જોઇએ. જ્ઞાનમાર્ગ ઉપર જેને ચાલવું છે તેના માટે તો તેવો વૈરાગ્ય સહાયક બનશે, પણ તેવો વૈરાગ્ય ભક્તિમાં સહાયક નથી બની શક્તો. શા માટે નથી બનતો ? એક દૃષ્ટાન્તથી તમને સમજાવું છું.

ચૈતન્યસંપ્રદાયના રૂપગોસ્વામી 'ભક્તિરસામૃતસિન્ધુ' ગ્રન્થમાં એક ખૂબ સુંદર વાત ટાંકે છે કે

''જ્ઞાન-વૈરાગ્યયોર્ભકિત -પ્રવેશાયોપયોગિતા,
ઇશત્પ્રથમમેવેતિ ન ચાંગત્વમ્ ઉચિતં તયોઃ''

જ્ઞાન-વૈરાગ્યની ભક્તિમાં ઉપયોગિતા છે. પરંતુ શરૂઆતના તબક્કામાં પણ રૂપ ગોસ્વામી કહે છે, જ્ઞાન-વૈરાગ્ય ભક્તિના અંગ નથી બની શક્તા. અંગ બનવું એક વાત છે અને શરૂઆતમાં ઉપયોગી હોવું બીજી વાત છે. જેમ,

આપણે ક્યાંય ફરવા જવું છે. ત્યાં સુધી પહોંચવા માટે આપણે રિક્ષા ભાડે કરશું. રિક્ષા દ્વારા આપણે ત્યાં પહોંચીને પગથી ફરશું. તો જુઓ કે રિક્ષાની ઉપયોગિતા તે સ્થળ સુધી પહોંચવામાં છે. હવે રિક્ષામાંથી ઉતરીને પગે ચાલીને ફરવાને બદલે આપણે રિક્ષામાં જ બેસીને બગીચામાં ફરવા લાગીએ ત્યારે બગીચાની મજા તો બરબાદ થઇ ગઇને જેમ ઘણા લોકો ગિરિરાજજી જાય અને ગિરિરાજજીની પરિક્રમા કરવાને બદલે ઘોડાગાડીમાં બેસીને ગિરિરાજજીને ઘુમરો મારી લ્યે, મોટરમાં બેસીને ઘુમરો મારી લ્યે. તો જુઓ કે હવે ત્યાં ઘોડાગાડી કે મોટર ગિરિરાજજી સુધી પહોંચવામાં સાધન ન રહી ગયા, પણ પરિક્રમાના અંગ બની ગયા. આવી જ રીતે જ્ઞાન અને વૈરાગ્યનું ભક્તિમાં ઉપયોગી હોવું અને અંગ હોવું આ બે જુદી વાતો છે. એટલા માટે ભક્તિની સાતકોશી પરિક્રમા કરવા માટે તમારે જો કોઇ એક મુકામ સુધી પહોંચવું છે તો તમે જ્ઞાન-વૈરાગ્યની મોટરમાં બેસીને ખુશીથી પહોંચી જાઓ. નકામો સમય શા માટે વેડફવો જ્યાં આપણે પગે નથી ચાલવું ને રસ્તા ઉપર ચાલીને જશું તો ગિરિરાજજી પહોચશું ત્યાં સુધીમાં તો આપણે એટલા થાકી જશું કે પરિક્રમાનો આનંદ જ નહીં લઇ શકીએ. તેથી સમજો કે કોઇ મુકામ સુધી પહોંચવા માટે આપણે કોઇક સાધનનો આશરો લઇ લેશું. પણ ત્યાં પહોંચી ગયા પછી મોટરને આપણે પરિક્રમાનું અંગ નહીં બનાવીએ. પરિક્રમા તો આપણે આપણા પગથી જ કરશું. કેમકે પરિક્રમા ક્રવામાં પગ આપણું અંગ છે. આપણે વિચારવું જોઇએ કે પરિક્રમા કરવામાં આપણા પગને મોટર કરતા વિશેષ મહત્ત્વ (ઉત્તમતા) આપવી છે કે નહીં; ઉપયોગી વસ્તુઓની સરખામણીમાં અંગની મહત્ત્વ વધુ હોય છે કે નહીં.

તેથી સમજો કે કોઇ વસ્તુનું ઉપયોગી હોવું એક વાત છે અને અંગ હોવું બીજી વાત છે. ભક્તિમાર્ગમાં જ્ઞાન અને વૈરાગ્ય ઉપયોગી વસ્તુ છે. આ વાત રૂપ ગોસ્વામીએ ખૂબ સમજદારીપૂર્વકની વાત કહેલી છે. ''ન ચાંગત્વમ્ ઉચિતં તયોઃ'' ભક્તિમાં તેને અંગ ન બનાવો. આગળ તેઓ કહે છે

સુકુમારસ્વભાવેયં યસ્માત્ તદ્‌ભક્તિરીરિતા,
યદુભે ચિત્તકાઠિન્ય-હેતૂ પ્રાયઃ સતાં મતે.

જ્ઞાન અને વૈરાગ્ય ચિત્તને કઠોર બનાવી દયે છે. માણસ જેટલો જ્ઞાની થશે એટલું જ તેનું ચિત્ત કઠોર બની જશે. ભક્તિ સુધી પહોંચવા માટે એટલી કઠોરતા આવશ્યક છે. પરંતુ પછી આગળ તે કઠોરતા નુકશાન કરનારી પણ બની શકે છે. એટલા માટે આ કઠોરતા ભક્તિનું અંગ ન બનવું જોઇએ, ભક્તિમાં ઉપયોગી થવી જોઇએ. આ અતિ સૂક્ષ્મ દ્રષ્ટિ રૂપગોસ્વામીએ આપી છે. જ્ઞાન-વૈરાગ્યની બાબતમાં આ દ્રષ્ટિ આપણને સો એ સો ટકા માન્ય છે એમ ન સમજતા. આપણો આ બાબતમાં તેમના મતથી વિરોધી અભિપ્રાય તો નહીં પણ થોડોક મત અલગ જરૂર છે.

## વિદ્યાની પર્વરૂપા ભક્તિ અને સ્વતન્ત્ર ભક્તિનો પ્રભેદ :

આપણી માન્યતા આ બાબતમાં એવી છે. ભગવાનની વિદ્યા અને અવિદ્યા એમ બંને પ્રકારની શક્તિઓ છે. પંચપર્વા વિદ્યાની બાબતમાં શ્રીમહાપ્રભુજી કહે છે :

''વૈરાગ્યં સાંખ્ય-યોગૌ ચ તપો ભક્તિશ્ચ કેશવે,
પંચપર્વેતિ વિદ્યેયં યયા વિદ્વાન્ હરિં વિશેત્''

૧. વૈરાગ્ય ૨. સાંખ્ય ૩. યોગ ૪. તપ અને ૫. ભક્તિ આ વિદ્યાના પાંચ પર્વ છે. 'પર્વ' એટલે શેરડીમાં જેમ થોડા થોડા અંતરે ગાંઠો આવતી હોય છે તેમ સમજો.

શ્રીમહાપ્રભુજી અવિદ્યાના પણ પાંચ પર્વ સમજાવે છે :

૧. દેહાધ્યાસ

૨. ઇન્દ્રિયાધ્યાસ

૩. અન્તઃકરણાધ્યાસ

૪. પ્રાણાધ્યાસ અને

૫. સ્વરૂપવિસ્મૃતિ

**દેહાધ્યાસ** = દેહને આત્મા સમજવો અથવા આત્માને દેહની જેમ સમજવો.

**ઇન્દ્રિયાધ્યાસ** = ઇન્દ્રિયને આત્મા સમજવી અને આત્માને ઇન્દ્રિયની જેમ સમજવો.

**અન્તઃકરણાધ્યાસ** = 'અન્તઃકરણ' એટલે કે મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર આ બધાને આત્મા સમજવો અને આત્માને અન્તઃકરણ સમજવો.

**પ્રાણાધ્યાસ** = પ્રાણને આત્મા સમજવો અને આત્માને પ્રાણની જેમ સમજવો. પ્રાણના કારણે માણસ 'પ્રાણી' કહેવાય છે. પ્રાણને આપણે આપણું ખૂબ જ મોટું સ્વરૂપ સમજીએ છીએ આ પ્રાણાધ્યાસ છે.

અંગ્રેજીમાં પ્રાણિઓને એનિમલ્ કહેવામાં આવે છે. આમાં 'અનિ' એ જ છે કે જે સંસ્કૃતમાં છે. 'અનિ' ની આગળ 'પ્ર' જોડીએ તો 'પ્રાણી' શબ્દ બની જાય. જે શ્વાસ લે છે તે 'અનિ'. આના હિસાબે જ અંગ્રેજીમાં એનિમેટ્-ઇન્ એનિમેટ્ જેવા શબ્દો પણ છે.

**સ્વરૂપવિસ્મૃતિ** = પોતાના વાસ્તવિક સ્વરૂપનું સ્મરણ ન થઇ શકવું, પોતાના સ્વરૂપને ન ઓળખી શકવું.

– આ અવિદ્યાના પાંચ પર્વ છે.

હવે ધ્યાનથી સમજો કે જેમ વિદ્યાના પાંચ પર્વમાં 'ભક્તિ' એક પર્વના રૂપમાં આવે છે એમ ભક્તિના અંતર્ગત પણ વિદ્યાના પાંચ પર્વ આવી શકે છે. કેવી રીતે ? જો તમે વિદ્યાને શેરડીના રૂપમાં માનશો તો વૈરાગ્ય સાંખ્ય યોગ તપ અને ભક્તિ તેના પર્વ (ગાંઠ) જેવા બની જશે. અને જ્યારે તમે ભક્તિને શેરડી માનીને ચાલશો ત્યારે વૈરાગ્ય સાંખ્ય યોગ તપ અને બ્રહ્મવિદ્યા તેના પર્વ જેવા બની જશે. બ્રહ્મવિદ્યા ભક્તિનું પર્વ બની જશે. આ બંને વાતોની વચ્ચે અંતર સૂક્ષ્મ છે. પરંતુ ધ્યાન આપશો તો સમજાઇ જશે.

પ્રસંગોપાત્ત હું આને ભક્તિના સંદર્ભમાં તમને બતાવી રહ્યો છું પણ આ વાત વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ વગેરેના ઉપર પણ લાગુ પડી શકે છે. આમાંથી કોઇપણ એકને શેરડી માનશો ત્યારે બાકીના બધા તેના પર્વ બની શકે

છે. તમે વિચાર કરતા હશો કે આ હું કેવી રીતે ઉલ્ટીસુલ્ટી વાત કરી રહ્યો છું. શેરડી કેવી રીતે પર્વ બની જાય અને પર્વ કેવી રીતે શેરડી બની શકે.

વાતને ધ્યાન દઇને સમજો. શ્રીરામનું કોઇ મંદિર છે. તેમાં હનુમાનજી, સીતાજી, લક્ષ્મણજીની મૂર્તિઓ પણ હોઇ શકે છે. પણ મંદિરતો તે શ્રીરામનું જ કહેવાશે, હનુમાનજીનું મંદિર નહીં કહેવાય. પરંતુ રામનુ મંદિર જેમ હોય છે એમ હનુમાનજીનું પણ મંદિર હોય જ છે. ત્યાં હનુમાનજી પર્વ ન થઇને શેરડીના જેવા હોય છે. આવ્યું સમજણમાં ? આવી જ રીતે શિવજીના મંદિરમાં ગણપતિજી, કાર્તિકેય સ્વામી, પાર્વતજી પણ હોય છે. પણ શિવજીના મંદિરમાં આ બધા પર્વ જેવા બની જશે. મુખ્યતા શિવજીની હોય છે. એવી જ રીતે જે શિવાલયમાં શિવલિંગ હોય છે ત્યાં લિંગની સ્થાપના જેના ઉપર કરવામાં આવે છે તેને પાર્વતી સ્વરૂપ માનવામાં આવે છે. ત્યાં પણ પાર્વતીજી તો હોય જ છે. પણ મંદિર તો ત્યાં પણ શિવજીનું જ કહેવામાં આવે છે. પણ જો કોઇ મંદિર પાર્વતીજીનું અથવા ગણપતિજીનું હોય તો તેમાં મુખ્યતા પાર્વતીજીની અને ગણપતિજીની જ હોય છે, શિવજી વગેરે ત્યાં પર્વ જેવા સમજવામાં આવશે.

એટલા જ માટે આપણે ત્યાં આ વાત કહેવામાં આવી છે કે ઠાકોરજીની સાથે શ્રીસ્વામિનીજી બિરાજતા હોય તો શ્રીસ્વામિનીજી ની સેવા અન્યાશ્રય નથી કહેવાતો. પણ જો કોઇ પુષ્ટિમાર્ગીશ્રીસ્વામિનીજીની સેવા સ્વતન્ત્રરૂપથી કરવા માંડે તો તે અન્યાશ્રય કહેવાય છે.

પ્રસંગ નીકળ્યો છે તો એક વાત સમજી લો કે દેવી આમ તો શિવની શક્તિ હોય છે. એથી કોઇ શિવભક્ત જ્યારે શિવજીની ઉપાસના કરે છે ત્યારે શિવજીના અંગરૂપમાં દેવીની પણ ઉપાસના કરે જ છે. પણ જો કોઇ ભક્ત શિવજીના અંગરૂપે દેવીની ઉપાસના કરવાને બદલે દેવીની સ્વતન્ત્ર ઉપાસના કરવા લાગી જાય છે ત્યો પછી તે 'શૈવ' નથી કહેવાતો 'શાક્ત' કહેવાય છે. એવી જ રીતે ગણપતિની પૂજા શિવજીના અંગદેવરૂપે કરવામાં આવે છે. ત્યારે પણ પૂજકને 'શૈવ' જ માનવામાં આવશે. પણ જ્યારે ગણપતિની ઉપાસના શિવજીથી સ્વતન્ત્ર કરવામાં આવે છે. ત્યારે પછી તો પૂજન પ્રણાલી શૈવ ન રહીને 'ગાણપત્ય' બની જાય છે. એવી જ રીતે સ્કન્દ (કાર્તિકેય)ને જ્યારે

સ્વતન્ત્રરૂપે પૂજવામાં આવે છે. જેમ કેરલ-તામિલનાડુ વગેરે દક્ષિણ પ્રદેશમાં સ્કન્દપૂજનનો ખૂબ મોટો સમ્પ્રદાય છે. ત્યારે પછી તે પૂજા 'શૈવ' પરમ્પરાની ન રહીને 'સ્કાન્દ' જ કહેવાય છે. તો આ બધાના આધારે તમે સમજો કે શેરડી અને પર્વની વચ્ચે ખૂબ જ લચીલો ભેદ છે. કોઇ એક દષ્ટિથી એક વસ્તુ પર્વ બની જાય છે અને કોઇ બીજી દષ્ટિથી શેરડી બની જાય છે.

## પુષ્ટિભક્તિ સ્વતન્ત્ર ભક્તિ છે :

એટલા માટે જ શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે બ્રહ્મવિદ્યાની દષ્ટિથી વિચારો તો ભક્તિ વિદ્યાનું એક અંગ બની શકે છે. તે ભક્તિ સાથે આપણો કોઇ ઝઘડો નથી. સિદ્ધાન્તરૂપે આપણે ભક્તિનો તેવો રોલ પણ સ્વીકારીએ છીએ. પણ આપણે ત્યાંની પ્રભુસેવામાં બ્રહ્મવિદ્યાની પર્વરૂપા ભક્તિનો વિનિયોગ સ્વીકારવામાં નથી આવ્યો. આ વાત સ્પષ્ટ સમજો. પ્રભુસેવામાં જે ભક્તિનો વિનિયોગ છે તે ભક્તિ તે છે કે જેમાં બીજી બધી વાતો તેના પર્વ બનતી હોય, ભક્તિ કોઇનું પર્વ ન હોય. આવી સ્વતન્ત્ર ભક્તિનો સેવામાં વિનિયોગ છે. એટલા માટે 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ધર્મ-અર્થ-કામ-મોક્ષ ચારેય પુરૂષાર્થોને ભક્તિના અંગરૂપે બતાવ્યા છે.

**''સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન''** માં ધર્મને ભક્તિના સ્વરૂપે બતાવ્યો છે.

**''પ્રભુઃ સર્વસમર્થો હિ''** કહીને અર્થને ભક્તિના અંગરૂપે બતાવ્યો છે.

**''યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ, તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ''** માં કામને ભક્તિનો અંગ કહ્યો છે.

**''સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ''** કહીને મોક્ષને ભક્તિનો અંગ બનાવી દીધો છે.

આમ, ધર્માર્થકામ-મોક્ષ બધા ભક્તિના અંગ છે, ભક્તિનું કોઇ અંગ

નથી આ આપણો સિદ્ધાન્ત છે. આ કથા સેવામા વાપરવામાં આવતી ભક્તિની છે.

ભક્તિને આપણે બે રીતે સમજી શકીએ છીએ. એક તો એવી ભક્તિ કે જે સ્વામીના માટે હોય અને એક એવી ભક્તિ કે જે સેવકના માટે હોય. જેમ દ્રવ્યપાત્રની જમીનના એરીયામાં તેનો પોતાનો રહેવાનો બંગલો હોય છે અને તેના નોકર-ચાકરને રહેવાના કવાર્ટર્સ પણ હોય છે. એવી જ રીતે આપણા સેવ્ય પ્રભુની સેવાને માટે જે ભક્તિ છે તે એવી છે કે જેમાં બીજી બધી વાતો તેના પર્વરૂપના હોય છે. અને સેવકને માટે જે ભક્તિ હોય છે તેમાં ભક્તિ પણ વિદ્યાનું એક પર્વ બની શકે છે. આવી ભક્તિ સેવકના માટે છે, સ્વામીના માટે નથી : ''પંચપર્વેતિ વિદ્યેયં યયા વિદ્વાન હરિં વિશેત્'' આ પ્રભેદને જ્યારે આપણે સમજી લેશુ ત્યારે રૂપ ગોસ્વામીના વિધાનને સાંભળીને કોઇ મતભેદ નહીં લાગે. અને ન તો એ વચનોને સાંભળીને આપણા મનમાં એવો વિચાર આવશે કે આટલી સુંદર વાત જ્યારે તેઓ કહી રહ્યા છે તેથી તે આપણને પણ સ્વીકારવા લાયક હોવી જોઇએ.

### ભગવત્સેવાર્થ જરૂરી યોગ્યતા :

એક વાત સમજો કે ભક્તિનો સ્વભાવ સુકુમાર છે એ વાત સાચી છે પણ જીવને જ્યારે ભક્તિ કરવી છે ત્યારે તેમાં જો કોઇ કઠોરતા ન આવે તો જીવ સારો સેવક જ નહીં બની શકે. એટલા માટે શ્રીમહાપ્રભુજીએ 'સુબોધિની'માં આ વાતનો ખુલાસો કર્યો છે કે,

''શુદ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ,
ભગવત્સેવને યોગ્યા નાન્યે....''

જે શુદ્ધ, સુખી અને બ્રહ્મવિદ્યાવિશારદ છે તે ભગવત્સેવા કરવા માટે યોગ્ય છે. આ સેવકની ન્યૂનતમ (ઓછામાં ઓછી) યોગ્યતા છે. જેમ કોઇને કર્મચારીની જરૂરીયાત હોય ત્યાં તે છાપામાં આપે કે અમારે ઓછામાં ઓછી આટલી યોગ્યતા ધરાવનારની આ કામને માટે જરૂર છે. એમ શ્રીમહાપ્રભુજીએ ભગવત્સેવા કરનારની ઓછામાં ઓછી યોગ્યતા સુબોધિનીજીમાં બતાવી દીધી છે. યોગ્ય તો એવા જીવ જ હોય છે. હવે માલિક કોઇ અયોગ્યને પણ પોતાના

કામમાં લઇ લે તે તેની ઇચ્છાની વાત છે. એમ ન્યૂનતમ યોગ્યતા ભગવત્સેવકની તો આ જ છે પણ આવી યોગ્યતા નથી તેના દ્વારા કરવામાં આવતી સેવાનો પ્રભુ સ્વીકાર ન કરી શકે એવુ બંધન પ્રભુ માટે નથી. તે બંધન જીવ માટે છે.

અયોગ્યની સેવા પણ પ્રભુ સ્વીકારી શકે છે તેનું આશ્વાસન પ્રભુએ શ્રીમહાપ્રભુજીને ''શ્રાવણસ્યામલે પક્ષે એકદશ્યાં મહાનિશિ'' માં આપ્યું જ છે :

''બ્રહ્મસમ્બન્ધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ
સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ સંયોગજાઃ
સ્પર્શજાશ્ચ ન મન્તવ્યઃ કથંચન અન્યથા સર્વદોષાણાં ન
નિવૃત્તિઃ કથંચન''

## પ્રભુ અયોગ્યની પણ સેવા સ્વીકારી શકે છે :

ભગવત્સેવા કરવાની યોગ્યતા કેવી હોય છે તે જો પુછો તો ત્યારે તો ''શુદ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ ભગવત્સેવને યોગ્યાઃ'' આ જ વાત છે. પણ પ્રભુની કૃપાની દષ્ટિથી વિચારીએ તો શુદ્ધ ન પણ હોય, સુખી ન પણ હોય દુઃખી હોય, બ્રહ્મવિદ્યા વિશારદ ન પણ હોય; પરે જેવો હોય ત્યારે પણ, ભગવત્સેવા કરવા યોગ્ય બની શકે છે. આવાના દોષોનો પ્રભુ વિચાર નહીં કરે જ્યાં સુધી ભગવત્સેવાનો પ્રશ્ન છે.

ઘણા લોકો એમ સમજે છે કે બ્રહ્મસમ્બન્ધ થવાથી બધા દોષ નિવૃત્ત થઇ જાય છે. તો એવી વાત નથી. દોષ નિવૃત્ત નથી થાતા, દોષ તો બધા તેવા જ રહે છે. આ તથ્યને સમજી જાવ. બ્રહ્મસંબંધથી એટલુ જ થાય છે કે આપણા દોષ પ્રભુની સેવા કરવામાં નડતર રૂપ નથી બનતા. આપણા જીવન વ્યવહારમાં એ દોષ નડતરરૂપ થાય જ છે. અને જો દોષ વધારે વધી જાય તો તે આપણને નુકસાનકારક પણ બની જ શકે છે. પણ જો સાચા મનથી આપણે આત્મનિવેદન કર્યું છે તેથી આપણે જેવા પણ હોઇએ આપણી સેવાને પ્રભુ સ્વીકારશે. સદોષની પણ સેવા નિર્દોષ સ્વીકારશે. આ અર્થમાં પ્રભુએ શ્રીમહાપ્રભુજીને વચન આપેલું છે કે જેમ જમીન ઉપર ઉભા રહીને કોઇ ઇલેકટ્રીકના વાયરને અડકે તો તેને ઝટકો (શોક્) લાગશે અને તે મરી જશે. પણ

લાકડા ઉપર ઉભા રહીને અડકે તો, વાયરમાં કરંટ નથી એવી વાત નથી, કરંટ હોવા છતાં પણ તેને ઝટકો નહીં લાગે. કેમકે લાકડુ વિજળી માટે ગુડ કંડકટર (સુવાહક) નથી, બેડ કંડકટર (અવાહક) છે. પક્ષીઓ વિજળીના તાર પર બેસી જતા હોય છે. એને કયાં શૉક્ લાગે છે ? તો વાત સમજો કે ભગવત્સેવા કરવાની યોગ્યતા તો ''શુદ્રાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદ'' જ છે. પણ પ્રભુ અયોગ્યની પણ સેવા સ્વીકારવામાં સમર્થ છે.

જે પ્રભુ આપણી અયોગ્યતાની પણ ઉપેક્ષા (ધ્યાનમાં ન લઇને) કરીને આપણા દ્વારા કરવામાં આવતી સેવાને સ્વીકારવા માટે તૈયાર છે એમની ભક્તિને પણ જો આપણે (વિદ્યાની) પર્વાત્મિકા બનાવશું તો તો બહુ મોટી ગડબડ થઇ જશે. કેમકે પ્રભુ તો જીવની અવિદ્યાના બધા પર્વોને માફ કરીને તેની સેવા સ્વીકારવા માટે તૈયાર છે અને આપણે એમ કહી રહ્યા છીએ કે અમે તો આપની ભક્તિ પર્વાત્મિકાજ કરશું. ત્યારે તો આપણે પ્રભુ સાથે કૃતઘ્નતા કરી. તેથી જ આપણે ત્યાં પુષ્ટિપ્રભુની સેવામાં તેવા પ્રકારની પર્વાત્મિકા ભક્તિનો વિનિયોગ નથી. સાથે એક વાત પણ ભૂલવી ન જોઇએ કે આપણી જાતને સુધારવામાં તે પર્વાત્મિકા ભક્તિનો ઉપયોગ ચોક્કસ છે. કેમકે શ્રીમહાપ્રભુજી સ્વયં આજ્ઞા કરે છે ''શુદ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહવિદ્યાવિશારદાઃ ભગવત્સેવને યોગ્યાઃ'' આ રહસ્ય ઉપર ધ્યાન આપો. આ વાત લોકોને મોટે ભાગે સમજાવવામાં નથી આવતી, છુપાવી દેવામાં આવે છે. લોકો જાણતા નથી એટલે નથી કહેતા અથવા બતાવવા નથી માગતા એટલા માટે નથી કહી રહ્યા એ મને ખબર નથી. પણ આને સમજવું આવશ્યક છે.

તો વાત સમજો કે આપણે ત્યાં સેવકને માટે ભક્તિ એક પ્રકારની છે, સર્વેન્ટના કવાર્ટર જેવી, અને સ્વામીને માટે કોઇક બીજા પ્રકારની છે. બંને પ્રકારની ભક્તિ આપણે ત્યાં છે. ભક્તિનું ભવન એક છે પરંતુ તેના વિભાગ અલગ-અલગ છે.

આ બધા નિરૂપણ દ્વારા હું આપને જે વાત સમજાવવા માગી રહ્યો હતો હવે તેને આપ સમજવા પ્રયાસ કરો કે પ્રભુસેવા કરતી વખતે ઋતુઓનો આનંદ જ્યારે આપણે પ્રભુની સાથે લઇએ છીએ ત્યારે તે સર્વન્ટ કવાર્ટર જેવી

વાત છે. આ એવી વાત છે કે જે મહેલમાં રાજા રહે છે તે જ મહેલમાં આપણે પણ રહી રહ્યા છીએ. પણ ફરીથી યાદ રાખો કે આપણે રહી તો ત્યાં જ રહ્યા છીએ કે જ્યાં રાજાના નોકરો રહે છે, રાજાને રહેવા માટેનો ભાગ તો અલગ  છે. તેથી જે ઋતુનો આનંદ પ્રભુ લઇ રહ્યા છે. તે જ ઋતુનો આનંદ આપણે પણ લઇ રહ્યા છીએ. આ આપણે સેવકી વહેવાર છે : ''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ તથા કાર્યં સમર્પ્યેવ સર્વેષાં બ્રહ્મતા તતઃ'' અને જે ઋતુનુ જે કાંઇ પણ સુખ છે તે સુખોને સેવાના દ્વારા પ્રભુ સુધી પહોંચાડવાના છે. એવો સેવાનો અભિગમ પ્રભુના ભોગ્યસ્વરૂપના વિચાર દ્વારા ભરેલો અભિગમ છે. આ ભોગ્યભાવનો અભિગમ છે. અને પહેલા પ્રકારનો સેવકરૂપે ભોક્તૃભાવનો અભિગમ છે. એમ, સેવાના ક્રમમાં આપણે ભોગ્ય પણ છીએ અને ભોકતા પણ છીએ. પ્રભુને માટે આપણે જે સામગ્રી સિદ્ધ કરી રહ્યા છીએ તે સામગ્રીને ભોગ ધરાવીને પછી આપણે પણ તેને પ્રસાદના રૂપમાં લેશું. આ આપણો સેવકના (સેવકને ઉચિત/ સેવક સ્વરૂપના વિચારથી) ભોગ છે. અને પ્રભુને માટે સામગ્રી સિદ્ધ કરી રહ્યા છીએ પ્રભુ તરફનો આપણો સેવકોચિત ભોગ્યભાવ છે.

આ પ્રકારથી સેવક તથા ભોક્તૃભાવ અને સેવકોચિત ભોગ્યભાવ આ બે વાતોને ઋતુક્રમની સેવામાં સૌથી પ્રથમ ધ્યાનમાં રાખવી જોઇએ.

## <u>પછીના દીવસનું પ્રવચન</u>

પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાના અંતર્ગત ઋતુક્રમના અનુસાર કરવામાં આવતી સેવાના સમ્બન્ધમાં આપણે ગઇકાલે થોડી ચર્ચા કરી હતી. થોડુંક સિંહાવલોકન કરીને નવા વિષય ઉપર આગળ વધશું.

## શ્રીગોપીનાથજીના સમયમાં ઋતુ વગેરેના ક્રમઅનુસાર સેવાપ્રકારઃ

કાલે જે મુખ્ય વાત મેં આપને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો તે વાત આ હતી કે સેવાના નિત્યક્રમની રૂપરેખા તો શ્રીમહાપ્રભુજી અને શ્રીગોપીનાથજીએ સમજાવેલી જ હતી જેને આપણે 'સાધનદીપિકા' ગ્રન્થના આધારે સમજી હતી. પણ ઋતુક્રમની સેવાની બાબતમાં આજે આપણે જે

વિસ્તૃત પ્રકાર પ્રાપ્ત થાય છે તેની પાછળ ઘણું કરીને શ્રીગુસાંઇજીનું યોગદાન રહેલું છે. આનો અર્થ, પરંતુ, એવો નથી કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગોપીનાથજીના સમયમાં ઋતુક્રમના અનુસાર ઠાકોરજીની સેવા નહીં થતી હોય. હું તમને કેટલાક વચન શ્રીગોપીનાથજીની સાધનદીપિકાના કહીશ તેથી તમને આ વાત સ્પષ્ટ થઇ જશે.

**વસ્ત્રૈશ્ચ ભૂષણૈર્ગન્ધૈઃ નૈવેદ્યૈર્વ્યંજનૈઃ શુભૈઃ ।**
**દેશ–કાલ–વિભૂતીનામ્ અનુસારેણ સેવનમ્ ॥૯૨॥**

એટલે કે વસ્ત્ર, આભૂષણ, ગન્ધ, નૈવેદ્ય અને વ્યંજન્ દ્વારા દેશ અને કાલના અનુસાર અને ઉત્સવના અનુસાર પ્રભુની સેવા કરવી જોઇએ.

આ વચનના દ્વારા 'સાધનદીપિકા' આપણને તે વાતનો સંકેત તો આપી જ રહી છે કે શ્રીમહાપ્રભુજીના વખતમાં પણ દેશ-કાલાનુસાર સેવાનો પ્રકાર તો હતો જ. આગળ પણ શ્રીગોપીનાથજી આજ્ઞા કરે છે :

**શૃંગારૈઃ રંજિતૈઃ વસ્ત્રૈઃ ચિત્રૈઃઆભરણૈરપિ ॥ ૧૦૫ ॥**
**માયૂરમુકુટૈઃ રમ્યૈઃ વેણુવેત્રૈઃ સુમાલ્યકેઃ ॥**
**વિતાનૈઃ પ્રસરૈઃ શુભ્રૈઃ પ્રતિસારૈઃ નવૈઃ નવૈઃ ॥ ૧૦૬ ॥**
**જલ–ક્રીડોપસ્કરૈશ્ચ તામ્બૂલામોદદર્પણૈઃ ॥**
**વ્યજનૈઃ જલભૃંગારૈઃ દેશકાલાનુસારિભિઃ ॥ ૧૦૭ ॥**

અહીં પણ શ્રીગોપીનાથજી દેશ અને કાલ પ્રમાણે સેવા કરવાની આજ્ઞા કરી રહ્યા છે. શ્રીગોપીનાથજીએ આ વાતને સાધનદીપિકામાં બે વખત કહેલી છે.

ગ્રંથની શરૂઆતમાં શ્રીગોપીનાથજીએ આ વાતનો ખુલાસો કર્યો છે કે હું આ ગ્રંથમાં જે કાંઇપણ વાત બતાવી રહ્યો છું તે બધી જ શ્રીમહાપ્રભુજીએ બતાવેલી સેવાનો જ પ્રકાર છે :

**ભક્તિમાર્ગવિતાનાય યોડવતીર્ણો હુતાશનઃ ॥**
**સએવ નઃ પરં માનં શેષમસ્ય પ્રમાન્તરમ્ ॥ ૩ ॥**
**વેદત્રયિશિરોભાગ – સૂત્રવ્યાખ્યાનસમ્મતામ્ ॥**
**ભક્તિશાસ્ત્રાનુસારેણ કુર્વે સાધનદીપિકામ્ ॥ ૪ ॥**

ભક્તિમાર્ગના વિસ્તાર માટે જે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા તે જ આ ગ્રંથમાં લખેલ વાતોમાં પ્રમાણ છે. એટલે કે એમણે જેવી રીતે સમજાવ્યુ છે તેવી જ રીતે હું સાધનદીપિકા લખી રહ્યો છું આમ શ્રીગોપીનાથજી આજ્ઞા કરે છે.

## શ્રીમહાપ્રભુજીના સમયમાં ઋતુ વગેરે ક્રમાનુસાર સેવાનો પ્રકારઃ

ઉપરના અને પહેલાં ઉદ્ધૃત કરેલા શ્રીગોપીનાથજીના વચનોની સંગતિ કરીને વિચારવાથી આ વાત સ્પષ્ટ થાય છે કે શ્રીમહાપ્રભુજીના વખતે પણ દેશ–કાલને અનુરૂપ ભગવત્સેવાનો પ્રકાર હતો જ. કેવી રીત મુજબનો તે પ્રકાર હતો તેની બે સંભાવનાઓ હોઇ શકે છે.

૧. એક તો આ કે જે ભક્ત જે દેશમાં (જે સ્થળમાં) જે કાળમાં (જે સમયમાં) ભગવત્સેવા કરતો હતો તેના ઉપર શ્રીમહાપ્રભુજીએ આ વાતને છોડી દીધી હશે કે તમે જે દેશમાં અને જે કાલમાં રહી રહ્યા છો તેના અનુસાર તમે જે કાંઇ ઉત્તમ પ્રકારથી કરી શકો તેમ પ્રભુના સુખનો વિચાર કરીને સેવા કરો. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીએ કોઇ એક સામાન્ય માર્ગદર્શન સેવા કરનારને અવશ્ય આપ્યું હશે. આ સહજ સંભવ છે કે આપે તે બધા પ્રકારનું વિવરણ નહીં કર્યું હોય. આ એક સંભાવના છે.

૨. બીજી સંભાવના એવી પણ હોઇ શકે છે કે .... આમ તો શ્રીમહાપ્રભુજી કોઇ વૈષ્ણવના માથે શ્રીઠાકોરજી પધરાવી આપતા ત્યાર પછી તે વૈષ્ણવના અને તેના ઠાકોરજીની વચ્ચે પડતા ન હતા. પણ વૈષ્ણવ ઠાકોરજીની સેવા સારી રીતે કરે, ઠાકોરજીને પરિશ્રમ ન આપે તે બાબતની સાવધાની તો આપ સતત રાખતા જ હતા. વૈષ્ણવોના ઘરે જઇ–જઇને, તે લોકો સેવા કરતા હતા તેના દર્શન કરી કરીને પણ આ વાતોની સાવધાની રાખતા જ હતા. આ વાત વાર્તા વાંચવાથી સ્પષ્ટ થાય છે. કોઇ વખતે શ્રીમહાપ્રભુજીએ કોઇને ટોકયો છે, કોઇક વખતે ટોકયા પછી પોતે સ્વીકાર્યું પણ છે કે ખરેખર તું જે કરી રહ્યો હતો તે બરાબર હતું. કેમ કે આપના સામાન્ય માર્ગદર્શન પ્રમાણે ટોકયો હતો. પણ જ્યારે તે વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને પોતાની વાત સમજાવી ત્યારે આપને લાગ્યું કે તે પ્રકારથી પણ કોઇ વાત હોઇ શકે છે. આના ઉપરથી આપણે

વિચારી શકીએ છીએ કે શ્રીમહાપ્રભુજી ઋતુ વગેરે ક્રમાનુસાર સેવા કરવાના કાંઇક નિયમ પણ વૈષ્ણવોને સમજાવતાં હશે અને કાંઇક છૂટ-છાટ પણ આપતા જ હશે.

શ્રીમહાપ્રભુજીની આવી પદ્ધતિનો વિચાર કરીને આપે ઋતુ વગેરેના સેવાક્રમને કોઇ નિયમમાં બાંધ્યો હશે એવું કહી શકવું તો થોડુંક અઘરૂં લાગે છે. એટલા માટે જ શ્રીગોપીનાથજીએ પણ સાધનદીપિકામાં ઋતુક્રમાનુસાર સેવા કરવાનું એક સર્વસામાન્ય માર્ગદર્શન જ આપ્યું છે. પણ સમય જતાં શ્રીગુસાંઇજીએ તે પ્રકારને ચોક્કસ પ્રવૃદ્ધ કર્યો છે. સેવાના તે પ્રકારની દરેક નાનામાં નાની બાબતને શ્રીગુસાંઇજીએ વર્ક આઉટ(ઘડી કાઢવું, તૈયાર કરવું) કરી છે. આ એક વાત મેં કાલે સમજાવી હતી.

## પુષ્ટિભક્તિના આવરણો (પડળો) :

જેમ નારિયેળની એકદમ અંદર પાણી હોય છે. તેના ઉપર ટોપરૂ હોય છે તેના ઉપર પાછું એક કઠોર (કાચલીયું) આવરણ હોય છે. તેના ઉપર પાછું એક આવરણ છોતરાનું હોય છે. ફળ તો એક જ છે પરંતુ આવરણ પછી આવરણ તેના સ્વરૂપ અલગ હોય છે. તેવી જ રીતે ભક્તિના પણ કેટલાક આવરણો છે :

૧. ભક્તિનું અંતર્નિગૂઢતમ (અતિશય અંદરનું) સ્વરૂપ આત્મરતિનું છે જે નારિયેલના જલના જેવું છે તેને આપણે 'નિરૂપાધિભાવ' પણ કહી શકીએ છીએ.

૨. આત્મરતિ કે નિરૂપધિભાવની ઉપર, નારિયેલમાં જેમ પાણીની ઉપર ટોપરાનું આવરણ હોય છે તેવી જ રીતે, મહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહનું એક આવરણ હોય છે.

૩. માહાત્મ્યજ્ઞાન સહિત સુદઢ સર્વતોધિક સ્નેહના આવરણની ઉપર એક બીજું આવરણ વ્રજભક્તોના ભાવનો ભાવનાથી કરવામાં આવતી સેવા તનુ-વિત્તના વિનિયોગવાળી સેવાનું છે.

૪. આ આવરણની ઉપર એક બીજું આવરણ શાસ્ત્રમાં બતાવેલી

નવધાભક્તિનું છે.

૫. નવધાભક્તિના આવરણ ઉપર એક બીજું આવરણ છે : વૈદિક-વર્ણાશ્રમધર્મમાં બતાવવામાં આવેલા શુદ્ધિ-અશુદ્ધિના વિધિ-નિષેધનું પાલન કરીને ભક્તિ કરવી.

૬. તેની પણ ઉપર બધાથી બહારનું આવરણ છે : ભોગ-રાગ-શૃંગારનો પ્રભુમાં વિનિયોગ કરવો.

## ભોગ–રાગ–શૃંગાર ભક્તિનું બાહ્યતમ આવરણ :

ભોગ-રાગ-શૃંગાર સેવા-ભક્તિના બાહ્યતમ આવરણ કેમ છે? કારણ સ્પષ્ટ છે કે ભોગ-રાગ-શૃંગારનો ભગવત્સેવામાં વિનિયોગનો કોઇ નિશ્ચિત સિદ્ધાન્ત નથી બનાવી શકાતો. એટલા માટે જ શ્રીગોપોનાથજીએ ''દેશ-કાલ-વિભૂતીનામ્ અનુસારેણ સેવનમ્'' એમ કહ્યું છે. જેને જે સ્થાનમાં-સમયમાં જે પ્રકારના ભોગ-રાગ-શૃંગાર સહજ પ્રાપ્ત હશે તેનો જ તો તે પ્રભુસેવામાં વિનિયોગ કરી શકશે અને જો કદાચ આ બાબતનો નિયમ બનાવી દેવામાં આવે તો શું પરિસ્થિતિ થશે ? કદાચ કોઇ વ્યક્તિને નિયમ મુજબ ભોગ-રાગ-શૃંગાર પ્રાપ્ત ન થાય અથવા નિયમમાં બતાવેલા ભોગરાગ વગેરેથી ઉત્તમ ભોગરાગવગેરેનો વિનિયોગ કરી શકવાની તેની શક્તિ નથી તો તેવા નિયમના કારણે તેનો ભાવ ખંડિત થઇ જશે. જેમ કે દક્ષિણ ભારતમાં દેવાલયોમાં અભિષેક થાય ત્યારે ૫૦૦-૧૦૦૦ નારિયેલનો અભિષેક ત્યાં એકદમ સામાન્ય માનવામાં આવે છે. હવે માનો કે અભિષેક માટે આખા ભારત માટે કોઇ ૧૦૦૦ નારિયેલનો નિયમ બનાવી દે તો આપણે ત્યાં રાજસ્થાનમાં માણસ એક હજાર નારિયેલ લાવશે ક્યાંથી ? તેથી જે વસ્તુ જે દેશ-કાલમાં સુલભ ન હોય તેને જો આપણે ભક્તિમાં અનિવાર્ય બનાવી દઇશું તો તેનો સીધો અર્થ એ થશે કે ભકિત ફકત એ જ દેશ-કાલને માટે છે, બધા દેશ-કાલને માટે નથી. આના ઉપરથી સમજી શકાય છે કે આપણે કદાચ એવો નિયમ બનાવી દઇએ કે ભોગમાં ઠાકોરજીને મઠડી તો આવવી જ જોઇએ કે પછી મોહનથાળ તો આવવો જ જોઇએ. ત્યારે આ બધું જેને બનાવતા જ ન આવડતું હોય અથવા જેનું સામર્થ્ય આવી સામગ્રી આરોગાવી શકવાનું ન હોય તો શું ફકત

આવા કારણોને લઇને ઠાકોરજીની સેવા નહી કરી શકે. ખરેખર જો આવી જ વાત હોત તો વાર્તામાં આવે છે કે કોઇ વૈષ્ણવ ફકત રોટલી જ ધરતો હતો, કોઇક ક્યારેક માત્ર ખીર જ ધરી દેતો હતો, કોઇ માત્ર ભીંજવેલા ચણા જ ધરી દેતો હતો. એક વાર્તામાં તો એવું પણ આવે છે કે કોઇ એક વૈષ્ણવની પાસે એક દીવસ ભોગ ધરવા માટે કાંઇ જ ન હતું તો તેણે માત્ર જલની લોટી જ ભોગ ધરી. તેથી જેની પાસે જે સગવડ હશે એ જ તો તે ભોગ ધરશે એટલા માટે જ શ્રીગોપીનાથજીએ કહ્યું છે કે ''દેશ-કાલ-વિભૂતીનામ્ અનુસારેણ સેવનમ્'' અને શ્રીમહાપ્રભુજીએ પણ જે કાંઇ જે દેશ-કાલમાં ઉપલબ્ધ છે ફકત તેનો જ વિનિયોગ સેવામાં કરવો. આવી સર્વસામાન્ય ગાઇડલાઇન (સમજણ) નિબંધમાં આપી છે :

**યદ્યદિષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ ।**

**યેન સ્યાન્ નિવૃત્તિશ્ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્ ॥ ૨૩૬ ॥**

ઠાકોરજીની સેવામાં જે વસ્તુનો વિનિયોગ કરવો છે તે વસ્તુમાં બીજા કોઇની સત્તાનો દાવો ન હોય. જે વસ્તુને પ્રાપ્ત કરવા માટે આપણને કોઇ જાતનો કલેશ-છલ-કપટ ન કરવો પડતો હોય અને જે વસ્તુ શ્રેષ્ઠ હોય તેવી વસ્તુઓથી ભગવત્સેવા કરવી જોઇએ.

ભગવત્સેવામાં સમર્પિત કરવાની વસ્તુઓની બાબતમાં જો કોઇ એક ચોક્કસ સિદ્ધાન્ત બનાવી દેવામાં આવે કે ભગવત્સેવા તો આટલી-આટલી વસ્તુઓથી જ થશે. નહીંતર સેવા નહીં થાય ત્યારે તો સેવાનું સ્વરૂપ તો કઠોર બનશે જ પણ સાથેસાથે આપણા પ્રભુનું પણ સ્વરૂપ આનંદાત્મક નહીં રહી જાય. તેથી સમજો કે સેવામાં વસ્તુ અનિવાર્ય નથી. સેવા કરનારની પાસે જે વસ્તુ ઉપલબ્ધ છે તેનાથી જ તો સેવા થશે એટલા માટે સહજ સંભવ છે કે શ્રીમહાપ્રભુજીએ રાગ-ભોગ-શૃંગારની બાબતમાં કોઇ એક જ રીતિ નહીં બનાવી હોય.

અહીં આવી શંકા થઇ શકે છે કે તો પછી શ્રીગુસાંઇજીએ રાગ-ભોગ-શૃંગારની સેવામાં વિનિયોગની રીતિ શા માટે બનાવી ? તો સમજો કે

શ્રીગુસાંઇજીએ ભોગ-રાગ-શૃંગારની રીતિ એટલા માટે નથી બનાવી કે તે રીતિના કારણે આપણે આપણી નવધાભક્તિનો સિદ્ધાંત તોડી દઇએ, માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદઢ સર્વતોડધિક સ્નેહના આપણા સિદ્ધાંતને તોડી નાખીએ, આત્મરતિના આપણા કેન્દ્રિય ભાવને ખંડિત કરી દઇએ. પરંતુ તમે જાણો છો કે નારિયેલમાં જલ ત્યાં સુધી સારૂ રહે છે કે જ્યાં સુધી તેની ઉપરના આવરણ સુરક્ષિત હોય. ઉપરના આવરણ કાઢતાં જ જલ બગડવાનું શરૂ થઇ જાય છે. એવી જ રીતે આપણું હાડપિંજર, નાડીઓ વગેરેને સુરક્ષિત રાખવા માટે આપણી ચામડીની ખૂબ જ જરૂરિયાત હોય છે. કેટલીય જાતના રોગના જંતુઓ આપણી ચામડીના આવરણને કારણે આપણા શરીરમાં ઘુસી નથી શક્તા. તેથી આવરણની પણ કાંઇક જરૂર તો હોય જ છે. આ જાતની જરૂરીયાતને માટે અંગ્રેજીમાં એક ખૂબ જ સુંદર ઉદાહરણ છે : સ્કિન્ડિપ યુટિલિટિ. ચામડીની જાડાઇ જેટલી ઉપયોગિતા. જો કે ચામડી એકદમ પાતળી હોય છે પરંતુ જો આટલી પણ જરૂરીયાત કોઇ વસ્તુની હોય તો પ્રભુની સેવામાં તેનો ઉપયોગ શા માટે ન કરવો. આવા ખૂબ જ ભાવાત્મક આશયથી પ્રભુચરણોએ રાગ-ભોગ-શૃંગારનો સેવાને માટે વિસ્તાર કર્યો છે. આ વિસ્તાર નથી સેવાને અઘરી બનાવવા માટે કર્યો છે કે નથી સેવાને તોડવા માટે કર્યો.

## રાગ–ભોગ–શૃંગાર મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગમાં :

ઉર્દુના એક શાયર અકરાબાદીનો ખૂબ સુંદ શેર છે.

**"જીસ જગહસે લે ચલાથા રાહબર,**
**હમ વહીં આયે હૈં ફિર લોટકર"**

આપણા પુષ્ટિમાર્ગની પણ સ્થિતિ આજે આવી જ થઇ ગઇ છે. કેમ ? કેમ કે મર્યાદામાર્ગમાં પણ ભગવાનની આરાધનામાં સામાન્ય રૂપમાં કાંઇક દેશ-કાલ-વિભૂતિઓનો પરિગ્રહ હતો જ. પણ તત્સુખના વિચારની જે બારીકી આપણે ત્યાં વિચારવામાં આવી હતી તેવી બારીકી મર્યાદામાર્ગીય પૂજા પ્રણાલીમાં રાખવામાં નથી આવી. જેમ કે આપણે બદ્રિનાથજીના સવારમાં દર્શન કરીએ તો ભયાનક ટાઢ પડતી હોય, આપણું શરીર ધ્રુજતું હોય અને સામે દર્શન કરીએ તો ઠંડા બરફ જેવા જલથી બદ્રિનાથજીને સ્નાન થતું હોય. પ્રભુના

સામર્થ્ય અને સ્વરૂપનો વિચાર કરીએ તો તેમાં કાંઇ વિશેષ વાત નથી. પણ આપણે જ્યારે આટલા ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવીએ તો તેમાં પૂજનનો ભાવ તો આપણામાં છે પણ તત્સુખનો વિચાર નથી.

હું એક વખત શ્રીજગન્નાથજીના દર્શન કરવા ગયો. ત્યાં તો શૃંગાર થઇ ગયા પછી જ દર્શન ખુલતા હોય છે. મારા મનમાં શૃંગાર ધરાવ્યા પહેલાના શ્રીજગન્નાથરાયજીના સ્વરૂપના દર્શન કરવાની તીવ્ર ઇચ્છા થઇ. હું સવારે જલ્દી સ્નાન કરીને મંદિરમાં ગયો. મને દર્શન કરીને ખૂબ આશ્ચર્ય થયું કે શ્રીજગન્નાથરાયજી આખા શ્રીઅંગ ઉપર કોક્રોચ (વાંદા) આંટા મારી રહ્યા હતા. મારા મનમાં ખૂબ ગ્લાની થઇ. ઠાકોરજી તો જગન્નાથછે તેથી કોક્રોચના પણ નાથછે. જગન્નાથને કાંઇ તકલીફ નથી. પણ પુજારી ત્યાં ઉભા છે, પૂજા માટે ઉભા છે છતાં પણ શ્રીઠાકોરજીને શ્રીઅંગ પરથી વાંદાને દૂર કરવાને ઠેકાણે એક હાથે ઠાકોરજીનો હાથપકડીને બીજા હાથે લોકો પાસે પૈસા માગી રહ્યા હતા. મારા મનમાં ખૂબ ગ્લાની થઇ. મેં મનમાં વિચાર્યું કે આવો વહેવાર આપ જ સહન કરી શકો છો બાકી સામાન્ય માણસના બસની તો આ વાત ન થઇ જ શકે. આખી દુનિયા જેના દર્શન કરવા માટે આવી રહી છે તેની પૂજા કરનારા શ્રીજગન્નાથરાયજીને આટલો પરિશ્રમ શા માટે આપતા હશે ?

## રાગ–ભોગ–શૃંગારનું વિકૃત રૂપ :

આવી દુર્દશા ફકત મર્યાદામાર્ગમાં જ છે એવી વાત નથી આપણે ત્યાં પણ આજે આવી જ દુર્દશા છે. છપ્પનભોગના દર્શન જ્યારે ખુલતા હોય છે ત્યારે બધું ચમકીલુ બનાવવા માટે મોટી-મોટી હેલોઝન લાઇટો રાખવામાં આવે છે. એનો પ્રકાશ એટલો ગરમ હોય છે મીણથી (લગાવથી) ધરેલા ઠાકોરજીના શૃંગાર મીણના પીગળી જવાથી વડા થઇને ખરી જતા હોય છે.

ભોગ આરોગી લીધા પછી આઠ-આઠ કલાક સુધી દર્શન ખુલ્લા રહેતા હોય છે. જે થાળીમાં તમે જમી લીધું હોય તેના ઉપર તમે એક કલાક તો બેસીને દેખાડો પણ ઠાકોરજીને આપણે બળજબરીપૂર્વક આઠ-આઠ કલાકો સુધી બેસાડીને રાખીએ છીએ. આવા ક્રૂર મનોરથોના દર્શન કરવા માટે આપણે બેવકૂફની જેમ દોડી-દોડીને જતા હોઇએ છીએ. ભીડ વધારતા હોઇએ છીએ.

બિચારા ઠાકોરજી ખાઇ લીધેલી થાળી ઉપર દીન-હીન ભાવથી બેઠા રહે. બતાવો, અહીં તત્સુખનો વિચાર ક્યાં છે ? વિચાર કરો કે તો પછી મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગની વચ્ચે તફાવત શું રહ્યો ? અને સેવાના નામે જો આવું જ કરવું હતું તો વ્યર્થમાં મર્યાદાને તોડીને પુષ્ટિમાર્ગનું પ્રવર્તન કરવાની જરૂર શું હતી ? મર્યાદામાર્ગમાં ઓછામાં ઓછું એક સારૂં પાસુ એ તો હતુ કે જે કાંઇપણ કરવામાં આવતું હતું તે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કરવામાં આવતું હતું. શાસ્ત્ર ભગવાનની આજ્ઞા છે, ભગવાને જેવી રીતે પૂજન કરવાની આજ્ઞા કરી તેવી રીતે ભગવાનનું પૂજન કરી રહ્યા છીએ. ભગવાને કહી દીધું કે ટાઢમાં પણ મને ટાઢા પાણીથી સ્નાન કરાવો ત્યારે ભગવાનને કહેવાવાળા આપણે કોણ હોઇએ કે નહીં અમે આપને ઠંડા જલથી નહીં ગરમ જલથી સ્નાન કરાવશું. ગુજરાતીમાં એક કહેવત છે ''રાજાને ગમી તે રાણી'' રાજાને જે સારી લાગી ગઇ તે જ રાણી કહેવાશે. રાજાને કહેવાવાળા આપણે કોણ હોઇએ કે કોણ સારી અને કોણ ખરાબ તેવી જ રીતે ઠાકોરજીને પોતાની પૂજા કરાવવા માટે જે વિધિ સારી લાગી તે વિધિ સારી. ઠાકોરજીને સારૂં-નરસું સમજાવવાવાળા આપણે કોણ હોઇએ.

તમે કહેશો કે તો પછી શ્રીમહાપ્રભુજીએ ઠાકોરજીની શાસ્ત્ર આજ્ઞાવાળી આરાધનાપ્રણાલીના ઠેકાણે પુષ્ટિભક્તિમાર્ગીય સેવાપ્રણાલીનો ઉપદેશ કેમ કર્યો ? આ વાત સમજો.

શ્રીમહાપ્રભુજીએ ભગવાનના તે વચન ઉપર ધ્યાન આપ્યું છે કે જેમાં આપ આજ્ઞા કરે છે :

**યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્;**
**ત્વં ભાવયોગપરિભાવિતહૃત્સરોજ**
**આસ્તે શ્રુતેક્ષિપતથો નનુ નાથપુસાં**
**યદ્યદ્ધિયા ત ઉરુગાય વિભાયન્તિ**
**તત્-તદ્વપુઃ પ્રણયસે સદનુગ્રહાય.**

આ જ વાતને આપણે આમ કહીએ છીએ ''જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરત તિન દેખી તૈસી''

આ વાત તો કેમકે આપણા સમ્પ્રદાયની ભાવનાથી કહેવામાં આવેલી નથી તેથી તેમાં ''દેખી તૈસી'' એમ કહ્યું છે. આપણા સમ્પ્રદાયની ભાવના પ્રમાણે આ વાતને કહેવી હોય તો આપણે આવી રીતે કહી શકીએ છીએ કે ''જાકી રહી ભાવના જૈસી પ્રભુ મૂરત તિન ઘડ દી તૈસી'' આપણી પુષ્ટિમાર્ગીય ભાવના એમ વિચારશે કે પ્રભુનું સામર્થ્ય હશે ભલેને ગમે તેવા દુઃખોને સહન કરી શકવાનું પણ મારે રામને જો બોર આરોગાવવા છે તો મીઠા બોર જ આરોગાવવા છે. ભલે એ બોરને મારે ચાખવા કેમ ન પડે, એઠાં પણ કેમ ન કરવા પડે. અને આપણે જાણીએ છીએ કે મર્યાદાપુરૂષોત્તમ રૂપને ધારણ કરીને પ્રકટ થયેલા હોવા છતાં પણ આવી ભાવના રાખનારની સામે પ્રભુ પણ પોતાનું પુષ્ટિ પુરૂષોત્તમનું રૂપ પ્રકટ કરે જ છે.

વ્રજભક્તોના મનમાં એવી ભાવના હતી કે મારો શ્યામ, મારો કૃષ્ણ નટખટ છે અને એના નટખટપણાને હું નિરખું. તેથી તે લોકો પ્રભુના તેવા રૂપના દર્શન કરવા માટે જાણી જોઇને (ઇરાદાપૂર્વક) માખણને એવી રીતે છુપાવતા કે પ્રભુ એ માખણને ચોરે. અને જ્યારે તેના માખણને ચોરીને જ્યારે આરોગતા ત્યારે પ્રભુના મુખારવિન્દના તે નટખટ ભાવોના દર્શન કરીને વ્રજભક્ત પ્રસન્ન થઇ જતા. વિચાર કરો, શું ઠાકોરજીના ઘરમાં દૂધ-દહીં-માખણની કોઇ ખોટ હતી કે તેને ચોરવા માટે ઠાકોરજીને કોઇક બીજાના ઘરમાં જવું પડે આવી વાત તો હતી નહીં. પણ કેમકે ભક્તોના એવા ભાવ હતા કે પ્રભુનું નટખટપણું જુએ તેના માટે પ્રભુએ એમના ભાવને અનુસાર નટખટપણું કરીને બતાવ્યું. રસખાનજીએ પણ ગાયું છે :

*શેષ-મહેશ-દિનેશ-ગણેશ-સુરેશ હુ જાહિ નિરન્તર ગાવે,*
*જાહિ અનાદિ-અનન્ત-અખંડ-અભેદ-અછેદ સુવેદ બતાવે,*
*નારદસે શુક-વ્યાસ રટેં પચિ હારે તોઉ પુનિ પાર ન પાવેં,*
*તાહિ અહીરકીં છોહરિયાં છછિયા ભર છાછપે નાચ નચાવેં.*

અમે આટલિક છાશ આપીશું પહેલા નાચીને બતાવો. નાનકડા ઠાકોરજીનો ખોબો કેવડો અને તેમાં છાશ પણ કેટલી આવી શકે. છતાં પણ ઠાકોરજી ભક્તોના ભાવને વિચારીને એની સામે નાચતા. બ્રહ્માંડને નચાવી

શકનાર શક્તિ ભકતો માટે નાચવા તૈયાર થઇ શકે છે એવું પ્રભુનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું.

## ભક્તભાવાનુસારી ભગવાન :

પ્રભુનું એક સ્વરૂપ જેમ મર્યાદાનું છે તેવી જ રીતે પ્રભુનું બીજું સ્વરૂપ ભક્તભાવાનુસારી પણ છે. અને જ્યારે તે સ્વરૂપ છે ત્યારે આપણે આપણી યોગ્યતા મુજબ પ્રભુના સુખનો જે કાંઇ વિચાર કરીએ તો પ્રભુ તે પ્રકારનું પોતાનું સ્વરૂપ આપણા માટે શા માટે પ્રકટ નહીં કરે ?

આપણે ત્યાં વચનામૃતોમાં આનો બહુ સુંદર ખુલાસો આવે છે કે એક દીવસ રાજભોગ આરતી પછી બાલક નિજમંદિરથી શય્યામંદિર સુધીનો પેંડો બિછાવવાનું ભૂલી ગયા. ઠાકોરજીએ એમને સાનુભાવ જતાવીને કહ્યું કે તમે આજે પેંડો નથી બિછાવ્યો એટલે હું શૈયામંદિરમાં જઇ શક્તો નથી. હવે લૌકિક દષ્ટિથી આ વાતને વિચારીએ તો એક દિવસ પેંડો ન બિછાવવાથી કઇ આફત આવી પડી કે આપ શૈયામંદિરમાં પધારી નથી શકતા. ગોચારણ કરવાના સમયે ખુલ્લા ચરણારવિંદથી ખાડા-ટેકરા અને કાંટાવાળા વનમાં આપ ઘુમતા ફરો છો તો નિજમન્દિરથી શૈયામન્દિર સુધી કેમ નથી પધારી શકતા. વચનામૃતમાં આનો ખુલાસો આપ્યો છે. ઠાકોરજીએ તે બાલકને કહ્યું કે તમે જ કહ્યું હતું કે શૈયામન્દિરમાં પેંડા ઉપર ચાલીને જ પધારવું. હું તો તમારો નિયમ પાળી રહ્યો છું. તમારો એવો ભાવ હતો કે સિંહાસનથી શૈયા સુધી અમે પેંડો બિછાવીએ તેના ઉપર થઇને જ પધારવું. હવે તમે પેંડો બિછાવવાનું ભૂલી ગયા હો તો હું તો સિંહાસન ઉપર જ બેઠો રહ્યો છું. તો આ ''જાકી રહી ભાવના જૈસી પ્રભુ મૂરત તિન ઘડ દી તૈસી'' વાળી વાત છે. ''દેખી તૈસી'' માં તો ભ્રમણા પણ થઇ શકે છે. પરંતુ આપણે પુષ્ટિભાવનામાં તો પ્રભુમૂરતને તેવી ઘડી દઇએ છીએ.

''યદ્યદ્ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ તત્તદ્વપુઃ પ્રણયસે સદનુગ્રહાય'' પ્રભુ પોતાનું તેવું સ્વરૂપ ભક્તની સામે પ્રકટ કરી દે છે. ભગવાનના સ્વભાવનું એક આ રહસ્ય છે, જેને શ્રીમહાપ્રભુજીએ સમજ્યું છે. પ્રભુના આ સ્વભાવના રહસ્યને અનુસાર તમને એવી ભાવના થઇ છે કે ઋતુનું સુખ અમે પ્રભુની સાથે કેમ ન લઇએ અને જે ઋતુમાં જે તકલીફોનો અનુભવ અમને થાય છે તે પ્રભુને

પણ થતી જ હશે એવું વિચારીને અમે તે તકલીફોના નિવારણના ઉપાય પણ કેમ ન કરીએ.

*રહિયે મેરે હી મહલ, અનત ન જૈયે*

*શૈયા–સામગ્રી–વસન–આભૂષણ સબવિધ કર રાખોંગી ટહલ,*

*ચતુર વિહારી ગિરિધારી પિયાકી રાવરી યહી સહલ.*

આ આપણો ભાવ છે. આ આપણો ભાવ છે કે આપ મારા ઘરમાં બિરાજો. હું આપની બધી આવશ્યકતાઓ પૂર્ણ કરીશ. હવે વિચારો કે ઠાકોરજીને શેની આવશ્યકતા હોઇ શકે ? શ્રીમહાપ્રભુજી કહે છે :

*કિમાસનં તે ગરુડાસનાય ।*

*કિં ભૂષણં કૌસ્તુભભૂષણાય ॥*

*લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયમ્ ।*

*વાગીશ કિં તે વચનીયમસ્તિ ॥*

ગરુડ જેમનું આસન છે તેને આપણે કયું સિંહાસન આપી શકીએ ? કૌસ્તુભમણિ જે ધારણ કરે છે તેને આપણે તેનાથી કીંમતી ક્યા પ્રકારના આભૂષણ ધરી શકીશું ? લક્ષ્મી જેમની પત્ની છે તેને આપણે કેટલા પૈસા ભેટ ધરી શકીશું ? જે વાણીના પતિ છે તેમની આપણે સ્તુતિ શું કરશું ? આપણી વાણી દ્વારા તે પોતે જે બોલાવશે તે જ તો આપણે બોલી શકીશું. સાચી વાત છે. પ્રભુ કદાચ કયારેક આપણને એમ કહે છે મારે તો કોઇ આવશ્યકતા જ નથી તો સાચી વાત છે, પ્રભુએ મર્યાદા નિભાવી. પણ ખોવાયું શું ? પુષ્ટિ ! ભકતના ભાવને અનુરૂપ પોતાનું રૂપ પ્રભુએ પ્રકટ ન કર્યું. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે પ્રભુ આવા નથી. પ્રભુએ અમુક મર્યાદા પોતાની જરૂર રાખી છે. તે મર્યાદાને અનુસાર પ્રભુ વર્તે પણ છે. પણ ભક્ત જ્યારે પોતાના ભાવને અનુસાર સેવા કરે છે ત્યારે પ્રભુ તેની તેવી સેવા પણ સ્વીકારે છે. સેવા જ સ્વીકારે છે એટલું જ નહીં, પ્રભુ તેની સામે તેવું સ્વરૂપ પણ પ્રકટ કરે જ છે.

ભાગવતમાં આવે છે : ‘‘મલ્લાનામશનિર્નૃણાં નટવરઃ સ્ત્રીણાં સ્મરો

મૂર્તિમાન્'' કંસની સભામાં પધારતી વખતે થયેલા દર્શન કરીને પહેલવાનોને એવું લાગ્યું કે જેમ વિજળી ચમકી રહી છે, સામાન્ય માણસોને લાગ્યું કે કોઇ પુરુષશ્રેષ્ઠ આવી રહ્યા છે. સ્ત્રીજનોને લાગ્યું કે સાક્ષાત્ કામદેવ આવી રહ્યા છે.... તો પ્રભુને જે જેવી ભાવનાથી જુએ છે તેને માટે પ્રભુ પોતાનું તેવું સ્વરૂપ પ્રકટ કરે છે. જ્યારે પ્રભુ ભક્તની ભાવના મુજબ પોતાનું તેવું સ્વરૂપ પ્રકટ કરે છે. જ્યારે પ્રભુ ભક્તોની ભાવનાને અનુસાર પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે તો આપણે પણ પ્રભુના તરફ સ્નેહાત્મિકા ભાવના કેમ ન કરી શકીએ ? અને જો આપણે તેવી ભાવના કરીએ તો આપણા માટે પણ પ્રભુ તેવું સ્વરૂપ પ્રકટ કેમ નહીં કરે ? આ ભક્તિમાર્ગીય અપેક્ષા છે ભગવાનની સાથે. આ મારા હૃદયનો ભાવ છે કે ઋતુક્રમાનુસાર મને જે સુખ મળી રહ્યું છે તેને હું આપની સાથે અનુભવું ઋતુક્રમાનુસાર મને જે તકલીફ થઇ રહી છે તે આપને પણ થતી જ હશે એમ વિચારીને તે તકલીફોનું હું નિવારણ કરૂં. જો ભક્ત આવી ભાવના કરે છે ત્યારે પ્રભુ ઋતુ અનુસારી પોતાનું સ્વરૂપ કેમ પ્રકટ નહીં કરે ? આ ભાવના મૂલમાં (પાયામાં) હતી જેને કારણે શ્રીગુસાંઇજીએ રાગ-ભોગ-શૃંગારની સેવાના બાહ્યતમ આવરણનો આટલો વિસ્તાર કર્યો.

## પછીના દીવસનું પ્રવચન

સેવાના નિત્યક્રમનો આપણે વિચાર કરી લીધો. તેના પછી સેવાના ઋતુક્રમનો આપણે વિચાર કરી રહ્યા હતા. જેમ તમને મેં પહેલાં બતાવ્યું, સેવામાં એક નિત્યક્રમ છે, બીજો ઋતુક્રમ છે, ત્રીજો ઉત્સવક્રમ છે અને ચોથો મનોરથક્રમ - આમ ચતુર્વિધ ક્રમ સેવાના હોય છે. તદનુસાર નિત્યક્રમનું અનુષ્ઠાન નિત્ય થાય છે. પરંતુ ઋતુના પરિવર્તન અનુસાર નિત્યસેવાના ક્રમમાં પરિવર્તન આવે છે. એક ઋતુમાં એક નિત્યક્રમ હોય છે, બીજી ઋતુમાં બીજો નિત્યક્રમ હોય છે. પ્રાચીન સમયમાં આપણે ત્યાં પુરેપુરી છ ઋતુઓ આવતી હતી. હવે ધીરે-ધીરે ઋતુઓનો લોપ થવા લાગ્યો છે. પ્રદેશના ભેદથી કોઇ જગ્યાએ બે ઋતુઓ હોય છે, કોઇ ઠેકાણે ચાર હોય છે. પણ આપણે ત્યાંના સેવાક્રમમાં પ્રાચીન ઋતુક્રમનો વિચાર કરીને છ ઋતુ અનુસાર નિત્યસેવાનો ક્રમ વ્યવસ્થિત કરવામાં આવેલો છે. જેમકે મેં તમને પહેલાં બતાવ્યું હતું કે દેશ-

કાલાનુસાર સેવા કરવી આવા પ્રકારના શ્રીમહાપ્રભુજી અને શ્રીગોપીનાથજીના સૂત્રાત્મક વિધાન છે તેનાથી આટલી વાત તો સ્પષ્ટ છે કે દેશ-કાલાનુસાર કાંઇક ને કાંઇક સેવાક્રમમાં પરિવર્તન થતા જ હશે. પણ તેનું વ્યવસ્થિત બંધારણ જેવું શ્રીગુસાંઇજીએ ઘડયું તે તો અસાધારણ જ છે. બીજા કોઇપણ સમ્પ્રદાયમાં તેવા પ્રકારની બારીકી ભાગ્યે જ હશે. જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી મને તો નથી લાગતું કે તેવા પ્રકારની સૂક્ષ્મતા અન્યત્ર કયાંય પણ હોય.

આપણા પ્રભુ રસાત્મક છે. રસાત્મકનો મતલબ એ છે કે જેવા આપણા મનોભાવ છે તેને અનુરૂપ આપણા પ્રભુનું સ્વરૂપ, લીલા, ગુણ-ધર્મ વગેરે પ્રકટ થાય છે. પ્રાચીન સિદ્ધાન્ત છે. ''યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામ્યહમ્'' પહેલાં પણ મેં તમને બતાવ્યું હતું કે ''જાકી રહી ભાવના જૈસી પ્રભુમૂરત તિન દેખી તૈસી''. ભકતની ભાવનાના અનુસાર ભગવાનનું ફકત રૂપ જ પ્રકટ થાય એટલું જ નથી, ગુણ પણ પ્રકટ થાય છે. અને રૂપ અને ગુણ જ ફકત પ્રકટ થાય છે એટલી જ વાત નથી, તે પ્રકારની પ્રભુની લીલા પણ પ્રકટ થાય છે અને જ્યારે ભક્તના ભાવાનુસાર પ્રભુના રૂપ,ગુણ અને લીલા ત્રણેય પ્રકટ થઇ રહ્યા છે અને રૂપ-ગુણ-લીલાથી વિશિષ્ટ પ્રભુની જ્યારે આપણે સેવા કરી રહ્યા છીએ ત્યારે સેવામાં પણ તે બધી વાતો આવી જવી સ્વાભાવિક થઇ જશે. આપણી ભાવના જે પ્રકારની હશે તે પ્રકારનું પ્રભુનું રૂપ, તે પ્રકારના પ્રભુના ગુણ અને તે પ્રકારની પ્રભુની લીલાઓનો આપણને અનુભવ થશે.

અનુભવની વાત સાંભળીને તમને એમ લાગતું હશે કે આ તો બહુ ઉચ્ચ કક્ષાની વાત થઇ રહી છે. પણ એવી વાત નથી. પ્રભુ વાણી અને ક્રિયાના (બોલ-ચાલના) માધ્યમથી પોતાના મનોભાવ આપણને જતાવે, સાનુભાવ જતાવે તે એક જુદી વાત છે. તેવો અનુભવ પ્રભુ આપણને ભલે ન જતાવતા હોય પરંતુ આપણા હૃદયનો ભાવ આપણને સમજાવી દેશે કે આ ઋતુમાં આ પ્રકારની સેવા સુખરૂપ થશે અને આ રીતની સેવા પ્રભુને સુખરૂપ નહીં થાય. આ પણ એક અનુભવ છે. હોંશિયાર રસોઇ બનાવવાવાળો રસોઇને ચાખ્યા વગર, ફકત જોઇને કહી દે કે રસોઇ કેવી બની હશે. કાચી છે કે પાકી છે, કયો મસાલો વધારે પડી ગયો છે અને કયો ઓછો છે.... એવી જ રીતે કુશળ સેવકને

પોતાના સેવ્યના દર્શન કરવા માત્રથી એ ખબર પડી જાય છે કે આ સેવા પ્રભુને સુખરૂપ છે અને આ સેવા આ ઋતુમાં પ્રભુને સુખરૂપ નથી, આ રીતની સેવાથી પ્રભુને પરિશ્રમ થઇ રહ્યો છે. આપણે એમ કહેશું કે આ તો બહુ ઉચ્ચ કક્ષાની વાત છે. એક વાત સાચી છે કે પ્રભુસેવા કરતી વખતે આ પ્રકારનો ભાવ જાગવો ભક્તિમાર્ગની દ્રષ્ટિથી ખરેખર ઉચ્ચ કક્ષાની વાત છે. જેમ રસોઇ બનાવવામાં પણ ચાખ્યા વગર જ ઓળખી શકવી તે અતિશય અનુભવની અપેક્ષા રાખે છે તેવી જ વાત આ પણ છે. સારો દુકાનદાર વસ્તુને જોખ્યા વગર વજન કહી શક્તો હોય છે. કેમ ? અનુભવ તેને બધું સીખવાડી દે છે. એવી જ રીતે પ્રભુસેવામાં પણ થોડા-ઘણાં અનુભવની ઊંડાઇની તો આવશ્યકતા છે જ. પણ તે વાતને એટલી બધી ઊંચી લઇ જવાની કે તેમાં એટલું ગભરાવાની કોઇ આવશ્યકતા નથી કે આપણને કોણ જ્યારે કયારે સાનુભાવ સિદ્ધ થશે અને કયારે એ ખબર પડશે કે કેવા પ્રકારની સેવાથી પ્રભુને સુખ થાય છે અને કઇ સેવાથી પરિશ્રમ થાય છે.

દરેક વાતની કોઇક ઊંડાઇ અને ઊંચાઇ હોય છે. તેનાથી લાભ પણ થાય છે અને કયારેક નુકશાન પણ થાય છે. કોઇને બીવડાવવો હોય તો કહી દો કે આ તો બહુ મોટી વાત છે, બહું ઉંડી વાત છે. માણસ સાંભળીને જ નિરાશ થઇ જશે કે આ તો આપણા કામની વાત નથી. આપણે ત્યાં કહેવત છે ''ન નો મન તેલ આવે, ન રાધા નાચે'' એમ બહું ઉંચી વાત કરી દે તો માણસ ગભરાઇ જાય કે આટલી ઉંચાઇએ તો કોણ ચઢી શકે. પણ આ વાત એટલી ઉંચી પણ નથી. સાથે-સાથે આ એકદમ નીચી કક્ષાની વાત પણ નથી. થોડી-ઘણી અનુભવની ઉંચાઇ તો આમાં આપણને સ્પષ્ટ સમજવામાં આવી શકે છે. આપણે ત્યાં કહ્યું છે ''અનુભવ બિના અનુભવ કહા જાનિયે, જાકો પિયા નહીં ચિત્ત ચોરે, પ્રેમકે સિન્ધુકો મરમ જાન્યો નહીં, સૂર કહે કહા ભયો દેહ બોરે'' માછલી, કાચબા અને બીજા પણ કેટલાય જીવ ગંગાજી-યમુનાજીમાં રહે છે. પણ ગંગાજી-યમુનાજીના ભક્તને ગંગાસ્નાન અને યમુનાસ્નાન કરીને જે પ્રકારની સેહરન (રોમાંચ) થાય, આધ્યાત્મિક સંતોષ થાય તે તો પ્રેમના સાગરનો મર્મ જાણવાવાળાને જ થઇ શકે છે, બીજાને નહીં. પુષ્કરજીમાં અમારા

બાલ્યકાળમાં મગરમચ્છ કેટલા રહેતા હતા પણ જેને પુષ્કરજીમાં ભાવ હતો તે ત્યાં પુષ્કરજીમાં ડૂબકી લગાવતા હતાં અને તેમને જે સન્તોષ થાય તે પ્રેમના સાગરનો મર્મ જાણવાની વાત છે. કેટલાક લોકો એવા પણ હોય છે કે કેટલી વખત બાજુમાંથી નીકળી ગયા તો પણ કયારેય તે બાજુ જોયું જ નહીં. અને બધા લોકો નાહી રહ્યા છે તો ચાલો આપણે પણ નાહી લઇએ. આ ''કહા ભયો દેહ બોરે'' થઇ ગયું. કેટલાક લોકો પાછા એવા પણ હોય છે કે પુષ્કર હોય કે ન હોય, કયાંય પણ તળાવ જુએ તેને પુષ્કર માનીને ડૂબકી લગાવતા હોય છે. આપણા માર્ગના સેવા પ્રકારની બાબતમાં પણ કેટલાક લોકોને આવું થાય છે કે કયાંય પણ કોઇક સેવાનો પ્રકાર જોતાં જ એને લાગવા માંડે કે ઓહો આ તો પુષ્ટિમાર્ગ છે. પણ ભાઇ, પુષ્ટિમાર્ગ જેવી તેવી વાત નથી કે સેવાના નામે ગમે ત્યાં પ્રકટ થઇ જાય. ખાલી બહારની સજાવટોથી પુષ્ટિમાર્ગ પ્રકટ નથી થઇ શકતો. પુષ્ટિમાર્ગની આંતરિક શરત છે : ''પ્રેમકે સિન્ધુકો મર્મ.'' પ્રેમના સાગરનો મર્મ (રહસ્ય) આપણે જાણીએ ત્યારે જ તો પુષ્ટિમાર્ગ પ્રકટ થઇ શકશે, પણ તે મર્મ જો જાણ્યો નહીં તો બહારની સજાવટ તો કોઇપણ કરી દેશે અત્યારે તો સજાવટો કરવાનો ધંધો પણ તો છે (ડેકોરેટર્સનો). ડેકોરેશનના ધંધાવાળા તમે કહો તેવી સજાવટ કરી દેશે. તેને શું આપણે પુષ્ટિમાર્ગ કહેશું તમે સ્ટુડિયામાં જઇને કહો કે મારે વકીલના ડ્રેસમાં ફોટો પડાવવો છે તો તમારો તેવો ફોટો તો પડી જશે. પણ ફોટો પડાવી લેવાથી વકીલાત કરવાની કુશળતા તમારી અંદર આવી નથી શકતી. તેથી આપણે આ રહસ્ય (મર્મ) જાણી લેવું જોઇએ કે ''પ્રેમકે સિન્ધુકો મર્મ જાન્યો નહીં, સૂર કહે કહા ભયો દેહ બોરે''

પ્રભુની સેવા કરતી વખતે કઇ ઋતુને અનુસાર કેવો ઉપચાર પ્રભુને સુખરૂપ થશે અને કેવો સુખરૂપ નહીં થાય તે આપણે કોઇ ચોપડી વાંચીને સમજી નથી શક્તા. ''પઢ-પઢ પોથી જગ મુઆ, પંડિત હુવા ન કોઇ, ઢાઇ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય'' આ આવી વાત છે. સેવ્યને થતાં પરિશ્રમ અને સુખના જ્ઞાનમાં કોઇ લેખિત બંધારણ કામ નથી આવતું. પુસ્તક વાંચવાથી આ જ્ઞાન નથી થઇ શકતું. આ સમજણ તો આપણા હૃદયમાં સ્નેહ હોય તો જ

આવી શકે છે. કિશનગઢમાં મને તાવ આવ્યો. તે વખતે કુન્દનજી અમારી સેવામાં હતા. તાવ ત્રણ-ચાર ડિગ્રી થઇ ગયો. ત્યારે મેં કુન્દનજીને મારા માથા ઉપર પાણીના પોતા મુકવાનું કહ્યું. કુન્દનજી ખૂબ ભોળા હતા. એમણે મને કહ્યું કે પોતા મુકવાથી તો આપને ન્યુમોનિયા થઇ જશે. હું તો પોતા નહીં મુકું. મેં કહ્યું કે કાંઇ વાંધો નહીં તમે ન મુકો તો હું જાતે મુકી લઇશ. તેમની પાસે જલ મગાવી મેં પોતે માથે પોતા મુકવા ચાલુ કર્યા. કુન્દનજી સામે બેસી ગયા. મને એમને જોઇને ખૂબ ગુસ્સો ચડતો હતો કે કેવા માણસ સાથે પનારો પડયો કે કોઇ વાત સમજતો નથી. પણ થોડા વખત પછી મેં ધ્યાનથી જોયું કે કુન્દનજી બિચારા રડી રહ્યા હતા. ઘડીએ-ઘડીએ તે મને વિનંતી કરતા ''જે-જે હવે બસ કરો; હવે બસ કરો'' તેને રોતા જોઇને મારી બધી જ ખીજ ઉતરી ગઇ. ભલે તે અજ્ઞાની હતા. પણ પ્રકટ તો સ્નેહ જ થઇ રહ્યો હતો. એમ આપણે પણ કુન્દનજીની જેમ પ્રભુની સામે સ્નેહભાવવશ જો આપણું અજ્ઞાન પણ પ્રકટ કરશું તો પ્રભુ નારાજ નહીં થાય. અને ''પઢ-પઢ પોથી જગ મુઆ'' એવું બહું પાંડિત્ય પ્રકટ કરશું પણ સ્નેહભાવ હૃદયમાં નહીં હોય તો પાછી સૂરદાસજી વાળી વાત આવી જશે કે ''પ્રેમકે સિન્ધુકો મર્મ જાન્યો નહીં, સૂર કહે કહા ભયો દેહ બોરે''

ઋતુસેવાની વાત પણ પ્રેમના મર્મની વાત છે. આમાં કયારેક આપણું અજ્ઞાન પ્રકટ થઇ શકે છે. વાર્તામાં પણ એવા પ્રસંગ આવે છે. એક ડોકરી શ્રીમદનમોહનજીની સેવા કરતી હતી એક દીવસ કોઇ વૈષ્ણવ તેને ત્યાં પોતાના ઠાકોરજી, શ્રીબાલકૃષ્ણજી પધરાવી ગયો. ડોકરીએ શ્રીમદનમોહનજીના સિવાય બીજા કોઇ સ્વરૂપના દર્શન કયારેય કર્યા જ ન હતા. તેણે વિચાર્યું કે બિચારા ઠાકોરજી ઠંડીના માર્યા ઠુંઠવાઇ ગયા છે. તે તો તેલ લઇને ઠાકોરજીને માલીશ કરવા લાગી. તેની માલીશના કારણે મારી જેમ તે વૈષ્ણવના ઠાકોરજીને પણ (ઝુંઝલાહટ) કંપારી આવી હશે કે હું લડુગોપાલ છું, કારણ વગર મારા પગ સીધા શું કરવા માગે છે. આપણે પગ વાળીને બેસવું હોય ત્યારે કોઇ બળજબરીથી આપણા પગને સીધા કરે તો આપણને નહીં ગમે. પણ સ્નેહ છે. સ્નેહવશ વૈષ્ણવના ઠાકોરજી લડુગોપાલમાંથી મદનમોહનજી બની ગયા.

## સ્નેહ જ્ઞાન–અજ્ઞાનથી પર છે :

સ્નેહ એવી વસ્તુ છે કે તે ન તો પુરૂ અજ્ઞાન છે અને ન તો તે પુરા જ્ઞાનની અપેક્ષા રાખે છે. જ્ઞાન અને અજ્ઞાન બંનેથી અતીત કોઇ મનોભાવ 'સ્નેહ' છે. જ્ઞાન અને અજ્ઞાનમાં સ્નેહને વેંચી નથી શકાતો. આપણે સ્નેહના માટે એમ કહી નથી શકતા કે સ્નેહ છે તેથી જ્ઞાન હોવું જ જોઇએ. કેટલાક જ્ઞાનમાર્ગીલોકો કહેતા હોય છે કે અજ્ઞાનીઓને માટે સ્નેહ–ભક્તિનો માર્ગ છે, જ્ઞાનીઓને માટે જ્ઞાનમાર્ગ છે. પણ આ વાત સાચી નથી. સ્નેહનું જ્ઞાનની સાથે કાંઇ બાપમાર્યાનું વેર નથી. સ્નેહ જ્ઞાન અને અજ્ઞાન બંનેથી પર કોઇ એક મનોભાવ છે. અને તે મનોભાવ કેવો છે ? આપણે તેને દેવકીજીના પ્રસંગ ઉપરથી સમજી શકીએ છીએ.

દેવકીજી–વસુદેવજીએ તપસ્યા કરી. ઠાકોરજીએ પ્રસન્ન થઇને એમને દર્શન આપ્યા અને પૂછયું કે બોલો શું ઇચ્છા છે ? એમણે ઠાકોરજી પાસે વરદાન માગ્યું કે આપના જેવો પુત્ર અમારે જોઇએ છે. માટે ઠાકોરજી ચાર ભુજા અને ચાર આયુધ ધારણ કરીને નાના બાળકના રૂપમાં પ્રકટ થયા. ઠાકોરજી પ્રકટ થયા ત્યારે દેવકીજીએ એમની સ્તુતિ કરતાં એક વાત કહી કે આ રૂપમાં તો કંસ આપને નહીં ઓળખતો હોય તોય ઓળખી જશે. અને ઓળખી જશે તો ચોક્કસ મારી નાખશે.

આ પ્રસંગનો જરા વિચાર કરો કે જે પ્રકટ થયા છે તે ભગવાન છે એવું જ્ઞાન દેવકીજીને છે તો કંસ ભગવાનને કેવી રીતે મારી શકે અને જો કંસ મારી શકતો હોય તો પ્રકટ થયા છે તે ભગવાન કેવી રીતે હોય તો જુઓ આ વાત પ્રેમની છે. પ્રેમ જ્ઞાન અને અજ્ઞાન બંનેથી ઉપરની વાત છે. દેવકીજીને તો તેનો પ્રેમ સમજાવી રહ્યો છે કે આપ ખૂબ સુંદર રૂપથી પ્રકટ થયા. પણ બાળકના રૂપમાં આપની વિષ્ણુરૂપતાને જોઇને મને બીક લાગી રહી છે કે કંસ કયાંક આપને ઓળખી ન જાય. આ વાત ન તો જ્ઞાનમાં ખપી શકે છે ન અજ્ઞાનમાં. જો જ્ઞાનમાં આને ખપાવશો તો કંસથી ભય ન થવો જોઇએ. અજ્ઞાનમાં ખપાવશો તો તેમા નહીં ખપાવી શકાય. કારણ કે સ્વયં દેવકીજી ઠાકોરજીની સ્તુતિમાં ''ઉપસંહર વિશ્વાત્મન્'' આપ વિશ્વાત્મા મારે ત્યાં પ્રકટ થયા છો

એક કહી રહ્યા છે. પરંતુ પાછા એમ પણ કહી રહ્યા છે કે ''કંસાદ્ અહમ્ અધીરધી:'' મને કંસનો ડર લાગી રહ્યો છે. તો સમજો કે આ વાત જ્ઞાન અને અજ્ઞાન એકેયમાં નહીં ખપાવી શકાય. આ વાતની વ્યાખ્યા ફકત સ્નેહના રૂપમાં જ થઇ શકે છે.

## બ્રહ્મને આપણા ભાવાનુરૂપ ઢાળવો = પરા ગતિ :

ભગવાને પણ આ જ વાત વસુદેવજી-દેવકીજીને સમજાવી કે,

"યુવાં માં બ્રહ્મભાવેન પુત્રભાવેન ચાસકૃત્
ચિન્તયન્તૌ કૃતસ્નેહૌ યાસ્યેથે મદ્ગતિં પરામ્''

જેને બ્રહ્મભાવથી વિચારીએ તેને પુત્રના રૂપમાં સમજી નહી શકાય અને જેને પુત્ર માનશો તેને બ્રહ્મના રૂપમાં નહીં સમજી શકાય. પણ ભગવાને આજ્ઞા કરીકે તમે મને બ્રહ્મભાવથી પણ જુઓ અને પુત્રભાવથી પણ જુઓ. આમ કરવાથી તમે મારી પરા ગતિને પ્રાપ્ત કરી લેશો. આ પરા ગતિ કયા પ્રકારની ? આપણે સમજશું કે વૈકુંઠની પ્રાપ્તિની અહીં વાત હશે અથવા કોઇ અતિશય સામર્થ્ય તેનામાં પ્રકટ થઇ જશે અથવા જન્મ-મરણનું ચક્કર ખતમ થઇ જશે તેને ભગવાન્ પરા ગતિ કહેતા હશે. બીજા માર્ગોની દષ્ટિએ આ પરા ગતિ હશે પણ ભક્તિમાર્ગની દષ્ટિથી આ બધી ક્ષુદ્ર ગતિઓ છે. ભક્તિમાર્ગની દષ્ટિથી પરા ગતિ એ છે કે બ્રહ્મને આપણા ભાવને અનુરૂપ ઢાળી શકવું.

કોઇ શિલ્પકાર, ચિત્રકાર, સુતાર, કુંભાર કે પછી સોની પરા ગતિને પ્રાપ્ત થયો કયારે કહી શકાય ? એમણે મનમાં જે આકૃતિને પ્રકટ કરવાનો વિચાર કર્યો હોય તેને પોતાની કુશળતાથી (કારીગરીથી) પથ્થરમા કાગળમાં લાકડામાં માટીમાં કે સોનામાં પ્રકટ કરી દે ત્યારે તેને પરા ગતિ પ્રાપ્ત થઇ કહેવાય. અને મનમાં જે આકૃતિ વિચારી હોય તે જે કારીગર પ્રકટ ન કરી શકે તેની ક્ષુદ્ર ગતિ થઇ કહેવાય. આવી રીતે ભક્તિમાર્ગીની પરા ગતિ ત્યારે થઇ કહેવાશે કે જ્યારે તે પોતાના મનમાં ભાવિત ભગવાન્‌ના રૂપને ભગવાનમાં પ્રકટ કરી શકે.

## બ્રહ્મને ભજનીય રૂપમાં ઘડવાની કલા = ભક્તિ :

હસ્તકૌશલ, ચિત્રકારી વગેરે જેમ કોઇ પ્રકારની કલા છે એવી જ રીતે ભક્તિ પણ એક પ્રકારની કલા છે. ભગવાનને ઘડવાની કલા છે. ચિત્રકાર ત્યારે કુશળ કહેવાય છે કે જ્યારે તે કાગળ ઉપર તેના મનમાં રહેલા ભાવોને ચિત્રના રૂપમાં પ્રકટ કરી શકે. એવી જ રીતે ભક્તિમાર્ગીપણ ત્યારે કુશળ કહેવાય છે કે જ્યારે તે પોતાના હૃદયમાં ભરેલા ભાવાત્મક સ્વરૂપને ભગવાનમાં પ્રકટ કરી શકે. ગાયક ત્યારે કુશળ કહેવાય કે જ્યારે તે પોતાના મનમાં ઉઠતા ભાવોને સ્વરોના માધ્યમથી પ્રકટ કરી શકે. જો તે આમ કરી શકે છે તો તે પરા ગતિને પ્રાપ્ત થઇ ગયો. અને મનમાં એક તાન વિચારી રહ્યો હોય અને ગળામાંથઇ કોઇ બીજા-બીજા સૂર નિકળી રહ્યા હોય તો પછી તે ગાયક કુશલ નહીં કહેવાય. પણ દેવકીજીએ ભગવાનને પુત્રના રૂપમાં ઇચ્છયા હતા. ભગવાન એમને પુત્રના રૂપમાં પ્રાપ્ત થઇ ગયા. દેવકીજીને પરા ગતિ પ્રાપ્ત થઇ ગઇ. ડોકરીના ભાવને વશ થઇને ઠાકોરજી બાલકૃષ્ણજીમાંથી મદનમોહનજી બની ગયા. ડોકરીને પરા ગતિ પ્રાપ્ત થઇ ગઇ. કેમ ? કેમ કે ડોકરી ઠાકોરજીને ઘડવામાં ભક્તિમાર્ગીકુશળ કલાકાર હતી. પરમાત્મા પણ કલાકાર છે કે જે આપણને બધાને ઘડી રહ્યો છે. પણ તે પરમાત્માને ઘડવાની કલાનું નામ ભક્તિમાર્ગ છે. પરમાત્માનો ફકત અનુભવ કરવાની કલા જ્ઞાનમાર્ગ હોઇ શકે છે. પણ પરમાત્માને ઘડવાની કલા જ્ઞાનમાર્ગની પાસે નથી. જ્ઞાનમાર્ગમાં આ એક ન્યૂનતા છે. આપણે જેમ કોઇ વાર્તા વાંચી લઇએ, સમાચાર જાણી લઇએ તે જ્ઞાનમાર્ગ છે. પણ આપણે કોઇ વાર્તા લખી શકીએ તો તે સાહિત્ય કહેવાય છે. ત્યારે આપણે પાઠક નથી, સાહિત્યકાર છીએ. કેમકે આપણે કથાને પ્રકટ કરી રહ્યા છીએ. આપણી બુદ્ધિમાં તે પ્રકારના આવેગ છે કે જે ભાવની કથા પ્રકટ કરવા ઇચ્છીએ તેને આપણે પ્રકટ કરી શકીએ છીએ. આજકાલ તો વાર્તા સાંભળવા-સંભળાવવાની પદ્ધતિ સમાપ્ત થઇ ગઇ. જુના જમાનામાં એવા-એવા વાર્તા સંભળાવવાવાળા લોકો થતા હતા કે વાર્તા સંભળાવતા-સંભળાવતા વાર્તા બનાવતા જાય અને તે વાર્તા પુરી જ ન થાય. એમને આટલી લાંબી વાર્તા યાદ નોહતી હોતી. પણ એમની બુદ્ધિનો વ્યાપાર એટલો શક્તિશાળી હતો કે કવિ જેમ પોતાના ભાવોને શબ્દમાં ઢાળી શકે તેમ વાર્તા કહેનાર કુશળતાથી પોતાના ભાવોને વાર્તાના રૂપમાં ઢાળી શક્તા હતા. એમ હૃદયમાં જે પ્રભુ વિષયક ભાવ

પ્રકટ થયો તે પ્રકારથી પ્રભુને ઢાળી શકીએ, પ્રભુના ગુણોને ઢાળી શકીએ એ જ ભક્તની પરા ગતિ છે. બોલવામાં વાણીનો અપરાધ કદાચ થશે પણ આ ભગવાનને સર્જન કરવાની કળા છે. જેમ ભગવાન આપણો સર્જનહાર છે તેમ ભક્તિ ભગવાનની સર્જનહારી છે. શ્રીગોકુલનાથજીના એક સેવકે એક વખત શ્રીગોકુલનાથજીને કહ્યું કે આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ છો. ત્યારે શ્રીગોકુલનાથજીએ ખૂબ સુંદર વચનામૃત કર્યા. આપે કહ્યું કે હું પુરુષોત્તમ નથી પણ તમારી ભક્તિ પુરુષોત્તમ છે. મતલબ, ભક્તિમાં એ સામર્થ્ય છે કે તે પુરુષોત્તમને ઘડી શકે છે.

'નિગાહોને દેખી મહોબ્બતને માની,
તેરી બેમિસાલી તેરી લાજવાબી,
ઈન આંખોકા આલમ ગુલાબી-ગુલાબી''

## જ્ઞાની બ્રહ્મને જાણી શકે છે, ભજી નથી શક્તો :

સ્નેહ-ભક્તિમાં એ સામર્થ્ય છે કે તે પરમાત્માનું રૂપ ઘડી શકે છે. જ્ઞાનની દષ્ટિમાં આ સામર્થ્ય નથી આ વાત સમજી લેજો. બધા જ શાસ્ત્રો વાંચી લ્યો જ્ઞાનની દષ્ટિમાં એવું સામર્થ્ય નથી બતાવ્યું કે જ્ઞાનીને અનુભવ થાય કે આજે મારા ઠાકોરજીને ઠંડી લાગી રહી છે કાંઇક એવો ઉપાય કરૂં કે ઠાકોરજીને ઠંડી ન લાગે. જ્ઞાનીને આવો અનુભવ નથી થઇ શકતો કે આજે ઠાકોરજીને ગરમી લાગી રહી છે. કોઇક એવો ઉપાય કરૂં કે જેથી ઠાકોરજીને ગરમી ન લાગે. જ્ઞાની વરસાદની મોસમમાં આ નથી વિચારી શક્તો કે જેમ આપણે વરસાદની મજા લઇએ છીએ તેમ ઠાકોરજીને પણ વરસાદની મજા લેવડાવીએ.

## જાહેર મન્દિર કેદખાના છે :

આ મંદિરોએ તો પુષ્ટિમાર્ગનો સર્વનાશ કરી નાખ્યો છે. નહીંતર જ્યાં કયારેક ઠાકોરજીની ગૃહસેવાના પ્રકારથી સેવા થતી હતી ત્યાં વરસાદની ઋતુમાં ઠાકોરજીને એવી જગ્યાએ પધરાવવામાં આવતા હતા કે જ્યાં ઠાકોરજી વરસાદનો આનંદ લઇ શકે. કિશનગઢમાં જ્યારે 'મઝેલા' ની ઝીલ (સરોવર) ભરાઇ જતી ત્યારે કિશનગઢ દરબાર પોતાના ઠાકોરજીને ઝીલ (સરોવર) ના

કિનારા ઉપર હિંડોળા ઝુલાવતા. કેમ કે જેની મજા આપણે લઇ રહ્યા છીએ તે આપણે આપણા ઠાકોરજીને પણ લેવડાવીએ. આ કામ કોઇ જ્ઞાની નથી કરી શક્તો. આ તો જે ભક્ત હોય જે કલાકાર હોય તે જ કરી શકે છે. બાકી આપણે ત્યાંના મંદિર તો કારાગૃહ છે. કંસે જેમ દેવકીજીના પુત્રને સિપાહી-તાળાઓના બંદોબસ્તથી કેદ કરી રાખ્યા હતા કે કયાંક ઠાકોરજી બહાર ન ભાગી જાય એવી રીતે મંદિરોમાં ઠાકોરજીને તાળામાં બંધ કરી દેવામાં આવે છે. ઠાકોરજીને કહી દેવામાં આવે કે તમે બહાર ભાગી જશો તો તમારા દર્શનિયા ભગત તમને ક્યાં-ક્યાં શોધશે. તેથી આપને તો અહીં બેઠું રહેવું પડશે. તમે કયાંય જઇ નહી શકો. આ કેવું પાખંડ પુષ્ટિમાર્ગના નામ ઉપર ચલાવ્યું છે, સમજાતું નથી !

'કુચામન' ના ઠાકોરસાહેબની વાત તમે સાંભળશો તો આશ્ચર્ય થશે. તેમને સતત પર્યટન, યુદ્ધ જેવા કામોમાં વ્યસ્ત રહેવું પડતું. ઠાકોરજી વગર તેઓ રહી ન શક્તા. તેથી તેઓ પોતાના માથા ઉપર કટોરીમાં ગાદી-તકીયા બિછાવીને માથા ઉપર મોટો સાફો બાંધીને તે સાફાના પોલાણમાં પોતાના ઠાકોરજીને પધરાવતા. આપણે ત્યાં ઠાકોરજીની બાબતમાં પૂછવામાં આવે છે કે ''કોના માથે ઠાકોરજી બિરાજે છે ?'' ખરેખર કુચામન રાજાના માથા ઉપર જ તેમના ઠાકોરજી બિરાજતા. આવો તાદાત્મ્યનો ભાવ એમનો એમના ઠાકોરજી માટે હતો. તે ક્ષત્રિયનો ઠાકુર હતો. એમને ઘોડા ઉપર સવાર દરબારના માથા ઉપર બિરાજી યુદ્ધમાં સામેલ થવું અનુકુળ હતું. આપણે ક્ષત્રિય નથી. આપણને યુદ્ધથી બીક લાગે છે. આપણને બીક લાગે છે તો આપણા ઠાકોરજીને પણ બીક લાગશે. અને જો આપણે મરવા-મારવાથી ટેવાયેલા છીએ તો પછી આપણા ઠાકોરજી પણ કહેશેકે ચાલ થઇ જાય હાથો-હાથ. આવી સ્થિતિ આવી જાય તો આપણે ભક્તિમાર્ગના કલાકાર બની ગયા. આ કલાકારી છે. આ વાત ન તો જ્ઞાનમાં ખપાવી શકાય છે ન અજ્ઞાનમાં.

હું વારંવાર ઝાંસીની રાણીની વાત કહું છું. ઝાંસીની રાણીએ એક બાળકને રાજા બનાવવા માટે ગોદે લીધો. અંગ્રેજોએ કહ્યું કે અમે આ બાળકને રાજા નહીં માનીએ. રાણીએ કહ્યું કે ઝાંસીમા હું રાણી છું હું જેને રાજા બનાવવા ઇચ્છું તે 'રાજા' કહેવાશે. અંગ્રેજોએ આનો વિરોધ કર્યો. રાણીએ કહ્યું

કે તો પછી યુદ્ધ કરો. જેને રાજા બનાવવાનો છે તેને પોતાની પીઠ ઉપર બાંધીને તે રણ-મેદાનમાં ઉતરી. ખૂબ લડી. ઘાયલ પણ થઇ. તેને ભાલુ લાગ્યું. હવે વિચાર કરો કે શું તેનો દીકરો યુદ્ધમાં મરી શક્તો ન હતો. યુદ્ધમાં દીકરાને પીઠ ઉપર બાંધીને ઉતરવું તેની બુદ્ધિમત્તા હતી કે મૂર્ખતા. વાત સમજો કે આ વાતને બુદ્ધિમત્તા કે મૂર્ખતામાં માપી નહીં શકાય. કેમ કે રાણી રણચંડી હતી. મરવા-મારવા ઉપર ઉતરનારી હતી. સાથે તે એક મા પણ હતી. તે ક્ષત્રાણી મા હતી. ક્ષાત્રસ્વભાવ તેનામાં સ્વાભિમાન સ્વાધીનતા શૌર્યના ભાવ જગાડી રહ્યો હતો અને માતૃત્વ તેમાં વાત્સલ્ય જગાડી રહ્યો હતો.

વૈષ્ણવ ડોકરીના પ્રસંગમાં આવ્યું હતું કે તે તેના સંગી વૈષ્ણવના ઠાકોરજીને ઠંડીમા્ર કુબડાતા જોઇ શકતી ન હતી. તેણે માલીશ કરી-કરીને બાલકૃષ્ણલાલજીને મદનમોહનજી બનાવી દીધા. આ ન તો અજ્ઞાન છે ન જ્ઞાન છે. આ તે બંનેથી પર શુદ્ધ સ્નેહ છે કે જે ઋતુક્રમમાં પ્રકટ થયો હતો. આમ તો વિચારીએ તો આ અતિશય ઉચ્ચ કક્ષાની વાત છે. પણ પાછી એટલી ઉચ્ચ કક્ષાની પણ વાત નથી કે આપણને અનુભવમાં ન આવી શકે. બહુ ઉચ્ચ કક્ષા હોય તો આપણે આને સાનુભાવમાં પણ અનુભવ કરી શકીએ. અને એટલી ઉચ્ચ કક્ષા ન હોય તો જેમ શાયર કહે છે કે ''તુજકો દેખા નહીં મહસૂસ કિયા હૈ મૈંને''. એમ મહેસૂસ તો આપણે પણ કરી શકીએ ને કે મારા ઠાકોરજીને ઠંડી લાગી રહી છે, ગરમી લાગી છે, આવા શૃંગાર ધરાવું તો સુખરૂપ થશે, આવો શૃંગાર દુઃખદાયક થશે, આ પ્રકારનો રાગ સુખદ લાગશે, આ પ્રકારની સામગ્રી સુખદ થશે - આ બધો વિચાર શ્રીગુસાંઇજીએ કર્યો છે.

ભાગવતમાં વસુદેવ-દેવકીજીને જે આજ્ઞા ભગવાને કરી હતી કે ''યુવાં મા્ર બ્રહ્મભાવેન પુત્રભાવેન ચાસકૃત્.... યાસ્યેથે તે મદ્ગતિં પરામ્....'' તમે મને બ્રહ્મભાવ અને પુત્રભાવથી ભજો. પણ મેં જેમ તમને સમજાવ્યું કે જો બ્રહ્મભાવથી ઠાકોરજીને ભજીશું તો પુત્રભાવથી ભજવામાં તકલીફ થશે. પણ એક વાત સમજો કે આ તકલીફ બુદ્ધિને પડે છે, સ્નેહને કયારેય આ તકલીફ આવતી જ નથી. સ્નેહને આ પ્રકારની તકલીફ કદાચ આવે તો તેનો મતલબ છે કે સ્નેહ ઓછો થઇ ગયો. બુદ્ધિને ચોક્કસ આ જાતની તકલીફ આવે છે. કેમ કે

બુદ્ધિ જુદા-જુદા બીબાઢાળ ખંડોમાં વાતોને વિચારે છે કે જો આ આવું છે તે તેવું નહીં હોય.

કુરાનનું ઉદાહરણ આપું તો તેમાં સ્પષ્ટ લખ્યું છે કે ''લમ્ યલિદ્ વ લમ્ યૂલદ્'' ન તેનો કોઇ બાપ છે, ન તે કોઇનો બાપ છે. ન તેની કોઇ ઓલાદ છે, ન તે કોઇની ઓલાદ છે. કુરાનમાં આ જે કહેવામાં આવ્યું છે તેવું જ સ્વરૂપ બ્રહ્મનું પણ છે. પણ તે કયા અર્થમાં કોઇનું સંતાન નથી કે કોઇનો પિતા નથી તેના ઉપર ધ્યાન આપવું જોઇએ. જેમ લૌકિક માતાપિતાના પરસ્પર સંભોગના કારણે કોઇ સંતાન પેદા થાય છે તે પ્રકારથી તેના કોઇ સંતાન નથી. પણ જો આ સમગ્ર સૃષ્ટિ તેની સંતાન નથી તો પછી આ સૃષ્ટિ આવી ક્યાંથી ? અને તેના સિવાય બીજે કયાંયથી આવી છે તો પછી તે શા માટે 'ખુદા' છે ? કેમકે ત્યારે તો પછી સૃષ્ટિ જ્યાંથી આવી છે તેને જ ખુદા શા માટે ન માનવો ? પણ જ્યારે આપણે તેને ખુદા માની રહ્યા છીએ, અલ્લાહ માની રહ્યા છીએ તો વાત સ્પષ્ટ થઇ ગઇ કે કોઇ-ન-કોઇ અર્થમાં તો તે બાપ છે જ ને. તો એક વાત સમજો કે જ્યારે આપણે અલ્લાહની ઔલાદ હોઇ શકીએ છીએ તો અલ્લાહ કેમ આપણી ઔલાદ ન થઇ શકે ? તે આપણી ઔલાદ થઇ શકે છે પણ વાત એટલી જ છે કે આપણી અંદર એવો ભાવ હોવો જોઇએ. જ્ઞાન તો ભાવથી નહીં થઇ શકે પણ સ્નેહનો જો ભાવ છે તો તે આપણે ત્યાં પ્રકટ થઇ શકે છે. જે આખી સૃષ્ટિને પ્રકટ કરે છે તે પોતે કેમ પ્રકટ ન થઇ શકે ? જે ડોકટર આપણી સારવાર કરી શકે છે તે પોતાની સારવાર કેમ ન કરી શકે ? જે વ્યક્તિ તમારા શૃંગાર કરી શકે તે પોતાના કેમ ન કરી શકે ? જે વ્યક્તિ બીજાને ભણાવી શકે તે પોતે કેમ ન ભણી શકે ? એવી જ રીતે બ્રહ્મ જ્યારે સૃષ્ટિને પ્રકટ કરી શકે છેતો પોતે સૃષ્ટિમાં પ્રકટ પણ થઇ શકે છે. આ વાતને વેદમાં સમજાવી છે.

''અજાયમાનો બહુધા વિજાયતે
તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનીમ્''

તે અજાયમાન છે એ હકીકત છે. આ તેના બ્રહ્મપણાનું રૂપ છે. પણ ''બહુધા વિજાયતે'' તે જ્યારે-જ્યારે તેની ઇચ્છા થાય ત્યારે તે કેટલાય પ્રકારથી પ્રકટ થઇ શકે છે. અથવા જેમ સોની સોનામાંથી ઘરેણાં ઘડી લે છે,

કુંભાર જેમ માટીમાંથી વાસણ ઘડી લે છે કે જેમ સુથાર લાકડામાંથી ફર્નીચર ઘડી લે છે એમ જ્યારે-જ્યારે કોઇ ભક્ત-કલાકારમાં બ્રહ્મમાંથી ભગવાનને ઘડવાનું સામર્થ્ય પ્રકટ થાય છે ત્યારે તે અજાયમાન્ પણ બહુધા વિજાયતે બની જાય છે. બ્રહ્મ જે તેના ભાવને અનુસાર એની સામે પ્રકટ થઇ શકે છે. શરત એક છે કે તે બ્રહ્મની સામે વસુદેવજી-દેવકીજીના જેવો નિશ્ચલ મનોભાવવાળો કોઇ હોવો જોઇએ કે મને તારા જેવો પુત્ર જોઇએ છે. ભાવ જો નિશ્છલ હશે તો ભગવાન કહેશે કે હવે તો હું તારો પુત્ર બની શકીશ. પણ જો કોઇને પુત્ર જોઇતો હોય પણ મારા જેવો પુત્ર ન જોઇતો હોય તો પછી કુરાનનો સિદ્ધાંત ''લં યલિદ્ વ લં યૂલદ્...'' આવી જશે. આ તો વાત આખી જુદી થઇ ગઇ. પણ જ્યારે તેને કોઇ કહે કે મારે તારા જેવો પુત્ર જોઇએ તો ભગવાન કહેશે કે બહુ સારૂં, હું તારા માટે પુત્ર બની શકુ છું. કોઇ ભગવાનને કહે કે મને તારા જેવો સખા જોઇએ છે. ભગવાન સખા પણ બની શકે છે. અર્જુનના સખા ભગવાન કેવા બન્યા હતા. ''પાર્થકો રથહાંક્યો, ભૂલ ગયે ઠકુરાઇ, સબસે ઉંચી પ્રેમ સગાઇ''. અર્જુન રાજા હતો તો ઠાકોરજી પણ કાંઇ કમ થોડા હતા પણ પ્રેમના સમ્બન્ધમાં આ બધું જોવામાં નથી આવતું.

હું એક વખત મારા મિત્રને મળવા ગયો. તે વખતે મારો મિત્ર પોતાનું ઘર બદલાવી રહ્યો હતો. મિત્ર અને તેના ઘરના સભ્યો બધા ટ્રકમાં સામાન ભરી રહ્યા હતા. તેને મુશ્કેલીમાં જોઇને મેં પૂછ્યું કે શું સમસ્યા છે. તો તેણે કહ્યું કે આ પેટારો અમારાંથી ઉપડી નથી શક્તો. કદાચ મારાથી ઉપડી શકશે. મેં તો પેટારો ઉપાડી ટ્રકમાં ચડાવી દીધો. ત્યાં એક વૈષ્ણવ ઉભો હતો. મને પેટારો ઉપાડતો જોઇને તેના મોઢામાંથી નિકળી ગયું ''હેં હેં હેં .... આપ આવું ???...'' તેના બોલવાના લીધે મારો મિત્ર શરમાઇ ગયો. તેણે કહ્યું કે લોકો ક્યાંક તમને મારો મજુર ન સમજી લે. મેં કહ્યું એમની સાથે મારો જુદી જાતનો સમ્બન્ધ છે અને તારી સાથે જુદી જાતનો સમ્બન્ધ છે. પણ જો તું ગભરાતો હોય તો હું તારો સામાન નહીં ઉપાડું. તારામાં દઢતા હોવી જોઇએ.

બધા લોકો એકબીજા સાથે આવું જ કરતા હોય છે. પ્રભુ આવું કેમ ન કરી શકે ? જ્યારે આપણે આપણી મોટાઇ ભૂલી શકીએ તો પ્રભુ પોતાની

મહાનતા કેમ ન ભૂલી શકે ? ઠકુરાઇ ભૂલવામાં તો તેને તકલીફ થાય જે ક્ષુદ્ર ઠાકુર હોય. મોટા ઠાકુરને કોઇ તકલીફ નથી થતી. જે ક્ષુદ્ર પૈસાપાત્ર હોય તેને પોતાનું ધનિકપણું પ્રકટ કરવામાં મિથ્યા સંતોષ થતો હોય છે. કેમ ? કેમ કે તેને લાગે છે કે કોઇ મને નિર્ધન ન માની લે. પણ જન્મજાત ધનિકને ક્યારેય પોતાની ધનિકતા પ્રકટ કરવાની ઇચ્છા ન થાય. હું એક વૈષ્ણવને ત્યાં વિવાહમાં કલકત્તા ગયો. તે વૈષ્ણવની દીકરીના વિવાહ એક વૈષ્ણવ શેઠના દીકરા સાથે થઇ હતી. તે શેઠ તાજો-તાજો પૈસાવાળો થયો હતો. હું તેને ઓળખતો હતો. એક વખતે તેના ઘરમાં લોઢાના વાસણ પણ નહોતા. વિવાહ નક્કી થયા ત્યારે તે શેઠે દીકરીવાળાઓને કહેડાવ્યું કે અમારી અપરસ એવી છે કે અમારે બધા જ વાસણો ચાંદીના જ જોશે, સ્ટીલના વાસણ અમારે છોવાય જાય. સામાવાળા તો બિચારા દીકરીવાળા હતા. તે ક્યાં જાય જેમ-તેમ એમણે ચાંદીના વાસણોની વ્યવસ્થા કરી. ક્ષુદ્ર ધનિક આવા હોય છે. આપણો ઠાકુર આવો ક્ષુદ્ર ઠાકુર નથી. નિશ્છલ ભાવથી ભક્ત તેને જેવો ઘડવા માગે તેવો તે તેના માટે બની જાય છે. સ્નેહ-ભક્તિમાં તે સામર્થ્ય છે કે તે પરમાત્માનું રૂપ ઘડી શકે છે.

**પ્રશ્ન :** આપણે ત્યાં અષ્ટછાપ વગેરે ભક્તોએ જે પદ-કીર્તનની રચના કરી છે તે બધા પદ-કીર્તન શું તેમને થયેલા સાનુભાવના છે ?

**ઉત્તર :** તમે ખૂબ સરસ સવાલ કર્યો છે. તમારા પ્રશ્નનો ખુલાસો જો તમે અષ્ટસખાઓની વાર્તા વાંચશો તો તેમાંથી મળી જશે.

**મનોરથજન્ય પદ :** આવા પદો એમના હ્રદયમાં તે પ્રકારનો મનોરથપ્રકટ થયો તેને કારણે પ્રકટ થયા છે. તેથી આપણે તેમા તે પ્રકારના વિભાગ ન બનાવી શકીએ કે અષ્ટસખાઓના બધા જ પદ ફક્ત સાનુભાવના જ છે કે પછી ફક્ત ભાવનાના જ પદ છે.

**ભાવજન્ય પદ :** કેટલાક પદ એમની તેવી ભાવના હતી જે પદોના રૂપમાં પ્રકટ થઇ તેને લીધે પ્રકટ થયા છે.

**સાનુભાવજન્ય પદ :** કેટલાક પદો એવા પણ છે કે એમની ભાવનાના કારણે નહીં પણ તેમને તેવો સાનુભાવ થયો એટલા માટે પ્રકટ થયા.

**લીલાશ્રવણજન્ય પદ :** કેટલાક પદો શ્રીગુસાંઇજી પ્રવચનમાં જે લીલાનું વર્ણન કરતા તે સાંભળીને બનેલા છે. જેમ કૃષ્ણદાસી વિરચિત પદો. જો કે કૃષ્ણદાસી અષ્ટસખાઓમાં નથી પણ એમના પદ અષ્ટસખાના સમકક્ષ જ છે. શ્રીગુસાંઇજી પ્રવચન કરતા તેમાં થોડું-થોડું લીલાનું પણ વર્ણન કરતાં. કૃષ્ણદાસી તે લીલાના પદ બનાવી દેતા. એટલા માટે તે પદોની છાપ પોતાની ન રાખીને ''શ્રીવિઠ્ઠલ ગિરિધરન'' ની છાપ રાખતા હતા. કૃષ્ણદાસી વિરચિત પદ તે જે શ્રવણ કરતા હતા તેમાંથી બનેલા છે. આ પદ ન તો સાનુભાવના છે અને ન ભાવનાના છે. એમણે જે શ્રવણ કર્યું તેનો તેનામાં આવેગ એટલો આવ્યો કે તે આવેગ પદોના રૂપમાં પ્રકટ થઇ ગયો. આપણે કોઇ નવી વાત સાંભળીએ ત્યારે આપણામાં તેવો આવેગ આવી જતો હોય છે કે આપણે બીજાઓને કહેતા હોયઇએ છીએ કે ભાઇ તે આ વાત સાંભળી કે નહીં કોઇ વિચારતો હશે કે ભાઇ તમારે આનાથી શું લેવા-દેવા? પણ વાત સાંભળી તેનો આવેગ એટલો આવી ગયો કે જ્યાં સુધી તેને કોઇને કહી ન દઇએ ત્યાં સુધી પેટમાં પાચન થતી નથી. એવી જ રીતે જે લીલાનું ભક્તે શ્રવણ કર્યું હોય તેનું જ્યાં સુધી તે ગાન ન કરે ત્યાં સુધી તેને સંતોષ ન થાય. કેમકે નવધાભક્તિમાં શ્રવણ પછી કીર્તન આવે છે. જેનું શ્રવણ કર્યું છે તેનું કીર્તન પણ કરવું જોઇએ. જેનું શ્રવણ-કીર્તન કર્યું છે તેનું સ્મરણ પણ કરવું જોઇએ. આમ અનેક પ્રકારના પદ છે.

**શંકાના સમાધાનાત્મક પદ :** કોઇ કોઇ વખતે કોઇએ ભક્તને કાંઇક પૂછયું હોય તેના જવાબમાં કેટલાક પદોની રચના થઇ છે. જેમ વાર્તામાં આવે છે કે કોઇએ સૂરદાસજીને કોઇ બાબતની ભાવનાની બાબતમાં પ્રશ્ન કર્યો. સૂરદાસજીએ જવાબમાં કોઇ પદ સંભળાવી દીધું. કેટલાય પદ આ પ્રણાલીથી પ્રકટ થયા છે.

એક સાચી વાત કહું તો જ્યારે પદના પ્રકટ થવાની પ્રણાલીને સમજીને પદનું શ્રવણ-કીર્તન આપણે કરીએ તો એક જાુદો જ આનંદ આવતો હોય છે, ત્યારે તે પદની આપણી સમજમાં ચાર ચાંદ લાગી જતા હોય છે.

**નિત્યક્રમ અને ઋતુક્રમનો સમ્બન્ધ :**

ઋતુક્રમાનુસાર સેવાની બધી બારીકિઓ તો ઘણા વિસ્તારની અપેક્ષા

રાખે છે પણ સંક્ષેપમાં મેં પહેલાં જે પ્રારૂપ બતાવ્યું હતું તે હું તમને ફરીથી બતાવું છું. સાથે-સાથે જેમકે કાલે મેં તમને બતાવ્યું હતું કે સેવાનો સામાન્યરૂપમાં જે નિત્યક્રમ છે તે જ ઋતુક્રમના અનુસાર પરિવર્તિત થતો રહે છે. જેમ નિત્યસેવાનો ક્રમ તો ૩૬૫ દિવસનો ક્રમ છે. પણ જેવી-જેવી ઋતુ આવતી જાય છે તેવી-તેવી ઋતુને અનુસાર નિત્યસેવાનો ક્રમ પણ બદલવા લાગે છે. આપણે આને એમ સમજીએ કે નિત્યક્રમ સમજી લો કે એક મકાન છે તો ઋતુક્રમ તે મકાનની અંદરની સજાવટ છે. સજાવટ આપણે મકાનની અંદર સમય-સમય વખતે બદલતા હોઇએ છીએ પણ મકાન એ જ રહે છે. એવી જ રીતે નિત્યક્રમ એ જ રહે પર અંદરની સજાવટ ઋતુ પ્રમાણે બદલાતી રહે છે.

## ઋતુક્રમમાં નિત્યક્રમ કેન્સલ નથી થતો :

આપણા લૌકિક જીવનથી પણ આ વાતને સમજી શકીએ છીએ. જેમ નિત્યક્રમમાં આપણે કપડા પહેરીએ છીએ. જેમ કે ઠંડીમાં કોટ, સ્વેટર, શાલ, બૂટ, મોજા, કાનટોપી પહેરતા હોઇએ છીએ. ગરમીમાં સુતરાઉ કપડા પરેહતા હોઇએ છીએ. સમજવાની વાત આમાં એ છે કે નિત્યક્રમ ચાલુ રહે છે, નિત્યક્રમને કેન્સલ કરીને ઋતુક્રમ નથી થતો. નિત્યક્રમમાં સજાવટી અંતર આવતું હોય છે. નિત્યક્રમ અને ઋતુક્રમની વચ્ચેનો સમ્બન્ધ એકદમ એવો જ હોય છે કે જેવો સમ્બન્ધ મકાન અને સજાવટ વચ્ચેનો હોય છે. ગરમીમાં આપણે મકાનમાં પંખાઓ ચલાવશું. જુના જમાનામાં ખસના પરદા લગાવવામાં આવતા હતા. પાણીનો છિરકાવ કરાવાતો. ફૂવારાઓ થતા. ઠંડી પડશે તો રૂના પડદા લગાવવામાં આવે. આજે હીટર રખાય છે. મકાન એ જ છે પણ તેની સજાવટ ઋતુક્રમાનુસાર બદલાતી હોય છે.

## નિત્યક્રમ=સ્થાયીભાવ : ઋતુક્રમ=સંચારીભાવ :

રસશાસ્ત્રની પરિભાષામાં આ વાતને સમજવી હોય તો આપણે એમ કહી શકીએ છીએ કે નિત્યક્રમ સ્થાયીભાવ છે અને ઋતુક્રમ સંચારીભાવ છે. નિત્યસેવાના ભાવને સ્થાયી રાખીને ઋતુક્રમાનુસાર તેમાં થોડો-થોડો ફેરફાર આવતો હોય છે. સંચારીભાવ ઔર સ્થાયીભાવની વચ્ચે ફરક તમે એમ સમજી શકો છો કે જેમ એક સ્નેહનો સ્થાયી ભાવ છે. આ સ્નેહનો ભાવ સ્થિર રહે છે.

પણ તે સ્નેહના કારણે ક્યારેક આપણને વિરહ થાય છે ક્યારેક સંયોગ થાય છે. કયારેક આપણને દુઃખ થાય છે. કયારેક-ક્યારેક ગુસ્સો પણ આવતો હોય છે. ગુસ્સો પણ આવી રહ્યો છે તે એ માટે કે આપણામાં કોઇકને માટે સ્નેહ છે. સ્નેહ ન હોય તો ગુસ્સો પણ કરવાની શું જરૂર? સ્નેહમાં પણ ક્યારેક હસવાની ઇચ્છા થાય તો ક્યારેક રોવાની ઇચ્છા થાય છે. આવી રીતે પણ નિત્યક્રમ એક સ્થાયીભાવ છે અને ઋતુક્રમ સંચારીભાવ છે.

ઉઠવાનું સવારમાં જ છે, સુવાનું રાત્રે જ છે પણ ઋતુક્રમના અનુસાર આપણે જોઇએ છીએ કે ઉનાળામાં જ્યારે આપણે ઉઠીએ છીએ ત્યારે અજવાળુ હોય છે પણ એટલા જ વાગ્યે જ્યારે આપણે શિયાળામાં ઉઠીએ છીએ ત્યારે અંધારૂ હોય છે. આ ફેરફાર સજાવટી છે, પ્રારૂપ એ જ છે.

## દેવો ભૂત્વા દેવં યજતે = મર્યાદા :

બીજી સમજવાની વાત એમાં એ છે કે ચક્રના આવર્તનમાં ચાલતી રહે છે તેને 'ઋતુ' કહેવામાં આવે છે. આ ઋતુ આપણા જીવનમાં પણ આવે છે. તેની અનુભૂતિ આપણને જેમ થાય છે. રસશાસ્ત્રની દષ્ટિમાં આને 'સાધારણીકરણ' કહેવામાં આવે છે. સાધનામાં આ વાતનું ખૂબ જ મહત્વ છે. શાસ્ત્ર એમ કહે છે કે ''દેવો ભૂત્વાં દેવં યજતે''. જે દેવનું આપણે યજન કરીએ છીએ તે યજન તે દેવના જેવા બનીને જ થઇ શકે છે. આ વાતને તમે એમ સમજી શકો છો કે જેમ મહાવીર સ્વામી દિગમ્બર હતા તો જૈન મુનીઓએ પણ દિગમ્બર થવું પડયું. હવે કોઇ દિગમ્બર પાસે આપણે એવી અપેક્ષા રાખીએ કે તે મહાવીર સ્વામીને વસ્ત્ર ધરાવે તો વિચારો કે ખૂદ જે દિગમ્બર છે તેને ન તો વસ્ત્ર ધરાવવાની વ્યવસ્થિત સમજણ હશે અને ન તો તેમાં તેને મજા પણ આવશે. એટલા માટે જ શાસ્ત્રે નિત્યક્રમ બનાવ્યો કે ''દેવો ભૂત્વા દેવં યજતે''. દેવ જેવા બનીને દેવનું યજન કરો. અહીં ''દેવ જેવા બનીને'' નો મતલબ શું ? દેવનું જેવું સ્વરૂપ છે, જેવા તેના ગુણ-ધર્મ છે, જેવી તેની લીલાઓ છે તે સ્વરૂપ-ગુણ-ધર્મ-લીલાને આપણે જ્યાં સુધી અપનાવીશું નહીં ત્યાં સુધી તે દેવના યજન-પૂજનમાં આપણને જોઇએ તેટલો આનંદ પણ નહીં આવે અને આપણો તેમાં ઇન્વોલમેન્ટ (સમાવેશ) પણ નહીં થાય. દેવની વાત મૂકો,

સામાન્ય વાત કહું છું. તમારે કોઇ એક બાળકને ખવડાવવું છે. તમે બાળકને ખવડાવવામાં તેને છાપુ વાંચીને સંભળાવશો તો બિચારો બાળક પણ પરેશાન થઇ જશે અને તમે પણ પરેશાન થઇ જશો. કેમકે બાળકનું મન છાપાના સમાચાર સાંભળીને પ્રફુલ્લિત નહીં થાય. આજે પ્રધાનમંત્રી ત્યાં ગયા, ફલાણા દેશની સાથે પ્રધાનમંત્રીએ આ કરાર કર્યો આવી વાતો સાંભળવામાં બાળકને રસ નહીં પડે. બાળક તમને જોઇને ભાગી જશે. પણ જો તમે બાળકની સાથે બાળકને સમજમાં આવે એવી વાત કરશો તો બાળક પ્રસન્ન થઇ જશે. તમારી અક્કલ ભલે ગમે તેટલી જોરદાર હોય, તમે આખાયે દેશનો ભાર તમારા માથે લઇને ફરતા હશો પણ બાળકને ખવડાવવામા તે અક્કલ કામ નહીં આવે. બાળકને ખવડાવવામાં તો બાળપણની વાતો જ કામમાં આવશે. હાથી, ઘોડા, વાંદરાની વાતો જ કામમાં આવશે. તેથી બાળકને ખવડાવવા માટે ખવડાવનારને પોતાને પહેલા બાળક બનવું પડશે. તમે તમારા અનુભવ ઉપરથી આ વાતને સમજી શકશો કે જે પ્રૌઢ માણસ જેટલી ઝડપથી બાળકની રૂચિ અને સ્વભાવને અનુરૂપ વાતોને પકડી શકે છે એટલો તે બાળકની સાથે પોતાના મેલ-મિલાપ ઝડપથી વધારી શકે છે. અને જે પોતાની મોટા હોવાના ફાંકામાં રહે તેનાથી બાળક આઘું ભાગતું રહે છે. અને છેવટે બાળક અને તેના વચ્ચે અંતર વધતું જાય છે.

‘‘દેવો ભૂત્વા દેવં યજતે’’ ની વાત જેમ બાળક ઉપર લાગુ પડે છે એવી જ રીતે આ વાત રાજા ઉપર પણ લાગુ પડે છે. જો કોઇને રાજાની સેવા કરવી છે ત્યારે રાજસી વૈભવથી તેના સેવકને પણ રહેવું પડશે. એટલે દયારામ ભાઇએ કેટલી સુંદર વાત કહી છે : ‘‘રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે, અમે તો રાજાના ખાસા ખવાસ રે મુક્તિ મન ન આવે રે’’. આ શું છે ? ‘‘દેવો ભૂત્વો દેવં યજતે’’ આ સિદ્ધાન્ત છે. એટલા જ માટે જુના વખતમાં રાજાઓના અંતરંગ સેવક રાજાના સાફા-પાઘડીના જેવા જ સાફા-પાઘડી પહેરતા. આપણા કિશનગઢમાં રાજા સાફો પહેરતા તેથી અહીંના દરબારો પણ સાફો પહેરતા. મેવાડના રાજાઓ પાઘડી પહેરતા તો ત્યાંના દરબારી પણ પાઘડી પહેરતાં. આપણે ત્યાં ગણગોરની સવારી નિકળતી ત્યારે

પીળી ગણગોરની સવારીમાં બધા લોકો પીળા કપડા અને પીળા સાફા પહેરતા. ગુલાબી ગણગોરની સવારીમાં ગુલાબી પહેરતા. આ બધુ શું છે ? ''દેવો ભૂત્વા દેવં યજતે'' નો સિદ્ધાન્ત છે.

શિવજીના ભક્ત ત્રિપુંડ કેમ કરે છે ? કેમકે શિવ ત્રિપુંડ ધારણ કરે છે. આપણે શા માટે તિલક લગાવીએ છીએ ? કેમકે આપણો કૃષ્ણ તિલક ધારણ કરે છે. આપણા હાથચાર નથી. પણ નથી તો ઘેર ગયા, ભલે બે જ હાથરહ્યા. પણ જુના વખતમાં આપણા વૈષ્ણવોમાં એવી પ્રણાલી હતી કે વૈષ્ણવો તિલક કરતી વખતે પોતાના બંને હાથો ઉપર શંખ-ચક્ર-ગદા-પદ્મના છાપા લગાવતા. આપણા વિષ્ણુના ચાર આયુધ છે, આપણા ચાર હાથનથી તો કાંઇ નહીં અમે આયુધના છાપા જ લગાવી લઇશું. આ શું છે ? ''દેવો ભૂત્વા દેવં યજતે'' નો સિદ્ધાન્ત છે. આપણા પૂજ્યને એમ ન લાગવું જોઇએ કે મારો અર્ચક (સેવા કરવાવાળો) કોઇ બીજી જાતનો છે. બાળકોની ટોળકીમાં બાળકો ભળી શકે છે, ગાવાવાળાની ટોળીમાં ગાવાવાળો ભળી શકે છે એમ જે દેવોની ટોળી છે તે દેવની ટોળીમાં મળવા માટે આપણામાં તેવું સ્વરૂપ, ગુણ, સ્વભાવ, વ્યવહાર લાવવો પડશે. નહીંતર આપણે દેવુનું પૂજન નહીં કરી શકીએ. પૂજન યજનનો આ પ્રાચીન સિદ્ધાન્ત છે.

## ભક્તના જેવા બનીને ભક્તની સેવાનો અંગીકાર = પુષ્ટિ :

પુષ્ટિમાર્ગમાં આ સિદ્ધાન્તને છોડયા વિના આમાં કાંઇક વિશેષતા પણ જોડવામાં આવેલી છે. દેવના જેવા બનીતે દેવની સેવા કરીએ એ તો મર્યાદા છે. પણ આપણે જેવા છીએ તેવા આપણી પાસેથી સેવા દેવ લે તેનું નામ 'પુષ્ટિ'. એટલા માટે જ આપણે શબરીના પ્રસંગમાં રામચન્દ્રજીની પુષ્ટિ શા માટે માનીએ છીએ ? કેમ કે શબરી એવી હતી કે તેને ન આચાર-ક્રિયાનું કાંઇ જ્ઞાન હતું ન તો શાસ્ત્રની કાંઇ સમજણ હતી. તેને તો ફક્ત એટલી ખબર હતી કે રામચન્દ્રજીને આરોગવામાં કોઇ ખાટું બોર ન આવી જાય. આવી શબરીની સાથે જો ભગવાનને રામ બનતા ન આવડતું હોય તો તો પછી આ પુષ્ટિની વાત ન થઇ, મર્યાદાની વાત થઇ ગઇ. રામ જો એવો આગ્રહ રાખે કે હું શબરીના બોર ત્યારે જ આરોગું જ્યારે શબરી મારા જેટલી શુદ્ધ થાય, મારા જેટલી અપરસ

પાળે નહીંતર નહીં આ તો મર્યાદા થઇ ગઇ. રામાવતારમાં 'પુષ્ટિ' શું થઇ ? શબરીના એઠાં બોર ખાધા. ત્યાં ''દૈવો ભૂત્વા દેવં યજતે'' ની મર્યાદાનું વિલોપન નથી પણ સાથે-સાથે ભક્ત જેવો છે તે પ્રકારની મર્યાદા દેવ પણ નિભાવવા તૈયાર થઇ રહ્યો છે. આનું નામ 'પુષ્ટિ' છે. ઋતુક્રમની સેવાનું રહસ્ય સમજો કે ભગવાન આપણને શ્રીરામની જેમ કહી રહ્યા છે કે તને કેવી ઠંડી તકલીફ આપે છે ? કેવી ગરમી તને તકલીફ આપે છે ? તું ઠંડી-ગરમી-વરસાદનો શું ઉપાય કરે છે ? ઠંડીમાં તુ કેમ ઉઠે છે ? ગરમીમાં તું કેમ ઉઠે છે ? ઠંડીમાં તું કેવી રીતે સુએ છે ? વરસાદમાં તું કેવી રીતે સુવે છે ? મને પણ તેવી રીતે તું રાખ. તો જુઓ, અહીં ''ભક્તો ભૂત્વા ભગવાન્ સેવ્યો ભવતિ'' છે. ભગવાન ભક્તનું રૂપ ધારણ કરી રહ્યા છે. ખ્યાલ આવ્યો ? ''દૈવો ભૂત્વા...'' ની મર્યાદા તો છે જ. તેનો આપણે વિરોધ નથી કરી રહ્યા. આપણે તિલક-છાપા લગાવીએ છીએ. આપણે તે બધી જ મર્યાદાઓનું પાલન કરીએ છીએ. આપણે ત્યાં તે મર્યાદા કયાં છે તેને સમજો.

આપણો ઠાકુર વ્રજનો ઠાકુર છે તેથી આપણે તે ઠાકુરની સેવા વ્રજલીલા ગાઇને કરીએ છીએ. આપણે આપણી લીલા સેવામાં કેમ નથી ગાતા ? જેમ આપણે ઠાકોરજીને જગાવીએ ત્યારે યશોદાજીના પદ ગાઇને જગાવીએ છીએ. આપણે એવા ગીત નથી બનાવી શક્તા કે ''મારા લાલ તમે જાગો'' લલીતજી ગાય કે ''લલિતના લાલ તમે જાગો'' શિવરાજ કહે કે ''શિવરાજના લાલ તમે જાગો'' શ્યામ મનોહર ગાય કે ''શ્યામ મનોહરના લાલ જાગો''. આપણે એમ જ ગાઇશું કે ''યશોદાજીના લાલ જાગો'' આ ''દૈવો ભૂત્વા દેવં યજતે'' નો સિદ્ધાન્ત છે. આ મર્યાદાને આપણે છોડી નથી રહ્યા, તેને આપણે તોડી નથી રહ્યા. કેમ કે આપણો દેવ ફક્ત મર્યાદાનું સ્વરૂપ નથી, પુષ્ટિનું સ્વરૂપ છે. એટલા માટે આપણો દેવ પણ કહે છે કે તું મારા વ્રજની મર્યાદાનું પાલન કરી રહ્યો છે તો હું તારી મર્યાદાનું પાલન કરીશ. તને ગરમી લાગે છે તો તેને તું દૂર કેવી રીતે કરે છે ? મારી પણ ગરમી તું એવી જ રીતે દૂર કર. માટે જ દામોદરદાસજીની વાર્તામાં તમે વાંચ્યું હશે કે ઠાકોરજીએ દામોદરદાસજીની દાસીને જતાવ્યું કે તમે બધા ગરમીમાં રાતે હવા આવે એવી

જગ્યાએ રાત વિતાવો છો અને મને હવા ન આવે એવી જગ્યાએ સૂવડાવી દ્યો આ કેવી વાત થઇ ? આ મર્યાદા છે કે પુષ્ટિ...

અમારે મથુરાધીશજીના ઘરમાં શેનભોગમાં પુરીનો નેગ બાંધેલો હતો. એક વખત એવું થયું કે ઘરમાં બાળકોની સંખ્યા વધી ગઇ. ઠાકોરજીને તો બંધાયેલા નેગ પ્રમાણે તેટલી જ પુરી ભોગ આવતી. એટલી પુરી તો ઠાકોરજી આરોગી લે પછી ઘરમાં બધાને પુરી ન પડતી. આનો રસ્તો એ કાઢયો કે ઉપર અલગ રોટલી બનાવી લેવી. દાદીમાં રોજ બધા બાળકોને ભોજન કરાવતા. એક વખત મથુરાધીશજીએ દાદીમાને કહ્યું કે મારે પણ રોટલી આરોગવી છે. દાદીમાં મથુરાધીશજીને પ્રેમથી ‘મધુમા’ કહેતા. દાદીમાંએ પૂછ્યું કે તમે ક્યાં બાવા છો. મથુરાધીશજીએ કહ્યું કે હું તમારો મધુમા છું. દાદીમાંએ કહ્યું કે તમને તો ઘીની પૂરી આરોગાવી દીધી હતી. મથુરાધીશજીએ કહ્યું કે તમારા બધા બાવા રોટી આરોગે છે તેથી મને પણ રોટી આરોગવાનુ મન થાય છે. હવે વિચાર કરો કે ભગવાન શું રોટી-પૂરીનો મોહોતાજ છે? નહીં. આ વાત ‘‘ભક્તો ભૂત્વા ભક્તેન સેવ્યતે’’ ની છે; જેમ ‘‘દેવો ભૂત્વા...’’ નો સિદ્ધાન્ત છે તેમ ‘‘ભક્તો ભૂત્વા ભક્તેન સેવ્યતે’’ સિદ્ધાન્ત પુષ્ટિનો છે. તેથી પ્રભુ આપણો ૠતુક્રમ સ્વીકારે છે. આ રહસ્ય ધ્યાનમાં લેવું જોઇએ. તને ઠંડી લાગી રહી છે તો મને પણ ઠંડી લાગી રહી છે. તને ગરમી લાગે છે તો મને પણ ગરમી થાય છે. અહીં પ્રભુ આપણો ક્રમ સ્વીકારી રહ્યા છે. તેથી એક વાત સમજો કે નિત્યક્રમ મર્યાદા છે અને ૠતુક્રમ પુષ્ટિ છે. પ્રભુ તેમાં (ૠતુક્રમમાં) પોતાની ભક્તની સાથે અનુરૂપતા પ્રગટ કરી રહ્યા છે. ભક્ત જેવી ૠતુની તકલીફને અનુભવે છે અને જેવી રીતે તે તકલીફને દૂર કરે છે તેવી જ રીતે તે તે ૠતુમાં મારી પણ તકલીફને દૂર કરે. આ પુષ્ટિ. આ ઉત્કર્ષની વાત છે કે પ્રભુ ભક્તની કક્ષા ઉપર પોતે પોતાને વિચારે છે અને ૠતુક્રમના અનસાર આપણી પાસેથી સેવા લે છે. આપણે ત્યાં ૠતુક્રમમાં નિશ્ચિત મર્યાદામાં સેવાનો પ્રકાર નથી કે ઠંડીના દીવસો હોય તો પણ બદ્રિનાથજી જેમ સવારે ચાર વાગ્યે જાગીને ઠંડા જલથી સ્નાન કરે છે. એટલે મેં તમને તે દીવસે એક વાત કહી હતી કે ઠાકોરજીને રોજેરોજ ગરમ જલને સોહાતુ કરીને સોહાય એવા જલથી સ્નાન

કરાવવાની પદ્ધતિ છે. પણ તે સોહાતુ જલ કેટલું સોહાતું માનવું તેનો આપણો પ્રાચીન વિચાર ગજબ હતો. આપણે જલમાં સીધી આંગળી નાખીને જલ નથી જોતા પણ આંગળીને જલમાં ઉંધી નાંખીને જલની ગરમી માપીએ છીએ. કેમકે આંગળીઓની આગળની (ટેરવાની) ચામડી અને તેના ઉપરની ચામડીમાં ફરક હોય છે. આગળની ચામડી ઘસાયેલી પાકી હોય છે. તે વધારે ગરમી પણ સહન કરી શકીએ છીએ. પણ ઉપરની ચામડી કોમળ હોય છે. પગની નીચેની ચામડી કઠણ હોય છે. બરફ ઉપર પણ પગ રાખશો તો બહુ તકલીફ નહીં આપે. પણ જો પગની ઉપરની ચામડી માથે બરફ રાખશો તો તકલીફ થશે. તેથી આપણે ઝીણવટથી આ વાતનો વિચાર કરીને ગરમ જલ સોહાતુ છે કે નહીં તેને તપાસવાની આ પ્રણાલી નક્કી કરી. ઠાકોરજી પુષ્ટિભક્તને એ કહી રહ્યા છે કે જો તને જલ સોહાઇ રહ્યું છે તો મને પણ સોહાશે. અને જો તને નથી સોહાતું તો પછી મને કેવી રીતે સોહાશે ? આ પુષ્ટિ. આ અતિશય મીઠી વાત છે. આ ''પઢ-પઢ પોથી જગ મુઆ...'' જેવી વાત નથી.

હું તમને એક સ્પષ્ટ વાત બતાવું કે ખરેખર આપણું મહદ્ સૌભાગ્ય છે કે શ્રીગુસાંઇજીના જેવા સેવાના પ્રવર્તક આચાર્ય આપણને મળ્યા કે જેમણે નિત્યસેવાક્રમમાં ઋતુક્રમની આટલી બારીકિઓ વિચારી છે. પણ સાથે-સાથે આનાથી વધારે આપણું બીજું કોઇ દુર્ભાગ્ય પણ નથી કે તે સૂક્ષ્મતાઓનું સ્વારસ્ય આપણે સમજ્યા જ નહીં અને રીતના પુસ્તકો લખી-વાંચીને આપણે ઠાકોરજીની પાછળ જ પડી ગયા કે લખેલું છે ને કે આ ઋતુમાં આ દીવસે આવી રીતે જ સેવા થશે. પણ ભાઇ સાબ ! વિચાર કરો કે તે ઋતુ ક્યાં છે ? આજે બધી ઋતુઓ બદલાઇ ગઇ છે. હું તમને સામાન્ય વાત કહું કે મને મારા બાળપણની વાત યાદ છે કે મુંબઇમાં શીયાળામાં માથામાં નાખવાનું તેલ જામી જતું હતું. માથામાં નાખતા પહેલાં તેને ગરમ કરવું પડતું હતું. પણ આજે પરિસ્થિતિ જુદી છે. હવે તેલ જામતું નથી. અત્યારે પણ કિશનગઢમાં તેલ જામી જાય છે. પણ આપણે જે રીતથી આગળ વધી રહ્યા છીએ તેને જોઇને તો એવું લાગે છે કે કિશનગઢની પણ અમુક વરસો પછી મુંબઇ જેવી હાલત થઇ જશે. ઋતુના પરિવર્તનને વિચાર્યા-સમજ્યા વગર આપણે ઠંડી ન હોય તો પણ

ઠાકોરજીની સામે મોટી મોટી સગડી ધરીએ, ગદલ ધરીએ... ઠાકોરજીની પાછળ જ પડી જઇશું તો ઠાકોરજીને પણ ગુંગળામણ થઇ જશે.

## રીતનું આંધળુ અનુકરણ વિચારણીય :

શ્રીગુસાંઇજીએ જે વિચાર્યું હતુ તે તો પ્રભુની પુષ્ટિનું પરમ રહસ્ય હતું. સોહાતા વસ્ત્ર, સોહાતો ભોગ, સોહાતા શૃંગાર, સોહાતો રાગ, સોહાતો સમય... પ્રભુની સેવામાં બધી વસ્તુઓ સોહાતી સમર્પો આ જે શ્રીગુસાંઇજીએ વિચાર કર્યો હતો તે તો પુષ્ટિની વાત હતી. પણ આજે તે ઋતુઓ બધી બદલાઇ ગઇ. હવે આપણે સોહાતાનો તો વિચાર કરીએ છીએ પણ ઋતુનો વિચાર નથી કરતાં. ચોપડીમાં લખેલું છે કે આજના દીવસે આમ છે એટલે તેમ જ થશે, ઋતુ ભલે ગમે તેવી હોય. આ કેવી વાત છે ?

એક પ્રદેશમાં પાણીની ખેંચ થઇ ગઇ. ચુંટણી આવી ત્યારે લોકોએ કહ્યું કે પાણી આપો તો મત આપીએ. પ્રધાને ત્યાં ડેમ બનાવવાની યોજના જાહેર કરી દીધી. ડેમ બનાવવા માટે અનેક કમિટિઓ થઇ. કમિટિઓએ કેટલાય રિપોર્ટ બનાવ્યા. ડેમનું કામ શરૂ થયું. પણ જ્યારે ડેમ તૈયાર થયો ત્યાં સુધીમાં તો ત્યાં નદી વહેતી જ બંધ થઇ ગઇ. હવે ડેમ શું કામનો ? આવી જ રીતે આપણું એ દુર્ભાગ્ય છે કે આપણે ઋતુક્રમની સૂક્ષ્મતાને સમજી ન શક્યા. આપણે પણ એવું જ કરી રહ્યા છીએ. નદી વહેતી બંધ થઇ ગઇ છે પણ ડેમ આપણે બનાવતા જ જઇએ છીએ. ઋતુઓ બદલાઇ ગઇ છે પણ આપણે તેનો વિચાર કર્યા વગર લખાણ મુજબ કામ કર્યે જઇએ છીએ. તમે વિચારો કે શ્રીગુસાંઇજીએ 'સુહાવા'નું જે થર્મોમીટર વિચાર્યું હતું તે કેટલું સુંદર, સરસ હતું કે જેમાં પ્રભુની પુષ્ટિ ઝલકતી હતી. આપણી ચામડીને સોહાય તે પ્રભુને સોહાય ''ભકતો ભૂત્વા ભક્તેન સેવ્યો ભવતિ''. તને જે સોહાય તે તું મને ધર. આ ભગવાનના ભક્ત હોવાની પ્રક્રિયા છે. જેમ ''દેવો ભૂત્વા દેવં યજતે'' ની મર્યાદા છે એમ ''ભક્તો ભૂત્વા ભક્તેન સેવ્યો ભવતિ'' ની પુષ્ટિ છે. આ આપણા સમ્પ્રદાયની સેવાનું રહસ્ય હતું. આપણે તે રહસ્યને ભૂલી ગયા.

આજે આપણે રીતના કોરા પંડિત બની ગયા છીએ. આપણે કોઇ હિલ સ્ટેશન ઉપર રહીએ છીએ. ત્યાં અક્ષયતૃતીયાનો દીવસ આવ્યો. રીતમાં

લખેલું છે કે ઠાકોરજીને ચન્દન ધરવું. ચન્દન ઘસી-ઘસીને આપણે ઠાકોરજીને ચન્દનનો લેપ કરશું. ઠાકોરજી કહી રહ્યા છે કે અહીં ગરમી ક્યાં છે ? મુંબઇમાં આપણે રહીએ છીએ. શીયાળાના દીવસો આવ્યા. રીતમાં લખાણ મુજબ આપણે ઠાકોરજીને ગદલ, ફરગુલ, આત્મસુખ, રજાઇ, અંગીઠી, સોહાગસૂંઠ, સમર્પવા માંડીએ. પણ વિચાર કરો કે મુંબઇમાં હવે એટલી ઠંડી ક્યાં છે ? શ્રીગુસાંઇજીએ જે ઋતુ અનુસારી સેવા બનાવી હતી તેમાં ઠાકોરજીની જે પુષ્ટિ બતાવી હતી હવે તે પુષ્ટિ ત્યાં નથી. હવે તેમાં એક ભયંકર મર્યાદા પ્રગટ થઇ ગઇ છે. જ્યારથી આપણે વિચાર કર્યા વગર રીતને અનુસરવા લાગ્યા છીએ.

આ વાત હું તમને વારંવાર એટલા માટે કહી રહ્યો છું કે ઋતુક્રમ એક ફૂલના જેવો કોમળ છે. જો તેને પકડવાની રીત નહીં આવડે તો તેનું સૌન્દર્ય-સુગન્ધ બધું ખતમ થઇ જશે. ફૂલને જ્યાંથી પકડવામાં આવે છે ત્યાંથી તેને તમે પકડશો તો તેમાં ફૂલની શોભા હશે અને તેને પકડનારના હાથની પણ શોભા હશે. અને ફૂલને જોતાની સાથે જ જો તમે તેને તમારી મુઠ્ઠીમાં દબાવી દેશો તો ફૂલની શોભા પણ નાશ પામશે અને તેની સુગંધ પણ મરી જશે. એવી જ રીતે ઋતુક્રમની સેવાના ભાવાત્મક સૌન્દર્યનો નાશ ન કરો. શ્રીગુસાંઇજીએ ઋતુક્રમની સેવામાં જે પુષ્ટિનું સૌન્દર્ય પ્રકટ કર્યું છે, જે પરમાનન્દને પ્રકટ કર્યો છે તેનો અનુભવ કરો તો ઋતુક્રમની સેવા સાર્થક થશે.

મેં તમને પહેલાં એક વાત કરી હતી કે ઋતુક્રમની સેવામાં કઇ-કઇ વસ્તુઓ બદલાય છે અને કેવી રીતે બદલાય છે. આ વાત તમે ફરીથી સમજો.

### ઋતુક્રમમાં રાગ :

સૌથી પહેલાં ઋતુના બદલવાની સાથે રાગ બદલે છે. રાગ કેવી રીતથી બદલે છે ? આપણને જે રાગ જે ઋતુમાં જે સમયે ગાવો-સાંભળવો સારો લાગે છે તે રાગને તે ઋતુમાં તે સમયે ગાઇને આપણે પ્રભુની સેવા કરીએ છીએ. જે રાગ આપણને જાગતી વખતે સારો લાગે છે તે રાગમાં પદ ગાઇને આપણે ઠાકોરજીને જગાવીએ છીએ. ઠાકોરજીને જગાવતા પહેલા આપણે કેટલીક તૈયારીઓ કરતા હોઇએ છીએ. તે તૈયારીનું રહસ્ય માણસની સુવા-જાગવાની પ્રક્રિયાથી સમજાશે. જ્યારે આપણે સૂતા હોઇએ છીએ ત્યારે આખી રાત તંદ્રા,

સ્વપ્ન અને નિંદ્રા; તંદ્રા, સ્વપ્ન અને નિંદ્રા એવું ચક્ર સતત ચાલતું રહે છે. તંદ્રાવસ્થામાં આપણે બોલી નથી શકતા, કોઇ કાંઇ પુછે તો તેનો જવાબ નથી આપી શકતાં પણ પૂછનારના શબ્દો આપણને સંભળાતા હોય છે. સમજી પણ શકતા હોઇએ છીએ. પણ સ્વપ્નાવસ્થામાં આપણને સાંભળવાનું પણ બંધ થઇ જતું હોય છે. નિંદ્રાવસ્થામાં આપણે સ્વપ્ન પણ સરખી રીતે સમજી નથી શકતા. આવી રીતે સૂતી વખતે તંદ્રા, સ્વપ્ન અને નિંદ્રાનું ચક્ર ચાલતું રહેતું હોય છે. કયારેક તંદ્રા આવે કયારેક નિંદ્રા આવે તો કયારેક સ્વપ્ન આવે છે. જાગવાના અથવા જગાવવાના સંબંધમાં એક હકીકત ધ્યાનમાં રાખવી જોઇએ કે નિંદ્રામાંથી જાગવું માણસને દુઃખદાયક લાગે છે. પણ તન્દ્રામાંથી જાગવું માણસને સુખરૂપ હોય છે. તેથી આપણી નિંદ્રા જ્યારે તન્દ્રામાં બદલાઇ જાય તે વખતે જો આપણે જાગીએ તો આપણને તાજગી લાગશે, શરીરમાં સ્ફૂર્તિ લાગશે. પણ જો કોઇ આપણને ગાઢ નિંદ્રામાંથી ઓચિંતાના જગાડી દે તો જાગ્યા પછી ન આપણો મગજ કામ કરી શકે છે અને ન તો સૂતા પછી જેવી તાજગી આવવી જોઇએ તેવી તાજગી પણ આવી શકતી હોય છે ? આ વાતનો વિચાર કરીને આપણે ત્યાંની સેવાના ક્રમમાં ઠાકોરજીને જગાવતા પહેલાં સીધા જગાવવાના પદ ગાવામાં નથી આવતા. એટલે પોઢેલા ઠાકોરજી પોતાની નિંદ્રાવસ્થામાંથી તંદ્રાવસ્થામાં જે પ્રકારેથી આવે તેવા પ્રકારથી પદ આપણે ત્યાં ગાવામાં આવે છે. એટલા માટે આપણે પહેલાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીયમુનાજીના પદ ગાઇને પછી ઠાકોરજીને જગાવવાના પદ ગાઇને ઠાકોરજીને જગાવીએ છીએ. એ પદોને ગાવાની પણ કોઇ રીત છે. તે પદ વધાઇ-કીર્તનની જેમ ગાવામાં નથી આવતા. આપણે ગણગણાવતા હોઇએ એવા મન્દસ્વરમાં ગાવામાં આવે છે કે જેથી ઠાકોરજી નિંદ્રાવસ્થામાંથી તન્દ્રાવસ્થામાં પહેલાં આવે.

આ વાતને ધ્યાનથી સમજો કે આપણે સૂતા હોઇએ તે વખતે ઘરમાં કોઇ આવ-જા ગણગણાટ શરૂ કરે તો આપણે પણ નિંદ્રામાંથી તન્દ્રામાં આવી જતા હોઇએ છીએ. અને જ્યારે આપણે તન્દ્રામાં આવી જઇએ ત્યારે કોઇ આપણને કહે કે ''ઉઠો, લ્યો ચા પીઓ'' ત્યારે આપણને ચા પીવામાં સ્ફૂર્તિ

આવશે અને એને બદલે કોઇ સૂતેલાને ઉઠાડીને બેસાડી દે અને હાથમાં ચા પકડાવી દે ''લે પી'' તો ચાને જોઇને પણ સુસ્તી આવી જશે. કેમ ? કેમકે આપણે તન્દ્રામાંથી નથી જાગ્યા, નિંદ્રામાંથી સીધા જાગ્યા છીએ. વાતને ફરીથી સમજો કે આ સિદ્ધાન્ત આપણા શરીર સાથે જોડાયેલો છે. છતાં પણ પ્રભુ આને સ્વીકારી રહ્યા છે આ કેટલી મોટી પુષ્ટિઆપણી ઉપર પ્રભુની છે. પ્રભુમાં તો આ પ્રકારના કોઇ શારીરિક વિકાર નથી. છતાં પણ પ્રભુ કહી રહ્યા છે કે ''ભક્તો ભૂત્વા ભકતેન સેવ્યો ભવિષ્યામિ'' તું જેમ જાગે છે તેમ હું પણ જાગીશ. તને તન્દ્રામાંથી જાગવું સોહાય છે તો મને પણ તું પહેલાં નિંદ્રામાંથી તન્દ્રામાં લાવ અને પછી જગાવ. એથી જ આપણે ત્યાં કીર્તનના ક્રમમાં ઠાકોરજીને નિંદ્રામાંથી તન્દ્રામાં લાવવાની પ્રક્રિયા બતાવવામાં આવી છે. આ પ્રક્રિયા મુજબ આપણે નિત્યક્રમમાં ઠાકોરજીને જગાવતાં પહેલાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીયમુનાજી વગેરેના પદ ગણગણાવીએ છીએ અને જગાવતી વખતે જગાવવાના પદ ગાતા હોઇએ છીએ. જગાવવાના પદ ગણગણાવવામાં નથી આવતા. તે પદ ગાવાની સામાન્ય રીતથી ગાવામાં આવે છે.

રાગના અંતર્ગત ઠાકોરજીને જગાવવાનો આ નિત્યક્રમ છે. આ ક્રમ તો બધી ઋતુમાં સરખો રહે છે પણ ઋતુના બદલતાની સાથે રાગમાં બદલાવ આવે છે. શીતકાલમાં જગાવતી વખતે આપણે લલિત રાગમાં ગાઇએ છીએ. વસંતઋતુમાં વસંત રાગ ગાઇએ છીએ. ઉષ્ણકાલમાં જગાવતી વખતે આપણે બિભાસ, રામકલી વગેરે રાગ ગાશું. રાગનો આવો ફેરફાર શા માટે થાય છે ? કેમ કે તે ઋતુમાં તે રાગ આપણને સુખરૂપ થાય છે. આ વાત એવી છે કે જેને રાગની સમજ હોય, રાગના સ્વરૂપ અનુસાર તેને ઋતુ સાથે જોડીને કયો રાગ કઇ ઋતુમાં સુખદ થાય છે, કયો દુઃખરૂપ થાય છે આ જે અનુભવી શકે તેને જ આ ક્રમની મહત્તા સમજાઇ શકે છે. જેને આ સમજણ નથી તેને માટે બધા રાગ એકસરખા છે.

એક મજાકની વાત છે પણ આ વાતને સમજાવવા માટે કહી રહ્યો છું. આપણે શ્રાદ્ધના દિવસે ગોગ્રાસમાં ખીર આગ્રહપૂર્વક રાખતા હોઇએ છીએ. મેં અનુભવ કર્યો છે કે જ્યારે પણ હું ગોગ્રાસ ખવડાવવા જતો ત્યારે ગાય બીજી

બધી વસ્તુ ખૂબ સ્વાદથી ખાઇ લેતી પણ જેવી ખીર આવતી કે તરત ગાય મોઢું ફેરવી લેતી. દૂધ તેનું પોતાનું જ હોય છે પણ એમાં જ્યારે આપણે ખાંડ નાખીને તેને પીવડાવીએ ત્યારે તેને પોતાનું દૂધ પણ સારૂ નથી લાગતું. તેથી બધાને પોતપોતાના સ્વાદ છે. એવી જ રીતે જે રાગ આપણને પસંદ આવે છે તે જ પસંદ આવશે બીજા પસંદ નહીં આવે. એમ, ગુજરાતમાં એક 'પ્રભાતી' નામનો રાગ છે. જે લોકો પ્રભાતિયા ગાતા હોય છે તેને જઇને આપણે કહીએ કે તમે સવારે માલકોશ ગાવ, લલિત ગાવ, એને તે પસંદ નહીં આવે. એવી જ રીતે અહીં રાજસ્થાનમાં એક 'માંડ' નામનો રાગ છે. અહીંના ગીતોને 'માંડ' રાગમાં ગાવાથી જે તન્મયતા આવે છે તેવી તન્મયતા બીજા કોઇ રાગથી આવવી મુશ્કેલ છે. આ વાતને સમજો. આપણે ત્યાં નાગરીદાસજી થયા. નાગરીદાસજીને જે રાગ પસંદ હતા તે રાગોમાં એમણે કીર્તન બનાવ્યા. સૂરદાસજીએ પોતાની પસંદગીના રાગોમાં કીર્તન બનાવ્યા. એવી રીતે બધા ભક્ત કવિઓએ પોત-પોતાની પસંદગીના રાગોમાં પદ બનાવ્યા છે, અને તેવા જ પ્રકારથી ગાયા છે. એમના ઠાકોરજી તે પદોને તે રાગોમાં સાંભળીને રીઝે છે. પણ જ્યારે રૂપા પોળીયાના ગાયનમાં જ્યારે ગોવિન્દસ્વામીએ વાંધો ઉઠાવ્યો તો ઠાકોરજી આખી રાત સૂતા નહીં. સવારે ઠાકોરજીના નેત્ર લાલ હતા. શ્રીગુસાંઇજીએ ગોવિન્દસ્વામીને પૂછ્યું તો એમણે કહ્યું કે તે ક્યાં ગાય છે, તે તો રાગડા-બરાડા પાડે છે એટલે મેં એમને ના પાડી. શ્રીગુસાંઇજીએ કહ્યું કે જ્યારે સ્વયં ઠાકોરજીને તેના રાગડા-બરાડા સારા લાગે છે તો પછી તમે રોક-ટોક કરવાવાળા કોણ ? તો જુઓ કે આ વાત રીઝાવવાવાળાની અને રીઝવાવાળાની અંગત વાત છે. એમાં આપણે પઢ-પઢ પોથી પંડિત બનવા જશુ તો તે વાત નહીં ચાલે.

શ્રીગુસાંઇજીએ વિભિન્ન રાગોમાં પ્રભુના સુખનો જેવો અનુભવ કર્યો તેવી રીતથી કીર્તન પ્રણાલીમાં આપે ઋતુ-સમયાનુસાર રાગોનો ક્રમ વ્યવસ્થિત કર્યો. આ ખૂબ ઉત્તમ પ્રણાલી છે. આના પંડિત બનવાની જરૂર નથી આની પાછળની ભાવનાને સમજવી જોઇએ.

શીતકાલમાં આપણે ત્યાં માલકોશ, લલિત કે ટોડી રાગ આપણે

ગાઇએ છીએ. પણ જ્યારે વસંત ઋતુ આવવાની હોય છે ત્યારે આપણે લલિત–માલકોશ–ટોડીમાંથી સીધો ઠેકડો મારીને વસન્ત રાગ ઉપર નથી જતા. કેમકે આમ કરશું તો તો ઝટકો લાગશે. આ ઝટકો નિન્દ્રામાંથી તન્દ્રામાં આવ્યા વગર જાગવાથી લાગતો ઝટકો હશે. આવું ન થાય એટલા માટે આપણે ત્યાં એક પદ્ધતિ ઘડવામાં આવી. તેથી વસન્તની અગવાનીના પદ આપણે હિંડોલ, પંચમ જેવા રાગોમાં ગાઇએ છીએ. લલિત, માલકોશ અને વસંત રાગને આજુ–બાજુમાં ગોઠવશો તો તમને અનુભવ થશે કે હિંડોલ, પંચમ વગેરે રાગ તે બંનેની વચ્ચે રાખવા જેવા રાગ છે. દોડી રહેલી ગાડીને અચાનક જ વાળવામાં આવે તો યાત્રીને ઝટકો લાગતો હોય છે. આવી સ્થિતિમાં ગાડીને ગોથું ખાઇ જવાની પણ શકયતા હોય છે. તેથી વાળતાં પહેલાં ગાડીને થોડીક ધીમી કરવી પડે છે. એમ લલિત–ટોડી–માલકોસથી વસન્ત રાગ ઉપર આવતા પહેલાં વચ્ચે પંચમ–હિંડોલ ગાઇને આપણે આપણા ગળાને સેટ કરીએ છીએ. અને પછી ધીમેથી આપણે વસન્ત તરફ જઇએ છીએ.

''औैर राग सभ भये बराती, दुल्हे राग बसन्त,
नयी ऋतुको आगमन सखीरी बिदा भयो हेमन्त''

આમ વસન્ત ઉપર આવી શકાય છે. આ લલિત–માલકોશની તન્દ્રામાંથી વસન્તમાં જાગવાની એક પ્રક્રિયા છે. આ અતિશય નાજુક પ્રક્રિયા છે. હવે જૂઓ કે રાગના ગાવાની પણ કેટલી સૂક્ષ્મતા આપણે ત્યાં વિચારવામાં આવેલી છે. વસન્ત ઋતુમાં આપણે વસન્ત રાગ જ ગાઇએ છીએ. પણ સવારના સમયે આપણે લલિતવસન્ત ગાઇશું કેમકે સવારના સમયનું વાતાવરણ લલિત રાગના અનુરૂપ હોય છે. બપોરના સમયમાં આપણે લલિતવસન્ત ન ગાઇને શુદ્ધ વસન્ત ગાઇએ છીએ. અને સંધ્યા સમયે આપણે હિન્ડોલવસન્ત ગોરીવસન્ત ગાઇએ છીએ. વસન્ત તો વસન્ત જ છે. પણ સમયને અનુરૂપ રાગોનો વસન્તમાં મિશ્રણ કરીને આપણે તેમાં પણ બારીક વિશેષતા પ્રકટ કરી છે.

આની પાછળનો સિદ્ધાન્ત સમજો. જેમ કે અત્યારે ગરમી પડી રહી છે. માનો કે અત્યારે વાદળા થઇ જાય, બહુ વરસાદ પડે, બહુ ઠંડક થઇ જાય.

બધાને શરદી થઇ જશે. આની જગ્યાએ ઠંડી ભલે ગમે તેટલી પડે પણ જો ધીમે-ધીમે વધતી જાય તો કોઇને શરદી નહીં થાય. એવી જ રીતે જો આપણે હેલીકોપ્ટરથી સીધા બદ્રિનાથઉપર ઉતરીએ તો શરદી થયા વિના નહીં રહે. પણ પગદંડીથી થોડી-થોડી ઠંડીનો અનુભવ કરતા-કરતા આપણે બદ્રિનાથતો શું એવરેસ્ટ ઉપર પહોંચી જઇએ તો પણ શરદી નહી થાય. કેમકે આપણું શરીર અભ્યાસ માગે છે. આંખની બાબતમાં પણ આવું જ છે. અત્યારે એકદમ અજવાળું છે. માનો કે ઓચિંતાની લાઇટ ચાલી જાય તો આપણને બિલકુલ દેખાતું બંધ થઇ જશે. થોડા સમય પછી આપણને અંધારામાં પણ દેખાવા લાગશે. પણ આપણે જો લાઇટ ચાલુ રાખીને ન બેઠા હોઇએ અને ધીમે-ધીમે અંધારૂ થાય તો ભલે ગમે તેટલું અંધારૂ થાય તો પણ આપણી આંખ થોડુંક તો જોઇ જ શકે. આવું જ અંધારામાંથી અજવાળુ થાય તેમાં પણ હોય છે. ઓચિંતાનું અજવાળુ થઇ જાય ત્યારે પણ આપણને દેખાતું બંધ થઇ જાય છે. પણ સૂર્યોદયથી પહેલાં જ્યારે થોડોક પહોર નિકળે છે ત્યારે આકાશ ઉજળુ દેખાશે. ધીરે-ધીરે તે ઉજળા આકાશમાં લાલી આવવાની શરૂ થશે. તે લાલીમાંથી ધીરે-ધીરે પીળો સૂરજ ઉગવાનો શરૂ થશે. સૂરજના ઉગતાની સાથે તેના કિરણો નથી દેખાતા. કિરણો તો સૂરજ થોડોક ઉપર આવે પછી દેખાતા હોય છે. થોડી વાર પછી સૂરજના કિરણો ગરમી ફેંકવા લાગે છે. બરાબર ભર બપોરે સૂરજ તાપ ફેંકવા લાગે છે. આ બધી પ્રક્રિયા ધીરે-ધીરે થાય છે તેથી આપણાથી તે સહન થઇ શકે છે. આની જગ્યાએ એવું થાય કે આપણે સૂતેલા છીએ અને ઓચિંતાનો સૂરજ માથા ઉપર આવી જાય તો આપણે બધા હેરાન થઇ જઇશું. પણ એ જ જ્યારે ધીમે-ધીમે આવે છે તો આપણે તેને સહન કરી શકીએ છીએ. ઋતુ-કાલની આ બારીકીનો વિચાર કરીને, તેની ધીમી ગતિને ધ્યાનમાં રાખીને આપણે ત્યાં બધા રાગ બનાવવામાં આવ્યા છે.

### ઋતુક્રમમાં તાલ :

ઠાકોરજીને જગાવતી વખતે આપણે ત્યાં તાલ નથી વગાડતા. કેમ નથી વગાડાતા ? કેમકે તાલમાં એક જાતનું તાણ આવે છે. તાલ વગર માત્ર લય સાથે ગાવાથી બધું તાણ જતું રહે છે. તેમાં એક જાતની સહજતા-સરળતા આવી

જતી હોય છે. એક જ પદ ''દઢ ઇન ચરનન કેરો ભરોસો'' તમે તાલ સાથે ગાવ અને તે જ પદને તમે તાલ વગર ગાવ, ઘણો ફેર પડશે. તાલની સાથે વાગતા ગીત-સંગીતમાં તમે સુઇ નહીં શકો અને એ જ ગીત જ્યારે વગર તાલમાં વાગે તો ઉંઘ નહીં આવતી હોય તો પણ આવી જશે. માનું હાલરડુ સાંભળીને બાળકને જેમ સૂવાની ઇચ્છા થવા લાગે છે એમ આપણને પણ સૂવાની ઇચ્છા થઇ જતી હોઇ છે. બિહાગ રાગનો એ સ્વભાવ છે કે જો તમે તેને તાલ વગર ગાવ તો તે ઉંઘ લાવી શકે છે. એ જ બિહાગને જ્યારે તમે તાલબદ્ધ કરીને, ઝીંચક-ઝીંચક ઝાંઝ અને પખાવજની સાથે ગાવ તો તે ઉંઘનો નાશ પણ કરી શકે છે. આ વાતોનો વિચાર કરીને જ આપણે ત્યાં નિયમ બનાવી દેવામાં આવ્યા છે કે ઠાકોરજી જ્યાં સુધી સ્નાન કરીને શૃંગાર ન ધરી લે ત્યાં સુધી તાલવાદ્યનો ઉપયોગ ન કરવો. માત્ર લયમાં ગણગણાવવા. કેમકે મોટાઓએ આ ભાવ વિચારેલો છે કે જ્યારે ઠાકોરજી સ્નાન કરીને શૃંગાર ધરી લે ત્યારે ઠાકોરજીને તાલનું ટેન્શન્ રુચિકર લાગવા લાગે છે. કેમ ? કેમકે જ્યારે આપણામાં સ્ફૂર્તિ આવી જાય ત્યારે ગમે તેવા ટેન્શન્નું કામ પણ આપણે કરી શકીએ છીએ. તમે એક અખતરો કરીને જો જો સવારે ઉઠતાવેંત જ તમે તમારા ઘરમાં બધાને કામે લગાડી દો કે તું આ કર, તું તે કર, જલ્દી કરો, મોડું થઇ જશે...થોડીક વારમાં જ ઘરના બધા લોકો ત્રાહી-ત્રાહી થઇ જશે. પણ એ જ કામ જ્યારે ઘરના લોકો સ્વસ્થથઇ જાય પછી તમે કહેશો તો તેઓ પરેશાન નહીં થાય. એવી જ રીતે રાગના ક્રમમાં આપણે તાલને લાવીએ તો તે સુરીલો લાગે છે. તાલમાં ગાવાનો ક્રમ પણ પાછો બદલે છે. આનું પણ રહસ્ય સમજો. જ્યારે કોઇ ઉત્સવ ન હોય કે વધાઇ બેઠી ન હોય ત્યારે આપણે તાલના ફક્ત ઠેકા વગાડતા હોઇએ છીએ, ઝાંઝ નથી વગાડતા. કેમકે ઝાંઝ તાલને વધારે બહાર લાવવાવાળું વાદ્ય છે. પખાવજમાં તે તાલ એટલો નથી બહાર આવતો જેટલો ઝાંઝથી બહાર આવે છે. ઉત્સવનો અર્થ ટેન્શન છે. આ મીઠું ટેન્શન છે. ટેન્શન બંને જાતના હોય છે. મીઠુ અને કડવું પણ. ઘરમાં વિવાહનો પ્રસંગ છે ત્યારે મીઠું ટેન્શન હોય છે કે આ કરો, તે કરો, અહીં જાવ, ત્યાં જાવ, .... તો જ્યારે ઉત્સવ હોય છે ત્યારે આપણે ઝાંઝ વગાડતા હોઇએ છીએ. ઝાંઝથી તાલ સવાયો બની જતો હોય છે. પણ જ્યારે ઉત્સવ નથી, નિત્યક્રમ છે ત્યારે

ઠાકોરજીએ સ્નાન ન કર્યું હોય ત્યાં સુધી આપણે માત્ર લયમાં કીર્તન કરીએ છીએ. ત્યાર પછી આપણે ઝાંઝ વગર તાલના ઠેકા ઉપર કીર્તન કરીએ છીએ.

આશ્રયના પદમાં આપણે તાલ નથી વગાડતા તેનું પણ કારણ સમજો. કેમકે આશ્રયના પદ ગાવામાં દૈન્યભાવ જરૂરી હોય છે. એ પદોને ગાવામાં ભિડંત(બાથભરવા)નો ભાવ ન હોવો જોઇએ. એક વખત હું ઇન્દોરવાળા બેટીજીના વિવાહમાં બસમાં જઇ રહ્યો હતો. તે વી.ડી.ઓ. કોચ બસ હતી. તે જોઇને જ હું પરેશાન થઇ ગયો. મારા જીવનમાં એવી દુ:ખદ યાત્રા કયારેય નથી થઇ. બસવાળાએ અમિતાભ બચ્ચનનું કોઇ પિકચર ચાલુ કર્યું. પિકચરમાં મેં એક મજેદાર સીન જોયો. અમિતાભ બચ્ચન મહાદેવજીના મન્દિરમાં જઇને મહાદેવજીને કહેવા લાગ્યો ''એય ભગવાન મન્દિરમાં બેઠો-બેઠો શું કરે છે. નીચે આવ....''. આ કોઇ ભગવાનની સામે બોલવાની રીત છે ? તૂં ગુંડો છે, બહુ સારૂં. પણ આવી રીતે કાંઇ ભગવાનને બોલાવી શકાય. અને જો આવી રીતે કોઇ બોલાવે તો ભગવાન આવતો હશે તોય નહીં આવે. એવી રીતે આપણે ઠાકોરજીને કહીએ ''ભગવાન્ ચાલો ઉઠો. કેટલીવાર સૂવું છે ? ગાય ચરાવવા જવું છે કે નહીં ?'' અરે ભાઇ શું લફરૂં થઇ ગયું શું પરેશાની છે તમને એ તો કહો ? આવી રીતે આપણે ઠાકોરજીને નથી જગાવતા. ઠાકોરજીને જગાવવાની કોઇ રીત છે, કોઇ નજાકત (કોમળતા) છે. તે નજાકતથી જ્યારે આપણે ઠાકોરજીને જગાવીએ ત્યારે સેવામાં કોમળતા આવે છે. ત્યારે આપણા ઠાકોરજી પણ કોમળતાથી જાગશે. આ બધી સૂક્ષ્મ વાતોનો અનુભવ કરીને શ્રીગુસાંઇજીએ ઋતુક્રમની સેવામાં રાગ-તાલ વગેરેનો વિનિયોગ કર્યો છે.

તાલની બારીકી પણ સમજો, આપણે ત્યાં ધ્રુપદ તાલના અનેક પદ છે. ધ્રુપદ એક કઠોર તાલ છે : ધા ધા દિં તા ; કિટ ધા દિં તા ; તિટ કત ગદિગન. આ કઠોર તાલના ટેન્શનનો આનંદ લેવા માટે આપણામાં સ્ફૂર્તિ પણ ખૂબ હોવી જોઇશે. તેથી તમે જુઓ કે આપણે ત્યાંના કીર્તનમાં તમને ધ્રુપદના કીર્તન શૃંગારથી પહેલાની સેવાના સમયના અથવા ભોગ આવવાના સમયના નહીં મળે. તીનતાલના પદ મળશે, કેમકે આ બધા તાલો ખૂબ કોમળ છે. તાલો નદીના પ્રવાહ જેવા હોય છે. કેટલીક નદીઓ ઘૂઘવતા અવાજ સાથે વહેતી હોય

છે તો કેટલીક મંદ કલ-કલ અવાજ સાથે વહેતી હોય છે. એવી જ રીતે તાલમાં પણ ભેદ છે. ધ્રુપદ કઠોર તાલ છે. તેનો ઉપયોગ આપણે જ્યારે ઠાકોરજી પૂરેપૂરા તૈયાર થાય ત્યારે જ કરતા હોઇએ છીએ. ઠાકોરજીના શૃંગાર આપણે યશોદાજીના ભાવથી કરીએ છીએ. તે વખતે એકદમ કોમળ ભાવ જોઇએ. તાલ પણ તે વખતે એકદમ કોમળ જોઇએ. તીનતાલ, ઝપતાલ, તેવરા આપણે ચલાવીએ પણ એકતાલ નથી વગાડતા. તે સમયના કોઇ પદ પણ આપણને એકતાલ કે સૂરફાકતાના નહીં મળે.

એવી જ રીતે જ્યારે વરસાદના દિવસો આવવાના હોય છે ત્યારે આપણે સીધા જ મલ્હાર ગાવાનું શરૂ નથી કરી દેતા. બિલાવલ, સારંગ વગેરે રાગોને ગાઇને આપણું ગળું સીધું મલ્હાર રાગ ગાવા માટે યોગ્ય નથી થતું. તેથી આપણે વસંતના આગમનમાં જેમ પંચમ અને હિંડોલ ગાતા હતા એમ સૂહા બિલાવલ રાગને ગાઇને આપણે પહેલાં વરસાદની અગવાની કરીએ છીએ. જ્યારે બરસાતની અગવાની થઇ જાય ત્યારે પછી રથયાત્રાથી આપણે મલ્હાર શરૂ કરીએ છીએ : ''સખી મોહે બૂંદ અચાનક લાગી''. આવા ક્રમથી જ્યારે આપણે મલ્હાર ગાઇએ ત્યારે મલ્હારની મજા આવે છે. પણ જેમ અગાશીમાં ઉભેલા માણસ ઉપર ધીરે-ધીરે નાના-નાના છાંટા વરસાદના બદલે ઓચિંતાનો મૂશળધાર વરસાદ પડવા લાગી જાય તો બિચારો માણસ વરસાદની મજા માણવાના બદલે ગભરાઇ જાય કે આ ઓચિંતાનો પ્રલય કયાંથી થઇ ગયો. અને એ જ વરસાદ જ્યારે છાંટા બનીને વરસવાનો શરૂ થાય તો આપણું મન અને શરીર બંને વરસાદની મજા લેવા તૈયાર થઇ જશે. ત્યારે પછી તે રથચાલવા લાગી જશે જે દીવસથી આપણે મલ્હાર ગાવાનું શરૂ કરીએ છીએ. આ બધી ઋતુક્રમની બારીકીઓ છે કે જેને શ્રીગુસાંઇજીએ આપણે ત્યાં પ્રવર્તન કર્યું છે. આ બારીકીઓનો સ્વારસ્ય સમજીને આપણે જો ઋતુક્રમાનુસાર સેવા કરીએ ત્યારે તો તે સેવા થઇ કહેવાશે. નહીંતર તો કુસેવા થઇ જશે :

**પ્રશ્ન :** સેવાની રીતમાં લખેલું હોય કે આજે આમ સેવા કરવી, આ દીવસે આવી રીતે સેવા કરવી.... પણ તો પણ કયારેક અમુક વાત ન સમજાય કે પછી

રીતમાં જેવું લખ્યું હોય તેવા પ્રકારથી સેવા કરતા આવડતું ન હોય તો તે વખતે પ્રભુની કયા પ્રકારથી સેવા કરવી ?

**સમાધાન :** સૌથી પહેલી વાત તો એ છે કે જે પણ લખવામાં આવ્યું છે તે ખૂબ સમજપૂર્વક અને અતિ ભગવત્સુખના વિચારથી લખવામાં આવ્યું છે. તે સમજ અને તે ભગવત્સુખનો વિચાર જો આપણને સમજમાં આવતા હોય તો આપણને તે પણ સમજમાં આવી જશે કે તેમાં કેટલું કરવાથી સેવાની રીત પણ સચવાઇ જશે અને પ્રભુનું સુખ પણ સચવાઇ જશે.

વસન્તઋતુમાં જેમ વસન્ત રાગ ગાવાનો ઋતુક્રમ છે. પણ વસંતઋતુમાં સવારે શુદ્ધ વસન્ત ન ગાઇને લલિત વસન્ત ગાવો આ વાત તો જેની સંગીતમાં ઉંડી જાણકારી હોય તેને સ્ફૂરી શકે છે, દરેકને સમજમાં ન આવી શકે. અને સાધારણ માણસ જો લલિતવસન્ત ગાવા જશે તો પણ વસંત ગાતા-ગાતા લલિત નીકળી જશે અને લલિત ગાવા જાય તો વસન્ત છૂટી જાય. લલિતવસન્ત તો એ જ ગાઇ શકે કે જેની બંને રાગોમાં સારી પકડ હોય.

એક વાત બતાવું, દાળ-ભાત કરતાં ખીચડી બનાવવી રસોઇમાં સહેલી હોય છે. પણ રાગમાં આનાથી ઉલ્ટુ હોય છે. બે રાગને મેળવીને ગાવા બહુ અઘરૂ છે. એક રાગ શુદ્ધ ગાવો ખૂબ સરળ છે. એવી જ રીતે બે તાલમાં એક સાથે ગાવું બહું અઘરૂં છે. એક જ તાલમાં ગાવું બહુ સરળ છે. મુંબઇમાં અમારા એક પરિચિત ખાંસાહેબ છે. એમણે એક દીવસ મારી સામે પોતાના બંને હાથઅને બંને પગથી એક જ વખતે ચાર અલગ-અલગ તાલ વગાડી બતાવ્યા. આપણા જેવા માટે આ અસંભવ જેવી વાત છે. કેમકે એક તાલ સોળ માત્રાનો, બીજો દશ માત્રાનો, ત્રીજો બાર માત્રાનો અને ચોથો તાલ નવ માત્રાનો. આવા ચાર તાલોની ખાલી-તાલી એક સાથે કેવી રીતે ગણી શકાય ? તમે ગણીને જૂઓ. એક પગથી બારમાત્રાનો તાલ ગણો, બીજા પગની નવ માત્રાનો ગણો.... નહીં ગણી શકીએ આપણે. કાં તો બારમાત્રા જ ગાતા રહેશું કાં તો નવ માત્રા. આ તો અતિશય અભ્યાસ હોય તો જ થઇ શકે. તેથી રાગોને મેળવવા ખૂબ અઘરા હોય છે. પણ આપણે આ ન કરી શકીએ તો કાંઇ વાંધો નહીં. ઠાકોરજીએ આપણને એવી યોગ્યતા નથી આપી તેથી આપણા ઠાકોરજી

પણ આપણે જેવું ગાઇશું તેમાં પ્રસન્ન રહેશે.

શ્રીગુસાંઇજીની સેવક એક ડોકરીની વાર્તામાં આવે છે કે તે ડોકરીના ઘરમાં રસોઇ કરવાની સગવડ હતી નહીં. શ્રીગુસાંઇજીને ત્યાંથી તેને માટે મહાપ્રસાદની પાતળ આવતી હતી. ડોકરી તે પાતળ તેના ઠાકોરજીને ભોગ ધરીને પછી પોતે ભોજન કરતી હતી. કોઇ વૈષ્ણવે જઇને શ્રીગુસાંઇજીને આ વાતની ફરીયાદ કરી કે ડોકરી પ્રસાદી પાતળ પોતાના ઠાકોરજીને ભોગમાં ધરે છે. શ્રીગુસાંઇજીને આ બહુ અનુચિત લાગ્યું. ડોકરીને બોલાવીને શ્રીગુસાંઇજીએ તેને આવું કરવાનું કારણ પૂછ્યું. તેણે શ્રીગુસાંઇજીને કહ્યું કે ભોજન કરેલી પાતળ ઉપરથી ઉઠીને પાછું તેમાં ભોજન ન કરવું તે આપ બ્રાહ્મણોના ઘરના બાળકોના માટે નિયમ હશે, અમારા ઘરના છોકરાઓ તો ખાતા-ખાતા રમવા ચાલ્યા જાય અને રમતા-રમતા ખાવા બેસી જાય. તમારા નિયમ અમારે ત્યાં નથી પળાતા. શ્રીગુસાંઇજીએ કહ્યું કે તારી વાત સાચી છે. ''તારી વાત સાચી'' કહીને શ્રીગુસાંઇજીએ પોતાના ઘરમાં તેની રીત ન માની. આશય એ હતો કે તેની વાત તેના ઘરમાં સાચી.

તો વાત સમજો કે ભલે રૂપા પોળીયા હોય, ભલે આ ડોકરી હોય, ભલે રજસ્વલાને સેવાની છૂટ આપી તે હોય કે પછી ગોવિન્દ સ્વામીએ ઠાકોરજીને કાંકરી મારી તે વાર્તા હોય - આવી બધી વાર્તાઓનું તાત્પર્ય બંને હોઇ શકે છે. એક તો એ કે આપણે પણ તેમનું અનુકરણ કરી શકીએ છીએ એવું તાત્પર્ય કાઢીએ. અથવા આવું પણ રહસ્ય સમજી શકાય કે એમનો સંબંધ એમના ઠાકોરજી સાથે જે પ્રકારનો હતો તેમાં તે વાતની શોભા છે. આપણો સંબંધ જો આપણા ઠાકોરજી સાથે તેવો છે તો તેવું કરવામાં કોઇ હાનિ નથી. અને તેવો સંબંધ આપણો આપણા ઠાકોરજી સાથે નથી તો કોઇનું ખોટું અનુકરણ કરવાની જરૂર નથી. એટલે જ જ્યારે ગોવિન્દસ્વામીએ ઠાકોરજીને પકડીને કુંડમાં સ્નાન કરાવ્યું ત્યારે શ્રીગુસાંઇજીએ તેમને પૂછ્યું કે શું બ્રહ્મ છોવાય ? ગોવિન્દસ્વામીએ ખૂબ સરસ જવાબ આપ્યો કે બ્રહ્મ તો નથી છોવાતું પર આપના ઘરની મેંડ છોવાઇ જાય. જો ગિરિધરજી કોઇને અડી ગયા હોત તો શું ગુસાંઇજીને ચૂપ થવું પડયું. ગિરધરજીને તો સ્નાન કરાવ્યા વગર ઘરમાં આવવા

ન દેત. તો શું ઠાકોરજીને તમે ગિરિધરજીથી ઓછા માની રહ્યા છો. જો ગિરધરજીને સ્નાન કરવું પડે તો પછી ઠાકોરજી કેમ સ્નાન ન કરે. ઠાકોરજી છોવાઇ જશે તો એમને પણ સ્નાન કરવું પડશે. આ તો એક તાત્પર્ય થયું. હવે સમજો કે કોઇ એમ કહી દે કે ગિરિધરજીતો સ્નાન નહીં કરે, એ તો અમારા બાળક છે, પણ ઠાકોરજીને તો સ્નાન કરવું પડશે. ત્યારે તો ઉલ્ટો અર્થ થઇ ગયો. આપણે તો અપરસ ન પાળવાની છૂટ-છાટ લઇ લીધી. ઠાકોરજીને ફસાવી દીધા. આ વાત વ્યાજબી નથી.

સેવારીતિની બારીકીને સમજો તો બધી વાત સમજાઇ જશે. ઋતુક્રમની સેવામાં પણ આ જ વાત છે. રૂપા પોળીયાને રાગતાલનું કાંઇ જ્ઞાન ન હતું, બધા કીર્તન તે એક જ સરખા ગાતા હતા. પણ ઠાકોરજી તેનાથી પ્રસન્ન હતા. અને એવી વાત પણ ન હતી કે રૂપા પોળીયા ઉપર ઠાકોરજી પ્રસન્ન હતા એથી કરીને ગોવિન્દસ્વામીના કીર્તન ઠાકોરજીને ગમતા નહોતા. આ બાજુ ગોવિન્દસ્વામીના પદ પણ આપને ગમે છે તો પેલી બાજુ રૂપા પોળીયાના પણ ગમે છે. આ બાજુ આપને રાધાજી પણ ગમે છે તો પેલી બાજુ કુબ્જા પણ ગમે છે. માણસની સાથે આ તકલીફ છે કે રાધા તો ગમશે પણ કુબ્જાને જોશે તો ભાગી જશે. ઠાકોરજીમાં આવું સામર્થ્ય છે કે તેમને કુબ્જા પણ પસંદ આવે છે અને રાધા પણ પસંદ આવે છે. ઠાકોરજીમાં એવું સામર્થ્ય છે કે એમને એઠું પણ પસંદ આવે છે અને બ્રાહ્મણના હાથની પાકી મરજાદથી સિદ્ધ થયેલી સામગ્રી પણ પસંદ આવે છે. શબરી તો ભીલ હતી. શાસ્ત્ર પ્રમાણે ભીલને તો શૂદ્રથી પણ વધારે અશુદ્ધ માનવામાં આવે છે. જો કે ભીલનું પણ પાછું એઠું ઠાકોરજી આરોગ્યા છે.

ઠાકોરજીને રીઝવવામાં ગભરાવા જેવી કોઇ વાત જ નથી. આમાં રહસ્ય બસ એટલું જ છે કે ઠાકોરજીને એક વખત તમારા માનો. આ ઠાકુર મારો છે, મારા માથે બિરાજી રહ્યો છે, આને મારે રિઝાવવો છે. પછી તો ઠાકુર પોતે તમને બતાવી દેશે અને તમે ઠાકોરજીને બતાવી દેશો કે આમ નહીં, આમ કરવું છે. નાગર ગ્રન્થાવલી લઇને જોઇલ્યો. નાગરીદાસજીએ પોતાની પસંદગીના રાગોના પદ એમના ઠાકોરજીની સામે ગાયા છે કે નહીં. દયારામભાઇએ એમના

રાગોમાં કેટલા બધા પ્રભાતિયાના પદ ગાયા છે. પ્રભાતિયા આપણે ત્યાં રાજસ્થાનમાં કયાં ગવાય છે ? આપણે ત્યાં 'સામેરી' રાગ ગવાય છે. આ રાગ ઉત્તરભારતનો રાગ જ ન હતો. આ અમારા દક્ષિણ ભારતનો રાગ હતો. અમે લોકો ઉત્તર ભારતમાં આવ્યા ત્યારે સામેરી રાગ લઇને આવ્યા. આ રાગ પ્રબોધિનીના દિવસે ગવાય છે : ''બ્રજ વેદ બિદિત બરસાનો, બ્રષભાન ગોપ તહાં રાનો''. આ રાગ પ્રબોધિનીના દીવસે આ રાગમાં કીર્તન ન ગવાય તો અમને વિવાહ જેવું લાગતું જ નથી. એટલે અમે આ રાગમાં કીર્તન ગાયું. તમને એ રાગ ન આવડતો હોય તો ન ગાવો.

મથુરા ઘરના ગોસ્વામી બાલક ખયાલવાળા શ્રીપુરુષોત્તમજી જેમણે તે જમાનામાં છપ્પન વ્રજયાત્રા કરી હતી એમને યાત્રા કરતી વખતે કીર્તન ગાવા ગમતા ન હતા એટલે એમણે રસિયા ગાવા શરૂ કર્યા. એમના પહેલાં પુષ્ટિમાર્ગમાં રસિયા ગાવામાં આવતા જ નહોતા. હવે હાલત એ છે કે હોરીના દિવસોમાં જો રસિયા ન ગાઇએ તો સૂનું સૂનું લાગે છે. હવે રસિયા ઠાકોરજીને ગમવા માંડયા છે. આપણે ગાઇશું તો ઠાકોરજીને ગમવા લાગશે. આપણને ગાતા આવડે છે તો એવી રીતે ગાવ. નથી આવડતું તો જેવું આવડે તેવું ગાવ.

ઘણો સમય પહેલા જ્યારે દાદાજી (નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી) બીમાર પડી ગયા ત્યારે હું ઠાકોરજીને પધરાવીને કિશનગઢ એકલો આવ્યો હતો. મને તો સામગ્રીમાં ત્રણ વસ્તુ બનાવતા આવડતી હતી. ખીર, ખીચડી અને મસાલાભાત. ચોથી કોઇ સામગ્રી સિદ્ધ કરતા મને આવડતી જ ન હતી. અમારા ઠાકોરજી શું કરે ? ઠાકોરજી પણ એ જ આરોગતા. શું કરવું ચોથી કોઇ વસ્તુ આવડે તો આરોગાવું ને.

પદ્મનાભદાસજીની વાતામાં આવે છે કે તેઓ ઠાકોરજીને ભોગમાં માત્ર છોલા ધરી શક્તા હતા. એક વખત જ્યારે તેઓ અડેલ શ્રીમહાપ્રભુજીના દર્શન માટે ગયા ત્યારે શ્રીમહાલક્ષ્મીજીએ એમની પરિસ્થિતિને જોઇને રસોઇ માટે સીધો–સામગ્રી મોકલાવી. પદ્મનાભદાસજીએ મથુરાધીશજીને પૂછયું કે મહારાજ આપની શું ઇચ્છા છે ? આપને છોલા ચાલશે કે છપ્પનભોગ અરોગવા છે ? મથુરાધીશજીએ આજ્ઞા કરી કે મારે તો તારા છોલા આરોગવા છે. ચાલ,

આપણે બંને અહિંથી રવાના થઇ જઇએ. એમણે ઠાકોરજીને પૂછયું ઠાકોરજીએ જવાબ પણ આપ્યો. પણ આપણે જ્યારે ઠાકોરજીને પૂછતાં જ નથી. તેથી ઠાકોરજી વિચારતા હશે કે આના પોતાના મનમાં કોઇ નિશ્ચય નથી તો મારે શું બોલવાની જરૂર છે. આપણા મનમાં નિશ્ચય હોવો જોઇએ કે આ મારો ઠાકુર છે અને મારે જ આને રીઝવવાનો છે.

એક વાત સમજો કે કોઇની માં કાણી હોય તો પણ બાળકોને તેની માં વહાલી જ લાગતી હોય છે. ગામ ભલે તેને કુરૂપ કહેતું હોય પણ બાળકને તે વાતની ખબર નથી હોત. માં અને બાળક બંને એકબીજાથી રીઝાયેલા છે. તેમાં માં કાણી છે કે નહી તેનો સવાલ કયાં છે ? એવી જ રીતે, જો આપણા માથે બિરાજતા ઠાકોરજી આપણાથી રીઝેલા છે તો આપણે જેવા છીએ તેવાની સેવા તે સ્વીકારશે. કોઇ કાણાની સેવા ઠાકોરજીને સારી લાગે છે એટલે કારણવગર આપણી આંખ ફોડવાની જરૂર નથી. બે આંખ છે તો તેવા બનીને જ સેવા કરો. ઠાકોરજીને તેનાથી કાંઇ ફરક નથી પડતો લોકો કાણાનું મોઢું જોવું તે અપશુકન માને છે. ઠાકોરજી કયારેય કાણા સેવકને એમ નહીં કહે તું મારા મંગલા ન કરાવતો. ઠાકોરજી તો એ જ આજ્ઞા કરશે કે મારો કાણો સેવક મને બહુ જ સારો લાગે છે.

તમે અપરસ પાળી રહ્યા છો તો ઠાકોરજી પ્રસન્ન થઇ જશે કે જુઓ, મારો ભક્ત કેટલી અપરસ નભાવે છે. તમારા ઠાકોરજી પણ તમારી સાથે અપરસ પાળવા લાગી જશે. તમારાથી અપરસ નથી પળાઇ રહી ત્યારે પણ ઠાકોરજી શબરીના બોર આરોગવા તૈયાર છે. ''દુર્યોધનકે મેવા છાંડે શાક વિદુર ઘર ખાઇ, સબસે ઉँચી પ્રેમસગાઇ''. ''સબસે ઉંચી પ્રેમ સગાઇ'' આ આત્મવિશ્વાસને રાખીને સેવા કરશો તો સેવા નભશે. અને જ્યારે ''સબસે ઉંચી પોથી સગાઇ'' કરશો ત્યારે ઋતુની પદ્ધતિઓ તો તમને ખબર પડી જશે પણ ઋતુક્રમની મજા ચોપટ થઇ જશે. પોથી કાંઇ ખરાબ વસ્તુ નથી, પોથીથી ઠાકોરજી નારાજ નથી ઠાકોરજીને ન જ્ઞાનથી તકલીફ છે ન અજ્ઞાનથી. આ બધી તકલીફો આપણી છે. પાયાની વાત એ છે કે આપણી પાસે જે ઉપલબ્ધ છે (હાજર છે) તેનાથી ઠાકોરજીની સેવા કરવાની છે.

મારી સાથે એક છોકરો ભણતો હતો તેની માંના હાથમાં કોઢ હતો. હું જ્યારે તેને ત્યાં જતો તો તે મને કાંઇક-કાંઇક ખવડાવતી. મને તેના હાથનું બનાવેલું ખાવામાં બહું સંકોચ થતો. પણ મેં અનુભવ કર્યો કે તેના દીકરાને કયારેય મારા જેવો સંકોચ નહોતો થતો. તે તો પોતાની માના હાથની રસોઇના ખૂબ વખાણ કરતો. પણ મને બીક લાગતી કે ક્યાંક મનેય કોઢ ન થઇ જાય. હું છેવટે એક માણસ છું. પણ એક વાત સમજો કે ઠાકોરજીને, તે દીકરાની જેમ, પોતાના સેવક પ્રત્યે એવો ભાવ નથી આવતો. વાત ફક્ત એટલી જ છે કે આપણી વચ્ચે કોઇ જાતનો ખટકો ન હોવો જોઇએ. આપણા મનમાં જો ખટકો હશે તો પછી વાત બગડી જશે. સેવાનું મૂલ રહસ્ય આમાં છે. આ રહસ્યને તમે જો સમજી જશો તો પછી પોથીની કોઇ વાત કદાચ તમે અપનાવી નહીં શકતા હો તો પણ કાંઇ સમસ્યા નહીં આવે. શરત માત્ર એટલી જ છે કે આપણો ભાવ સ્પષ્ટ હોવો જોઇએ કે મારો ઠાકુર મારા ઘરમાં બિરાજી રહ્યો છે, મારાથી જેટલી સેવા બનશે એટલી કરીશ. પછી જૂઓ કે ઠાકોરજી રીઝે છે કે નહીં. પણ જો તમારા મનમાં ખટકો છે તો તો પછી હવેલીઓ ચાલશે, સેવા નહીં થાય. હવેલી-મન્દિર ચાલવા જુદી કથા છે અને સેવા કરવી એ અલગ કથા છે. હવેલી-મન્દિર ચાલવા એક ધંધો છે.

કોઇપણ હોટલમાં જઇને જોઇ લ્યો, ત્યાં તમને કોઢવાળા હાથનો કોઇપણ નોકર નહીં મળે. કોઇ હોટલનો માલિક આવા માણસને નોકરીમાં નહીં રાખે. પણ માંનો હાથજો કોઢવાળો હશે છતાં પણ દીકરો માંના હાથનું ખાશે. મા-દીકરાનો જે પરસ્પર પ્રેમ-વિશ્વાસ-પોતાનાપણું છે તે આપણા અને ઠાકોરજીની વચ્ચે છે તો વાત પતી ગઇ. અને જો હવેલી-મન્દિર જેવી હોટલવાળી વાત છે તો તો પછી ઘરાકને સારૂ નહીં લાગે, ઘરાક કહેશે કે માણસને તમે કેમ રાખ્યો, આના હાથનો પ્રસાદ અમે નહીં ખાઇએ... પણ મા-દીકરાની વચ્ચે આવું નથી થતું. પ્રભુ સેવાનું આ જ રહસ્ય છે. અને તે ધંધાનું રહસ્ય છે. હવે તો વાત સમજાણીને.

## <u>પછીના દીવસનું પ્રવચન</u>

કાલે કેટલીક વાતો મેં તમને નિત્યસેવા અને ઋતુક્રમની સેવાનો

પરસ્પર કેવો સમ્બન્ધ છે તે બાબતમાં બતાવી. નિત્યસેવા નિત્ય પ્રાપ્ત છે. અને ઋતુક્રમની સેવા નિત્યસેવામાં ઋતુ પ્રમાણે ફેરફાર છે આ વાત પણ આપણે ગઇકાલે જોઇ. સાથે સાથે ઋતુક્રમની સેવામાં પ્રભુના સુખને અનુકૂળ રાગ અને કીર્તન પ્રણાલીમાં આપણે ત્યાં કેટલી બારીકી વર્તવામાં આવી છે તે વિષયનો પણ આપણે સંક્ષેપમાં વિચાર કર્યો હતો. આ આખા વિષયમાં એક ખૂબ વિચારણીય પાસુ છે જે મારે તમને પહેલા જ બતાવી દેવો જોઇતો હતો પણ કોઇ બીજો વિષય નીકળી જવાથી હું તેને બતાવી ન શક્યો. આજે તે વિષયની પણ ચર્ચા હું ઋતુક્રમની સેવાના અવસર ઉપર કરી દેવા ઇચ્છું છું.

## સ્વમાર્ગમાં અમાન્ય સેવાનો પ્રકાર :

સેવાના ઘણા પ્રકાર હોઇ શકે છે. એક તો પગારદાર નોકર પગાર આપવાવાળા માલિકની સેવા કરે તેવો હોઇ શકે છે. સેવાનો બીજો પ્રકાર ગુલામ દ્વારા કરવામાં આવતી સેવાનો હોઇ શકે છે. પહેલાના સમયમાં ગુલામ ખરીદવામાં આવતા અને પાળવામાં આવતા. અત્યારે માણસને ગુલામ બનાવવાની પ્રણાલી રહી નથી. પણ ઘોડા-ગધેડા-ઉંટ-હાથી જેવા જાનવરોને આજે પણ ગુલામ બનાવીને તેની પાસેથી સેવા કરાવીએ છીએ. સેવાની ત્રીજી પ્રણાલી સ્વયંસેવાની પણ હોઇ શકે છે. કોઇક સારા કાર્ય કે સારા ઉદ્દેશ્યની પૂર્તિને માટે લોકો પરોપકાર, દયા કે કર્તવ્યની ભાવનાથી પોતાની ઇચ્છાથી સેવા આપવા માટે તૈયાર થઇ જતા હોય છે. સેવાનો આ પણ એક પ્રકાર હોઇ શકે છે. આમ તો અપ્રાસંગિક છે પણ એક પ્રકાર સેવાનો મેં સાંભળ્યો છે એટલા માટે બતાવી રહ્યો છું. ગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજીનો એક બગીચો છે. તે બગીચા ઉપર કોઇ એક સ્વામીજીએ કબ્જો કરીને પોતાનો આશ્રમ બનાવી દીધો. પછી તો ત્યાં તેના ભક્તો આવવા લાગ્યા, ઘણા પૈસા ભેગા થઇ ગયા. કેટલાક ચોરલોકોની પણ આશ્રમની મુલાકાત લેવાની ઇચ્છા થઇ ગઇ. ડીસેમ્બર-જાન્યુઆરીની રાતની ભયંકર ઠંડીમાં એમણે આશ્રમમાં ધાડ પાડી. આશ્રમનો દરવાજો ખુલ્યો નહીં તેથી ખીજાઇને દીવાલ તોડીને અંદર ઘુસ્યા. અંદર ઘૂસીને એમણે સ્વામીજીને પકડયા અને એમને કહ્યું કે આવી ઠંડીમાં અમને આટલા હેરાન કર્યા શું સમજો છો તમારા મનમાં ચાલો ઉઠો, અમારા

માટે ચા બનાવો અને ગરમાગરમ પકૌડા તળીને ખવડાવો. બિચારા સ્વામીજી શું કરી શકે અમણે ચા-પકૌડા બનાવીને ધાડપાડૂઓને નાસ્તો કરાવ્યો. ચોરલોકો ખાઇ-પીને બધો માલ ભેગો કરી ચાલ્યા ગયા. આ કથા સાંભળીને મારી પણ ઇચ્છા એ સ્વામીજીના દર્શન કરવાની થઇ ગઇ. ગોકુલ ગયો ત્યારે ધાડપાડૂઓની સેવા કરનાર સ્વામીજીના મેં પણ દર્શન કર્યા. તો સેવાનો એક પ્રકાર આ પણ છે કે કોઇ પાસેથી બળજબરીપૂર્વક સેવા કરાવવી. લોકો શનિ-મંગળ વગેરે ગ્રહોની સેવા બીકના માર્યા કરતા જ હોય છે. દેવતાઓની સેવા નહીં કરીએ તો તેઓ આપણને મારી નાંખશે, અનર્થ કરી નાખશે આવું માણસો વિચારતા હોય છે. મોટાભાગે ધાડપાડૂના જેવું સ્વરૂપ આપણે દેવતાઓનું માનતા હોઇએ છીએ. તો સેવાનો એક પ્રકાર બીકના માર્યા કરવામાં આવતી સેવાનો પણ હોય છે.

આવા બધા પ્રકારોથી કરવામાં આવતી સેવાઓ આપણે ત્યાં ન તો નિત્યક્રમમાં મળે છે, ન ઋતુક્રમમાં મળે છે. મનોરથની તો વાત જ બીજી થઇ ગઇ કેમકે મનોરથતો આપણે આપણા મનથી કરતા હોઇએ છીએ. તાત્પર્ય એ છે કે આ બધા જ સેવાના પ્રકારો ઉપર આપણે ચોકડી મારવાની છે. કેમકે તેવા પ્રકારની સેવા પુષ્ટિમાર્ગીય નથી. આપણે જે પ્રકારની સેવાની વાત કરી રહ્યા છીએ તે-ભલે નિત્યસેવા હોય, ભલે ઋતુક્રમાનુસાર સેવા હોય, ભલે ઉત્સવની સેવા હોય કે ભલે મનોરથની સેવા હોય - આ પ્રકારોથી જુદી જાતની સેવા છે.

## પરમાત્મરતિ :

આપણે ત્યાંની સેવાના સમ્બન્ધમાં મેં તમને નારીયેલનું દષ્ટાંત આપીને પહેલાં એક વખત સમજાવ્યું હતું કે તેના અનેક પડ હોય છે. જેમ નારીયેલમાં રસ ભરેલો હોય છે તેમ આપણે ત્યાંની સેવાનો નિગૂઢતમ ભાવ આત્મરતિનો હોય છે. એટલે કે પરમાત્માની સેવા આપણે આત્મભાવથી કરીએ છીએ. પરમાત્માને આપણાથી પરાયો માનીને નહીં પણ પરમાત્મા આપણી જ કોઇક આન્તરિક હકીકત હોય તેની સેવા કેવી રીતે કરી શકાય ?

માનો કે આપણા શરીરની અંદરનું કોઇ અંગ બરાબર કામ નથી કરી રહ્યું. ડોકટર આપણને યોગ, કસરત... કરવાની સલાહ આપે છે. હવે આપણે

જ્યારે આપણી અંદરના અંગને સુધારવા માટે દવા લેશું, યોગ કરશું, કસરત કરશું ત્યારે આપણે કોની સેવા કરી રહ્યા છીએ ? આપણે આપણી જ તો સેવા કરી રહ્યા છીએ. જેમ કે આપણને ડાયાબિટીસનો રોગ થઇ ગયો. ડોકટરે આપણને દરરોજ પાંચ માઇલ ચાલવાની સલાહ આપી. આપણે રોજ પાંચ માઇલ ચાલી રહ્યા છીએ. આ આપણે કોની સેવા કરી રહ્યા છીએ ? આપણી જ તો. કેમકે આપણા લોહીમાં રોગના કારણે જે ગળપણ વધી ગયું છે અને તે આપણા લોહીને બગાડી રહ્યું છે તેને આપણે ચાલીને સુધારી રહ્યા છીએ. આ કોઇ બીજાની સેવા થોડી છે. આપણે આપણી અંદર રહેલી કોઇ હકીકત, તે પછી ભલે હૃદય હોય કે લીવર હોય કે ફેંફસા હોય કે લોહી હોય, તેનીજ સેવા કરી રહ્યા છીએ.

પ્રભુસેવા કરવામાં પણ આપણી અંદર સહુ પ્રથમ આ ભાવ દૃઢ હોવો જોઇએ કે આપણે આપણાથી અલગ કોઇ હકીકતની સેવા નથી કરી રહ્યા. આપણે આપણી આત્માની અંદર રહેતા પરમાત્માની સેવા કરી રહ્યા છીએ. આનું નામ 'આત્મરતિ'; આનું નામ 'પરમાત્મરતિ'. આ પરમાત્મરતિ, વાત સમજો, બ્રહ્મજ્ઞાનથી પ્રકટ થશે. બ્રહ્મજ્ઞાનથી પરમાત્મરતિ પ્રકટ થશે અને પછી તે પરમાત્મામાં આપણને ભગવદ્‌ભાવ જાગશે.

## ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ :

આ ઘણો અઘરો વિષય છે. એક સ્થૂળ દૃષ્ટાંતથી સમજો. માનો કે આપણને ડોકટરે કહી દીધું કે જો તમે પાંચ માઇલ નહીં ચાલો તો તમારૂં હૃદય નબળુ પડી જશે. આપણે રોજ પાંચમાઇલ ચાલવાનું શરૂ કરી દીધું. હૃદય આમતો આપણું એક અંગ છે પણ આપણે જ્યારે ડોકટરની વાત માની રહ્યા છીએ ત્યારે એમ વિચારીને તો માની રહ્યા છીએ કે જો મારૂં હૃદય બરાબર ચાલશે તો હું બરાબર જીવી શકીશ. આ ઉદાહરણથી વિચારો તો હૃદય આપણો ઇશ્વર થઇ ગયો કે નહીં. શાસ્ત્ર આના માટે ખૂબ જ સુંદર વાત કહે છે ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''. તે તમારો ભર્તા છે પણ તેની શરત એ છે કે પહેલા તમે તેનું ભરણ કરો. તમે તેની પરવાહ કરશો તો તે તમારી પરવાહ કરશે. જેમ હૃદયનું તમે ધ્યાન રાખશો તો હૃદય તમારૂં ધ્યાન રાખશે. લોહીનું તમે ધ્યાન

રાખશો તો લોહી તમારૂં ધ્યાન રાખશે. આ વાત ધર્મને માટે પણ શાસ્ત્રે સમજાવી છે. તમે ધર્મને ધારણ કરશો તો ધર્મ તમને ધારણ કરશે. ધર્મને તમે ધારણ નથી કર્યો તો ધર્મ પણ તમને ધારણ નહીં કરે. એમ પરમાત્મા તમારો ભર્તા છે. પણ તે તમારૂં ભરણ ત્યારે કરશે કે જ્યારે પહેલાં તમે તેનું ભરણ કરશો. આ વાત મોટાભાગે બધી જગ્યાએ લાગૂ પડે છે.

તમે અક્કલને લઇ લો. અક્કલને જો આપણે ચલાવશું તો તે આપણને ચલાવશે. જેમ કોઇ વિષય આવ્યો, આપણે તેની બાબતમાં કાંઇ વિચારીએ નહીં, બસ બેઠા રહીએ. સમજી જાવ કે તમારી અક્કલ મરી ગઇ. હવે અક્કલ તમને ચલાવી નહીં શકે. તમારા બધા નિર્ણય બેવકૂફીના (અજ્ઞાનથી ભરેલા) હશે. પણ જ્યારે તમે તમારી અક્કલને ચલાવવા લાગશો તો તે પણ પોતે પોતાની દીશામાં ચાલવા લાગશે.

મને ઘણા વરસો પછી ખબર પડી કે મને એક આંખથી દેખાતું નથી. હું ડોકટરની પાસે ગયો તો તેણે કહ્યું આંખમાં કોઇ જાતની તકલીફ નથી. ફક્ત તમે તમારી આંખોને વાપરી નથી તેના કારણે તેણે જોવાનું બંધ કરી દીધું છે. હવે મને એક આંખથી તમારી આકૃત્તિ દેખાય છે પણ સરખી રીતે તમને ઓળખી શક્તો નથી. તો જૂઓ, હું જો આંખનું ભરણ કરત તો તે મારૂં ભરણ કરત. મેં તેનું ભરણ ન કર્યું તેથી કરીને આંખ અને મગજને જોડનાર નસો આળસુ-એદી બની ગઇ.

ભક્તિને જ્યારે આપણે વાપરતા નથી તો ભક્તિ કમજોર બની જાય છે. કર્મને આપણે વાપરતા નથી તો કર્મ નબળું થઇ જાય છે. ધર્મને આપણે વાપરતા નથી તો ધર્મ પણ નબળો પડી જાય છે. એવી જ રીતે આપણે સેવા નહીં કરીએ તો આપણું સેવકત્વ પણ નબળું પડી જશે. ફક્ત આપણું સેવકત્વ જ નબળુ નહીં પડે, બીજી બાજુ આપણો સેવ્ય પણ નબળો પડી જશે. કેમકે તે તમારો સેવ્ય ત્યારે છે કે જ્યારે તમે તેની સેવા કરી રહ્યા છો. ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''. તે ભર્તા છે, પણ તમે જ્યારે તેનું ભરણ કરશો ત્યારે.

## સેવક બનશો તો તે સેવ્ય બનશે :

શ્રીમહાપ્રભુજીએ કેટલી સરળ વાત બતાવી છે આપણને. આપણી પાસે એક દીવસમાં ૨૪ કલાક હોય છે. ૨૪ કલાકમાંથી ત્રણ કલાક તો કાઢો તમારા પરમાત્મા માટે અને તમને એ પણ કોણ કહી રહ્યું છે કે ત્રણ કલાક એકી સાથે કાઢો. એક કલાક સવારે કાઢો એક કલાક સાંજે કાઢો અને એક કલાક સ્મરણની કાઢો, ત્રણ કલાક આવી રીતેય નિકળી શકશે. પણ આપણી હાલત એવી છે કે આપણે કલાકો સુધી ટી.વી. જોવું ફાવે છે પણ ત્રણ કલાક પરમાત્મા માટે કાઢી નથી શકતા. આપણને બધું જ તૈયાર જોઇએ છીએ. જ્યારે ટાઇમ મળ્યો ત્યારે પહોંચી ગયા હવેલીએ પરમાત્મા ''યસ સર્'' કરીને તમારી સામે હાજર થઇ ગયો. તમે ખુશ થઇ ગયા. હવે વિચારો કે તમે સેવક છો કે હવેલીમાં બિરાજેલ ભગવાન. જો તમે પરમાત્માને તમારો સેવ્ય ન બનાવ્યો તો તમે પણ વધારે દીવસ સેવક નહીં રહી જાવ. ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''. તમે તેને તમારા જીવનમાં વાપરવો શરૂ કરો. તેને તમે શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વંદન દાસ્ય સખ્ય આત્મનિવેદનને માટે થોડો-થોડો વાપરવો શરૂ કરો. જ્યારે તમે પરમાત્માને આ પ્રકારે વાપરશો તો તે તમારો ભગવાન બનતો જશે. ત્યારે તમને ખબર પડશે કે પરમાત્મા જે આપણી અંદરની હકીકત છે તે ખરેખર આપણને કંટ્રોલ કરનાર ભર્તા છે, ભગવાન છે.

તમે યોગીઓના સામર્થ્યની વાતો સાંભળી હશે. યોગ શું કરે છે? સ્વભાવથી ચાલતા આપણા શ્વાસને આપણી ઇચ્છાથી ચલાવતા શીખવાડે છે. આ પ્રક્રિયાથી પ્રાણશક્તિ ઉપર આપણો કાબુ આવશે. તેનાથી આપણા જીવનનો માદ્દા (ઉત્સાહ) વધશે. તમારે પોતાના શરીરમાં જેટલી ગરમી વધારવી હોય તે તમે આ પ્રણાલીની મદદથી વધારી શકો છો. ગરમી લાગતી હોય તો તમે પ્રાણાયામની મદદથી ઠંડક અનુભવ કરી શકશો. ઠંડી લાગતી હોય તો પ્રાણાયામની મદદથી તમે શરીરમાં ગરમી લાવી શકશો. માણસ ઝડપથી દોડે ત્યારે તેનો શ્વાસ જેટલો ઝડપથી ચાલવા લાગે છે તેવો ઝડપથી શ્વાસ યોગાભ્યાસી ચલાવીને શરીરમાં ગરમી લાવી શકે છે. પણ આ સામર્થ્ય ત્યારે આવે કે જ્યારે માણસ સ્વભાવથી ચાલી રહેલા શ્વાસને પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવવાનો વ્યાયામ કરે. અહીં પણ તે જ ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''

નો સિદ્ધાન્ત કામ કરી રહ્યો છે.

## આત્મરતિનું વિકસિત રૂપ ભગવદ્ભક્તિ :

ને હવે ફરીથી મૂળ વાતને સમજો કે જ્યારે આપણે પરમાત્મા સાથે તેના માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ કરવાનું શરૂ કરીશું ત્યારે તે આપણા ભીતરની હકીકત આપણો ભગવાન બની જાય છે. આવી સ્થિતિમાં પછી તેના સમ્બન્ધમાં આપણી આત્મરતિ ભગવદ્ભક્તિના રૂપમાં ખીલી ઉઠે છે. આ ભગવદ્ભક્તિ ''હું ભક્ત છું અને તે મારો ભગવાન છે'' ફકત આટલું જ માની લેવાથી નથી થઇ શકતી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે એ ભગવાનને પહેલાં આપણા ઘરમાં પધરાવા પડશે. તેની સેવામાં આપણું તનુ-વિત્ત સર્વસ્વનો વિનિયોગ કરવો પડશે. એટલે કે તેને (ભગવાનને) તમારે વાપરવો પડશે. જ્યારે તમે તેને સેવ્યરૂપે વાપરવા લાગશો ત્યારે તે પણ તમને સેવક તરીકે વાપરવા લાગશે.

વચનામૃતમાં આવે છે કે ઠાકોરજીના અનવસર કરાવતી વખતે પેંડો બિછાવતા ભૂલી ગયા હતા ત્યારે ઠાકોરજીએ તેમને સાનુભાવ જતાવ્યો કે તમે શય્યા સુધી પેંડો નથી બિછાવ્યો તેથી હું પોઢવા કેવી રીતે જઇ શકું ? વિચારો કે શું ઠાકોરજીને ચાલતા નથી આવડતું ? શય્યામંદિર શું પાંચ-પચ્ચીસ માઇલ દૂર હતું ? એવી વાત નથી. વાત અહીં એ છે કે સેવ્ય પોતાના સેવકને વાપરવા ઇચ્છી રહ્યો છે. આપણે કેમકે તે પરમાત્મા-ભગવાનને આપણો સેવ્ય બનાવ્યો છે એટલા માટે આપણને (ચિદંશ-જીવ)ને સેવકરૂપને વાપરવા માંગી રહ્યા છે. આમ પરસ્પર જ્યારે આપણે એકબીજાને વાપરતા થઇએ છીએ ત્યારે તે સેવા બને છે. એટલા માટે જ શ્રીમહાપ્રભુજીએ ''ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધયૈ તનુવિત્તજા'' આ ઉપાય બતાવ્યો. પોતાના તનથી, પોતાના વિત્તથી, પોતાના પરિવારજનોની સાથે મળીને તેને સેવ્યરૂપે વાપરવાનું શરૂ કરો. પછી તમને ખબર પડશે કે તે કેવી રીતે તમારા તનને સેવકરૂપે વાપરે છે, કેવી રીતે તમારા વિત્તને પોતાની સેવા માટે વાપરે છે, કેવી રીતે તે તમારા મનને પોતાનામાં લગાવે છે, કેવી રીતે તે તમારા પરિવારજનોને સેવામાં વાપરે છે... આત્મરતિના રૂપમાં પ્રકટ થયેલી તે કલી જે ભગવદ્ભક્તિના રૂપમાં થોડી વધી

હતી તે કલી સેવાના રૂપમાં ત્યારે ખીલશે જ્યારે તમે તેને સેવ્યરૂપે વાપરવાનું શરૂ કરશો. તમે જો તેને વાપર્યો નહીં તો તે કળી એમને એમ જ મુરઝાઇ જશે.

ભગવત્સેવાનો મૂળ પ્રકાર આ છે. અને મેં પહેલાં જે સેવાના પ્રકાર તમને બતાવ્યા, નોકરીથી માંડીને ધાડપાડુવાળી સેવાના, તે કોઇક અલગ જાતના સેવાના પ્રકાર છે. તે પ્રકારની સેવા શ્રીમહાપ્રભુજી એ આપણને નથી બતાવી. આપણે શ્રીમહાપ્રભુજીના બતાવેલા પ્રકારથી તેની સેવ્યરૂપે સેવા કરવાની છે. જ્યારે આપણે તે પ્રકારે સેવા કરશું તો તે આપણને સેવકરૂપે વાપરશે. ત્યારે આપણને તેનું વ્યસન સેવ્યરૂપે થશે, તેને આપણું વ્યસન સેવકતયા વ્યસન થશે. આને જ શ્રીમહાપ્રભુજી ''ચેતસ્તત્પ્રવણતા'' કહી રહ્યા છે. આપણું ચિત્ત તેનામાં એટલું પરોવાઇ જાય કે આપણને તેનું વ્યસન થઇ જાયઃ ''તતઃ પ્રેમ તથાસક્તિઃ વ્યસનં ચ યદા ભવેત્''.

વ્યસન થવું એ કોઇ ચમત્કારની વાત નથી. ચા રોજ પીઓ તો ચાનું વ્યસન થઇ જાય છે. રોજ દશ વાગ્યે સૂઇ જાઓ તો દશ વાગતા સાથે જ ઉંઘ આવવા માંડશે. જેની આપણે ટેવ પાડીએ તેનું વ્યસન થાય છે. એવી જ રીતે જ્યારે આપણે રોજ-રોજ પ્રભુની સેવાની ટેવ આપણા તન-મનને પાડશું તો એને પણ સેવાનું વ્યસન થઇ જશે. વ્યસન થવાનો અર્થ છે કે કોઇ વસ્તુની ટેવ પડી જવી.

બોલચાલમાં 'વ્યસન' શબ્દ ખરાબ અર્થમાં વપરાય છે. પર વ્યસન સારી વસ્તુ કે સારી ટેવનું પણ થઇ શકે છે. વ્યસન છે એટલે ખરાબ જ છે એવું ન વિચારવું જોઇએ. સારા-નરસાનો નિર્ણય તો વ્યસન કયા વિષયનું છે તેના ઉપરથી જ થઇ શકે છે. જ્ઞાનને આપણે સામાન્ય રીતે સારૂં માનીએ છીએ. પણ કેટલાક જ્ઞાન ખરાબ પણ હોય છે. એવી જ રીતે શાન્તિ, ઝઘડો પણ સારા-ખરાબ હોઇ શકે છે. કૌરવ-પાંડવનું યુદ્ધ 'ધર્મયુદ્ધ' હતું. તે યુદ્ધ હોવા છતાં સારૂં હતું. એવી જ રીતે વ્યસન જો ભગવાનનું છે તો તે ઉત્તમ વ્યસન કહેવાશે. વ્યસનનો અર્થ છે કે જેનું વ્યસન છે તેના વગર રહી ન શકાય. જ્યારે આપણાથી ઠાકોરજીની સેવા વગર રહી ન શકાય, સુસ્તિ આવે, ખાલીપણું લાગે ત્યારે સમજવું કે થોડુંઘણું વ્યસન થયું છે. આ કોઇ ચમત્કારની વાત નથી,

માનવ સ્વભાવની વાત છે. જ્યારે આવું વ્યસન સેવાનું થઇ જાય છે ત્યારે સેવા ચિત્તની પ્રવણતાથી આપમેળે થવા લાગી જશે. શ્રીમહાપ્રભુજીએ જે સેવાનો પ્રકાર બતાવ્યો છે તે આ પ્રકારનો છે.

આવી સેવા જ ઋતુક્રમમાં પણ પ્રાપ્ત છે. બીજા પ્રકારની સેવાતો આપણે ત્યાં નિત્યક્રમમાં પણ પ્રાપ્ત નથી તો ઋતુક્રમમાં તો ક્યાંથી પ્રાપ્ત થશે કેમકે સેવાનો ઋતુક્રમ નિત્યક્રમની સેવામાં ઋતુ અનુસાર કરવામાં આવતું પરિવર્તન છે. આ ઋતુક્રમની સેવાની પરિભાષા છે. આ વાત હું તમને એટલા માટે સમજાવી રહ્યો છું કે સેવા શું છે તેના રહસ્યને જો આપણે નહીં સમજીએ તો ઋતુક્રમમાં સેવાનું શું સ્થાન છે તેને પણ આપણે નહીં સમજી શકીએ.

ભગવત્સેવામાં અંદરની મૂળ ભાવના આત્મરતિની હોવી જોઇએ. તેની ઉપરનું આવરણ ભગવદ્‌ભક્તિ હોવી જોઇએ. તેની ઉપરનું આવરણ આપણા ઘરના ઠાકુરનું હોવું જોઇએ. ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''. આ મારો સેવ્ય છે હું તેનો સેવક છું. આનું તાત્પર્ય સમજો. ઠંડીમાં માણસો ચ્યવનપ્રાશ, અડદના લાડુ વગેરેનું સેવન કરતા હોય છે. આપણે તેનું સેવન કરીએ એટલે તે આપણને શકિત આપે છે. એવી રીતે આપણે જ્યારે આપણા સેવ્યનું સેવન ઋતુ અનુસાર કરશું તો આપણો સેવ્ય પણ આપણું સેવન કરશે કે મારે તારી પાસેથી આ ઋતુમાં આવી સેવા જોઇએ છે. જેમ દામોદરદાસજીને શ્રીદ્વારકાદાસજીએ જતાવ્યું કે મને પોઢવામાં ગરમી લાગે છે. મારા માટે હવા આવે તેવું શય્યામન્દિર સિદ્ધ કરાવ. આ શું છે ? આપણો ઠાકુર આપણું સેવન કરવા માગી રહ્યો છે. પણ ઠાકોરજી આવું ક્યારે ઇચ્છે છે ? જ્યારે સેવકે પોતાના ઠાકુરનું સેવન કર્યું ત્યારે. માં બાળકને દૂધ પીવડાવે છે ત્યારે બાળક માંનુ દૂધ પીવા ઇચ્છે છે. આ રહસ્યને કયારેય ભૂલતા નહીં. જે બાળકને માં પોતાનું દૂધ પીવડાવતા નથી તે બાળકમાં પોતાની માં પ્રત્યે સ્નેહની ઉણપ જોવા મળે છે. છાપાઓમાં વાંચવામાં આવે છે કે કોઇ બાળકને ભેડે (વરૂએ) દૂધ પીવડાવ્યું. ઘણા વખત પહેલાં ભેડીયો બાળક 'રામુ' પ્રસિદ્ધ હતો. તે બાળક ભેડીયાનું (વરૂનું) દૂધ પીને મોટો થયો હતો. તે ભેડિયા (વરૂ) ને જ પોતાની માં માનતો હતો. બાળક તેને જ માં માને છે કે જે દૂધ પીવડાવે છે. એવી જ રીતે

તમે જ્યારે તમારા ઠાકોરજીનું સેવન સેવક થઇ કરશો તો તે તમારૂં સેવન સેવ્યરૂપે કરશે.

## ઋતુક્રમની સેવામાં ક્યા પ્રકારની ઋતુને અનુસરવું ?

ઋતુક્રમની સેવાના સંદર્ભમાં એક વિચારવા જેવો પ્રશ્ન એ ઉભો થાય છે કે ઋતુ એટલે કઇ ઋતુ. આ પ્રશ્નના જવાબ ચાર પ્રકારથી વિચારી શકાય છે.

૧. પ્રભુ વૈકુંઠમાં નિત્યલીલામાં બિરાજમાન છે અને ત્યાં બધી ઋતુઓ સુખદ જ છે, બધું જ સુખદ છે. સુખદ યમુના છે, કુંજો નિત્ય ખીલેલી છે, સુખદ પવન વાય છે. તો ત્યાં તો ઋતુનું કોઇ ચક્ર જ નથી.

૨. બીજો પક્ષ લોકો એમ વિચારે છે કે વ્રજમાં જ્યારે ઠાકોરજી પ્રકટ થયા તે વખતે વ્રજમાં જે ઋતુઓ હતી. તે ઋતુઓ અનુસાર ઋતુસેવાનો ક્રમ રાખવો. પરંતુ સમસ્યા આમાં પણ છે. પહેલાનાં સમયમાં અષાઢમાં વરસાદી વાદળા ઘેરાવા શરૂ થઇ જતા હતા. આજથી ૯૦૦-૧૧૦૦ વર્ષ પહેલાં કાલિદાસે લખ્યું કે ''અષાઢસ્ય પ્રથમદિવસે મેઘમાશ્લિષ્ટ સાનું...'' જુના જમાનામાં અષાઢી બીજને દીવસે વરસાદ વરસવો શરૂ થઇ જતો હતો. પરંતુ અત્યારે તો વરસાદનું કાંઇ ઠેકાણું જ નથી રહ્યું. વરસાદ ખૂબ જ આગળ ચાલ્યો ગયો છે. ઠાકોરજી વ્રજમાં પ્રકટયા તે વખતની ઋતુ તો હવે રહી નથી.

૩. ત્રીજો કલ્પ એમ વિચારવામાં આવે છે કે શ્રીમહાપ્રભુજીએ જે વખતે સેવાક્રમ પ્રકટ કર્યો તે વખતની વ્રજની ઋતુઓને માનીને ઋતુક્રમની સેવા કરવી. પણ અત્યારેતો તે ઋતુ પણ રહી નથી. તમે તમારા બાળપણની સ્થિતિ યાદ કરો. નાના હતા ત્યારે જેટલી ઠંડી પડતી હતી, જેટલો વરસાદ પડતો હતો તે સ્થિતિ તો હવે રહી નથી.

આ બધાનો વિચાર કરવાથી આ પ્રશ્ન તો ઉભો જ રહે છે કે ઋતુ ક્યા પ્રકારની લેવી.

૪. આપણે એમ કહેશું કે તો પછી જે ઋતુમાં આપણે જીવી રહ્યા છીએ તે ઋતુને લેવી. સમસ્યા તો પણ રહે જ છે. કેમકે તે સ્થિતિમાં સેવાની રીતમાં લખેલા ઘણા બધા પ્રકાર અત્યારની ઋતુની સાથે સંગત નહીં થાય.

આ સ્થિતિમાં શું કરવું આ એક ખૂબ વિચારણીય પ્રશ્ન છે. આનું સમાધાન કેમ કરવું ?

કોઇ એમ વિચારે કે મોટાઓએ જે સેવારીતિ પ્રકટ કરી છે તેને વિસર્જિત કરી દો. નવી બનાવી લો. આવું તો કહી ન શકાય. આપણે એમ કહીએ કે નિત્યલીલામાં જે ઋતુઓ છે તેના પ્રમાણે સેવા કરવી. તેમાં એવી સ્થિતિ થશે કે તમે તો કદાચ તે ઋતુઓનું સેવન કરી શકશો. પણ તમારો સેવ્ય એનું સેવન નહીં કરી શકે. કેમ કે તમારી ઋતુ કાંઇક જુદી છે અને તેની ઋતુ કાંઇક બીજી થઇ ગઇ આ સ્થિતિમાં પરસ્પર સેવ્યસેવકભાવ ઋતુના સંદર્ભમાં નહી નભી શકે.

**સમાધાન :**

આ ગંભીર વિચારનો વિષય છે. એક વાત સમજી લો કે આમાં કોઇપણ દિશામાં અતિરેક ખોટો છે. જેમ રોડ ઉપર ન વધારે ડાબી બાજુ ગાડી ચલાવવી જોઇએ ન વધારે જમણી બાજુ; જે ટ્રેક ઉપર આપણે જઇ રહ્યા હોઇએ તેના ઉપર જ આગળ વધવું જોઇએ. ઋતુક્રમની સેવાના વિષયમાં પણ આવી જ નીતિ રાખવી પડશે.

**આત્મરતિ અને ભક્તિ :**

એક વાત સમજો કે આપણા સેવ્યનું જે પરમાત્મા હોવાનું સ્વરૂપ છે તે તો શાશ્વત નિત્ય અનાદિ વ્યાપક છે. આપણા સેવ્યના આ પાસાઓને જો આપણે યાદ નહીં રહે તો આપણે સમજી નહીં શકીએ. પરમાત્માને જ્યાં સુધી આપણે વ્યાપક, અનાદિ આપણી અંદર પણ બિરાજમાન છે એમ નહીં માનીએ ત્યાં સુધી આપણા સેવ્યમાં આત્મરતિનો ભાવ નહીં જાગી શકે. આપણે આત્મરતિનો ભાવ તો જગાડી રહ્યા છીએ પણ તે આત્મરતિને જો આપણે ભક્તિના રૂપમાં સ્વીકારી નથી શકતા તો તેવી આત્મરતિ ભક્તિમાર્ગમાં અધિક સહાયક નહીં થઇ શકે. આનું રહસ્ય સમજો.

**સેવ્ય=કૃષ્ણ–ભગવાન્–પરમાત્મા–બ્રહ્મ :**

પરમાત્મા મારો જ કોઇ અંદરુની (અંદરનો) ભાગ છે, મારાથી કોઇ

અલગ હકીકત નથી આવું વિચારવું આત્મરતિ છે. જેમ હૃદય, મસ્તક, પેટ આપણા દેહના ભાગ હોય છે એમ હું જેની સેવા કરી રહ્યો છું તે મારો જ કોઇ ભાગ છે, મારાથી અલગ કોઇ હકીકત નથી આવું પ્રભુના વિષે વિચારવું તે આત્મરતિ કહેવામાં આવે છે. પરંતુ ફક્ત આટલું જ સ્વરૂપ આપણે પરમાત્માનું માનીએ ત્યારે આપણા અંગમાં જેમ આપણને કોઇ વિશેષતા લાગતી નથી હોતી એમ આપણા સેવ્યનું પણ આપણને માહાત્મ્ય સ્ફુરિત નહીં થાય. એટલા માટે શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે ''બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે'' આપણો સેવ્ય બ્રહ્મ છે, પરમાત્મા છે, ભગવાન છે અને શ્રીકૃષ્ણ છે. ''સ એવ કદાચિદ્ જગદુધ્ધારાર્થમ્ અખંડઃ પૂર્ણઃ પ્રાદુર્ભૂતઃ સન્ 'કૃષ્ણઃ' ઇતિ ઉચ્યતે''. તે બ્રહ્મ-પરમાત્મા-ભગવાન્ જગદુદ્ધારને માટે જે વખતે પૂર્ણરૂપે પ્રાદુર્ભૂત થાય છે ત્યારે તેને 'કૃષ્ણ' કહેવામાં આવે છે. અને આવો કૃષ્ણ જ્યારે ઉદ્ધારને માટે નહીં પણ મારો-તારો એમ એક-એક વ્યક્તિના ઉદ્ધાર માટે જે વખતે આપણા ઘરમાં ઘરના ઠાકુર રૂપે પ્રકટ થાય છે ત્યારે તે આપણો 'સેવ્ય' કહેવાય છે. સૂરદાસજીએ ગાયું છે ''નંદનંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો, યામેં કહા ઘટેગો તેરો''.

કૃષ્ણ આપણા ઘરના ઠાકુરના રૂપમાં પ્રકટ ત્યારે થાય છે કે જ્યારે આપણે બ્રહ્મસંબંધ લઇને તેને એમ કહીએ છીએ કે આ મારૂં ઘર, આ મારો દેહ, પત્ની, પરિવાર, ઘર... મારૂં બધું જે કાંઇ ઇષ્ટ છે તે તારી સેવાને માટે છે. તું મારો ઠાકુર છે, હું તારો દાસ છું. તું મારો સ્વામી છે, હું તારો સેવક છું. હું તારો છું. ત્યારે તે પણ પ્રકટ થઇને કહેશે કે સારૂં, તો પછી હું પણ તારો સ્વામી છું, હું તારો સેવ્ય છું. આ પ્રકારે કૃષ્ણ આપણા ઘરમાં સેવ્યરૂપે પ્રકટ થાય છે.

આપણે જોયું કે આપણા સેવ્યના (કૃષ્ણ-ભગવાન-પરમાત્મા -બ્રહ્મ એમ) એક એક પાસા એક પછી બીજા કેવી રીતે સામે આવી રહ્યા છે. તમારો ઠાકુર કોણ છે ? વ્રજલીલામાં પ્રકટ થયેલો કૃષ્ણ છે. દ્વાપરમાં વ્રજલીલામાં પ્રકટેલો કૃષ્ણ ભૂતલ ઉપર કેટલો સમય બિરાજ્યો ? સો કે એકસો દશ વર્ષ. ભૂતલ ઉપર કૃષ્ણ ભલે ગમે તેટલા વર્ષ બિરાજે પણ છે તો તે શાશ્વત ભગવાન, અનાદિ- અનંત અજન્મા. આ એનું વિરોધી પાસું આવી ગયું.

તમારા ઘરમાં જે પ્રકટ થયો છે તે તમારો ઠાકુર છે પણ છે તે વ્રજનો કૃષ્ણ ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ''. અને દ્વાપરના અંતમાં ગોકુલ-મથુરામાં પ્રકટેલો વ્રજાધિપ ભૂતલ ઉપર બિરાજ્યો માત્ર સો વર્ષ. સો વર્ષ બિરાજ્યો તેનો અર્થ શું તેનું અસ્તિત્વ ફક્ત સો વર્ષ જેટલું જ છે ? આવી વાત નથી. તેનું અસ્તિત્વ અનાદિ-અનંત છે. આ અર્થમાં આપણો સેવ્ય ઠાકુર ભગવાન્ છે. અનાદિ-અનંત તેનું અસ્તિત્વ ફકત વૈકુંઠમાં જ છે ? નહીં. અનાદિ-અનંત તેનું અસ્તિત્વ તમારા આત્માની અંદર પણ છે. આ પક્ષમાં તમારો ઠાકુર પરમાત્મા થઇ ગયો. અને આનાથી આગળ વધીને અનાદિ-અનંત અસ્તિત્વ ફકત તમારી આત્મામાં જ નથી, તેનું અસ્તિત્વ કણ-કણમાં છે ''અણવપિ બ્રહ્મ વ્યાપકં ભવતિ, કૃષ્ણઃ યશોદાક્રોડે સ્થિતોઽપિ સકલજગદાધારો ભવતિ''. જે તમારા આત્માની અંદર બિરાજેલો છે તે કણ-કણમાં વ્યાપેલો છે. અર્થમાં પરમાત્મા બ્રહ્મ થઇ ગયો.

આ વિરોધી પાસાઓમાં સમગ્ર વાતને જ્યાં સુધી આપણે નહીં સમજીએ ત્યાં સુધી સેવાનું સાચું સ્વરૂપ આપણી સમજમાં આવી નહીં શકે. આ જ વાત આપણે ઋતુક્રમની સેવામાં પણ સમજવી પડશે કે આપની ઋતુ વ્રજને અનુસાર થશે. વ્રજની ઋતુ ઠાકોરજી પ્રકટયા તે વખતના વ્રજને અનુસાર હશે. અને તે વખતના વ્રજની ઋતુ નિત્યલીલાની નિત્ય સુખદ ઋતુઓને અનુસાર હશે. આ વિરૂદ્ધધર્માશ્રયતા જ્યાં સુધી તમે ઋતુક્રમની સેવામાં નહીં વિચારો ત્યાં સુધી ઋતુક્રમની સેવાની રીતિનું જસ્ટિફિકેશન (પ્રમાણિકતા) તમને નહીં મળે કે જે ઋતુક્રમની સેવાની રીતિ લખેલી છે તે ઋતુ આપણે અનુભવી નથી રહ્યા, જે ઋતુ અનુભવી રહ્યા છીએ તે ઋતુ વ્રજમાં નથી હોતી, જે ઋતુ વ્રજમાં છે તે ઋતુ ઠાકોરજી વ્રજમાં જે વખતે પ્રકટ થયા તે વખતના જેવી નથી... તાત્પર્ય એ છે કે તમારે દરેક વખતે આ વાતને પોતાના સંદર્ભમાં વિચારવાની છે. છેતો તે વ્રજનો ઠાકુર પણ તમારે પોતાના સંદર્ભમાં તેને પોતાનો ઠાકુર માનવાનો છે. આમ છે તે ઋતુ તમારી પણ તે ઋતુને તમે જ્યાં સુધી વૈકુંઠની ઋતુ માનીને નહીં ચાલો ત્યાં સુધી ઋતુક્રમની સેવાની સમસ્યાનો પરિહાર (ઉકેલ) નહીં થઇ શકે. આને તમે એક સરળ દૃષ્ટાન્તથી સમજો. તમને

આજે ગરમી લાગી રહી છે. તમે તેને વ્રજની ગરમી સમજો.

વિચારો કે તમે તમારા ઠાકોરજીને જે માખણ ભોગ ધરી રહ્યા છો તે માખણ તમારૂં છે કે શ્રીયશોદાજીનું છે ? જો તમે એમ માની રહ્યા છો કે તે માખણ યશોદાજીનું છે ત્યારે તો તમારૂં માખણ ઠાકોરજી આરોગી જ નથી રહ્યા; અને તમે જો તમારૂં માખણ ધરી રહ્યા છો ત્યારે તમે ''માખનમિસરી ભાવે મૈયા મોહી'' એવા પદ કેવી રીતે ગાઇ શકશો ? તો માણસ જેમ એક પગ ટેકાવે પછી બીજો પગ ઉપાડીને બીજી જગ્યાએ ટેકાવે છે એમ નિરન્તર આપણે આપણા દેશ-કાલમાં ટેકાવવો છે. આ પ્રકારથી આપણે આપણા સેવાના સાથીની સાથે ચાલશું તો આપણી સેવા આધિદૈવિકી બની શકશે. આપણી સેવાનો સાથી કેવો છે ? તે નિત્ય, શાશ્વત, અનાદિ, અજન્મા પણ છે અને જન્મી પણ રહ્યો છે. તે વ્રજનો ઠાકુર છે અને આમ બ્રહ્માંડનો નાયક પણ છે. આમ તો વિચાર કરો તો બ્રહ્માંડના નાયકને વ્રજનો ઠાકુર કહેવાથી તેની કેટલી મોટી પદની હાની થઇ રહી છે. રાજસ્થાનના ગર્વનરને તમે અજમેરનો કલેકટર કહો તો તેની કેટલી પદની હાની થશે. ગર્વનરને આ સાંભળીને ગુસ્સો આવી શકે છે પણ આપણા ઠાકુરનો મજેદાર સ્વભાવ એવો છે કે તેને જો તમે એમ કહો કે તું મારા ઘરનો ઠાકુર છે તો તેને કયારેય પણ એમ નહીં લાગે કે હું આટલા મોટા બ્રહ્માંડનો સ્વામી છું તેને આ પોતાના ઘરનો ઠાકુર માની રહ્યો છે તેને પોતાનું અપમાન નથી લાગતું. માટે તમે જો તેને કહેશો કે ''નંદનંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો''. તો તે એમ નહીં કહે કે હાલતો થા, તારા જેવા તો કેટલાય મારે ત્યાં પડેલા છે. તું શું મારો સેવક થશે તે એમ નહીં કહે. ઉલ્ટુ એ તો એમ કહેશે કે તું જ મારો સાચો સેવક છો. તારા જેવો સાચો સેવક બીજો મને આજ સુધી મળ્યો નથી અહીં સુધી પણ તે કહી દેશે. પણ આવો વિચાર આપણા ઠાકુરનો બને તેને માટે આપણા હૃદયમાં પહેલાં એ ભાવ હોવો જોઇએ કે તારા જેવો સ્વામી મારો બીજો કોઇ બની નથી શક્તો. પહેલી શરત છે ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''. એક વખત તેને આ રીતથી વિચારો કે તારા જેવો મારો સ્વામી બીજો કોઇ નથી ત્યારે પછી તે એમ વિચારશે કે તારા જેવો સેવક મારો બીજો કોઇ નથી. ''યાદશોસિ હરેઃ કૃષ્ણઃ તાદશાય

નમોઽસ્તુ તે, યાદશોઽસ્મિ હરેઃ કૃષ્ણઃ તાદશં માં હિ પાલય'' આ જે શ્રીગુસાંઇજી વિજ્ઞપ્તિ કરે છે આવો ભાવ જ્યારે તમને જાગશે ત્યારે ઠાકોરજીને પણ એ ભાવ જાગશે કે તું જેવો પણ છે તેવો તું મારો જ છે. વ્રજના લોકો ઇન્દ્રનો આશ્રય કરવા જઇ રહ્યા હતા તો સ્વયં ઠાકોરજીએ તેમને રોક્યા કે ભાઇ અન્યાશ્રય શા માટે કરી રહ્યા છો ''હમારો દેવ ગોવર્ધન રાનો''. કોઇ સમજી શકે છે કે આમાં અન્યાશ્રય ક્યાંથી થયો ? શું ઇન્દ્ર ઠાકોરજીથી અલગ છે ? બધા દેવતાઓ તો તેના અંગરૂપ છે. અંગની કોઇ પૂજા કરે, ઠાકોરજીને જેમ કોઇ કડા ધરાવે, તો તેમાં અન્યાશ્રય કેવી રીતે થઇ જાય ? પણ સમજો કે ઠાકોરજી એમ કહી રહ્યા છે કે જ્યારે હું આખે આખો તમારી પાસે છું ત્યારે તું (જુદાજુદા દેવતારૂપ) મારા કોઇ એક અંગની પાછળ શા માટે પડયો છો ? વ્રજવાસી આવી ભૂલ કરવા જઇ રહ્યા હતા ત્યારે ઠાકોરજીએ તેમને રોક્યા. કેમ ? કેમકે ઠાકોરજીએ તેમને પોતાના માન્યા હતા. ઠાકોરજીએ તેમને પોતાના એટલી હદે માન્યા હતા કે હું પૂર્ણરૂપે તમારો છું. આપણે પણ જ્યારે શ્રીગુસાંઇજીની વિજ્ઞપ્તિમાં જે ભાવ પ્રકટ કર્યો છે એવા ભાવથી ભગવત્સેવા કરશું ત્યારે આપણી દરેક ઋતુને પ્રભુ પોતાની ઋતુ માનશે. આપણી ગરમીને પ્રભુ પોતાની ગરમી માનશે. આપણી ઠંડીને પ્રભુ પોતાની ઠંડી માનશે. આપણા વરસાદને પ્રભુ પોતાનો વરસાદ માનશે. પણ શરત એ છે કે પહેલાં પોતાની ઋતુમાં તમે તેને સ્વીકારો. જ્યારે તમે તમારી ઋતુમાં તેને સ્વીકારી લેશો ત્યારે તે પણ તમારી ઋતુઓને પોતાની ઋતુ માની લેશે. અને જ્યારે તેણે તમારી ઋતુને પોતાની ઋતુના રૂપમાં સ્વીકારી લીધી ત્યારે પછી તે ઋતુ નિત્યલીલાની ઋતુ થઇ ગઇ. જેવી પણ તે ઋતુ છે તે નિત્યલીલાની ઋતુ છે. તે હવે કોઇ લૌકિક ઋતુ નથી રહી ગઇ. શ્રીમહાપ્રભુજી ખૂબ જ સુંદર આજ્ઞા કરે છે કે ભક્ત જયાં પણ ભગવાનની સેવા કરે છે તે સ્થળ વૈકુંઠ બની જાય છે, તે પછી ભૂતલ નથી રહી જતું. એમ ભક્ત ભગવાનની જે ઋતુમાં સેવા કરે છે તે ઋતુ વૈકુંઠની આધિદૈવિક ઋતુ થઇ જાય છે, તે પછી લૌકિકી ઋતુ નથી રહેતી.

મોટા ભાગે લોકો આ વાત ઉપર કહેતા હોય છે કે સેવાની રીતમાં વ્રજની જ ઋતુને માન્ય કરવામાં આવી છે. પણ હકીકતતો એ છે કે આજે તો

વ્રજની ઋતુ પણ બદલાઇ ગઇ છે. અને જો આપણે ઠાકોરજી જે વખતે દ્વાપરમાં પ્રકટયા હતા તે વખતની વ્રજની ઋતુ વિચારીએ છીએ ત્યારે તો તે ઋતુઓ આજે બિલકુલ રહી જ નથી. તમે અત્યારે વ્રજમાં જઇને જોઇલો. તે વખતની ઋતુઓ આજે રહી નથી.

એક સામાન્ય વાત બતાવું કે આજથી ૩૦૦-૪૦૦ વર્ષ પહેલાં સુધી આપણી યમુનાજી બારેમાસ વહેતી નદી હતી. તે પણ પાછી એટલી મોટી હતી કે જેના દ્વારા ઘણો બધો માલ-સામાન એકથી બીજા શહેરોમાં આવતો-જતો હતો, સેનાના મોટા-મોટા કાફલાઓ યમુનાજીના માર્ગથી આવતા-જતા હતા. આજે હાલત એ થઇ ગઇ છે કે તે યમુનાજીમાં મથુરા-ગોકુલની પાસે ગોઠણ સુધી પાણી પણ મહામુશીબતે હોય છે. તે જુઓ વાત બદલાઇ ગઇને યમુનાજી બદલાઇ ગયા.

પહેલાં આપણે ગોકુલ-મથુરાથી યમુનાજલ ભરીને લાવતા હતા, આપણે ત્યાં (કિશનગઢ)થી કુંદનજી યમુનાજલ પધરાવવા વ્રજ જતા હતા અને ત્યાંથી યમુનાજી પધરાવીને પગે ચાલીને કિશનગઢ આવતા હતા. મને બરાબર યાદ છે કે ત્યારે યમુનાજીનું જલ બબ્બે વર્ષ સુધી બગડતું નહીં, તેમાં કયારેય જીવાત પડતી નહોતી, દુર્ગન્ધ નહોતી આવતી. આજે સ્થિતિ એવી છે કે જલ ભરશો તે વખતે જ જલમાં જીવાત દેખાશે, દુર્ગન્ધ આવશે. હકીકત આજે એ છે કે યમુનાજીને તો દિલ્હીથી પહેલાં જ બંધ બનાવીને રોકી દેવામાં આવ્યા છે. બંધનું બધું જ જલ દિલ્હીના ઉપયોગમાં લઇ લેવામાં આવે છે. હવે સ્થિતિ એ છે કે દિલ્હીની ગટરોને જો યમુનાજીમાં ન ઠાલવે તો યમુનાજીનું જલ ગોકુલ-મથુરા સુધી પહોંચે જ નહીં. તેથી આજે મથુરા-ગોકુલમાં જે જલ વહે છે તે યમુનાજીનું નથી, પૂરેપુરૂં જલ દિલ્હીની ગટરનું હોય છે. હવે તે જલમાં તો જીવાત હોવી સ્વાભાવિક જ છે. દિલ્હી તો જેમ દેશની રાજધાની છે તેમ પાપની પણ રાજધાની છે. તેના જલમાં તો જીવાત હોવી સ્વાભાવિક વાત છે. આ સ્થિતિને વિચારીએ તો આપણા મનમાં ચિન્તા પેદા થઇ શકે છે કે તો પછી યમુનાજલ કયાંથી લાવવું ? એક વાત સમજો કે તમારા કુવાના જલથી, નળના જલથી ''નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા...'' બોલીને શ્રીયમુનાજીની

ભાવનાથી તેની ઝારી ભરી, યમુના જલના ભાવથી સ્નાન કરાવ્યું. ત્યારે પછી તે જલ તમારા કુવા-નળનું જલ નથી રહી જતું. યમુનાજલ બની જાય છે. જેમ અખિલ બ્રહ્માંડનો નાયક તમારા ઘરનો ઠાકુર બનીને આવી રહ્યો છે એવી જ રીતે વ્રજાધિપ તમારા ઘરમાં યમુનાજલથી સ્નાન કરવા પધારશે. તે યમુનાજલથી જરાપણ ન્યૂન નથી આ વાતને સ્પષ્ટ સમજી લો. એવી જ રીતે જે ઋતુ તમને પ્રાપ્ત છે, જે શરીર તમને પ્રાપ્ત છે, જે ધન તમને પ્રાપ્ત છે, જે પરિવાર તમને પ્રાપ્ત છે તેનાથી જ્યારે તમે વ્રજની ભાવનાની સાથે પોતાના ઠાકોરજીની સેવા કરશો તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્ત જ્યાં પણ ભગવત્સેવા શરૂ કરી દે છે તે સ્થળ વૈકુંઠ બની જાય છે. ત્યાં રહેનાર દરેક નિવાસી વૈકુંઠનો વાસી બની જાય છે. વૈકુંઠવાસી એ અર્થમાં નહીં કે જેની શોકસભા કરવી પડે. 'વૈકુણ્ઠ' નો ખૂબ સુંદર અર્થ છે. જ્યાં કોઇ પણ જાતની કુંઠા નથી તે વૈકુંઠ છે. જેને કુંઠા છે, હાય-હાય છે, આજે આ નથી, આજે તે નથી, આજે લાડવા નથી, આજે પુરી નથી, આજે કોઇ મનોરથી નથી, આજે કોઇ રસીદ ફડાવવાવાળો નથી આમ જે હાય-હાય કરતા રહે છે તે બધા કુંઠાવાસી છે, વૈકુંઠવાસી નથી. પદ્મનાભદાસજીની અંદર કોઇ જાતની કુંઠા ન હતી. મથુરાધીશજી પણ છોલાનો ભોગ આરોગવામાં પ્રસન્ન હતા. તેઓ અડેલ ગયા અને ત્યાં શ્રીમહાલક્ષ્મીજીએ એમને ત્યાં જ્યારે સામગ્રી મોકલાવી ત્યારે પદ્મનાભદાસજીમાં મથુરાધીશજીને પૂછવાનું સામર્થ્ય હતું કે આપને સીધામાં આવેલી સામગ્રી આરોગવી છે કે મારા છોલા આરોગવા છે ? મથુરાધીશજીને પણ કોઇ કુંઠા ન  હતી કે એમને છોલા આરોગી-આરોગીને કંટાળો આવી ગયો હોય. મથુરાધીશજીએ એમને આજ્ઞા કરી કે મને તો છોલા જ ભાવે છે. પદ્મનાભદાસજીએ વિચાર્યું કે તો પછી કાંઇ ચિંતાની વાત નથી સીધાને પહોંચાડી દો પાછો શ્રીમહાલક્ષ્મીજીને ત્યાં અને આપણે આપણા છોલા આરોગાવવા અને એનો મહાપ્રસાદ લેવા ચાલો આપણે ઘેર. શ્રીમહાપ્રભુજીએ પણ એ જ વાત કહી કે ''સીધો પઠવાયો તાતેં ગયો. નાહીં તો ન જાતો''. કારણ કે પદ્મનાભદાસજીની અંદર છોલા માત્રનો ભોગ ઠાકોરજીને ધરવામાં કોઇ જાતની કુંઠા ન હતી. એવી જ રીતે ન એમના ઠાકુરજીમાં પણ કોઇ કુંઠા હતી કે મને ફકત છોલા જ ભોગ ધરી રહ્યો છે. બંને છોલામાં રાજી હતા. આનુ નામ

વૈકુંઠવાસ.

આપણને હાય-હાય છે કે બૂંદી નથી આવી, મઠડી નથી આવી, મોહનથાળ ન આવ્યો, હાય-હાય હાય-હાય .... આ બધી કુંઠા છે. આપણે વૈકુંઠવાસી નથી. આપણે કુંઠાવાસી છીએ. વૈકુંઠવાસી એ છે કે સહજતાથી જે કાંઇ મળે તેમાં પ્રસન્ન થઇને જે સેવા કરે ''સહજ પ્રીતિ ગોપાલે ભાવે''. પદ્મનાભદાસજી છોલામાં જ બધી સામગ્રીનો ભાવ કરી લેતા હતા કે આ દાળ આરોગો, આ કઢી આરોગો, આ ભુજેના આરોગો, આ મીઠો ભાત આરોગો, આ મોહનથાળ આરોગો. હતા બધા છોલા જ છોલા. પણ ઠાકોરજી કેમકે વૈકુંઠવાસી છે એટલે એમને છોલામાં મોહનથાળનો સ્વાદ આવતો હતો, બુંદીનો સ્વાદ આવતો હતો. આરોગી રહ્યા છે છોલા અને બૂંદીનો સ્વાદ કેવી રીતે આવી શકે પણ આવી કુંઠા મથુરાધીશજીને નથી, આવી કુંઠા પદ્મનાભદાસજીમાં નથી તેથી બંને વૈકુંઠમાં વાસ કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનનો ભક્ત જ્યાં પણ સેવા કરવા માંડે તે વૈકુંઠની વસ્તુ બની જાય છે. તેમાંથી બધી કુંઠાઓ નિવૃત્ત થઇ જશે.

જેટલા વિવાદ ઋતુક્રમની સેવાની બાબતમાં ચાલી રહ્યા છે કે કઇ ઋતુના અનુસાર સેવા કરવી; પોતાના ગામની ઋતુ મુજબ સેવા કરવી કે વ્રજની ઋતુ મુજબ કરવી, વ્રજની પણ શ્રીમહાપ્રભુજીના સમયની ઋતુ મુજબ કે ઠાકોરજી પ્રકટયા તે સમયની ઋતુ મુજબ કરવી.... આ બધા ક્ષુદ્ર મુદ્દાઓ છે. શ્રીમહાપ્રભુજીનો રાજમાર્ગ પકડશો તો વાત સમજાઇ જશે કે જે કાલમાં ભક્ત ભગવાન્‌ની સેવા કરી રહ્યો છે તે ઋતુ વૈકુંઠની ઋતુ છે. આ ઋતુક્રમની સેવાનું ગંભીરતમ રહસ્ય છે. આ નહીં સમજી શકો તો ઋતુક્રમની સેવામાં થાપ ખાઇ જશો.

''પઢ-પઢ પોથી જગ મુઆ પંડિત હુવા ન કોઇ, ઢાઇ અક્ષર પ્રેમકે પઢે સો પંડિત હોઇ'' પોથીઓનો ઋતુક્રમ વાંચી-વાંચીને બુદ્ધિ પોકળ થઇ જશે પણ પ્રેમના આ રહસ્યને સમજી જશો જે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભગવાનનો ભક્ત જ્યાં પણ ભગવાન્‌ની સેવા કરી રહ્યો છે તે ઋતુ વૈકુંઠની ઋતુ બની જઇ રહી છે. આ રહસ્યને સમજીને જ્યારે તમે સેવા કરશો પછી

ઋતુક્રમની સેવાનો ક્રમ તમને કનડગત ઉભી નહી કરે, ન તેમાં કોઇ તમને વિરોધાભાસ લાગશે.

**પ્રશ્ન :** પુષ્ટિવિધાનમ્ પુસ્તકમાં નવરત્નના ત્રીજા-ચોથા શ્લોકનું તાત્પર્ય સમજાવતા શ્લોકોની ઉત્થાનિકામાં લખ્યું છે : ''નિવેદિતાત્મના નિવેદિતેષુ અનિવેદિતેષુ વા સ્વસ્ય સ્વકીયાનાં વા વિનિયોગેપિ ભક્ત્યર્થં ક્રિયમાણા ચિન્તા આત્મનિવેદનસ્વરૂપવિચારેણ નિવર્તનીયા''. આનું તાત્પર્ય સમજાવવા કૃપા કરશો.

**સમાધાન :** એક સ્થુળ ઉદાહરણ દઇ રહ્યો છું. તમે સેવામાં જવા માટે સ્નાન કરવા જઇ રહ્યા છો. પત્નીએ કે માંએ તમને નહાવાની તૈયારી કરી દીધી. જલ ગરમ કરીને રાખી દીધું. તમે નહાઇ લીધું અને ઠાકોરજીની સેવામાં ગયા. ધ્યાનથી જૂઓ તો સેવા તમે કરી રહ્યા છો પણ પરિવારના જે લોકોએ તમારી સહાયતા કરી છે એમણે પણ એક રીતે વિચાર કરીએ તો ઠાકોરજીની સેવા કરી છે. કેવી રીતે કરી છે ? ઠાકુરજીની નથી કરી. ઠાકોરજીની સેવા કરનારની સેવા કરી છે. આ પણ એક જાતની સેવા છે. કેમકે ઠાકોરજીના સેવકની સેવા જો ઠાકોરજીનો સેવક નહીં કરે તો છેવટે વ્યવધાન ઠાકરોજીની સેવામાં જ થશે. તેથી ઠાકોરજીના સેવકની સેવા પણ એક પ્રકારની સેવા છે. શ્રીગુસાંઇજીના સેવક કણબીની વાર્તામાં આવે છે કે ઠાકોરજી ઉત્તમ દૂધ આરોગે તેના માટે ઠાકોરજીની ગાયોને ઘાસ ધોઇને ખવડાવતો. આટલી સાવધાનીથી ગાયની સેવા કરતો. હવે આ સેવા ઠાકોરજીની માનવામાં આવશે કે ગાયની? ઠાકોરજીની જ સેવા મનાશે. ઠાકોરજીની ગાયની સેવા ઠાકોરજીની જ સેવા છે.

હવે તમારા પ્રશ્નનો વિચાર કરીએ. જેણે આત્મનિવેદન કર્યું છે તેનો કયારેક નિવેદિતમાં વિનિયોગ થઇ શકે છે તો કયારેક અનિવેદિતમાં પણ વિનિયોગ થઇ શકે છે. જેમ, મેં જ્યારે આત્મનિવેદન કર્યું તે વખતે મારી દીકરીનું પણ નિવેદન પ્રભુને કર્યું હતું. હવે માની લો કે મારી દીકરી ઠાકોરજીની સેવા નથી કરતી, તેના પતિની સેવા કરી રહી છે. આ સ્થિતિમાં મને ચિંતા થશે કે મેં તો મારી દીકરીનું નિવેદન પ્રભુને કર્યું હતું પણ તેનો વિનિયોગ પ્રભુસેવામાં

નથી થઇ રહ્યો તેથી મારૂં નિવેદન ખોટું તો નહીં થઇ જાય ? શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે કે આવી ચિંતા કરવી નકામી વાત છે. કેમકે આપણે આત્મનિવેદન પ્રત્યેકનું નહીં, બધાનું કર્યું છે.

પ્રત્યેક અને બધા આ બંનેમાં ફરક હોય છે. માની લો કે હમણા પ્રવચનમાં કેટલાક લોકો સુઇ રહ્યા છે. આ વખતે હું કહું કે ''બધા લોકો મારી વાત સાંભળે છે'' તો મારૂં વિધાન સાચું પડશે કે ખોટું ? મારૂં વિધાન ત્યારે ખોટું પડત કે હું એમ જ્યારે કહેત કે ''પ્રત્યેક વ્યક્તિ મારી વાત સાંભળે છે''. મેં કેમકે દરેકને માટે વિધાન નથી કર્યું તેથી મારૂં વિધાન ખોટુ નહી માનવામાં આવે. અંગ્રેજીમાં આને 'ઓલ્' અને 'ઇચ એન્ડ્ એવ્રી' કહેવામાં આવે છે. આમ બ્રહ્મસંબંધમાં આપણે દર એકનું સમર્પણ નથી કર્યું, બધાનું કર્યું છે. જેમ, માની લો કે જે વખતે આપણું બ્રહ્મસંબંધ થયું તે વખતે આપણા લગ્ન નહોતા થયા. આપણે બ્રહ્મસંબંધમાં તો સ્ત્રી-પુત્ર બધાનું નિવેદન કરીએ છીએ. જ્યારે લગ્ન જ નથી થયા ત્યારે પત્ની ક્યાં છે ? પત્ની જ નથી ત્યારે પુત્ર ક્યાંથી આવશે ? ઠાકોરજી કહેશે કે મારી જ સામે ખોટું બોલે. ખોટું બોલવા માટે બીજો કોઇ ન મળ્યો. લગ્ન થયા નથી અને છોકરાવનું સમર્પણ કરી રહ્યો છે. સમજવાની વાત એ છે કે મંત્રમાં પુત્રનો ઉચ્ચાર ઇચ એન્ડ્ એવ્રીના અર્થમાં નથી બધાના અર્થમાં છે. હોય તોય સાચું, ન હોય તોય સાચું. ઘર-ધન હોય તો સાચું ન હોય તો સાચું. તાત્પર્ય એ છે કે નિવેદન પ્રત્યેકનું નથી, બધાનું છે. બધાનું નિવેદન છે ત્યારે તેમાંથી કોઇ સેવામાં આવ્યો તો સારી વાત છે. સેવામાં જો ન આવ્યો તો ચિંતાની શું વાત છે ? આપણે તો બધાનું નિવેદન કરી દીધું છે.

હું વધારે આ વાતને આ રીતે સમજાવું છું. આપણે ત્યાં કોઇ મહેમાન આવ્યા. આપણે તેને ભોજન માટે થાળીમાં વીસ-પચ્ચીસ વસ્તુઓ પીરસી દીધી. તેમાંથી તેને જે ભાવે તેને તે ખાય. પણ જો કોઇ મેજબાન (ગૃહસ્થ) મહેમાનની પાછળ હાથધોઇને પડી જાય કે ખાવ, પેલું ખાવ, આ કેમ નથી ખાતા, પેલું કેમ ન ખાધું..... તો તે વિચારશે કે મહેમાનનવાજી કરી રહ્યો છે કે ગુલામી કરાવી રહ્યો છે. આવી રીતે કોઇ મેજબાન આપણી પાછળ પડી જાય

તો મોટી મુસીબત ઉભી થઇ જાય. ભાવતી વસ્તુ પણ ભાવતી બંધ થઇ જાય. એવી જ રીતે આત્મનિવેદન કરનારને પ્રભુની પાછળ ન પડી જવું જોઇએ કે મહારાજ મેં તો સમર્પણ કરી દીધું છે હવે તેનો ઉપયોગ કરો, પેલાનો ઉપયોગ કેમ ન કર્યો... ઠાકોરજી કહેશે કે ભાઇ મારી ઇચ્છા હશે તેનો ઉપયોગ કરીશ, ઇચ્છા નહીં હોય તો નહીં કરૂં. તેં સમર્પણ કરી દીધું. હવે તું છુટ્ટો. મારે જેનું સમર્પણ સ્વીકારવું હશે તેનું સ્વીકારીશ, જ્યારે સ્વીકારવું હશે ત્યારે સ્વીકારીશ. ઠાકોરજીનો વિચાર સમર્પણની બાબતમાં આવો છે. આ સ્થિતિમાં જ્યારે આપણે કોઇના અન્યવિનિયોગ કે પ્રભુમાં અવિનિયોગને પકડીને ચિંતા કરવા લાગી જઇએ તો તેનો અર્થ એ છે કે આપણે સમર્પણના ભાવને સમજી નથી શક્યા.

પ્રત્યેકના સમર્પણમાં એક જાતનો અહંકાર બોલે છે. સર્વના સમર્પણમાં તેવો અહંકાર નથી. તેમાં તો જે છે તે પણ સમર્પિત છે, નથી તે પણ સમર્પિત છે. પણ પ્રત્યેકના સમર્પણમાં તો જે નથી અથવા જે થનાર છે તેનું તો સમર્પણ થઇ જ નહીં શકે. પ્રત્યેકના સમર્પણમાં કુંવારો માણસ બ્રહ્મસંબંધ લઇ જ નહી શકે. પહેલા તેને લગ્ન કરવા પડશે. ફક્ત લગ્ન જ કરવાથી પુરૂ નહીં થઇ જાય. બાળકો પણ પેદા કરવા પડશે. મંત્રમાં 'આપ્ત' પણ લખેલું છે તેથી મિત્ર પણ બનાવવા પડશે. ગામમાં બધા સાથે દોસ્તી કરવા નિકળી પડો. કેમ ? કહે કે બ્રહ્મસંબંધ લેવું છે. આવું પ્રત્યેકનું સમર્પણ નથી. અહીં મંત્રમાં જે વાતો ગણવામાં આવી છે. તે પ્રત્યેકના અર્થમાં નથી ગણાવવામાં આવી, બધાના અર્થમાં ગણાવવામાં આવી છે. અમે તો આપને બધું જ સમર્પિત કરી રહ્યા છે આપને જે સારૂ લાગે તેનો ઉપયોગ કરો. આ તાત્પર્યથી નવરત્ન ગ્રંથના પાંચમા શ્લોકની ઉત્થાનિકામાં કહેલું છે કે ''નિવેદિતાત્મના નિવેદિતેષુ અનિવેદિતેષુ વા સ્વસ્ય સ્વકીયાનાં વા વિનિયોગેપિ ભક્ત્યર્થં ક્રિયમાણા ચિન્તા આત્મનિવેદનસ્વરૂપવિચારેણ નિવર્તનીયા (પુષ્ટિવિધાનમ્ સંસ્કૃત પાના નં. ૩૦). આત્મનિવેદન જેણે કર્યું છે તેનો અથવા તેના આત્મીય જનોનો વિનિયોગ નિવેદિત અથવા અનિવેદિત લોકોના કાર્યમાં થતો હોય ત્યારે તેને પોતાની ભક્તિની બાબતમાં ચિન્તા થાય છે. આવી ચિંતાનું નિવારણ

આત્મનિવેદનના સ્વરૂપનો વિચાર કરીને કરવું જોઇએ.

આત્મનિવેદનનું સ્વરૂપ શું છે ? એ કે આપણે પ્રત્યેકનું સમર્પણ નથી કર્યું, સર્વનું કર્યું છે. પ્રત્યેકના સમર્પણમાં તો ઇન્વેન્ટ્રી (હાજર માલની યાદી), જેવી કાર્યવાહી કરવી પડશે. જેમ કોઇ અધિકારી બીજા અધિકારીને ચાર્જ સોંપે ત્યારે પોતાના ચાર્જમાં જેટલી ચીજ-વસ્તુ હોય તે બધાની સૂચી બનાવી તે સૂચી સાથે ચીજ-વસ્તુનો મેળ કરીને બીજા અધિકારીને ચાર્જ સોંપતા હોય છે. તેમાં જો એકપણ વસ્તુમાં ગડબડ જણાય તો બીજો અધિકારી ચાર્જ નહીં સંભાળે. તે કહેશે કે સૂચીમાં લખેલી વસ્તુ ગાયબ છે. પણ પ્રત્યેકનું નહીં કરીને સર્વનું સમર્પણ જો આપણે કરી રહ્યા છીએ તો તેમાં સૂચી (યાદી) બનાવવાની જરૂર પડતી નથી. ભૂત-ભવિષ્ય-વર્તમાન બધાનું સમર્પણ કરી દેવામાં આવે છે. તેથી 'સર્વ' કહેવાથી કઇ ચીજની વધ-ઘટ થાય તો પણ ખોટું નથી પડતું. પણ 'પ્રત્યેક' કહેવાથી વાત ખોટી પડી શકે છે. તેથી બ્રહ્મસંબંધ પ્રત્યેકના અર્થમાં નથી, સર્વના અર્થમાં છે. તેથી કોઇ વસ્તુ પ્રભુના કામમાં આવી રહી છે તો સારી વાત છે, નથી આવી રહી તો પ્રભુની ઇચ્છા. ''તોડો ફેંકો રકખો કરો કુછભી, દીલ હમારા હૈ એક ખિલૌના''. જે કરવું હોય તે કરો. અમે તો આપને સર્વ સમર્પિત કરી દીધું છે. તમે તેનાથી ખેલશો ત્યારે પણ મજા છે, ફેંકો-તોડો ત્યારે પણ મજા છે.

વાજિદલિ શાહની પાસે પન્નાનો એક પ્યાલો હતો. એક દીવસ તેની અંતરંગ એક દાસી પન્નાના પ્યાલામાં કાંઇક પિવડાવવા આવી રહી હતી. અચાનક તેના હાથમાંથી તે પ્યાલો પડીને ભાંગી ગયો. દાસી બિચારી બિકની મારી ધ્રુજવા લાગી. તે દાસી ઉપર વાજિદલિ શાહને બહુ પ્રેમ હતો. તેને ધ્રુજતી જોઇને તેણે દાસીને કહ્યું કે તારી સામે આ પન્નાના પ્યાલાની શું કિંમત છે કે તે ભાંગી જવાથી ડરી રહી છે. જેને કારણે તું ડરી રહી છે તે તારા ડરને કાઢવો પડશે. એક કામ કર એકથી એક ચઢીયાતા મારા જેટલા પણ કીંમતી પ્યાલા છે તે બધાને તારા હાથથી તું મારી સામે તોડી નાખ. તેણે બધાજ પ્યાલા તોડાવી નાખ્યા. વાજિદલિ શાહ જેટલો વાજિબ છે તેના કરતા અનેક ગણો વાજિબ આપણો ઠાકુર છે. આ રહસ્યને સમજો. પણ શરત એટલી છે કે

સ્નેહ હોવો જોઇએ. તમારો સ્નેહ તેના ઉપર છે તો તેનો પણ તમારા ઉપર સ્નેહ છે. ''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''. શરત સ્નેહ ભકિત આત્મરતિની છે. સેવા શુદ્ધ સ્નેહ આત્મરતિ ભક્તિથી કરવાની છે. ન પગારની લાલચમાં કરવાની છે, ન ભયથી કરવાની છે, ન ગુલામીથી કરવાની છે, ન ધાડપાડુની જેમ કરવાની છે, ન ઠગાઇ કરવા માટે કરવાની છે, ન દયા-પરોપકાર કે ધર્મપ્રચારને માટે કરવાની છે. ઠાકોરજી તો સકલ જગતના કણ-કણમાં વ્યાપ્ત છે, આપણા હૃદયમાં બિરાજતા પરમાત્મા છે, વ્યાપિવૈકુંઠ બ્રહ્માંડનો નાયક છે. તે આપણા ઘરમાં આપણા ઘરનો ઠાકુર બનીને આવ્યો છે નીકે રાખિ જશોદા મૈયા નારાયણ ઘર આયો, યહ ધન ધર્મ હીતે પાયો. આ આપણે ત્યાંની સેવાનું રહસ્ય છે. આને જ્યાં સુધી તમે ઋતુક્રમમાં નહીં સમજો ત્યાં સુધી સેવા તમને ગુંચવણ ભરેલી લાગશે.

## <u>પછીના દિવસનું પ્રવચન</u>

### ઋતુક્રમમાં વસ્ત્રનો પ્રકાર :

સેવાના ઋતુક્રમના વિચારમાં કેટલિક મૌલિક વાતોનો ખુલાશો મેં ગઇકાલે કર્યો. રાગના સમ્બન્ધમાં પણ ખુલાસો પરમ દીવસે કર્યો હતો.

નિત્યક્રમમાં ઋતુને અનુસાર પરિવર્તન કરવું તેને 'ઋતુક્રમ' કહેવામાં આવે છે. આ પરિભાષાને પકડીને વસ્ત્ર-શૃંગારના વિષયમાં આપણે ત્યાં જે ઝીણી-ઝીણી સાવધાનીઓ રાખવામાં આવેલી છે તેનો વિચાર આજે આપણે કરશું.

મર્યાદામાર્ગમાં જ્યાં ભગવન્મૂર્તિની પૂજાનો પ્રકાર હોય છે ત્યાં મોટેભાગે બે પ્રકારનો વસ્ત્ર-શૃંગાર ધરાવવાનો ક્રમ જોવામાં આવે છે. એક પ્રકારના અંતર્ગત શાસ્ત્રમાં વર્ણવાયેલ પીતાંબર, કવચ, બાજુબંધ, કિરીટ વગેરે દરરોજ ધરાવવામાં આવે છે. તમે જો દક્ષિણમાં જાવ તો ત્યાંના વિષ્ણુમન્દિરમાં તમને ઠાકોરજીના આ પ્રકારના વસ્ત્ર-શૃંગાર ધરેલા દર્શન થશે. થોડા-ઘણા ફેરફાર કયારેક થાય છે પણ વધુ પડતો પ્રકાર એકસરખો રહે છે. આપણે ત્યાં

વસ્ત્ર-શૃંગારમાં જેવી વિવિધતા છે તેવી વિવિધતા ત્યાં નથી. બીજો પ્રકાર, આજ-કાલ તો મર્યાદા માર્ગીય નવા મન્દિરોમાં આપણી પ્રાચીન પ્રણાલીને બંધ કરીને સાપ્તાહિક પ્રણાલિનું અનુસરણ થતું જોવા મળે છે. જેમ રવીવારે આવા શૃંગાર-વસ્ત્ર, મંગળવારે આવા શૃંગાર-વસ્ત્ર... આવો અઠવાડીક ક્રમ ચાલુ થયો છે. આપણે ત્યાં આવો યાન્ત્રિક ક્રમ નથી.

આપણે ત્યાંના નિત્યસેવા ક્રમમાં જેટલી વિવિધતાથી ઠાકોરજીને વસ્ત્ર ધરીએ છીએ તેનું દૃષ્ટાન્ત જોશો તો તમને નવાઇ લાગશે. જેમ ઠાકોરજી જ્યારે ઉષ્ણકાલમાં પોઢે ત્યારે જો સ્વરૂપ ઠાડુ હોય તો શ્રીઅંગ ઉપર તનિયો ધરીને પોઢે છે. લાલન હોય તો એમ જ (કોઇપણ વસ્ત્ર વિના) પોઢે છે. શીતકાલમાં આત્મસુખ ધરીને પણ પોઢે. ઘણા લોકોને એવી ભ્રાન્તિ છે કે પોઢતી વખતે ઠાકોરજીને દસ રજાઇ ભલે ઓઢાડી દો પણ શ્રીઅંગ ઉપર એકપણ વસ્ત્ર ન હોવું જોઇએ. આ અજ્ઞાનભરેલી કલ્પના છે. આને પુષ્ટિમાર્ગીય સેવાનીસાથે કોઇ લેવા-દેવા નથી. શીતકાલમાં ઠાકોરજી આત્મસુખ ધરીને પોઢે છે. આ તો પોઢતી વખતનો વસ્ત્રનો પ્રકાર થયો.

ઠાકોરજી જાગ્યા પછી વસ્ત્ર ધરવાનો પ્રકાર અલગ થઇ જાય છે. તનિયો ધરીને પોઢેલા ઠાકોરજી મંગલામાં ફકત તનિયો ધરીને નથી બિરાજતા. શ્રીઅંગ ઉપર વસ્ત્ર ધરે છે. આ વસ્ત્ર પાછું મંગલાથી લઇને સ્નાન થતાં સુધી જ ધરે છે. કેમકે સ્નાન થયા પછી સન્ધ્યા આરતી સુધી ધરવાના વસ્ત્ર પાછા અલગ હોય છે. સન્ધ્યા આરતી પછી જ્યારે ઠાકોરજીને શૃંગાર વડા થાય ત્યાંથી લઇને ઠાકોરજી પોઢે તે સમય દરમ્યાનના સમયમાં વસ્ત્ર ધરવાનો પ્રકાર પાછો અલગ હોય છે. આ તો નિત્યની સેવાની વાત કહી રહ્યો છું. સામાન્યતયા લાલનને ઓઢણી ધરાવવામાં આવે છે. પણ ઠાડા ઠાકોરજીના વસ્ત્રમાં અન્તર હોય છે.

વસ્ત્ર ધરાવવાના પ્રકારની બારીકીનો વધારે વિચાર કરીએ તો ઠાકોરજી જાગવાથી લઇને સ્નાન થાય ત્યાં સુધીના વસ્ત્ર, જેને અંગ્રેજીમાં ટાઇટ ફિટિંગ કહે છે, એવા ચપોચપ વસ્ત્ર નથી ધરતા. આપણને પણ આવા કપડા ફાવતા નથી હોતા. આજકાલ અંગ્રેજોની દેખાદેખી આપણે ત્યાં પણ ઢીલા-ઢીલા ઝાબર-

ઝોલા જેવા સ્લીપીંગ ગાઉન વગેરે પહેરવાની ફેશન નીકળી છે. પણ જુના જમાનામાં એવો પ્રકાર ન હતો. તે જે પણ હોય પણ તેની અંદર રહેલા સિદ્ધાન્તને ધ્યાનથી સમજો. ચુસ્ત કપડા પહેરીને સુવાથી લોહીનું પરિભ્રમણ સારી રીતે નથી થતું. ઢીલા-હલકા કપડા પહેરીને સુવાથી લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે. તેના કારણે આપણને ઉંઘ પણ બરાબર આવે છે. આનો વિચાર કરીને આપણે ત્યાં ઠાકોરજીને પોઢાડતી વખતે શીતકાલ સીવાય માત્ર તનિયો ધરાવીને પોઢાડવામાં આવે છે.

જ્યારે ઠાકોરજી જાગે ત્યારે, સ્નાન ન થાય ત્યાં સુધી આપણને સુસ્તી રહે છે અને તે વખતે ચુસ્ત કપડા પહેરવા આપણને ગમતા નથી તેવી રીતે ઠાકોરજીને પણ સુસ્તી રહે છે એવા વિચારથી તેમા અનુરૂપ વસ્ત્ર ધરાય છે. તેથી ઠાકોરજીને સુસ્તીમાં પરિશ્રમ પડે એવા વસ્ત્ર ઠાકોરજીને ધરાવવા ન જોઇએ. માટે જ ઠાડા સ્વરૂપ જાગ્યા પછી મોટાભાગે આડબંધ ધરે છે. સ્ત્રીઓ જેમ સાડી પહેરે છે તે જાતનું વગર સીવેલું વસ્ત્ર હોય છે. તેનો એક છેડો ડાભા ખભા ઉપરથી પાછળની બાજુ જાય અને બીજો છેડો છાતી, કમર અને ગોઠણને ઢાંકીને પાછળ બાજુ જાય છે. આપણે ત્યાંના વસ્ત્રનો આ ઘણો પ્રાચીન પ્રકાર છે. હજારો વર્ષ પહેલાંની ગુફાઓની મૂર્તિ અને ચિત્રમાં તમને આડબંધ પહેરેલા જોવા મળશે. ધીમેધીમે આપણે ત્યાં તેવા વસ્ત્ર પહેરવાની પદ્ધતિ લોકમાં ખતમ થઇ ગઇ. પણ શ્વેતાંબર સમ્પ્રદાયના જૈન સાધુ આજે પણ તે પ્રકારનો આડબંધ પહેરે છે. મુસલમાન લોકો પણ હજ કરવા જાય ત્યારે આડબંધ પહેરતા હોય છે. જો ગરમી વધારે હોય તો ખંભા ઉપર ન ધરાવીને માત્ર કટિ ઉપર વસ્ત્ર ધરાવવામાં આવે છે. આ ઋતુક્રમની સેવાની વાત છે.

જ્યારે ઠાકોરજીને સ્નાન થઇ જાય ત્યારે લાલનને વાઘો અને ઓઢણી એમ બે જ પ્રકારના વસ્ત્ર ધરાવવામાં આવે છે. વાગો બગલબંડીની જેમ બે પાસાવાળુ વસ્ત્ર હોય છે. તેના ઉપર ઓઢણી ધરાવવામાં આવે છે. પણ ઠાડા સ્વરૂપના વસ્ત્રમાં ઘણી વિવિધતા છે. ઉષ્ણકાલમાં આડબંધ, પિછોરા, ધોતી, કરધની (ગાંધીજી પહેરતા હતા તેવી અડધી ધોતી), મલ્લકાછ એવા વિવિધ પ્રકારના વસ્ત્ર ધરે છે. આ વસ્ત્ર પણ શૃંગારના અનુરૂપ ધરાય છે. જેમ

ટિપારાનો શૃંગાર હોય તો વસ્ત્ર મલ્લકાછ ધરાય. આ એવા વસ્ત્રો છે કે જેનું ફિટિંગ કયાંયથી પણ ટાઇટ નથી. ઉષ્ણ ઋતુના કારણે પ્રભુને શ્રમ ન પડે તે વિચારથી પ્રભુને આવા વસ્ત્ર ધરાવવામાં આવે છે.

જ્યારે જન્માષ્ટમી આવી જાય ત્યારથી ઠાડા સ્વરૂપને ચાકદાર વાગો, સૂથન, કાછની વગેરે વસ્ત્ર ધરાવવાના શરૂ થાય છે. આ વસ્ત્ર ઠાકોરજી સન્ધ્યા આરતી સુધી ધારણ કરે છે. ઠાકોરજી ગોચારણ કરીને પાછા નંદાલયમાં પધારે તે વખતે શ્રીયશોદાજી પોતાના પુત્રનું સ્વાગત કરે છે તે સન્ધ્યા આરતી કહેવાય છે. ઠાકોરજી ગોચારણ કરીને પધારે છે. શ્રમિત છે. આપણે પણ બહાર જતા હોઇએ ત્યારે અલગ કપડા પહેરતા હોઇએ છીએ. જેમ વકીલ કાળા-સફેદ કપડા પહેરીને જાય છે, બાળકો સ્કૂલ-યુનિફોર્મ પહેરીને જાય છે, નોકરીયાત તેનો યુનિફોર્મ પહેરે છે. પાછા જ્યારે આપણે ઘરે આવીએ ત્યારે બહારના કપડા બદલાવવાની આપણને ઇચ્છા થયા છે તેમ ઠાકોરજી પણ બહારના વસ્ત્ર બદલીને હળવા વસ્ત્ર ધરવાની ઇચ્છા કરે છે. તમે અનુભવ કર્યો હશે કે ઘરમાં ઘુસતાની સાથે જ લોકો ફટા-ફટ બહારના કપડાને ફેંકવાનું શરૂ કરતા હોય છે. આ આપણી રૂચિ-પ્રકૃત્તિની વાત છે. આના આધારે નિત્યસેવાના ક્રમમાં આપણે ત્યાં ઠાકોરજીના વસ્ત્ર સન્ધ્યા આરતીના પછી બદલાવવાનો પ્રકાર રાખેલો છે. ગોચારણ કરીને ઠાકોરજી જેવા ઘરે પધારે ત્યાં તેમની અગવાની કરીને તરત જ ધરેલા હોય તે શૃંગાર વડા કરી (ઉતારી) દેવામાં આવે છે. ફક્ત શૃંગાર જ નહીં, વસ્ત્ર પણ વડા કરી લેવામાં આવે છે. કેમકે આખો દીવસ જે વસ્ત્ર ઠાકોરજીએ ધર્યા હોય તે વસ્ત્ર ઘરમાં પધારયા પછી ધરી રાખવા ગમતા નથી. નીશાળેથી જ્યારે બાળક ઘરમાં આવે ત્યારે તમે જોયું હશે કે મા અને બાળક વચ્ચે લગભગ આ વાતને કારણે જ વિવાદ થતો હોય છે કે બાળક નિશાળના કપડા ઠેકાણે કેમ નથી રાખતો, જ્યાં ત્યાં કેમ ફેંકી દે છે. આપણી આ પ્રકૃત્તિ છે કે આખો દીવસ પહેરી રાખેલા કપડા ઘરમાં આવીએ ત્યારે આપણને ગમતા નથી હોતા. આ પ્રકૃત્તિને આપણે પ્રભુમાં જોઇ છે, જોઇ છે નહીં સ્વીકારી છે, પ્રભુએ પણ આને સ્વીકારી છે કે ભઇ જો તમે મારામાં તમારા જેવી પ્રકૃત્તિ ઇચ્છી રહ્યા છો તો સારૂં, મારી પણ પ્રકૃત્તિ તમારા જેવી જ છે.

માટે સન્ધ્યા આરતી પછી શૃંગાર વડા કરીને જો શીતકાલ હોય તો ટાઇટ ફિટિંગના વસ્ત્ર શ્રીઅંગ ઉપર રહે (જ્યાં જેવી રીત હોય તે મૂજબ) ઉષ્ણકાલ હોય તો બધા વસ્ત્ર વડા થઇને મંગલાના સમયે ધરે એવા ઢીલા-ઢીલા વસ્ત્ર ધરે. આ વસ્ત્ર પોઢે ત્યાં સુધી ઠાકોરજી ધરે છે. જૂઓ, આ તો દરરોજની સેવામાં ધરાતા વસ્ત્રના પ્રકારમાં વર્તવામાં આવેલી સાવધાની છે. આવી બારીક સાવધાની બીજા માર્ગમાં મળવી અતિ દુર્લભ છે.

એક વખત હું હરિદ્વાર ગયો હતો. રેલ્વેસ્ટેશનની પાસે એક પાટીયા ઉપર લખ્યું હતું ''ગોસ્વામી શ્રીગિરિધરલાલજી મહારાજની હવેલી''. મને બહુ નવાઇ લાગી કે હરિદ્વારમાં કોઇ ગોસ્વામી બિરાજે છે એવું તો મેં કયારેય સાંભળ્યું નથી. મને બહુ નવાઇ લાગી કે હરિદ્વારમાં કોઇ ગોસ્વામી બિરાજે છે. મને એમને મળવાની બહુ ઇચ્છા થઇ. હું ત્યાં ગયો તો જાણવા મળ્યું કે એમનો એક પુત્ર કંદોઇ છે, એક દરજી છે અને એક હવેલી ચલાવે છે. મેં એમને પૂછયું કે આપ ક્યાનાં મહારાજ છો ? તો તેમણે કહ્યુ કે જેવા બધા છે એવા જ અમે પણ છીએ. મેં કહ્યું કે આપના વિષે કયારેય સાંભળ્યુ નથી એટલા માટે પૂછી રહ્યો છું. તેઓ બોલ્યા કે અમે તો કેટલાય વરસોથી અહીંયા રહીએ છીએ. લોકો અમને ભૂલી ગયા પણ અમે થોડા અમારી જાતને ભૂલી જઇએ. મારી જિજ્ઞાસા વધી ગઇ. મેં એમના સેવ્યસ્વરૂપ વિષે પૂછયું. એમણે ગોપીનાથજી કે એવું કાંઇક નામ બતાવ્યું. મેં દર્શન કરવા માટે કહ્યું તો કહ્યું કે શયન થઇ ગયા છે. લાચાર થઇને એમની આજ્ઞા લઇને હું મંદિરનું નિરીક્ષણ કરવા નિકળ્યો. નિજમંદિરની પાસે ગયો ત્યાંની લાઇટ ચાલુ હતી. મને નવાઇ લાગી કે શયન થઇ ગયા છતાં પણ લાઇટ કેમ ચાલું છે મારી ઉત્કંઠા વધી ગઇ. દરવાજાની તિરાડમાંથી મેં જોયું તો ભયંકર ગરમીના દિવસોમાં ઠાકોરજી ભપકાદાર જગમગતા જરીના વસ્ત્ર અને ભારે શૃંગાર ધરીને બિરાજેલા હતા. મેં કહ્યું, પ્રભુ આપ આ કારાગૃહમાં પારાવાર પરિશ્રમમાં બિરાજી રહ્યા છો. આપણે બીજું શું કરી શકીએ પણ વાત સમજો કે માણસ આવી રીતે સુઇ ન શકે. એક દિવસ અખતરો કરીને જોઇલો. તો જૂઓ પુષ્ટિમાર્ગના નામે આવી હવેલીઓ કેટલીય ચાલી રહી છે પણ ઠાકોરજીની સેવાની પાછળની રહેલી ભાવના ત્યાં ગાયબ

છે. ડેકોરેશન બધું હાજરાહજુર છે. જો કે શ્રીમહાપ્રભુજીએ આ વાત જો કે કોઇ બીજા સંદર્ભમાં કહી છે કે ''ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરં કામો ન વિદ્યતે'' પણ તેની પૈરોડી પુષ્ટિમાર્ગના નામ ઉપર ચાલી રહેલી હવેલીઓની વાસ્તવિક્તાને સમજવા માટે આવી રીતે બનાવી શકાય છે કે ''રીતિઃ સર્વાપિ સૈવાત્ર પરં ભાવો ન વિદ્યતે''. રીત બધી જ તેવીને તેવી જ છે પણ એ રીતની પાછળનો રહેલો ભાવ ત્યાંથી ગાયબ છે. ભાવ વિનાની રીતિ તો રીતિ = ખાલી છે. આ ઘટના પછી હું બે-ત્રણ વખત હરિદ્વાર ગયો પણ ગિરિધરલાલજી મહારાજને ત્યાં ન ગયો. જેનું પાપ કર્મ ફલિત થયું હોય તે પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં જતો હોય, આપણે શા માટે જવું. આવી હવેલીઓ આપણા સમ્પ્રદાયમાં ઘણી બધી ચાલે છે. મોટાભાગે હવેલીને જોઇને જ વૈષ્ણવોની લાળ ટપકવા લાગી જતી હોય છે. પગમાં શક્તિનો સંચાર થવા લાગી જાય છે. પ્રવાહી લોકોની રૂચિ આવી જ હોય છે. એમને રીત જ ગમતી હોય છે પ્રીતિની એમનામાં ગંધ પણ નથી હોતી.

ક્રિશ્ચિયન સમ્પ્રદાયમાં એક મજાક ચાલે છે. એક વખત કોઇ ભગવાનનો શુદ્ધ ભક્ત પ્રાર્થના કરવા ચર્ચમાં જવા માગતો હતો. તેને કોઇએ અંદર જવા ન દીધો. તેણે ચર્ચની બહાર બેસીને પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. એટલામાં કોઇ એક ગરીબ તેની પાસે આવીને બેસી ગયો. તેણે ગરીબને પૂછયું કે તું કોણ છો ? તેણે કહ્યું કે હું તો ક્રાઇસ્ટ છું. તેણે કહ્યું કે તું બહાર કેમ બેઠો છે ? તમે તો ચર્ચની અંદર હોવા જોઇએ. તેણે જવાબ આપ્યો કે જ્યારથી આ ચર્ચ ખૂલ્યું છે ત્યારથી હું અંદર જવાની કોશિશ કરી રહ્યો છું પણ જઇ નથી શકાતું. મારા ભક્તો બધા અંદર ઘુસેલા છે પણ હું અંદર ઘુસી શક્તો નથી. આવી જ રીતે પુષ્ટિપ્રભુ આ હવેલીઓમાં બિરાજતા નથી આ રહસ્યને આજે તમે સમજી લો. પુષ્ટિપ્રભુ તમારા ઘરમાં બિરાજે છે. તમને જો તમારા ઉપર બિરાજતા ઠાકોરજીમાં ભાવ હોય તો તમારા ઘરમાં પુષ્ટિપ્રભુ બિરાજે છે, શ્રીમહાપ્રભુજીની કાનિથી. પ્રવાહી વૈષ્ણવો હવેલીઓમાં ઘુસતા રહે છે પણ પુષ્ટિપ્રભુ ક્રાઇસ્ટની માફક બહાર બેઠેલો મળશે. તે બહાર બેસીને બધાને અંદર ઘુસતા જોતો રહે છે પણ પોતે અંદર ઘુસી શકતો નથી. નો એડ્મિશન વિધાઉટ્

પરમિશન્ એટલે કે પુષ્ટિપ્રભુને હવેલીમાં પ્રવેશવાની મનાઇ છે. બાકી બધાને અંદર આવવાની ત્યાં છૂટ છે. આ હવેલીઓનું રહસ્ય છે જે આપણે સમજવું જોઇએ.

નિત્યક્રમમાં ઠાડા સ્વરૂપના પાગ, ફેંટા, દુમાલા વગેરેના શૃંગાર, હલકા શૃંગાર કરવામાં આવે છે. આ શૃંગારોમાં કાં તો કરધની ધરે કાં આડબંદ ધરે. ટિપારાનો શૃંગાર આપણે ત્યાં ઠાકોરજીના નટવરવપુ હોવાની લીલાનો શૃંગાર માનવામાં આવે છે. એકાદશીને દીવસે મોટેભાગે કાં તો મુકુટ આવે કાં ટિપારા આવે. ઉષ્ણકાલમાં વધુ પડતા ટિપારાના શૃંગાર ધરાતા હોય છે. ટિપારા-મલ્લકાછમાં ઠાકોરજીના દર્શન કરતાં જ આપણને લાગે છે કે ઠાકોરજીને ગરમી લાગી રહી છે. મલ્લકાછ આજકાલ જેને હાફ-પેન્ટ કહે છે તે પ્રકારનું વસ્ત્ર છે. બંનેની વચ્ચે ફરક આગળ લટકતા છેડાનો હોય છે. પહેલવાન પહેલવાની (કુસ્તી) કરતી વખતે જ્યારે વસ્ત્ર કાછે છે ત્યારે આગળ છેડો લટકે છે. મલ્લકાછનો શૃંગાર ઉષ્ણકાલનો ખાસ શૃંગાર છે. વચનામૃતમાં આવે છે કે પ્રાચીન ઘણા બાલકોનો આ પ્રિય શૃંગાર હતો. શ્રીનાથજીની વાર્તામાં તો ત્યાં સુધી આવે છે કે કોઇ બાલક શ્રીજીને ખૂબ સુંદર રીતે મલ્લકાછ-ટિપારા ધરાવતા. કોઇ કારણવશ તે બાલક શ્રીજીને શૃંગાર ધરાવવા પહોંચી ન શકયા તો શ્રીજીએ શૃંગાર ધરવાની ના પાડી દીધી. તે બાલક જ્યારે ધરાવશે ત્યારે જ મલ્લકાછ ધરીશ. આ પ્રભુની પરવશતા છે.

વચનામૃતમાં વર્ણન આવે છે કે કોઇ બાલક પાગ સુંદર ધરાવતા, કોઇ ફેંટા સુંદર ધરાવતા પાગના પણ અનેક પ્રકાર હોય છે. બધા પ્રકારની પાગ લાલન પણ ધરી શકે છે. અને ઠાડા સ્વરૂપ પણ ધરી શકે છે. તમે રાજસ્થાનનો જ વિચાર કરો તો રાજસ્થાનના દરેક સ્ટેટની પાગ વિશિષ્ટ હતી. તેનાથી પણ અધિક પ્રકારની પાગ આપણે ત્યાં ઠાકોરજી ધરે છે. આ રહસ્યની વાત છે. વિચાર કરો કે મોટાઓએ એક નાનકડી પાગની બાબતમાં કેટલું વિચાર્યું છે. ઠાડા સ્વરૂપને પાગનો શૃંગાર ઉષ્ણકાલમાં હલકો (હળવો) માનવામાં આવે છે. લાલન ઉષ્ણકાલમાં મોટાભાગે ટોપી જ ધરે છે. ઠાડા સ્વરૂપને ટોપીનો શૃંગાર ઓછા થાય છે. જન્માષ્ટમી પછી જ્યારે બાલભાવનામાં શૃંગાર થાય ત્યારે ઠાડા

સ્વરૂપ પણ નિયમથી ટોપી ધરે છે. ઘણા ઘરોમાં લાલન અને ઠાડા સ્વરૂપ બંને બિરાજતા હોય તો ઠાડા સ્વરૂપને પાગ અને લાલનને ટોપી ધરાવવામાં આવે છે. પણ મને તો આવો પ્રકાર ઓછો પસંદ આવે છે. હું જો ટોપીનો શૃંગાર કરૂં તો બધાને ટોપી જ ધરાવું છું, પાગ ના કરૂં તો બધાને પાગ ધરાવું છું. પોત-પોતાના ઘરની રીત છે. આમાં એટલો કડક નિયમ નથી.

પાગમાં પણ મોટાઓએ એટલા પ્રકાર વિચાર્યા છે કે આપણને નવાઇ લાગે. જેમ ગોળ, ખિડકીદાર, ગોટીપગા, ગ્વાલપગા, ફેંટાવાળી પાગ, દુમાલાની પાગ, ચીરાવાળી પાગ આવા પાગના અનેક પ્રકાર છે. આ બધી પાગ પણ પાછી ઋતુ પ્રમાણે ધરાવવામાં આવે છે. મોટાઓએ આ પણ વિચાર્યું છે કે કઇ ઋતુમાં કેવી પાગ પ્રભુને સોહાશે અને કેવી પાગ પ્રભુને ઋતુથી વિરૂદ્ધ લાગશે. આવો જ વિચાર નાનકડી ટોપી માટે પણ મોટાઓએ કર્યો છે. જેમ ઉષ્ણકાલમાં ઠાકોરજી જરી વગરની ટોપી ધરે છે. જરીથી ગરમી થતી હોય છે. કેમકે જરી મેટલમાંથી બને છે. કાં તો સોનામાંથી કાં ચાંદીમાંથી બને છે. ગરમીમાં જરીના તાર ગરમ થઇ જવાથી ઠાકોરજીને સુખદ નથી રહેતા. તેથી ગરમીના દિવસોમાં ધરવાની ટોપીમાં જરીને ઠેકાણે કપડાની મગજી (કિનારી) લગાવવામાં આવે છે. જરીવાળી ટોપી ઠાકોરજીને ભાલભાવના ટોપીના શૃંગાર થાય તે વખતે ધરતા હોઇએ છીએ. આમ તો સામાન્ય રીતે કસુંબાછઠથી ઠાકોરજી જરીની કિનારીવાળા અને લાલરંગના વસ્ત્ર ધરવાના શરૂ કરે છે. તેથી જો કસુંબાછઠ પછી ટોપીના શૃંગાર થાય તો ઠાકોરજી જરીવાળી ટોપી ધરે છે.

અક્ષયતૃતીયાથી (અખાત્રીજ) વસ્ત્રોના રંગ હલકા આવી જાય છે. સફેદ, ચંદની, ગુલાબી, આસમાની, બદામી એવા હલકા રંગના જરી વગરના વસ્ત્ર ઠાકોરજી ધરે છે. આવા વસ્ત્ર ઠાકોરજી કસુંબાછઠ સુધી ધરે છે. કસુંબાછઠથી જેવા વાદળો ઘેરાવા ચાલુ થાય તેવા જ ઘેરા રંગના વસ્ત્ર ધરવાના શરૂ થાય છે. આનું કારણ મેં એક વખત આપને બતાવ્યું હતું કે ઘેરો રંગ પ્રકાશને વધારે સંઘરે છે. તે પ્રકાશની ગરમી શરીરને લાગે છે. હલકો રંગ પ્રકાશને ઓછો સંઘરે છે કે પરાવર્તિત કરી દે છે (પાછો ફેંકી દે છે) ત્યારે તેની ગરમી શરીરને નથી લાગતી. વસ્ત્ર ધરાવવામાં આપણે ત્યાં આટલી ઝીણી

ઝીણી બાબતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. ઠાકોરજીને ઉષ્ણકાલમાં હલકા (લાઇટ) રંગના વસ્ત્ર ધરાવવા, ઘેરા રંગના વસ્ત્ર ન ધરાવવા. રંગની વિવિધતા હલકા રંગમાં પણ હોય છે. હલકો ગુલાબી, હલકો પીળો, હલકો બદામી આસમાની આવી કેટલીય વિવિધતાઓ હલકા રંગમાં પણ મળે છે. તે વિવિધતાનો લાભ કેમ ન લેવો. જો આપણને એ રંગ સુખરૂપ થતા હોય તો આપણા પ્રભુને પણ તેનું સુખ શા માટે ન આપવું. આ ઋતુક્રમની સેવામાં વસ્ત્રની બારીકીનો વિચાર છે.

કસુંબાછઠથી (અષાઢ સુદી છઠથી) જ્યારે વાદળો ઘેરાવા શરૂ થાય ત્યારથી ઠાકોરજી ઘેરા રંગના વસ્ત્ર ધરે છે. કેમકે જ્યારે વાદળો ઘેરાવા લાગે ત્યાર પછી પ્રકાશના કારણે થતી ગરમી ઓછી થઇ જાય છે. ઘેરા રંગની શોભા પણ ત્યારે અધિક લાગે છે. વાદળો ઘેરાયા પછી હલકો રંગ વધારે હલકો લાગે છે, ચમકતો નથી દેખાતો. જ્યારે વાદળાઓ નથી હોતા, સખત ગરમી હોય છે ત્યારે હલકો રંગ પણ ચમકતો લાગે છે. પણ જ્યારે વાદળા થાય ત્યારે ઘેરો રંગ વધારે ચમકે છે. માટે કસુંબાછઠ કે જે દીવસે શ્રીમહાપ્રભુજીના પિતા શ્રીલક્ષ્મણભટ્ટજીનો જન્મદીવસ પણ છે, આમ તો જોકે સેવાપ્રકારની સાથે એનો કોઇ ખાસ સંબંધ નથી, પણ તે દીવસથી ઠાકોરજીને લાલ વગેરે વસ્ત્ર ધરવા શરૂ થાય છે. જેમ-જેમ ઋતુ આગળ વધતી-વધતી શ્રાવણ સુધી પહોંચે તેમ-તેમ લહરીયા, ચુનરી વગેરે રંગબેરંગી જરીવાળા વસ્ત્ર ઠાકોરજી ધરે છે.

અહીં એક વાત ખાસ ધ્યાનથી સમજજો કે અત્યારે પણ ઠાકોરજી શ્રીઅંગ ઉપર વસ્ત્ર નથી ધરતા. કેમ ? તેનું કારણ સમજો કે જેટલો સમય વરસાદ વરસે છે એટલો જ સમય ઠંડક રહે છે. બીજા સમયમાં તો ગરમી જ લાગે છે. માટે વર્ષાકાલમાં ધરાવવામાં આવતા વસ્ત્રના રંગમાં પરિવર્તન થાય છે પણ શ્રીઅંગ ઉપર વસ્ત્ર ધરવાનો જે સિદ્ધાન્ત છે કે ગરમીમાં ચુસ્ત વસ્ત્ર અનુકૂલ નથી આવતા તેના કારણે ઠાકોરજીને વર્ષાકાલમાં શ્રીઅંગ ઉપર વાઘો નથી ધરાવવામાં આવતો, ખુલતા અને હલકા-ફૂલકા વસ્ત્ર જ ધરાવવામાં આવે છે. પણ જ્યારે જન્માષ્ટમી આવે, વરસાદ પડી ગયો છે, ગરમી શાન્ત થઇ ગઇ છે ત્યારથી ઠાકોરજી શ્રીઅંગ ઉપર વસ્ત્ર ધરવાના શરૂ કરે છે. તેમાં જરી પણ

ચાલે છે. ઘેરો રંગ તો કસુંબાછઠથી જ શરૂ થઇ ગયો છે.

જન્માષ્ટમી પછી જ્યારે નવરાત્રી આવે ત્યારથી છાપાના વસ્ત્ર ધરવાના શરૂ થાય. છાપાના વસ્ત્ર કેવા હોય છે ? વસ્ત્ર ઉપર જરીની કીનારી તો હોય છે પણ સાથે આખા વસ્ત્ર ઉપર ચાંદી-સોનાના ટપકા કે ફૂલ પણ લાગેલા હોય. જરીના ટીપકાવાળા વસ્ત્રની ગરમી નવરાત્રીના સમયમાં જ સુખદ લાગે છે તેના પહેલાં નહીં.

દશેરાથી સંપૂર્ણ જરીના વસ્ત્ર ધરાવવામાં આવે છે. આ વસ્ત્ર પ્રબોધિની સુધી (દેવદીવાળી સુધી) અને તેના પછી પણ ધરે છે.

રેશમી વસ્ત્ર ઠાકોરજી પ્રબોધિની પછી ધરે છે. આમાં આપણે ત્યાં ત્રણ ક્રમ વિચારવામાં આવેલા છે : રેશમી વસ્ત્ર, કીનખાબના વસ્ત્ર અને જરીના વસ્ત્ર. પ્રબોધિની પછી ધીમે-ધીમે જરીના વસ્ત્ર ધરવા બંધ થાય અને કીનખાબના વસ્ત્ર અને રેશમી વસ્ત્ર ધરવાના શરૂ થાય.

સમય જતા-જતા જ્યારે કડકડતી ઠંડી પડવાની શરૂ થાય ત્યારથી પાછા રેશમી વસ્ત્રની જગ્યાએ સુતરાઉ છીંટના જાડા વસ્ત્ર ધરવાના શરૂ થાય છે. આ બધા વસ્ત્ર અસ્તરવાળા હોય છે. અમુક વસ્ત્રમાં પાતળા પડવાળું રૂ પણ ભરવામાં આવતું હતું. આ ક્રમ વસંતપંચમીના પાંચ-છ દીવસ બાકી હોય ત્યાં સુધી ચાલે છે.

વસન્તપંચમી પહેલાં પાછા જરીના કીનારીવાળા સફેદવસ્ત્ર શરૂ થાય છે. વસન્તમાં સફેદ વસ્ત્ર ધરાવવાનું કારણ સમજો. ઠાકોરજીને રંગેથી ખેલાવવાના છે. રંગીન વસ્ત્ર ઉપર રંગથી ખેલાવવામાં આનંદ ન આવે એટલે ઠાકોરજી સફેદ વસ્ત્ર ધરે છે કે જેથી જે રંગથી ઠાકોરજીને ખેલાવીએ તે રંગની શોભા તો નિરખી શકીએ. હવે જો કપડું જ રંગીન હોય તો રંગથી ખેલાવવાની મજા કેવી રીતે આવે. આમાં પણ પાછી વિવિધતા હોય છે. તેના વિસ્તારમાં આપણે નહીં જઇએ.

હોલી પછી ઠાકોરજીને ફરી જરી-છાપાના વસ્ત્ર ધરે. ગણગોરમાં ઠાકોરજી પાછા લહરીયા-ચૂનરી ધરે. ત્યાર પછી ફરીથી ઘેરા રંગના વસ્ત્ર

ધરતા-ધરતા અક્ષય તૃતીયાથી હલકા રંગના વસ્ત્ર ધરાવવામાં આવે છે.

ઋતુ અનુસાર ઠાકોરજીને ધરાવવાનો આટલો સુવિશદ વિચાર બીજે ક્યાં છે. આ એવી વાત છે કે ''સબસે મિલ આઓ તો એક બાર મેરે દિલસે મિલો'' બધી જગ્યાએ જોઇ આવો, બધે ઠેકાણે દર્શન કરી આવો, કયાંય છે આટલો વિચાર, કયાંય છે આટલી બારીકીનો ખ્યાલ, કયાંય છે આટલો ઠાકોરજીના સુખનો, સોન્દર્યનો આવો બારીક વિચાર. આટલો વિચાર બીજે ક્યાંય નથી કરવામાં આવ્યો. આ વિચાર આપણા શ્રીગુસાંઇજીએ કર્યો છે.

**શૃંગારનો ક્રમ :**

ઋતુ અનુસાર ઠાકોરજીના શૃંગારનો પણ આપણે ત્યાં એટલો જ સુવિશદ વિચાર કરવામાં આવ્યા છે. જેમ ઉષ્ણકાલમાં ઠાકોરજી મોતી અને છીપના શૃંગાર ધારણ કરે છે. આનું કારણ એ છે કે સોનાના અને જડાઉ શૃંગાર ધાતુના હોવાથી બહારની ગરમીથી ગરમ થઇ જવાથી ઠાકોરજીને એવા શૃંગાર ધરવાથી પરિશ્રમ પડે છે. એટલા માટે આના વિકલ્પમાં બહારની ગરમીથી ન થાય એવા મોતી અને છીપના શૃંગાર ઉષ્ણકાલમાં ધરવામાં આવે છે. ઘણા ચંદનના શૃંગાર પણ ધરાવે છે તે પણ બરાબર છે, તેમાં કોઇ દોષ નથી. આ ઉષ્ણકાલનો શૃંગાર છે.

કસુંબા છઠથી જ્યારે વાદળો ઘેરાવાના શરૂ થાય, લૂ લાગવાની બંધ થઇ જાય ત્યારથી પાછા જડાઉ શૃંગાર શરૂ થઇ જાય છે. સામાન્ય રીતે ચાર જ રંગના શૃંગાર ઠાકોરજી ધરતા હોય છે. ચાર રંગનાં મુખ્યતા ગુણોના વિચારથી છે. સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ આમ ચાર ભાવથી ચાર રંગના શૃંગાર ધરે છે. સફેદ, લાલ, લીલો અને આસમાની આમ ચાર રંગના શૃંગાર વધુ પડતા ઠાકોરજી ધરે છે. પણ નવરાત્રીમાં આપણે ત્યાં ઠાકોરજી એક-એક દીવસ એક-એક અલગ-અલગ રંગના એમ નવ રંગના શૃંગાર ધરે છે. બીજા ઘરોમાં આનો પ્રકાર અલગ પણ હોઇ શકે છે. કોઇ ઘરમાં ઠાકોરજી શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજીનો ઉત્સવ, દિવાળી વગેરે બડા દીવસોમાં નવ રંગના શૃંગાર ધરે છે. સામાન્ય રીતે બધા ઘરોમાં જન્માષ્ટમી વગેરે ઉત્સવોમાં લાલ રંગના શૃંગાર ખાસ ધરે છે. તેનું કારણ સમજવા જેવું છે. જન્મના ઉત્સવમાં

આપણે ત્યાં કેસરી વસ્ત્ર ધારણ કરવા શુકન માનવામાં આવે છે. કેસરી વસ્ત્રની સાથે સફેદ રંગનો શૃંગાર જોઇએ તેટલો નિખરતો નથી જેટલો લાલ શૃંગાર નિખરે છે. તેથી આપણે ત્યાં અહીં એ વાતનો પણ વિચાર કરવામાં આવ્યો છે કે કયા રંગના વસ્ત્ર ઉપર કયા રંગનો શૃંગાર સુંદર લાગશે. તેથી જેવા રંગના વસ્ત્ર ઉપર જેવા રંગનો શૃંગાર દીપી ઉઠે તેવા શૃંગાર ધરાવવામાં આવે છે.

રંગ આધારિત શૃંગારની વિવિધતા સિવાય શૃંગારમાં પણ પાર વિનાની વિવિધતા છે. જેમ માળાને જ આપણે લઇએ તો માળાઓ પણ અનેક પ્રકારની હોય છે. માળા અને હાર આ માળાના મુખ્ય બે ભેદ છે. આના સિવાય ચન્દ્રહાર, પવિત્રા, વલ્લભીહાર, કમલમાલા, ગુંજમાલા, કટલા વગેરે અનેક ભેદ છે. ઘણા ઘરોમાં ગુંજમાલા નિત્ય નથી ધરતા. અમારે ત્યાં એવો નિયમ છે કે બીજા કોઇ શૃંગાર ધરીએ કે નહીં પણ ગુંજમાલા તો અવશ્ય ધરે. આનું કારણ સમજો. ગુંજાના ચાર પ્રકાર હોય છે : ગુંજાનો લાલ રંગ રાજસ, ગુંજાનો કાળો રંગ તામસ, ફક્ત સફેદ રંગની ગુંજા સાત્ત્વિક અને જે દોરામાં પરોવવામાં આવેલી હોય તે નિર્ગુણ. ગુંજા ધરાવીને આપણે આપણા ચારેય ભાવોને ઠાકોરજીને સમર્પિત કરી દઇએ છીએ. તેથી બધા શૃંગાર ધરાવી દઇએ પણ ગુંજા ન ધરાવવામાં આવે તો શૃંગાર અધુરા રહે છે. ગુંજમાલા ધરાવવાથી શૃંગારની પરિપૂર્ણતા થાય છે આવી એક ભાવના છે. ખૂબ મીઠી ભાવના છે કે આપણા હૃદયમાં ભલે સાત્ત્વિક ભાવ હોય, રાજસ ભાવ હોય કે તામસ ભાવ હોય કે પછી નિર્ગુણ ભાવ હોય તે બધા જ ભાવોને પ્રભુ પોતાના શ્રીઅંગ ઉપર ધારણ કરે છે. શૃંગારોની વિવિધતા આ ભાવોના કારણે વિચારવામાં આવેલી છે. હજી તો આપણે ફકત માલાના થોડાક પ્રકાર જોયા પણ પ્રત્યેક અંગના શૃંગારની ગણત્રી આપણે કરીએ તો એટલા બધા પ્રકાર છે કે ગણતા પાર ન આવે તે શૃંગારોમાં પણ ઉત્સવના અનુસાર પરિવર્તન થતું રહે છે. શૃંગારના પ્રકારમાં પરિવર્તનનો સંબંધ ઋતુ કરતાં ઉત્સવ સાથે વધુ છે.

શૃંગારની વિવિધતાનો ચાર પ્રકારથી વર્ગીકરણ કરી શકાય છે.

૧. હલકો (હળવો) શૃંગાર

૨. મધ્યમ શૃંગાર અને

૩.	ભારે શૃંગાર અને

૪.	ઉત્સવના અતિ ભારે શૃંગાર

હલકા શૃંગારનો મતલબ આપણે આવી રીતે સમજી શકીએ કે એક હાર, બે માળા અને ગુંજા માળા. બસ, આનાથી વધારે શૃંગાર રોજ ન ધરવા. કેમકે શૃંગાર ધરવામાં પણ પ્રભુને થોડો પરિશ્રમ થઇ શકે છે. પ્રભુ તે પરિશ્રમ આપણા ભાવને જોઇને સ્વીકારે છે તે પ્રભુની આપણા ઉપર કૃપા છે. તે વાત જુદી છે. પણ ભારે શૃંગાર પ્રભુને ઉત્સવ ઉપર જ ધરાવવા જોઇએ. હલકા શૃંગાર પણ આપણા સેવ્યસ્વરૂપના શ્રીઅંગ ઉપર અવકાશ હોય તે મુજબ ધરાવવા. જો શ્રીઅંગ ઉપર અવકાશ ન હોય તો હાર ન ધરાવીને ફક્ત માળા પણ ધરાવી શકાય છે. હારને ગાદીજી ઉપર પણ ધરાવી શકાય છે.

વાત નીકળી છે તેથી તમને કહું છું. મુંબઇમાં મોટા મંદીરનાં અમારા બાલકૃષ્ણલાલ અંગુઠા જેવડા નાના છે. પણ એમને ગાદીજી ઉપર ધરાવવાનો હાર એટલો મોટો છે કે તે હાર જો હું પહેરૂં તો મારા ડોકથી લઇને નાભી સુધી આવે. આવું કેમ હોય છે ? વાત સમજો. ઠાકોરજીના શ્રીઅંગ ઉપર ધરાવવાના શૃંગાર શ્રીઅંગના માપના ધરાવવામાં આવે છે. અને ઠાકોરજીની ગાદીજીના શૃંગાર ઠાકોરજીના માપના ન ધરાવીને આપણા માપના ધરાય છે. આપણે જે માપના પહેરતા હોઇએ તે માપના ધરાવવામાં આવે છે જેથી કરીને આપણી અને ઠાકોરજી વચ્ચે તાદાત્મ્ય સ્ફુરિત થાય. ઠાકોરજીના સાક્ષાત્ શ્રીહસ્તના કડા ઠાકોરજીના શ્રીહસ્તના માપના ધરાવવામાં આવે છે અને આપણા હાથના માપના કડા ઠાકોરજીની સન્મુખ પધરાવવામાં આવે છે. આ રીતથી શૃંગાર ધરાવવાથી ઠાકોરજીના સ્વરૂપના માપમાં પણ કોઇ ગડબડ નથી થતી અને છેવટે આપણું સમર્પણ પણ તો પ્રભુને સ્વીકારવું છે માટે આપણા માપના શૃંગાર ઠાકોરજીની ગાદીજી ઉપર ધરાવવામાં આવે છે. આ વ્યવસ્થાથી બંને વાતો સચવાઇ જાય છે. આપણા માપના હાર-કડા ઠાકોરજીની ગાદીજી ઉપર ધરાવવામાં આવે છે અને ઠાકોરજીના માપના શૃંગાર ઠાકોરજીના શ્રીઅંગ ઉપર ધરાવવામાં આવે છે. આ પ્રકારે ઠાકુરને આપણા માપથી માપતા અને આપણને ઠાકુરના માપથી માપતા. એટલું જ નહીં અમારે ત્યાં લગ્ન-પ્રસંગે

પહેરવાના અમારા શૃંગાર ઠાકોરજીના શૈયામન્દિરમાં રહેતા. અને જ્યારે શ્રીસ્વામિનીજી-શ્રીયશોદાજી પધારે ત્યારે તે શૃંગાર એમને ધરાવવામાં આવતા અને જ્યારે ઘરમાં લગ્ન-પ્રસંગ આવતો ત્યારે ઠાકોરજીની આજ્ઞા લઇને તે શૃંગારોને અમે પહેરતા. અને જ્યારે પ્રસંગ પુરો થઇ જાય ત્યારે તે શૃંગારોને ધોઇને પાછા ઠાકોરજીના શૈયામન્દિરમાં પધરાવી દેવામાં આવતા. શૈયા મન્દિરમાં પધરાવવાનું કારણ ચોરની બીકને લીધે નહીં. ઘણા એવું વિચારતા હશે પણ સાચી વાત તો એ છે કે ઠાકોરજીના શૃંગાર તાળામાં બંધ રહેતા અને અમારા શૃંગાર ખુલ્લામાં મુઢ્ઢાજીમાં (વાંસના ડબરામાં) રહેતા. તેમાં તાળુ નહોતુ લાગતું. તો વાત સમજો કે શૈયામન્દિરમાં અમારા પહેરવાના શૃંગાર રાખવાનું કારણ અમે ઠાકોરજીને એટલી હદે અમારા માન્યા હતા તે હતું. અમારા આભૂષણ ઠાકોરજીની પાસે રહેવા જોઇએ, ઠાકોરજીના આભૂષણ અમારી પાસે રહેવા જોઇએ આવી ઉંચી ભાવના તેની પાછળની હતી.

## નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાત્ઃ

પ્રાચીન કાળમાં અમારા ઘરોમાં ત્યાં સુધીની પરંપરા હતી કે જ્યારે પણ કોઇ નવો કપડાનો તાકો આવતો ત્યારે તેની પિછવાઇ બનાવતા. જ્યારે ઘરમાં કોઇ પ્રસંગ આવતો ત્યારે ઠાકોરજીની પિછવાઇ નવી બની જતી અને જુની પિછવાઇના કપડાથી અમારા પહેરવાના કપડા સિવડાવવામાં આવતા. વચ્ચેના કાળમાં રંગ-બેરંગી કપડા પહેરવાની પદ્ધતિ જ ખતમ થઇ ગઇ હતી. હમણાં-હમણાં પાછી તે પદ્ધતિ શરૂ થઇ છે. છોકરાઓ છોકરીઓ જેવા રંગ-બેરંગી કપડા પહેરવા લાગ્યા છે. છોકરીઓ તો છોકરાવના જેવા પેન્ટ પહેરે છે પણ છોકરાઓએ ફ્રોક-મિડી પહેરવાનું હજી શરૂ નથી કર્યું. તે જે કાંઇ હોય પણ વાત સમજો કે શા માટે અમારે ત્યાં આટલી મોટી-મોટી પિછવાઇ-સાજ બનાવવામાં આવતા હતા. મૂળ કારણ હતું : ''અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્, નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિઃ''. અમે અમારા માપની ઠાકોરજીની શય્યા બનાવતા હતા, અમે અમારા માપની ઠાકોરજીની રજાઇ બનાવતા હતા.... ઠાકોરજી રજાઇ ઓઢી લે પછી એ રજાઇઓને ઓઢતા. ઠાકોરજીને નવી રજાઇ પધરાવતા. આ ક્રમ ચક્રવત્ ચાલતો

રહેતો ઠાકોરજી અંગુઠા જેવડા નાના પણ એમને ધરાવવાની ગદ્દલ અમે અમારા માપની બનાવતા. ગદ્દલ એટલે રૂની બંડી. ઠાકોરજીના શ્રીઅંગના વસ્ત્ર તો ઠાકોરજીના માપના જ ધરાવતા પણ જ્યારે ઠાકોરજી ગદ્દલમાં બિરાજતા ત્યારે તે ગદ્દલ અમારા માપની થતી. જ્યારે ઠંડી આવતી ત્યારે ઠાકોરજીની આજ્ઞા લઇને ઠાકોરજીની પ્રસાદી ગદ્દલ અમે પહેરતા અને ઠાકોરજીને નવી ગદ્દલ પધરાવતા. આ રીતે ઠાકોરજી આપણી સાથે બિરાજે છે. અને આપણે ઠાકોરજીની સાથે રહીએ છીએ. નાનપણમાં મેં ઘણી ગદ્દલ પહેરી છે. ૧૫-૧૬ વર્ષનો થયા પછી મેં ગદ્દલ પહેરવી બંધ કરી દીધી અને ધોતી-ઉપરણા જ અપનાવી લીધા. તો પણ અહીં કિશનગઢમાં અત્યારે પણ મારા પહેરવાની ઠાકુરજીની પ્રસાદી ગદ્દલ રાખી મુકેલી છે.

ઠાકોરજીને ઓઢવાની અને ઠાકોરજીની શૈયા ઉપર બિછાવવાની પ્રસાદી ચાદરો અને ધોતી-ઉપરણા પહેરતા હતા. જ્યારે અમારે ધોતી-ઉપરણાની જરૂર પડતી ત્યારે અમે ઠાકોરજી પાસેથી માગી લેતા અને ઠાકોરજી માટે નવા પધરાવી દેતા. આ રીતે ઠાકોરજીની સાથે જીવવાનો એક અદ્ભુત પ્રકાર આપણે ત્યાંનો છે. આ જીવનનો પ્રકાર જેમ વસ્ત્રની બાબતમાં છે તેમ શૃંગારમાં પણ છે. આ પ્રકારમાં જે મુખ્ય ભાવ પ્રકટ થાય છે તે એ કે ઠાકોરજીને આપણે કેવી રીતે આપણા માન્યા છે અને ઠાકોરજીએ આપણને કેવી રીતે પોતાના માન્યા છે. આ પ્રકાર તેવા ભાવને ફક્ત જાણવાનો જ નથી, તેવા ભાવને જીવવાનો પ્રકાર છે.

એક સામાન્ય વાત તમને સમજાવું છું કે શ્રીગુસાંઇજીમાં તેવું સામર્થ્ય હતું કે એમના વખતમાં ઋતુના અનુસાર જે-જે પણ વસ્ત્રના પ્રકાર હતા તે બધા જ વસ્ત્રોના પ્રકારને ઋતુક્રમને અનુસાર એરેંજ કરીને આપે ઠાકોરજીને ધરાવ્યા અને પોતે પણ ધારણ કર્યા. આજે અમારા લોકોમાં અને તમારા લોકોમાં તે સામર્થ્ય નથી રહ્યું કે જે આપણા વસ્ત્રને ઠાકોરજીના શ્રીઅંગઉપર નહીં તો સાજમાં, સાજમાં નહીં તો પિછવાઇમાં, પિછવાઇમાં નહીં તો ચાર, ક્યાંય પણ કેમેય પણ ઠાકોરજીના વિનિયોગમાં લાવી શકીએ. હું એક વખત બેંગલોર ગયો હતો ત્યારે મને એક વૈષ્ણવ માંએ પોતાની દીકરીની વિરૂદ્ધ ફરીયાદ કરી કે

જ્યારે મારી દીકરી ફીલ્મ જોવા જાય છે ત્યારે તેના ઠાકોરજી પણ સાથે પધરાવી જાય છે. આપ તેને સમજાવો. ફરીયાદ સાંભળીને મને પણ ખરેખર વિચિત્ર વાત લાગી. મેં તેને બોલાવીને સમજાવ્યું કે આવા ઉધમ કેમ કરે છે ? આવું ન કરવું વગેરે. પણ જ્યારે મેં તેના સેવા પ્રકારના દર્શન કર્યા ત્યારે મને બહુ નવાઇ લાગી. તે છોકરી પોતે જેવા રંગના જેવી ડીઝાઇનના ફ્રોક પહેરતી તેના જેવાજ રંગ-ડીઝાઇનના વસ્ત્ર ઠાકોરજી માટે પણ સિદ્ધ કરાવીને ધરાવતી. તેનું એક ફ્રોક એવું ન હતું કે તેના જેવા ઠાકોરજીના વસ્ત્ર તેણે સિદ્ધ ન કર્યા હોય. તો જૂઓ આ ઋતુક્રમમાં ઠાકોરજીની સાથે જીવવાનો એક પ્રકાર છે. ''દેવો ભૂત્વા દેવં યજતે'' નો સિદ્ધાન્ત જેમ આપણે પાળી રહ્યા છીએ તેમ ''ભક્તો ભૂત્વા ભગવાન્ ભક્તેન સેવ્યો ભવતિ'' એ સિદ્ધાન્તને ભગવાન્ પણ પાળી રહ્યા છે.જરૂરી નથી કે તમે જે કપડા પહેરો તેને તમે ઠાકોરજીના શ્રીઅંગ ઉપર જ ધરાવો. ઠાકોરજીના સિંઘાસન ઉપર બિછાવી શકો છો, પિછવાઇના રૂપમાં લગાડી શકો છો. આવા કોઇ પણ પ્રકારથી તમારા ઉપયોગની વસ્તુને પ્રભુની સેવામાં વિનિયોગ કરાવીને પછી જ્યારે તમે તેને વાપરશો ત્યારે તમને તેની દિવ્યતાનો અનુભવ થશે. આ ચક્રને જીવવાથી તમને ખબર પડશે કે ઠાકોરજી સાથે આપણું કેવું તાદાત્મ્ય થાય છે અને ઠાકોરજીનું આપણી સાથે કેવું તાદાત્મ્ય થાય છે. આ ક્રમને જો આપણે જીવીશું તો આપણા સંતાનોને પણ સમર્પણનો સિદ્ધાન્ત આપમેળે સમજમાં આવી જશે કે આ કપડુ ઘરમાં નવું આવ્યું છે તેને પહેલાં ઠાકોરજીને ધરીશું તે પછી હું પહેરીશ. જેમ તે છોકરીના દરેક ફ્રોક જેવા ઠાકોરજીના વસ્ત્ર હતા એમ બાળકોને પણ સમજાઇ જશે. આપણું બાળક જરા પણ સિદ્ધાન્ત જ્ઞાન અને ઠાકોરજીના માહાત્મ્યજ્ઞાન વગર જ સમર્પણને જીવવા લાગી જશે. બાળકને લાડુ ખાવાની ઇચ્છા થશે તો તે પોતે તમને આવીને કહેશે કે ઠાકોરજીને લાડુ આરોગાવો. જે દીવસે બાળક આવી રીતે લાડુ માંગવા લાગશે તે દીવસથી તમારા ઘરમાં પુષ્ટિમાર્ગ લાડવાની જેમ લુડકવા લાગશે. અને સાથે-સાથે આ પણ સમજી લો કે જે દીવસે તમારૂ બાળક આવી ભાષા બોલવા લાગશે કે મારે લાડુ ખાવો છે, હવેલીમાં ભેટ લખાવીને લાડુ લઇ આવો તે દીવસે પુષ્ટિમાર્ગ તમારા જીવનમાંથી ખતમ થઇ ગયો સમજો, તે દીવસે પુષ્ટિમાર્ગ વેંચાઇ ગયો, તે દીવસે પુષ્ટિમાર્ગનો સત્યાનાશ થઇ ગયો.

પુષ્ટિમાર્ગ આપણા ઘરમાં ઠાકુરજીની સાથે જીવવાનો માર્ગ છે. ઠાકોરજી તમારી સાથે તમારા ઘરમાં બિરાજીને ઋતુક્રમને જીવવા માટે તૈયાર છે. શરત ફક્ત એટલી જ છે શું તમે ઠાકોરજીને ઘરમાં પધરાવીને ઠાકોરજીની સાથે ઋતુક્રમને જીવવા માટે તૈયાર છો ? જો છો તો સમજી જાવ કે પુષ્ટિમાર્ગની ઋતુ તમારા ઘરમાં આવી રહી છે. ઠાકોરજીની સાથે જો તમે તમારા ઘરમાં જીવી રહ્યા છો તો તમે પુષ્ટિમાર્ગની ઋતુ તમારા ઘરમાં આવતી અનુભવી શકશો. આ પ્રકારથી આજે આપણે સંક્ષેપમાં પુષ્ટિમાર્ગીય સેવામાં ઋતુક્રમને અનુસાર વસ્ત્ર અને શૃંગારનો કેવો ક્રમ છે તેનો વિચાર કર્યો.

## ઋતુક્રમમાં ભોગાદિનો પ્રકાર :

ઋતુક્રમના વિચારના અંતર્ગત રાગ, વસ્ત્ર અને શૃંગારની આપણે ત્યાં પ્રભુની સેવામાં કેવી સૂક્ષ્મતા વિચારવામાં આવેલી છે તેની થોડીક ઝલક મેળવવાનો આપણે પ્રયાસ કર્યો.

આજે આપણે ઋતુના પરિવર્તન થવાથી જે પ્રકારના વિવિધ ભોગ, સુગન્ધ વગેરે ઠાકોરજીને આપણે ત્યાંના સેવાના ક્રમમાં નિવેદિત કરવામાં આવે છે તેમાં કેવી બારીકી રાખવામાં આવેલી છે તેનો વિચાર કરશું.

સૌથી પહેલાં, જેમકે મેં તમને બતાવ્યું કે, સેવાના નિત્યક્રમમાં ઋતુના અનુસાર ફેરફાર કરવો તેને 'ઋતુક્રમ' કહેવાય છે. તે અનુસાર આપણે ઠાકોરજીને જે નિત્ય ભોગ ધરીએ છીએ તેનાં ઋતુ અનુસાર જે પરિવર્તન કરવામાં આવે છે તેને ઋતુક્રમની સામગ્રી કહેવાય છે.

## મંગલભોગ :

નિત્યક્રમમાં જ્યારે ઠાકોરજીને જગાવીને મંગલભોગ ધરવામાં આવે છે તે સમયે ગાવાના પદોમાં મંગલભોગની જે સામગ્રીઓનું વર્ણન આવે છે તેમાંની બધી સામગ્રી મંગલભોગમાં ધરવાની પ્રણાલિકા ઘણું કરીને જોવા નથી મળતી. કીર્તનમાં વર્ણવેલી અમુક જ સામગ્રી મંગલભોગમાં ધરવામાં આવે છે. ઘણાને મનમાં કીર્તન ગાતી વખતે આ વિચારીને દ્વિધા થતી હોય છે કે આપણે ઠાકોરજીને ભોગ એક સામગ્રીનો ધરીએ છીએ અને પદ બીજી સામગ્રીના

ગાઇએ છીએ તો તેની સંગત કેવી રીતે કરવી.

આનું એક કારણ એ છે કે જે ભગવદીયોએ તે પદ ગાયા છે તે ભગવદીય તે પદોને ગાતી વખતે પ્રભુની કોઇ લીલાના દર્શન કરી રહ્યા છે. તેથી લીલામાં તે વખતે જે સામગ્રી પ્રભુ અરોગી રહ્યા છે તેમનું વર્ણન ભગવદીય પદમાં કરી રહ્યા છે. ભગવદીયોએ પ્રણાલિકાને વાંચીને પછી તે પ્રમાણે પદ નથી ગાયા. એમને જેવી અનુભૂતિ થઇ રહી છે તેને અનુસાર તેવા પદ ગાઇ રહ્યા છે. આનાથી એ કાંઇ જરૂરી નથી કે ભગવદીય તે પદોને જે સેવ્ય ઠાકોરજીની સન્મુખ ગાઇ રહ્યા હતા તે વખતે તે સેવ્ય ઠાકોરજી જ સામગ્રી મંગલભોગમાં આરોગી રહ્યા હોય. આ સહજ સંભવ છે કે પદગાન કરનારને લીલામાં ઠાકોરજીના દર્શન માખન-રોટી આરોગતા થતા હોય પણ જ્યાં તે પદ ગાઇ રહ્યા છે ત્યાં મંગલભોગમાં રોટી ધરવામાં આવતી ન હોય. કેમકે આમેય પણ સેવાની પ્રણાલિકા અનુસાર નિત્યક્રમની સેવામાં મંગલભોગમાં દુધ અને દુધઘરની સામગ્રી, ઉષ્ણકાલમાં ઠોર અને શીતકાલ હોય ત્યારે તો સેવના લાડુ વગેરે ભોગમાં આવતા હોય છે. પણ આપણે જ્યારે એ ભગવદીયોના પદને સેવામાં ગાઇએ છીએ. ત્યારે તે પદોમાં વર્ણવેલી લીલાની ભાવના આપણે આપણા ઠાકોરજીની સેવામાં કરીએ છીએ. આ વાતની સમજણ જેને નથી એને કીર્તન અને સેવામાં વિરોધાભાસ લાગતો હોય છે.

## ભાવના ફિકસેશન (જડતા) ના કારણે સમસ્યા :

એક સમસ્યા આપણે ત્યાં આ પણ થઇ છે કે સર્વભાવથી ઠાકોરજીની સેવા કરવાનો સિદ્ધાન્ત હોવા છતાં પણ લોકોએ અમથે અમથું એવું વિચારી લીધું કે પુષ્ટિમાર્ગમાં તો બાલભાવની જ સેવા છે. આપણે ત્યાં બાલભાવની સેવા છે એ વાત સાચી છે પણ આપણે ત્યાં માત્ર બાલભાવની જ સેવા છે એવું નથી. સેવા આપણે ત્યાં સર્વભાવથી છે. જેમકે જ્યારે આપણે ઠાકોરજીના શૃંગાર કરતા હોઇએ છીએ તે વખતે શ્રીયશોદાજીનો ભાવ હોય છે. આ કારણથી જ શૃંગાર કરનાર ઠાકોરજીની સન્મુખ ગાદી ઉપર બેસીને શૃંગાર કરી શકે છે. પણ શૃંગાર થઇ જાય પછી ભાવ બદલાઇ જાય છે. કોઇ વખતે ખંડિતાનો ભાવ આવી જાય, ક્યારેક ઉરાહનાનો ભાવ આવી જાય... આમ

અલગ-અલગ ઋતુ (સમય) અનુસાર ભાવ બદલાતાં રહે છે. આ બધા ભાવનામાં એક ભાવ આ પણ છે કે હું પુષ્ટિજીવ છું, મારો ઠાકુર પુષ્ટિપ્રભુ છે, અને અમારા બંનેની વચ્ચે સેવ્ય-સેવક ભાવ છે. આ પણ એક ભાવ છે. પણ જો આ ભાવને આપણે ફિકસ (જડ) કરી દેશું તો ફરી પાછી સમસ્યા આવશે. તો પછી આપણે ઠાકોરજીની સન્મુખ યશોદાજીના ભાવથી ગાદી ઉપર નહીં બેસી શકીએ. સેવક પોતાના સ્વામીના સન્મુખ ગાદી ઉપર કેવી રીતે બેસી શકે ? પણ જો કોઇ એક ભાવમાં આપણે બંધાઇ નથી ગયા તો પછી પેલા સાધુબાબાની થાળીની જેમ આપણે બધા ભાવથી આપણે ઠાકોરજીની સેવા કરી શકીશું, બધા પ્રકારના કીર્તન પણ ગાઇ શકીશું, આપણે મલ્ટીપર્પજ (વિવિધ પ્રયોજનવાળા) બની શકીશું. પ્રભુની સાથે બધી જાતના સંબંધથી જોડાવાની આપણી જે ક્ષમતા છે તેને શ્રીમહાપ્રભુજી 'સર્વભાવ' કહે છે. શ્રીમહાપ્રભુજી તે પ્રકારનું પ્રભુનું સ્વરૂપ પણ બતાવે છે. કેમકે પ્રભુના સ્વરૂપમાં પણ આપણે ફિકસેશન્ (રૂઢ ભાવ) ન લાવવો જોઇએ. મતલબ કે આપણે એમ ન વિચારવું જોઇએ કે આ તો ફક્ત યશોદાજીનો લાલ જ છે, મારો તો કાંઇ જ નથી. આપણે કોણ ? અરે ભાઇ યશોદાજીનો લાલ છે તો અમારોય ઠાકુર છે. પરમાત્મા પણ છે, ભગવાન્ પણ છે, બ્રહ્માંડનો નાયક પણ છે. બ્રહ્માંડના નાયક છે એનું પણ ફિકસેશન્ ન થઇ જવું જોઇએ. કેમકે જો તે ફકત બ્રહ્માંડનાયક જ છે તો પછી તેને ભોગ ધરવાવાળા આપણે કોણ? બ્રહ્માંડનાયક આપણને ખવડાવે કે આપણે તેને ખવડાવીએ. પાછુ લફરૂં થઇ જશે. બ્રહ્માંડનાયકને જો આપણે પોઢાડીશું તો તો આખું બ્રહ્માંડ જ સુઇ જશે, ખતમ થઇ જશે. એટલા માટે બ્રહ્માંડનાયક તો જાગતો રહે એ જ સારૂં છે. એટલે ઠાકોરજીને પોઢાડતી વખતે આપણને યશોદાજીના લાલાનો ભાવ થાય, શ્રીસ્વામિનીજીના પ્રિયતમનો ભાવ થાય.

તેથી સમજવાની વાત એ છે કે આપણે ત્યાંની સેવા કોઇ એક ભાવથી નથી. ઋતુક્રમની સેવાની વાત જવા દો, નિત્યસેવામાં પણ કોઇ એક ભાવથી સેવાનો પ્રકાર આપણે ત્યાં નથી. સર્વભાવથી પ્રભુસેવા આપણે ત્યાં છે આ વાતને ન સમજવાને કારણે પુષ્ટિમાર્ગમાં સેવાના નામ ઉપર મોટા-મોટા કૌભાંડ

થઇ રહ્યા છે.

રીતની પોથી વાંચી-વાંચીને પંડિત થઇ ગયેલા ઘણા લોકોએ આવું વિચારી લીધું છે કે ઠાકોરજીને આટલું તો ભોગમાં આવવું જ જોઇએ, આટલો નેગ તો હોવો જ જોઇએ, આ દીવસે આ સામગ્રી ન આવે તો સેવા થઇ જ ન શકે. આવા જડ આગ્રહને લીધે સમ્પ્રદાયમાં અસંખ્ય વિકૃતિઓ આવી છે. રીતના જડાગ્રહી જયારે પોતે એટલી સેવા કરવા માટે સમર્થ ન રહ્યા ત્યારે પોતાનાથી બની શકે એટલો સેવાનો ક્રમ રાખવાને બદલે મુખિયા-ભીતરીયાઓના લશ્કર દ્વારા સેવા કરાવવાની શરૂ કરી. એમણે આવું વિચાર્યું કે નેગ-ભોગના ક્રમને ઘટાડવાથી ઠાકોરજીને પરિશ્રમ થશે. આના અતિરેકના કારણે અનેક દૂષણ સમ્પ્રદાયની સેવા પ્રણાલીમાં ઘુસી ગયા.

નેગ-ભોગના જડાગ્રહી કેટલાક લોકોની જ્યારે દ્રવ્યસંકોચને કારણે નેગ-ભોગ નિભાવવાનું શક્ય ન રહ્યું ત્યારે એમણે ગામ-પરગામના લોકો પાસેથી ઠાકોરજીના નેગ-ભોગને માટે ભીખ માગી-માગીને સેવા કરવાનું શરૂ કરી દીધું. શરૂઆતમાં તો ઠાકોરજીના પરિશ્રમના વિચારથી ગામ પાસે સેવા-ભોગ-સામગ્રી-મનોરથના નામે ભીખ માગવામાં આવતી હતી. આવો ક્રમ થોડો વખત ચાલતો રહ્યો. પછી તો ઠાકોરજીના પરિશ્રમનો વિચાર એક બાજુ રહી ગયો. પછી તો બધાએ એમ સમજી લીધું કે ઠાકોરજીના નામે ગામ પાસેથી ભીખ માંગીને પુષ્ટિમાર્ગમાં ઠાકોરજીની સેવા કરવી પાપ નથી. અને હવે અત્યારે તો દુષ્ટ લોકોએ સેવાનો ધંધો જ કરવાનું શરૂ કરી દીધું છે.

મતલબ એ કે આપણે ઠાકોરજીમાં કોઇ એક ભાવ ફિકસ કરી દીધો. ઠાકોરજીમાં આપણે સર્વભાવથી ભાવિત થઇ શકવાની ફ્લેકિસિબિલિટી (લચીલાપણું) ન રહેવા દીધી. જેમ શનિના ઉપર તેલ ચડાવો તો જ આપણી પૂજા માને, જલ ચડાવો તો માન્ય ન થાય એમ શનિની જેવું આપણે આપણા ઠાકોરજીનું સ્વરૂપ વિચારી લીધું.

બીજી બાજુ કેટલાક લોકો એમ કહેવા માંડયા કે ઠાકોરજીને એકેય વસ્તુની ગરજ થોડી છે. ઠાકોરજી તો ફકત ''ભાવના ભૂખ્યા'' છે. આ તો ગુજરાતમાં કહેવામાં આવે છે કે ''દાઇનો ઘોડો રમતો જમતો છુટ્ટો'' એમ કોઇ

વાતનો નિયમ જ ન રહ્યો આવા બદમાશ લોકોએ ઠાકોરજીને મિસરીના ગાંગડા ભોગ ધરવાના શરૂ કરી દીધા. હું એમને 'બદમાશ' બહુ સમજી-વિચારીને કહી રહ્યો છું. કેમકે પદ્મનાભદાસજી એમના ઠાકોરજીને ફક્ત છોલા ધરતા હતા તો પોતે પણ છોલા જ લેતા હતા. પણ આવા લોકો પોતે તો ઢોકળા-ફાફડા બધું જ ઝાપટે છે પણ પોતાના ઠાકોરજીને ફકત મીસરીના ગાંગડા જ માત્ર ધરીને ભાવનું પાખંડ કરે છે.

આવી જ રીતે કેટલાક લોકો અપરસ ન નભવાનું બહાનું કાઢીને કહેતા હોય છે કે ''અમારાથી અપરસ નભી શકતી નથી એટલે અમે તો ઠાકોરજીને નાગરી ભોગ ધરીએ છીએ''.

સમજવાની વાત એ છે કે આ પ્રકારના બધા જડાગ્રહ શ્રીમહાપ્રભુજીની ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'' ના પુષ્ટિમાર્ગીય માર્ગદર્શનથી વિરૂદ્ધ દિશામાં જાતા જડાગ્રહ છે. આવા જડતાથી પુષ્ટિમાર્ગમાં કયારેય પણ સેવા કરી શકાતી નથી.

હું ઘણું કરીને પદ્મનાભદાસજીનું દૃષ્ટાન્ત આપતો હોઉં છું. પદ્મનાભદાસજી કેવી રીતના સહજ છોલામાં વિવિધ સામગ્રીનો ભાવ પણ કરતા હતા. એમ આપણે ભલે નિત્ય માખણ-મિશ્રી ભોગ ન ધરી શકતા હોઇએ, બતાસા જ ધરી શક્તા હોઇએ તો પણ માખણ-મિશ્રી ભાવ તો આપણે પદમાં ગાઇ જ શકીએ છીએ. અને જો માખણ મિશ્રી ભોગમાં ધરી રહ્યા છીએ તો તેમાં આપણે બતાસાનો ભાવ પણ કરી જ શકીએ છીએ. તાત્પર્ય એ છે કે આપણી માનસિકતા એટલી અકઠોર-મૃદુ હોવી જોઇએ કે પ્રભુ આપણી પાસેથી જે પ્રકારથી સેવા લેવા માગે તે પ્રકારે કરી શકીએ. પોત પોતાની ઝુંપડીમાં પણ નન્દાલયની ભાવના કરી શકીએ છીએ. તમે એક વાત સમજો કે ગ્રીષ્મકાલમાં ઠાકોરજીની સામે એક નાનકડી થાળી જલ ભરીને ધરવામાં આવે છે. આપણે તેમાં શ્રીયમુનાજીની ભાવના કરીએ છીએ. યમુનાજી આટલા નાના કયાંય હોઇ શકે છે ? પણ આપણી એવી ભાવના છે. આપણને એવો જડાગ્રહ નથી કે યમુનાજી ફકત મથુરામાં જ હોઇ શકે છે. તેથી યમુનાજીની થાળી પધરાવીને આપણે ઠાકોરજીને વિનંતી કરીએ છીએ કે

આપને ગરમી લાગે તો યમુનાજીમાં સ્નાન કરજો.

અમારા ઘરમાં બિરાજતા સ્વયં શ્રીમહાપ્રભુજીએ પોતે રેણુકાથી સિદ્ધ કરેલા છે. જ્યારે એમને એક સેવકના ઘરે પધરાવ્યા ત્યારે સેવકને એવો સંદેહ થયો કે રેણુકાથી સિદ્ધ થયેલા સ્વરૂપને સ્નાન કરાવીશું તો રેણુકા વિખરાઇ જશે તો આવા વિચારથી બીકને લીધે તે ઠાકોરજીને સ્નાન ન કરાવતો. પણ ઠાકોરજી એટલા તોફાની કે તે સેવક જ્યારે ઠાકોરજીના ઉત્થાપન કરાવતો ત્યારે ત્યારે ઠાકોરજી સિહાંસનના બદલે યમુનાજીના થાળમાં બિરાજેલા મળતા. હવે સેવક શું કરી શકે પછી શ્રીમહાપ્રુભજીએ જ એ સેવકને આજ્ઞા કરી કે જ્યારે ઠાકોરજીને સ્નાન કરવાની આટલી ઇચ્છા થાય છે તો સ્નાન કરાવતો જા. શ્રીયમુનાજીની રેણુકાથી સિદ્ધ થયા છે તેથી શ્રીયમુનાજી સાથે એમનો કલોઝ્ કોન્ટેક્ટ (નિકટ સંબંધ) છે. પાંચસો વર્ષથી અત્યાર સુધી ઠાકોરજી સ્નાન કરતા આવ્યા છે, કાંઇ થયું નથી. તેથી સમજવાની વાત એ છે કે કોઇપણ જાતની જડતા સેવામાં ન થઇ જવી જોઇએ.પુષ્ટિમાર્ગમાં ભાવની, વાણી-વ્યવહારની, સામગ્રીની મૃદુતા હોવી જોઇએ. જે પ્રકારથી જે સહજતાથી નભી શકતુ હોય તેને સહજતાથી નિભાવતા જવું. પણ સિદ્ધાન્તનું પાલન તો કઠોરતાથી કરવું. સિદ્ધાન્ત ક્યારેય તોડવો નહીં.

## શૃંગારભોગ :

મંગલભોગ સર્યા પછી મંગલા આરતી થઇને જ્યારે ઠાકોરજીના સ્નાન-શૃંગાર કરાવવામાં આવે છે ત્યારે ઠાકોરજીની પાસે શૃંગારભોગ પધરાવવામાં આવે છે. આ ભોગ બીજા ભોગ જેવો નથી હોતો. આ ભોગ પધરાવવામાં ભાવના આરોગાવવાના કરતાં લલચાવવાની વધારે હોય છે. જે આપ શૃંગાર શાંતિથી ધરી લેશો તો આપને આ આરોગવા મળશે. એટલા માટે શૃંગારભોગ ઠાકોરજીની પાસે ઢાંકીને પધરાવવામાં આવે છે. શૃંગારભોગમાં પણ પાછો જડાગ્રહ નથી. જેને વધારે સગવડતા હોય તે લાડુ-મઠડી પણ ધરે છે. સામાન્ય રીતે મિશ્રી, સૂકો મેવો, માખણ-મિશ્રી, દુધઘરની સામગ્રી ભોગ ધરવામાં આવે છે. આમાં કોઇ જાતની જડતા ન લાવવી જોઇએ કે આ વસ્તુ જ આવવી જોઇએ અને આ વસ્તુ ન આવી શકે. બદામ-મિશ્રીના ટુક પણ ભોગ ધરી શકો

છો. તેમાં વિવિધ સામગ્રીની ભાવના પણ કરી શકીએ છીએ. કારણ કે શૃંગાર ધરતી વખતે જ્યારે આપણામાં શ્રીયશોદાજીની-શ્રીસ્વામિનીજીની ભાવના પણ કરી શકીએ છીએ અને સાથે સાથે જ એક ક્ષુદ્ર પુષ્ટિજીવ પણ હોઇ શકે છે. ત્યારે ઠાકોરજીને ભોગ ધરેલી સામગ્રીમાં પણ લીલામાં ધરવામાં આવતી સામગ્રીની ભાવના પણ કરી શકીએ છીએ અને લીલામાં ધરવામાં આવતી સામગ્રીમાં આપણી સામગ્રીની ભાવના પણ કરી શકીએ છીએ. તેથી આ વિષયમાં કોઇપણ જાતનો જડાગ્રહ રાખવો એ પણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત મુજબ સંમત વાત નથી.

## રાગ-ભોગ-શૃંગાર ફરજીયાત નથી :

શ્રીમહાપ્રભુજી તો 'સર્વભાવેન' આજ્ઞા કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીઓ પાસે સર્વભાવના મૂડમાં પ્રભુની સેવા કરાવવા ઇચ્છતા હતા. લોકોએ સિદ્ધાન્તને વાંચ્યા કે સાંભળ્યા વગર જ સેવા-ભાવના-ભોગ-શૃંગાર બધામાં કેટલીય જાતના જડાગ્રહ બાંધી દીધા. એમાં પણ મઠડીએ તો પુષ્ટિમાર્ગને એટલો હલ્કો બનાવી દીધો છે વાત ન પુછો. એક બાજુથી લોકો એવા બરાડા પાડે છે કે પુષ્ટિમાર્ગમાં બાલભાવની સેવા છે અને બીજી બાજુથી મઠડી ભોગ ધર્યા વિના સેવા થઇ જ ન શકે આવું માહાત્મ્ય મઠડીનું બનાવી દીધું. મઠડી જો ભોગમાં ન આવે તો ઠાકોરજીને જાણે કાંઇક થઇ જશે. શનિની સાડાસાતીની જેમ, આવું લોકો વિચારવા માંડયા છે. વિચાર તો કરો, જો ઠાકોરજી બાલભાવથી છે તો પછી મઠડી શું કામની બાળક તો દુધ પીએ કે મઠડી ખાય. ઠાકોરજી જો બાળક છે તો મઠડી કેવી રીતે આરોગી શકે. આ બધી સમસ્યાઓ સિદ્ધાન્તને ન સમજવાના કારણે પેદા થઇ છે. ઠાકોરજીના સ્વરૂપમાં આવો કોઇ જડાગ્રહ નથી તેથી જ આપણે ઠાકોરજીને બાળક માનવા છતાં પણ મઠડી ધરી રહ્યા છીએ અને મઠડી ધરતા હોવા છતાં પણ ઠાકોરજી બાળક થઇ રહ્યા છે. તો જૂઓ શ્રીમહાપ્રભુજી જે મૂડમાં આપણી પાસેથી ઠાકોરજીની સેવા કરાવવા ઇચ્છતા હતા તે મૂડમાં અને આપણા અત્યારના નેગ-રાગ-ભોગ-શૃંગારના દુરાગ્રહવાળા મૂડમાં કેટલો ફરક પડી ગયો છે. આપણને એમ જ લાગે કે નેગ-ભોગ-રાગ-શૃંગાર જ પુષ્ટિમાર્ગીય સેવાનો

મુખ્ય સિદ્ધાન્ત છે. જો આ વાત સાચી હોય તો તો પછી પદ્મનાભદાસજી જેઓ માત્ર છોલા ભોગ ધરતા હતા એમણે સેવા નથી કરી એમ કહેવું પડશે અને દિનકરદાસ તો ઠાકોરજીને માત્ર રોટી જ ભોગ ધરતા હતા, શાક પણ નહોતા ધરતા. એમની પાસે ફકત એટલી જ સગવડ હતી. તો શું એમણે સેવા નથી કરી એમની સેવા એટલી મોટી માનવામાં આવી કે પ્રભુ એમને સાનુભાવ જતાવતા હતા. ‘‘ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા, તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્ બ્રહ્મબોધનમ્’’ એમને થયું હતું કે નહોતું થયું તો સિદ્ધ થઇ ગયું કે રાગ-ભોગ-શૃંગારની જે રીતની અનિવાર્યતા આજે આપણે માની લીધી છે એવી અનિવાર્યતા એની સેવામાં નથી. હા ઉપયોગીતા ચોક્કસ છે.

## અનિવાર્યતા અને ઉપયોગિતા :

અનિવાર્યતા અને ઉપયોગિતા વચ્ચેનો ફરક સમજો. આપણી જે પણ વસ્તુનો ઉપયોગ પ્રભુની સેવામાં થઇ શકતો હોય, જેનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવાથી આપણો ભાવ વધતો હોય, જેના વિનિયોગથી પ્રભુના સુખનો વિચાર વધતો હોય તેનો વિનિયોગ તો પ્રભુની સેવામાં કરવો જ જોઇએ. આ તો ખૂબ જ સારી વાત છે. પણ કોઇ વસ્તુ પ્રભુસેવામાં ઉપયોગી છે એમ માનીને અનિવાર્ય (ફરજીયાત) બનાવી દેવું આવો પુષ્ટિમાર્ગીય સેવાનો પ્રકાર હોઇ નથી શકતો. રજોબાઇએ શ્રીમહાપ્રભુજીને સ્પષ્ટ કહી દીધું કે આપે ઘીને અનિવાર્ય માન્યું તેથી જ મને લાગ્યું કે આ કોઇ પુષ્ટિમાર્ગની વાત નથી લાગતી. ઠાકોરજીને માત્ર જલની લોટી પણ ધરવામાં આવી છે. પણ જે કાંઇ પણ ધરવામાં આવે તે બદમાશીથી ધરેલું ન હોવું જોઇએ. ઠાકોરજીને તો જલની લોટી ધરી દઇએ અને આપણે પોતે રસગુલ્લા ઉડાવતા હોઇએ. તો આ બદમાશી છે. એ વૈષ્ણવે જલની લોટી ફકત ધરી તો તેઓ પોતે પણ માત્ર જલ લઇને જ નિર્વાહ કર્યો. આપણે ત્યાં એવી ફ્લેક્સિબિલિટી (બાંધછોડ) પણ છે. કેટલી હદ સુધી ફ્લેક્સિબિલિટી છે તેનો કયારેક વિચાર કરો તો કેટલી મોટી વાત આપણી સાધના પ્રણાલીની ૮૪-૨૫૨ વૈષ્ણવોના દૃષ્ટાન્તો દ્વારા શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજી અને આપના પૂર્વજોએ આપણને સમજાવી દીધી છે આના ઉપર તો કયારેક ધ્યાન આપો, કયારેક તો એને પસંદ કરો. બીજે કયાંય પણ

સાધનાપ્રણાલીમાં જોશો તો તમને એવા-એવા કઠોર નિયમ જોવા મળશે કે આમ કરો તો સાધના સાચી અને આમ ન કરો તો સાધના ખોટી એમ તેની સામે આપણી સાધના પ્રણાલી જૂઓ કે જે કાંઇ કરી રહ્યા છો તે સાચું છે જો સચ્ચાઇથી કરી રહ્યા છો. અને ઘણું બધું કરી રહ્યા છો પણ જો મનની સચ્ચાઇ નથી, ભાવનાની સચ્ચાઇ નથી તો બધું જ ખોટું. આ કેટલી ફ્લેક્સિબિલિટી છે. આ વાતની કૃતજ્ઞતા આપણે કયારેય પણ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, ૮૪-૨૫૨ વૈષ્ણવોની નથી માની એવા કૃતઘ્ન આપણે અત્યારના પુષ્ટિમાર્ગીઇછીએ. 'ત્યાગ' અને 'ભોગ' બંને શબ્દો આપણી સાધનાપ્રણાલીની આગળ તુચ્છ બની જાય છે. આ એવી જાતની એક જીવનપ્રણાલી છે. આ આપણી વાત આપણને ગમવી જોઇતી હતી. અને જો આ આપણી વાત આપણને ગમતી હોત તો આવા ક્ષુદ્ર વિચાર કે આપણો ઠાકોરજી શનિશ્ચર જેવા છે, કે પછી આવા ક્ષુદ્ર વિચાર કે આપણા ઠાકોરજી નિરપેક્ષ છે, એને એકેય વસ્તુની જરૂર જ નથી, સાકરનો એક કટકો ધરી દો બસ, થઇ ગઇ સેવા આવા ક્ષુદ્ર વિચાર કયારેય પણ આપણા ભેજામાં આવત નહીં.

તેથી ઋતુક્રમના અનુસાર જે પણ સામગ્રી ઠાકોરજીને ધરવામાં આવે છે તે ઘણું કરીને લીલાભાવનાની સામગ્રી નથી. તે સામગ્રીનો વિસ્તાર શ્રીગુસાંઇજીએ વિચાર્યો છે કે આ ઋતુમાં ઠાકોરજીને આ સામગ્રી સારી લાગશે. આ ભાગોમાં આ સામગ્રી સારી લાગશે. જેમ કે ઠંડીમાં સુહાગસૂંઠ ધરવાની રીત રાખી. પણ એમાં પણ આપણે બદમાશી કરીએ છીએ. આપણને સુહાગસૂંઠ સારી લાગે છે એટલે ઠંડી ચાલી જાય તો પણ આપણે ઠાકોરજીને સુહાગસૂંઠ આરોગાવતા જ રહીએ છીએ. ઠાકોરજીનો કસ કાઢવો હોય એવો વ્યવહાર કયારેક આપણે ઠાકોરજીની સાથે કરતા હોઇએ છીએ. આ રીત સારી નથી. આ સેવાભાવનાની ભાવના નથી રહી જતી. શ્રીગુસાંઇજી પરદેશ પધાર્યા છે ત્યાંથી શ્રીગિરિધરજીને પત્ર લખ્યો છે કે મારા શ્રીનાથજીને ઓટેલું દુધ ભાવે છે, કયારેક-કયારેક ધરતા રહેજો. કયારેક-કયારેક ધરવામાં ભાવની જેટલી સરસતા રહે છે તે એક જુદી જ જાતની હોય છે. આપણે વાંચી લીધું કે શ્રીગુસાંઇજીએ ધરવાનું લખ્યું છે તો આપણે ઠાકોરજીની પાછળ જ પડી જઇએ. મંગલામાંય

ઓટેલું દુધ, બપોરના પણ ઓટેલું દુધ, સાંજે અને શયનભોગમાં પણ ઓટેલું દુધ, બંટામાં પણ ઓટેલું દુધ, પલનામાં પણ ઓટેલું દુધ.... આવી રીતે કોઇ પાછળ પડી જાય તો કોઇ વસ્તુ ભાવતી હોય તો પણ ભાવતી બંધ થઇ જાય. આવો વ્યવહાર જો આપણે કરતા હોઇએ તો ઠાકોરજીના સ્વરૂપને સમજવામાં આપણી વિફલતા માનવી જોઇએ.

અન્નકૂટના પદમાં આવે છે ''ભયો ભાતકો કોટ ઓટ ગિરિરાજ છુપાયો''. એટલા ભાત ભોગમાં આપ્યા કે તેની પાછળ ગિરિરાજજી છુપાઇ ગયા. આ લીલાભાવનાનું પદ છે. આને ભળતું કેવું અનુકરણ હવેલીઓની સેવામાં થાય છે તે તમને બતાવું કે હવેલીઓમાં અન્નકૂટ ભોગ સાજવામાં આવે ત્યારે ભાત ધરતા પહેલાં નીચે ખાલી સુંડલાઓ ઉંધા રાખવામાં આવે. જ્યારે સુંડલાઓનો ઢગલો થઇ જાય પછી તેના ઉપર-ઉપર ભાત ઢાળી દેવામાં આવે. જોવામાં એવું લાગે કે જાણે ભાતનો પહાડ હોય. દર્શનિયા ભગત બધા આ વૈભવ જોઇને અંજાઇ જાય. પણ અંદર તો બધું પોલં-પોલ છે. વિચાર કરો, આવા બધા નાટક કરીને કોને છેતરવામાં આવી રહ્યા છે ? ભગવાનને ? તો જુઓ કોઇ જાતની આ ગ્રંથી છે. આનાથી બચો. અરે, એક કટોરી જેટલા ભાતની નાનકડી ઢગલી હશે તો પણ તેની ઓટમાં ગિરિરાજજી છુપાઇ શકે છે જો તમારો ભાવ એવો હશે તો. અન્નકૂટ સાજવામાં ઉંધા સુંડલાઓ ઉપર ભાત સાજવાનું નાટક કરવાની જરૂર જ નથી. આ બધા પાખંડ દર્શન કરાવવાના કારણે શરૂ થયા છે. લોકોને દેખાડવું છે માટે આવા છળ-કપટ સેવામાં કરવામાં આવે છે. પોતાના ઘરમાં સેવા કરવાવાળો કયારેય આવા છલ-કપટ નથી કરતો. તેના મનમાં પણ આવો વિચાર કયારેય નથી આવતો. દર્શન કરવાવાળાને રાજી કરવા માટે ઠાકોરજીની ફૂલમંડલીમાં ફૂલ દર્શન કરનારાઓની સામે દેખાય તેમ બાંધવામાં આવે છે. ફૂલમંડલીની અંદર બિરાજતા ઠાકોરજી તો ફૂલના ડીંટીઆ અને દોરાના જ દર્શન કરતા હોય છે. આ બધા કેવા નાટક છે શું આનું નામ પુષ્ટિમાર્ગ છે આટલો ગંદો પુષ્ટિમાર્ગ હોઇ શકે છે શું ? આટલો ગંદકી પૂર્ણ વિચાર શ્રીમહાપ્રભુજીને શ્રીગુસાંઇજીને આપણા ઠાકોરજીની બાબતમાં કયારેય પણ આવી શકતો જ નથી. વિચારોની આ બધી વિકૃત્તિઓ

આપણી અંદર ઠાકોરજીનું પ્રદર્શન કરવાના કારણે આવી છે. આપણે આખા ગામને અન્નકૂટ દેખાડવા માગીએ છીએ, આપણે આખા ગામને ફૂલમંડલી દેખાડવા માગીએ છીએ તેના કારણે આ બધી ગંદકી પુષ્ટિમાર્ગમાં આવી છે. તમે કોઇ પણ મંદિરોમાં જઇને જોઇ લેજો, ઉષ્ણકાલમાં ઠાકોરજીને પંખો કરનારા મુખિયાજી–મહારાજ પંખો ઠાકોરજી તરફ હલાવતા હોય છે અને જોતા પબ્લિક તરફ હોય છે અરે ભાઇ જેને પંખો કરી રહ્યો છે તેને હવા આવી રહી છે કે નહીં એ તો જો, જુઓ આ બધી વિકૃતિ ઠાકોરજીનું પ્રદર્શન કરવાનું ચાલુ થયું તેને કારણે માર્ગમાં આવી છે.

તો મૂળ વાત સમજો કે ઋતુક્રમની સેવામાં ભોગનો પ્રકાર પ્રભુના સુખને માટે છે. તેમાં આપણે એ ન વિચારવું જોઇએ કે ઠાકોરજીને તો કોઇ વસ્તુની ગરજ જ નથી એટલે મિશ્રી ટુકડો ધરી દેશું તો પણ ઠાકોરજી માની લેશે. અને આપણે એમ પણ ન વિચારવું જોઇએ કે રીતમાં અન્નકૂટને દીવસે આટલા ભોગનો નેગ લખેલો છે એટલે આટલો તો ગમે તેમ કરીને ઠાકોરજીને ધરવો જ જોઇએ. આપણું સામર્થ્ય ન હોય તો ગામમાંથી ભીખ માગીને પણ ધરવું જોઇએ. આ બે વિકૃતિઓમાં આપણે જીવી રહ્યા છીએ. આ વિકૃતિઓના ફિક્સેશન્ ઋતુક્રમની સેવાના કેન્દ્રીય (મુખ્ય) ભાવનો નાશ કરનારા છે. આનાથી બચવું બહુ જ જરૂરી છે.

## પછીના દિવસનું પ્રવચન

**જલ :**

સામગ્રી પછી જલની વાત તમને બતાવું છું. પહેલાં પણ મેં તમને થોડીક વાતો કહી હતી. ઉષ્ણકાલમાં આપણે માટીની મથનીમાં જલ ભરીને તેમાંથી ઠાકોરજીની ઝારીજી ભરીએ છીએ. શીતકાલમાં માટીની મથનીની જગ્યાએ ધાતુના વાસણમાં (હાંડા કે ગાગરમાં) જલ ભરવામાં આવે છે. તે તાંબુ, પીત્તળ, ચાંદી આવી કોઇ પણ ધાતુનું હોઇ શકે છે. તેમાં પણ કોઇ જડાગ્રહ ન રાખવો જોઇએ. આજના જમાનામાં સ્ટીલ ચાલી રહ્યું છે તો

સ્ટીલના વાસણમાં પણ જલ ભરી શકાય છે. આનુ મૂલ કારણ એ છે કે શીતકાલમાં જલ એટલું ઠંડુ ન હોવું જોઇએ કે ઠાકોરજીને આરોગાવામાં સુખકારી ન રહી જાય. ઉષ્ણકાલમાં ધાતુના પાત્રમાં જલ એટલા માટે ભરવામાં નથી આવતું કે તે સમયમાં બહારની ગરમીનાં લીધે ધાતુના ગરમ થવાથી તેમાં ભરેલું જલ પણ ગરમ થઇ જાય છે. અને તમે અનુભવ કરીને સમજી શકો કે ઉષ્ણકાલમાં આપણે ત્યાં માટીની મથનીનું જલ એટલું ઠંડુ થઇ જાય છે કે આપણને ફ્રીઝની પણ જરૂર નથી પડતી.

જલની બાબતમાં આપણે ત્યાં એક વધુ સૂક્ષ્મતા વિચારાયેલી છે. ઉષ્ણકાલમાં આપણે ત્યાં મથનીમાં ખસને મલમલની પોટલીમાં બાંધીને પધરાવવામાં આવે છે. તેનાથી જલની અંદર ખસનું રૂછડું પણ ન પડે અને તેની સુગંધ અને ઠંડક પણ આવે. તેના સિવાય ગુલાબજલ કે કેવડાજલ પણ મથનીમાં પધરાવી શકાય છે. પણ આ બધા ઉપચારો ઠંડીના દિવસોમાં સારા ન લાગે તે માટે ઠંડીના દિવસોમાં સાદું જલ જ રાખવામાં આવે છે. આટલી સાવધાની આપણે ત્યાં જલની બાબતમાં રાખવામાં આવેલી છે.

વધુ જોઇએ તો ઉષ્ણકાલમાં ઝારીજીનો નેવરો ભીનો રાખવામાં આવે છે. કેમકે ભીનો રાખવાથી નેવરાને હવા લાગવાથી ઝારીજીને ઠંડક મળે અને તેના લીધે તેમાં ભરેલું જલ પણ ઠંડુ રહે. પણ શીતકાલમાં ઝારીજીનો નેવરો સૂકેલો રાખવાનો આગ્રહ રાખવામાં આવે છે. ઝારીજી ભરતી વખતે અસાવધાનીને લીધે નેવરો ભીનો થઇ જતો હોય છે. શીતકાલમાં ભીના ઝારીજી પકડવા ઠાકોરજીને સુખદ નથી લાગતા. તેથી નેવરાની ઉપર એક બીજું મોટું વસ્ત્ર ઢાંકવામાં આવે છે. આટલી બારીકી આપણે ફકત જલ આરોગવાના સમ્બન્ધમાં વિચારેલી છે. આની પાછળનો ભાવ આ જ છે કે આપણે ઠાકોરજીની સાથે ઋતુક્રમને જીવવા માગીએ છીએ.

**અત્તર :**

આવી જ સાવધાની આપણે ત્યાં ઠાકોરજીને સમર્પવાના અત્તરમાં પણ રાખવામાં આવી છે. હું એક વખત કોઇ બાલકને ત્યાં ગયો હતો. ત્યાંની પદ્ધતિ જોઇને મને ખૂબ રોમાંચ થયો. ત્યાં સ્નાન કર્યા પછી કરવામાં આવતા તિલક

અને ચરણામૃતની સાથે અત્તર પણ રાખવામાં આવે છે. ત્યાં એવી રીત છે કે જે પણ સ્નાન કરીને સેવામાં જાય તે તિલક-ચરણામૃત કરીને અત્તર પણ લગાવે. અરે ભાઇ, ઠાકોરજીની પાસે આપણે જઇ રહ્યા છીએ તો શું કામ જેવી તેવી હાલતમાં જઇએ સુગંધિત બનીને જવું જોઇએ કોઇ આને પાળી શકે કોઇ ન પાળી શકે એ વાત જૂદી છે. પણ પ્રાચીન કાળથી જ આપણે ત્યાં આનો વિકલ્પ એવો પણ રાખવામાં આવેલો છે કે ઠાકોરજીની પાસે એક ડબીમાં અત્તર લગાડેલું રૂ રાખવામાં આવે છે જ્યારે ઠાકોરજીનો સ્પર્શ કરવામાં આવે છે. આટલું તો સરળતાથી થઇ શકે છે.

એક સાચી વાત કહું છું. આજે રોજ-બરોજ અત્તર ગાયબ થતા જાય છે. સાચા-ખોટાનું પરિક્ષણ કરવું અઘરૂં છે. અત્તરની જગ્યાએ ટેલ્કમ પાવડર આવી ગયા છે. લોકોની એવી માન્યતા છે કે પાવડર અપરશમાં છોવાઇ જાય છે. પણ સાચી વાત કહું તો પાવડરમાં એવી કોઇ વસ્તુ નથી હોતી કે જે છોવાઇ જાય. તો જો કોઇને અત્તર લગાવવાનું સામર્થ્ય નથી તો તે પાવડરથી પણ પોતાને સુગંધિત કરી શકે છે. પણ ભાવ એમાં આપણો એવો હોવો જોઇએ કે મારે ઠાકોરજી પાસે જવું છે તેથી સુગંધિત બની રહ્યો છું. ઘણા લોકો એક વિચારે છે કે તેના ઉપર અંગ્રેજીમાં 'ટેલકમ્' લખેલું હોય છે એટલે તે છોવાય જાય છે. તો એમ તો આજે અત્તર અને પૈસા ઉપર પણ અંગ્રેજીમાં લખેલું હોય છે. આ સિદ્ધાન્ત જો સાચો હોય ત પહેલાં તો રૂપીયા લેવા બંધ કરો રૂપીયા લેવા તો કોઇને બંધ નથી કરવા. પહેલાનાં વખતમાં નોટો પણ છોવાઇ જતી. પણ અત્યારે તો અતિશય ઊંચી અપરશ પાળવાવાળાઓ પણ નોટોથી નથી છોવાતા. આ કઇ જાતનું નાટક પુષ્ટિમાર્ગીઓનું છે એ વાત સમજાતી નથી. અતિ ગંભીર પંકિતઓ છે. ઘણા ગ્રંથો વાંચ્યા પણ આ પંક્તિઓનું રહસ્ય ન સમજાણું કે નોટ કેમ છોવાતી નથી. નોટ તો આવતાની સાથે જ ભેગી કરવા લાગી જાય છે. ખેર....

ઠાકોરજીના માટે અત્તર ખરીદવાના બાબતમાં આપણે ત્યાં એવી વ્યવસ્થા છે કે અત્તર ઠાકોરજીને લાયક છે કે નહીં તેની પરીક્ષા માટે જો તેને સૂંઘવું પડે તો તેનાથી કાંઇ અત્તર આપણું પ્રસાદી (ભુકત) નથી થઇ જતું.

સિદ્ધાન્તરહસ્યમાં આજ્ઞા છે કે ''નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિઃ'' બધું જ સમર્પિત કરીને જ વાપરવું. હવે અત્તરતો આપણે પહેલાં સૂંઘી લીધું. ઠાકોરજીને તો પછી સમર્પ્યું. પણ આમ કરવામાં દોષ નથી. એ આપણું સમર્પણ જ છે. આપણે ઠાકોરજીના સુખના વિચારથી બદામ-કાકડી વગેરે વસ્તુને ચાખીને જ તેની ઉત્તમતાનો નિર્ણય કરીને પછી જેમ ઠાકોરજીને સમર્પણ કરીએ છીએ તેવી જ રીતે અત્તરમાં પણ કરી શકાય છે. ઠાકોરજીને અત્તર સમર્પવાની બાબતમાં આપણે ત્યાં એવી નીતિ રાખવામાં આવેલી છે કે જે ઋતુમાં જે ફૂલોની માલા ઠાકોરજીને ધરાવવામાં આવે તે ફૂલોના અત્તર ઠાકોરજીને તે ઋતુઓનાં સમર્પવામાં આવે છે. કોઇ પણ અત્તર ઠાકોરજીને કયારેય પણ ધરાવી દેવું એવું નથી હોતું. જેમ કે ઠંડીના દીવસોમાં ઠાકોરજીને કેશર, હીનો, અંબર એવા અત્તર સમર્પવામાં આવે છે. આ અત્તર ઉષ્ણકાલમાં સમર્પવામાં નથી આવતા. વર્ષાઋતુમાં વર્ષાકાલીન ફૂલોના અત્તર ધરાવવામાં આવે છે. ગ્રીષ્મકાલમાં ખસ, ગુલાબ વગેરે ફૂલોના અત્તર ધરાવવામાં આવે છે. એમ જે ઋતુમાં જે ફૂલ ખીલતા હોય તે ફૂલના જ અત્તર ઠાકોરજીને સમર્પવામાં આવે છે.

## અત્તર કેવી રીતે સમર્પવું ?

ઠાકોરજીને અત્તર સમર્પવાની આપણે ત્યાં એક વિશિષ્ટ પદ્ધતિ છે. એવું નહીં કે અત્તર લીધું અને ઠાકોરજીના વસ્ત્ર ઉપર ચોપડી દીધું. પહેલાં અત્તર આપણા હાથમાં લેવું જોઇએ, પછી બંને હાથને મસળવા જોઇએ અને પછી તે હાથઠાકોરજીના વસ્ત્ર ઉપર હળવેથી ફેરવવો. આવી રીતે અત્તર સમર્પવાથી વસ્ત્ર ઉપર અત્તરના ડાઘ પણ નહીં પડે અને અત્તરની સુગંધ પણ વસ્ત્રમાં બેસી જશે.

જ્યારે આપણે ઠાકોરજીને જગાવીએ તે વખતે આપણું જેવું સામર્થ્ય હોય તે પ્રમાણે આપણા કપડા ઉપર અથવા હાથમાં અત્તર સમર્પીને પછી ઠાકોરજીને જગાવવા જોઇએ. એટલું પણ સામર્થ્ય જો ન હોય તો પણ આપણે ભાવના તો કરી જ શકીએ છીએ. જો આપણી ભાવનામાં સુગંધ છે, આપણું મન સુગંધિત છે તો ઠાકોરજી તેને માની લે છે. અને ધ્યાન રાખજો કે ઘણું અત્તર

લગાવી લીધું પણ જો આપણા મનમાં સુગંધ નથી તો લગાડેલું બધું જ અત્તર ઠાકોરજીને માટે નકામું છે.

સેવામાં જવાવાળા જે અત્તર તેના કપડા ઉપર લગાવે છે તે અત્તર સમર્પિત હોવું જોઇએ. તેના માટે સેવાની પ્રણાલિકામાં તેની વ્યવસ્થા વિચારાયેલી છે. જ્યારે દીવાળી જેવા મોટા ઉત્સવ આવે ત્યારે ઠાકોરજીની અનવસરની સજાવટમાં અત્તરની શીશીઓ ઠાકોરજીને ધરવામાં આવે છે. તે શીશીઓ બીજા દીવસે પ્રસાદી અત્તરના રૂપમાં બહાર આવી જતી હોય છે. તે પ્રસાદી અત્તરનો ઉપયોગ સેવામાં જતાં પહેલાં આપણે કરતાં હોઇએ છીએ.

તેવી જ રીતે કંકુનું પણ હોય છે. વિચાર કરો કે આપણા ઠાકોરજી કેવડા, તેમાં પણ ઠાકોરજીનું તિલક કેટલું નાનું. તે તિલક ઉપર જો કુમકુમનું તિલક કરવું હોય તો આપણે કુમકુમ કેટલુંક જોઇએ? પણ મોટા ઉત્સવોમાં જ્યારે ઠાકોરજીને તિલક કરવામાં આવે છે તે વખતે એવા-એવા મોટા-મોટા કુમકુમના ગોળા થાળમાં સજાવવામાં આવે છે. એક વખત તેમાંથી ઠાકોરજીને તિલક કરીને પછી તે પ્રસાદી કુમકુમમાંથી આપણે આખું વર્ષ તિલક કરીએ છીએ. આ રીતે ''ત્વયોપભુકત સ્રગ્ગન્ધ વાસોલંકાર ચર્ચિતઃ, ઉચ્છિષ્ટભોજિનો દાસાસ્તવ માયાંજયેમહિ'' ઠાકોરજી દ્વારા ઉપભુક્ત ફૂલની માલા ચંદન અત્તર વગેરે બધું જ આપણે દાસ્યભાવથી વાપરીએ છીએ.

ફૂલ-માલાની બાબતમાં આજની રૂઢી એવી થઇ ગઇ છે કે તે કોઇના સ્વાગત કરવાના ઉપયોગમાં જ ફક્ત લેવામાં આવે છે. બાકી જીવનમાં લોકોએ ફૂલની માલા પહેરવાનું બંધ કરી દીધું છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં દરેક સમૃદ્ધ સારા પરિવારના લોકો સવારે તૈયાર થતા ત્યારે જેમ આજે આપણે ઘડીયાળ પહેરીએ, પાવડર લગાડીએ, ખીસ્સામાં પેન રાખીએ, એમ ફૂલોની માળા પહેરતા હતા. ત્યારે આ જીવનમાં હતું. ફૂલોથી સ્વાગત થાય છે એ વાત સાચી છે. પણ ફૂલ ફકત કોઇના સ્વાગત માટે જ છે જીવન પ્રણાલીને માટે નથી એવી વાત નથી. તમને લોકોને સારી રીતે યાદ હશે કે નહેરૂજી રોજ એક લાલ ફૂલ પોતાના કોટના ખિસ્સામાં લગાડતા હતા. આપણે ત્યાં પ્રાચીન કાળથી જ ફૂલોની સાથે લોકોમાં લગાવ હતો. ફૂલ જેવા મહેકતા એમના સ્વભાવ હતા. ફૂલ

જેવા મહેકતા એમના ભાવ હતા. હવે આપણને ફૂલ સાથે એટલો લગાવ નથી રહ્યો. તેથી આપણે ફૂલોને બહુ વિચિત્ર સ્થિતિમાં પટકી દીધા છે. કોઇના સ્વાગતને માટે આપણે તેને ''આવો આવો'' કહીને ફૂલની માળા પહેરાવીએ. પહેરાવાવાળો પણ એક ક્ષણમાં જ ગળામાંથી ઉતારીને રાખી દે. આટલા ક્ષુદ્ર કર્મકાંડ માટે ફૂલનો બગાડ શા માટે કરવાનો પણ પ્રાચીન લોકોનો વ્યવહાર આવો ન હતો. માટે એમણે ઠાકોરજીની સેવાના ક્રમમાં પણ ફૂલોનો વિનિયોગ વિચાર્યો હતો.

**ફૂલ–માલા :**

તમે કયારેક ફૂલોની માલાની બાબતમાં વિચાર કરીને જુઓ. વિચાર કરશો તો તમને ખ્યાલ આવશે કે અનેક ફૂલોની માળામાં આપણા પુષ્ટિમાર્ગની માલા જૂદી જ દેખાશે. સૌથી વધારે વિશેષતા આપણે ત્યાંની માલામાં એ હોય છે કે આપણે માલામાં ફૂલ તો ગોઠવીએ છીએ પણ ફૂલોના ડંઠુલ નથી રાખતા. બીજે ઠેકાણેની માલાઓમાં તમને ફૂલોની સાથે ફૂલના ડંઠુલ પણ મળી જશે અને કયારેક તો પાન પણ મળી જશે. પણ આપણે ત્યાં ઉત્તમનું જ સમર્પણ કરવું જોઇએ એવા વિચારથી માલામાં માત્ર ફૂલ જ રાખવામાં આવે છે. આટલો સૂક્ષ્મ વિચાર ફકત આપણે ત્યાં જ છે.

આના સિવાય માલાઓના પ્રકાર જો વિચારીએ તો–તો કોઇ પાર નથી. એક મણકાવાળી માલા, એકથી વધારે મણકાવાળી માલા, મૃદંગ આકારના મણકાવાળી માલા, ગોળ મણકાવાળી માલા, લાંબા–નાના મણકાવાળી માલા, દોહરી માલા, લહેરીયાની માલા, કેવડા–ચમ્પાને બંધ કરીને એના મણકાની માલા વગેરે અનેક પ્રકાર છે.

આ રીતે આપણે ઋતુક્રમને અનુસાર ઠાકોરજીને આરોગાવાની સામગ્રી, જલ, અત્તર, ફૂલોની માલા વગેરેમાં અતિશય સૂક્ષ્મ વિચાર કર્યો છે.

**આરતી :**

આપણે આરતીની વાતનો વિચાર કરીએ તો રોમાંચ થાય એવી વાત છે. આપણે ત્યાં ઉષ્ણકાલમાં સોળ કે આઠ બાતીની આરતી થતી નથી.

તેનાથી ઠાકોરજીને ગરમી લાગે. એટલા માટે ચાર બાતીની આરતી થાય છે. આરતીમાં ખંડ હોય છે. બધાથી ઉપર ચાર બાતી (વાટ) હોય છે, તેની વચ્ચે આઠ હોય છે અને તેનાથી નીચે સોળ હોય. ખંડ જેટલા વધે એટલી બાતી મલ્ટિપ્લાય્ (ગુણાકાર) થતી જાય છે. પણ તે બધા ખંડોમાં બાતી ગરમી લાગે એટલે આપણે ઉષ્ણકાલમાં નથી પ્રકટાવતા. શીતકાલમાં વધારે બાતીની ગરમી સોહાય છે માટે આપણે બધા જ ખંડોમાં બાતી રાખીએ છીએ. વિચારો કે પ્રભુસુખનો કેટલો વિચાર આપણે ત્યાં આરતી જેવી નાનકડી વાતમાં પણ રાખવામાં આવેલો છે. કયાં આપણી આ ભાવનાની ઉંચાઇ અને કયાં આજની હવેલીઓની સેવા ! થોડીક સરખામણી કરીને જૂઓ. આજે તો ગામ પાસેથી ભીખ માગીને ઠાકોરજીના છપ્પનભોગ પ્રદર્શનના આયોજન કરવામાં આવે છે. ત્યારે ઠાકોરજીના માથા ઉપર હજાર-હજાર વોલ્ટની હેલોજન લાઇટ રાખવામાં આવે છે કે જેનાથી ઠાકોરજી એકદમ ચકમક-ચકમક થતા રહે. એક આવા જ છપ્પનભોગના પ્રદર્શનમાં એવું થયું કે આવી મોટી-મોટી લાઇટ્‌ોની ગરમી એટલી વધી ગઇ કે ઠાકોરજીને શૃંગારમાં ધરેલું મીણ (લગાવ) ઓગળવા લાગી ગયો. અને છેવટે ઠાકોરજીના બધા ભારે શૃંગાર વડા થઇને પડી ગયા. આવું ક્રુર પ્રદર્શન જોવા આવનારા મૂર્ખ દર્શનીયા ભગતો જય-જયકાર કરવા માંડયા ''દેખેરી હરિ નંગમ-નંગા'' અરે પુષ્ટિમાર્ગીતમારી આ કેવી દુર્દશા થઇ ગઇ છે, જરાક વિચાર કરો તો ખરા કે ઠાકોરજીના કેટલા હીનકક્ષાના વિકૃત પ્રદર્શનને તમે સેવા-ભકિત સમજી રહ્યા છો આ પુષ્ટિમાર્ગ નથી ભાઇ સાબ. આવો પુષ્ટિમાર્ગ કયારેય હોઇ જ નથી શકતો. તો વિચાર કરો કે આરતી જેવી નાનકડી વસ્તુમાં આપણે પ્રભુના સુખનો વિચાર ઋતુક્રમને અનુસાર રાખેલો હતો.

જેવી રીતે ફૂલોની માલાની બાબતમાં આપણે મર્યાદામાર્ગ કરતાં પુષ્ટિમાર્ગીય માલાની વિશિષ્ટતા જોઇ એવી જ રીતે આરતીના પ્રકારની બાબતમાં વિચારશો તો તમને ખ્યાલ આવશે કે આ બંનેમાં કેટલુ અંતર છે. અડધી કલાક સુધી ઢંઢણન્-ઢંઢણન્ ઘંટા-ટકોરા વાગતા જ રહે. આપણને સાંભળતા જ ખબર પડી જાય કે આ મર્યાદામાર્ગીય આરતી થઇ રહી છે. આપણે ત્યાંની આરતી કેટલી ટુંકા સમયની હોય છે. શ્રીગુસાંઇજી વિરચિત

આરતીના શ્લોક યાદ કરો તો ખ્યાલ આવશે કે કોઇ ચાર શ્લોકની આરતી, કોઇ છ શ્લોકની આરતી છે. બસ આટલી નાની જ આરતી આપણે ત્યાં થાય છે. એમાંય પણ ઘંટા મધુર અને મંદ અવાજવાળા જ વગાડવાની પદ્ધતી હતી. ટકોરા, શંખ વગેરે તો બહુ મોટા ઉત્સવમાં જ વગાડવામાં આવતા.

આરતીની બાબતમાં ઘણા લોકોમાં એવું ફિકસેશન ડેવલપ્ (મનોરૂઢ) થઇ ગયું છે કે આરતી તો ફકત ગોસ્વામી બાલકોને ત્યાં જ થઇ શકે છે, વૈષ્ણવોના ઘરે બિરાજતા ઠાકોરજીની આરતી ન થઇ શકે. ખરેખર આ વાત જો સાચી હોત તો તમે (કિશનગઢના) લોકો વિચારો કે કિશનગઢના દરબારને ત્યાં ૩૦૦-૪૦૦ વરસથી ઠાકોરજીની નિત્ય આરતી કેમ થઇ રહી છે ? કોણ જાણે કોણે આવી વિચિત્ર વાત ફેલાવી છે કે આરતી તો ફકત ગોસ્વામી મહારાજોને ત્યાં જ થઇ શકે છે. આવી તો કેટલીય ખોટી વાતો આપણા પુષ્ટિમાર્ગમાં ચાલી રહી છે. આ બધી વાતો પાછળનો છુપાયેલ મલિન ભાવ ફકત એટલો જ છે કે જેટલું બની શકે એટલા વૈષ્ણવોને એમના પોતાના ઘરમાં થઇ રહેલી સેવાથી વિમુખ કરો, (એમની માથે બિરાજતા ઠાકોરજીનું માહાત્મ્ય ક્ષુદ્ર કરી દો) કે જેથી આ બધી કમાણી કરવા માટે ખોલવામાં આવેલી હવેલીઓમાં દર્શન કરવા માટે ભટકતો, લાળ ટપકાવતો જ રહે. કેમકે જો વૈષ્ણવ પોતાના ઘરના ઠાકોરજીની આરતી કરશે તો પછી હવેલીઓમાં આરતીના દરશન કરવા માટે કેવી રીતે ભટકશે ? વૈષ્ણવોને ત્યાં આરતી ન થઇ શકે આવા દુષ્પ્રચારના કારણે ઘણા લોકોને હવેલીઓની આરતીમાં એટલું માહાત્મ્ય લાગે છે કે જ્યારે આરતી થાય ત્યારે તે લોકો ઠાકોરજીના બદલે આરતીના જ દર્શન ડાચું ગોળ-ગોળ ફેરવીને (આરતીની સાથે) કરતા હોય છે.

આપણે ત્યાં આરતી ઉતારીને આરતી લેવામાં આવતી નથી. કેમ ? કારણ સમજો. મર્યાદામાર્ગમાં આરતીના દીપથી દેવનો સત્કાર કરવામાં આવે છે. જે દીપથી દેવનો સત્કાર થયો હોય તે દીપ દેવનો પ્રસાદી બને છે. પ્રસાદી દીપની આરતી લેવામાં એવી ભાવના હતી કે આ દીપ અમને પણ આલોકિત કરે. આપણે ત્યાં દીપથી પ્રભુનો સત્કાર તો છે પણ તેમાં એવું ફિકસેશન્ નથી કે તે ફકત સત્કાર જ છે. તેમાં આપણો એ ભાવ પણ છે કે આટલો સમય

આપણને પ્રભુના દર્શન ન થયા તેના કારણે આપણા હૃદયમાં જે આરતી થઇ તેને આપણે પ્રભુના ઉપર વારી દીધી. હવે જે આરતીને આપણે વારી દીધી તે પાછી શા માટે લેવી આ ભાવનાને કારણે આપણે પુષ્ટિમાર્ગમાં આરતી પાછી લેવામાં નથી આવતી.

એક કારણ આરતીના માહાત્મ્યની પાછળનું એવું પણ છે કે પહેલાનાં જમાનામાં લાઇટ ન હતી. ઠાકોરજી જ્યાં બિરાજતા ત્યાં નાનકડો દીવો જ ફકત રહેતો. તેના કારણે ઠાકોરજીના દર્શન પણ સરખી રીતે નહોતા થઇ શકતા. જયારે ઠાકોરજીની આરતી ઉતારવામાં આવતી તે વખતે વધારે અજવાળું થઇ જતું. તેના કારણે ઠાકોરજીના પ્રત્યેક અંગના દર્શન સરખી રીતે થતા. આના કારણે જ આરતી ઉતારવાની પદ્ધતી પણ એવી હતી કે સૌથી પહેલાં ઠાકોરજીના ચરણની આરતી ઉતારવી. પછી ચરણથી ઉપરના અંગની ઉતારવી. આમ કરતાં-કરતાં મુખારવિંદ સુધીની આરતી ઉતારવી. અને બધાથી છેલ્લે આખાય શ્રીઅંગની આરતી ઉતારવી. આમ અંગ-પ્રત્યંગની આરતી ઉતારીને ઠાકોરજીને આપણે આપણી આંખોના દ્વારા આપણા હૃદયમાં પધરાવીએ છીએ. અને આટલા સમય સુધી ઠાકોરજીના દર્શન ન થવાથી હૃદયમાં જે આરતી થઇ હોય છે તેને આપણે ઠાકોરજીના અંગ-પ્રત્યંગના દર્શન કરીને ઠાકોરજીના ઉપર વારી દઇએ છીએ. આવો આપણો ભાવ હતો. એટલા માટે જે આરતીને આપણે વારી દીધી છે તેને આપણે પાછી શા માટે લઇએ? આ ભાવથી આપણે ત્યાં આરતી લેવામાં નથી આવતી. અને આ ભાવથી શીતકાલમાં આરતીની વાટો વધારે રાખવામાં આવતી હતી, ઉષ્ણકાલમાં એટલી વધુ વાટો રાખતા ન હતા. કેમકે પ્રકૃતિની ગરમીને કારણે માનવ સ્વભાવમાં પણ આરતી ઓછી હોય છે.

આમ આપણે ઋતુક્રમની સેવામાં દરેક નાની-મોટી વાતોનો ખૂબજ સૂક્ષ્મતાથી વિચાર કરેલો છે. તેનું સોન્દર્ય સમજશો તો આપણે ત્યાંની સેવાની રેંજ (વિવિધતા) સમજમાં આવશે. જેમ સતરંગી લહેરીયા હોય એમ આપણે ત્યાંની સેવાનો સતરંગી પ્રકાર છે. કોઇ એક પ્રકારનું બંધારણ નથી. પણ સતરંગનું પાછું એટલું અસ્વાભાવિક સ્વરૂપ પણ ન હોવું જોઇએ. એવો દુરાગ્રહ

નથી કે સતરંગનો મતલબ સાત રંગ જ હોવા જોઇએ. ઠાકોરજી આપણા એક રંગને પણ સાતરંગ માનવા તૈયાર છે. આટલું પાછું લચીલાપણું પણ આપણે ત્યાં છે. કયાંય પણ જઇને જોઇ આવો, તમને સેવા પ્રકારની આટલી વિવિધતા, આટલું સ્વરૂપ બીજે કયાંય જોવા નહીં મળે.

## પ્રશ્ન : આરતીનો અર્થ સમજાવવાની કૃપા કરશો.

**સમાધાન :** સંસ્કૃત શબ્દ છે : 'આરાર્ત્રિકમ્' હિન્દીમાં તેનો અપભ્રંશ 'આરતી' અથવા 'આર્તિ' આમ બે રીતે થયો છે. આ તો શબ્દની વાત થઇ. 'આર્તિ'નો અર્થ થાય છે કોઇને મળવાની ઉત્કંઠતા. અને 'આરતી'નો અર્થ થાય છે પૂર્ણ સ્નેહ. સંસ્કૃતનો 'આરાર્ત્રિકમ્' તો મર્યાદામાર્ગમાં સત્કારના અર્થમાં છે, આપણે ત્યાં ઠાકોરજીનો ભાવ તો સ્વીકાર્ય છે જ પણ એટલામાં જ સીમિત નથી માટે હૃદયની વાત પણ તેમાં સ્વીકારવામાં આવેલી છે. તેથી 'આરતી'વાળો ભાવ પણ એમાં છે અને 'આર્તિ' વાળો ભાવ પણ એમાં છે. 'આરતી' ના બહાને આપણે ઠાકોરજીના અંગ-પ્રત્યંગને નિહાળી શકીએ. આમાં 'આ-રતિ' છે. અને જ્યારે વારી રહ્યા છીએ ત્યારે તે 'આર્તિ' છે. જ્યારે અંગ-પ્રત્યંગના દર્શન થઇ ગયા ત્યારે આપણી આર્તિ ઠાકોરજી ઉપર ન્યોછાવર થઇ ગઇ.

## પ્રશ્ન : ઠાકોરજીની સેવામાં આપણે અત્તર લગાવીને જઇ શકીએ ?

**ઉત્તર :** લગાવવું જ જોઇએ કે જેથી તમે ઠાકોરજીના ચરણારવિંદની સુગંધથી મહેકો. ન મહેકો તો તમારા દુર્ભાગ્ય. ઠાકોરજીના ચરણની સુગંધથી આપણે ન મહેકીએ તો આપણા દુર્ભાગ્ય છે. હું તો ત્યાં સુધી કહીશ કે અત્તર લગાવવાની કોઇની સામર્થ્ય ન હોય તો પાવડર લગાવે. ઠાકોરજીની પાસે તો મહેકતા થઇને જ જવું જોઇએ. જેમ એક પત્ની પોતાના પતિની પાસે મહેકતી થઇને જાય છે એમ આપણે ઠાકોરજીની પાસે મહેકતા થઇને જવું જોઇએ. ઠાકોરજીની પાસે વાસ મારતા શા માટે જવું જોઇએ. શા માટે લઘર-વઘર જવું જોઇએ. સજી-ધજીને જવું જોઇએ.

અમારા ગોસ્વામી પરિવારમાં તો મોટેભાગે નિયમ છે કે જ્યારે વહુજી-બેટીજી ઠાકોરજીને ઝુલાવવા આવે ત્યારે ઠાકોરજીના વસ્ત્ર જેવી સાડી પહેરીને ઝુલાવે. અમે તો એવા વસ્ત્ર પહેરી ન શકીએ એટલા માટે ઠાકોરજીના વસ્ત્રના જેવો ઉપરણો ધરીને ઝુલાવીએ છીએ. આ કાંઇ ગોસ્વામીઓની જ મોનોપોલી હોય એવી વાત નથી. તમારે લોકોને પણ એમ જ કરવું જોઇએ જો કરી શક્તા હો તો. નિયમ નથી પણ કરી શકો તો કરવું જોઇએ.

**પ્રશ્ન : પ્રસાદી વસ્ત્ર–અત્તર ન હોય તો શું કરવું ?**

**ઉત્તર :** પ્રસાદી હોય તો તેનાથી ઉત્તમ બીજું શું હોઇ શકે ? સોનામાં સુગંધ છે. પણ જો પ્રસાદી નથી અને તમે ઠાકોરજીની સામે જવા માટે અત્તર લગાવી રહ્યા છો તો અત્તર પ્રસાદી ભલે ન હોય પણ સમર્પિત તો થયું કે નહીં ? તમે ઠાકોરજી માટે લગાવ્યું છે, તમારા પોતાના માટે નથી લગાવ્યું તો તે સમર્પિત છે

મેં ગયા વરસે પણ આ વાત સમજાવી હતી કે પ્રસાદ અને સમર્પિત બેય એક વસ્તુ નથી. પ્રસાદ અને સમર્પિતને એક માની લેવાથી પુષ્ટિમાર્ગમાં ખૂબ જ ગોટાળા થયા છે. 'સમર્પિત' નો મતલબ છે : આપણા દ્વારા વાપરવામાં આવતી કાંઇ પણ વસ્તુ કે જેને આપણે ભગવાનને માટે વાપરી રહ્યા છીએ. અને પ્રસાદી એ છે કે જે ભગવાને વાપરી છે અને સેવકના અધિકારથી તેને વાપરવા માટે ભગવાને આપણને આપી છે. તો, પ્રસાદી જો છે તો સોનામાં સુગંધ છે. અને પ્રસાદી નથી તો નથી. બધી વસ્તુઓ કેવી રીતે પ્રસાદી થઇ શકે ? આપણે જોડા પહેરીએ છીએ. ઠાકોરજીને આપણા જોડા કેવી રીતે પહેરાવશું ? તે કેવી રીતે પ્રસાદી થઇ શકશે ? આપણને શરદી-ઉધરસ થઇ જાય તો આપણે સેરિડોન ખાશું. હવે ઠાકોરજીને સેરિડોન કેવી રીતે ભોગ ધરવી ? પણ આપણી શરદી સેવામાં પ્રતિબન્ધક ન થાય તેના માટે જો આપણે સેરિડોન ખાઇ રહ્યા છીએ તો સેરિડોન સમર્પિત થઇ ગઇ. આ રહસ્યને સમજો, સેરિડોન ખાવી છે એટલે તેને ઠાકોરજીને ભોગ ધરવાની જરૂર નથી. અને નથી એવા અતિરેકની જરૂર કે સેરિડોન તો અણપ્રસાદી છે તો તે કેમ ખાવી ? અરે ભાઇ, સઇડ્..સઇડ્... કરતાં-કરતાં ઠાકોરજીના શૃંગાર ધરાવવા એના કરતાં સેરિડોન ખાઇને, સ્વસ્થથઇને શૃંગાર શા માટે ન ધરાવવા ?

ચશ્મા આપણે ઠાકોરજીને ક્યાં ધરાવીએ છીએ ? ઠાકોરજી કહેશે કે ભાઇ મારે થોડા નંબર આવ્યા છે કે તું મને ચશ્મા પહેરાવી રહ્યો છે. ચશ્માને આપણે પ્રસાદી નહીં કરાવી શકીએ. પણ ઠાકોરજીના દર્શન સારી રીતે થાય, શૃંગાર સારી રીતે ધરાવી શકીએ તેના માટે જો આપણે ચશ્મા પહેરી રહ્યા છીએ તો ચશ્મા સમર્પિત છે. ચશ્મા આપણા છે, સમર્પિત ઠાકોરજીને છે. આ ભાવથી બધું સમર્પિત થઇ શકે છે. શ્રીમહાપ્રભુજીએ સમર્પણની રેંજ એટલી રાખી છે કો કોઇ વસ્તુ ભગવદ્ભક્તિની સાધનાથી બહાર ન રહી જાય. ભગવદ્ભક્તિની સાધના એવી છે કે જે જીવનના દરેક ખુણા સુધી ફેલાયેલી છે. જ્યાં જોશો ત્યાં તેની કાંઇક ને કાંઇક મહેક મળશે. શરત એટલી કે તેવા મનોભાવથી કરો.

**પ્રશ્ન : હાલમાં નાથદ્વારામાં આરતી લેવા માટે રાખવામાં આવે છે, સન્મુખ ભેટ કરવામાં આવે છે, પ્રસાદ વેંચવામાં આવે છે. આ બાબતોમાં આપ સમજાવવાની કૃપા કરશો.**

**ઉત્તર :** અત્યારે નાથદ્વારામાં સીત્તેર ટકા મર્યાદામાર્ગીજાય છે. પુષ્ટિમાર્ગીતો ત્રીસ ટકા જ જાય છે. મર્યાદામાર્ગીલોકોને ન તો પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત કે ભાવનું જ્ઞાન છે ન તો એ લોકો તેને જાણવા પણ માગે છે. આવા લોકોને જ્યારે આપણે ત્યાં ઘુસવા દઇએ છીએ ત્યારે બીજી જગ્યાએ જે ચાલતું હોય તેવું આપણે ત્યાં આવવામાં પણ તે લોકોને મળે તેવી અપેક્ષા હોય છે. આપણે તો પહેલાંથી જ આપણું બધુ છોડી દીધું છે. એ લોકોને રાજી કરવા માટે આપણે પણ અત્યારે લોકોની સામે આરતી રાખવી ચાલુ કરી દીધી છે.

આવી જ પરિસ્થિતિ ભેટ બાબતની પણ છે. આપણે ત્યાં જન્માષ્ટમી, પવિત્રા અને દિવાળી સિવાય ઠાકોરજીને ભેટ થતી જ નથી. આના સિવાય બીજા દિવસોમાં ઠાકોરજીને ભેટ કરવાની સખત મનાઇ છે. તે ત્રણ વખતની ભેટ પણ મર્યાદામાર્ગીપૂજામાં જે પ્રકારથી ભેટ થાય છે તે પ્રકારની આપણે ત્યાં નથી. જન્માષ્ટમીમાં પલનાની ભેટ વ્રજવાસી નંદરાયજીને પુત્રજન્મની વધાઇ આપે છે. તે ભાવથી ધરીને કરવી જોઇએ. ઠાકોરજી પુષ્ટિમાર્ગીય દીક્ષામન્ત્રના આદ્ય ઉપદેશક ગુરૂ માનીને પવિત્રા ધરાવીને ઘરના લોકો ઠાકોરજીને ભેટ કરે છે. અને દિવાળીની ભેટ ઠાકોરજીને જુગાર રમવા

માટે નન્દરાયજી પૈસા આપે છે તેવા ભાવથી ઘરના લોકો કરે છે.

હવે તો એવી ખરાબ હાલત થઇ ગઇ છે કે લોકો ઠાકોરજીની સામે એવા ટપો-ટપ ટપો-ટપ પૈસા ફેંકે છે કે જાણે ઠાકોરજી બેટ્સમેન્ હોય અને લોકો બોલર્. આવા ધૃણાસ્પદ વ્યવહારને કોઇ રોકતું પણ નથી. કોઇ ના પાડવાવાળું નથી કે આવું ન કરો, આ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે. ટ્રસ્ટી-મહારાજ શું કામ ના પાડે એમને તો "ટકા કર્મ ટકા ધર્મ ટકા હિ પરમેશ્વર; યસ્ય હસ્તે ટકા નાસ્તિ હાટકે ટક-ટકાયતે" ટકા ભેગા કરવા એ જ લક્ષ્ય છે. પણ જો એક વખત લોકોની સામે એ પૈસા ઉપાડીને ફેંકી દેશો તો લોકો ડરી જશે. પછી પૈસા નહીં ફેંકે. પણ ટેરો ખોલવાવાળાઓને આ બધું ગમતું હોય છે, એટલા માટે તો દર્શન ખોલી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો મન્દિર-હવેલીઓવાળા એવું પણ કરતા હોય છે કે દર્શન ખોલીને દર્શન કરનારાઓ સાથે પોતાના માણસોને ઘુસાડીને ઠાકોરજીની સામે પૈસા ફેંકાવતા હોય છે જેનાથી જે લોકોને પૈસા ફેંકવાનો વિચાર ન આવતો હોય તે પણ સમજી જાય કે અહીં પૈસા ફેંકવા જોઇએ. પછી તો ટપો-ટપ પૈસા વરસવા લાગે છે. આ કેવું નાટક છે. બિચારા શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું પણ નહીં હોય કે એમના જ વંશજો પુષ્ટિમાર્ગની આવી હાલત કરશે. <u>ડૂબે વંશ કબીરકા જો ઉપજે પૂત કમાલ.</u> આવી તો કેટલીય ગંદકી ભરેલી વાતો આપણે ત્યાં ચાલતી રહી છે કે જેને શ્રીમહાપ્રભુજીની સાથે અને પુષ્ટિમાર્ગીય સેવાની સાથે લેશ માત્ર પણ સંબંધ નથી.

પ્રસાદને વેંચવો એ તો એટલું મોટું પાપ છે કે કદાચ કોઇ બ્રાહ્મણ પ્રસાદ વેંચે તો તે એ જ ક્ષણે, ભંગી નહીં, ચાંડાલ બની જાય છે. પ્રસાદ વેંચ્યો નથી કે ચાંડાલ જેટલો અપવિત્ર થયો. મરેલા ઢોરની ચામડી ઉતારવાવાળાને ચાંડાલ કહેવામાં આવે છે. સર્વે કરશો તો તમને ખ્યાલ આવશે કે પુષ્ટિમાર્ગીલોકો ચાંડાલ બનવાની હરિફાઇમાં બધાથી આગળ દોડતા જોવા મળશે. કોઇપણ શીખ લોકોના ગુરૂદ્વારામાં જશો તો તે લોકો આજીજી કરીને પ્રસાદ લેવા બેસાડશે, કોઇ તમારી પાસે પૈસા નહીં માગે. પુષ્ટિમાર્ગ આમાં જ એકસપર્ટ (હોંશિયાર) છે. પ્રસાદ જ વેંચશે ભલે ચાંડાલ જેટલા અપવિત્ર થઇ

જાય. પુષ્ટિમાર્ગીપણ પાછા એવા જ છે. એમને ઘરમાં સામગ્રી સિદ્ધ કરીને પોતાના ઠાકોરજીને આરોગાવીને શુદ્ધ પ્રસાદ લેવો સારો નથી લાગતો. એટલી માથાફોડ કોણ કરે પૈસા ફેંકો અને તૈયાર મઠડીનો સ્વાદ ચાખો. બધાને આવું ગમે છે. જે પણ વેંચાતું મળે તેને ખરીદી લો. જાતે કાંઇ નહીં કરવાનું. જ્યારે તમે ખરીદવા બેઠા છો તો વેંચવાવાળા તો ખુશ-ખુશાલ છે. તમે જે વસ્તુ માંગશો તેને તે વેંચશે. એમનો તો એક જ ધંધો છે : વેંચો, જે માંગે તે વેંચો. ઠાકોરજીને વેંચો, ઠાકોરજીની કથાને વેંચો, કીર્તનને વેંચો, પ્રસાદને વેંચો .... પણ એટલું સમજી જાવ કે, આ બધાને પુષ્ટિમાર્ગ સાથે છેટે-છેટેથી પણ (નાવા-નિચોવાનોય) સંબંધ નથી.

**પ્રશ્ન : આપણે ત્યાં દીવો પ્રકટાવી શકાય કે નહીં ?**

**ઉત્તર :** ઠાકોરજીની સાથે સાક્ષાત્ આનો કોઇ સમ્બન્ધ નથી. પ્રાચીન વખતમાં હિન્દુ લોકો પિતૃઓની પૂજાના રૂપમાં દીવો કરતા હતા. આપણે ત્યાં ઠાકોરજી આપણી ગૃહસ્થીમાં બિરાજે છે એટલા માટે ઠાકોરજી પણ આપણા લોકોના ઘણા રીતરિવાજ પાળે છે. જેમ ગ્રહણ આવે ત્યારે ઠાકોરજીના નિમિત્તથી ગ્રહણમાં દાન કરવામાં આવે છે. તેમાં સંકલ્પમાં એમ કહેવામાં આવે છે કે આ ગ્રહણ અમારા ઠાકોરજીને બાધા ન પહોંચાડે એટલા માટે આ દાન કરી રહ્યા છીએ. લોકો એવા ડરથી દાન કરતા હોય છે કે આ ગ્રહણ ભારે છે, આપણું અનિષ્ટ કરી દેશે. તેથી ''દે દાન છૂટે ગ્રહણ'' એમ કરીને લોકો દાન કરતા હોય છે. પણ આપણે એવી બીકે દાન નથી કરતાં. આપણે તો એટલું વિચારીએ કે અમારા ઠાકોરજીને ગ્રહણ નડવું ન જોઇએ, બસ.

અક્ષયતૃતીયાના દિવસે કૂષ્માંડનું દાન કરવામાં આવે છે. તે દાનના સંકલ્પમાં પણ એવું કહેવામાં આવે છે કે આ દાનનું પૂણ્ય પ્રભુને મળે. અમારો ઠાકુર સુખથી બિરાજે. આવી જ રીતે હોલિકાનું પૂજન થાય છે. આપણે ત્યાં (કિશનગઢમાં) પણ હોળી પૂજતા હતા. તેના સંકલ્પમાં પણ આ જ કહેવામાં આવે છે કે અમારા ઠાકોરજી ઉપર કોઇ આફત ન આવે. આવી રીતે ઘણા બધા લૌકિક અને શાસ્ત્રીય ભાવનાથી ન મનાવીને ભક્તિમાર્ગીય ભાવનાથી આપણા સેવ્ય ઠાકોરજીના માટે મનાવતા હતા. આવી જ રીતે આપણે ત્યાં દશેરાનું

પૂજન થતું હતું. તે પણ ઠાકોરજી માટે જ થતું હતું. આવી જ રીતે નવરાત્રીના સમયે અંકુરારોપણ થતું. તે તો શુદ્ધ દેવીના પૂજનની પ્રક્રિયા છે, વૈષ્ણવ પ્રક્રિયા નથી. પણ આપણે તે પણ કરતા હતા. આપણા ઠાકોરજી માટે બધું જ કરતા હતા. શિવરાત્રી પણ આપણે મનાવતા હતા. આપણી રીતથી મનાવતા હતા. શિવરાત્રીને દિવસે ઠાકોરજીની સન્મુખ આપણે કીર્તન ગાઇએ છીએ ''વાઘંબર ઓઢે સાંવરો'' તે દીવસની સેવાની રીતમાં એવું લખેલું છે કે શિવરાત્રીના દિવસે ઠાકોરજીના વસ્ત્રને, વસ્ત્ર જો બહુ નાના હોય તો ઠાકોરજીની ગાદીને એક લીટી ચન્દનની અને એક લીટી શ્યામરંગની આ રીતે રંગવા જેથી વાઘ ઉપર ઠાકોરજી બિરાજતા હોય તેવું લાગે. ગણેશચતુર્થીઆપણે મનાવતા હતા ઠાકોરજીની સામે ડંડો રાખીને. તેને ડંડાચોથપણ કહેવામાં આવે છે. આપણા ઠાકોરજી ડાંડિયા વગાડે તે ભાવનાથી.

દાન વગેરે જગતના લોકો પણ કરે છે પણ એમના દાનનો સંકલ્પ તેમના પોતાના સુખ સમૃદ્ધિ-પુણ્યના માટે હોય છે. આપણે પણ તે બધા જ પ્રકારના દાન કરીએ છીએ પણ આપણો સંકલ્પ તેમાં આપણા સુખ-સમૃદ્ધિનો નથી હોતો આપણા સેવ્ય ઠાકોરજીના સુખનો હોય છે. ત્યાં સુધી કે જ્યારે આપણે આપણી દીકરીના કન્યાદાનનો સંકલ્પ કરીએ છીએ ત્યારે પણ તેના સંકલ્પમાં આપણે આમ જ બોલીએ છીએ કે આ કન્યાના દાનનું જે કાંઇ પુણ્ય મળે તે અમારા સેવ્ય ઠાકોરજીના સુખ માટે વપરાય. વિવાહ કરાવનારા બ્રાહ્મણને પૂછો કે આખી દુનિયા કન્યાદાનનો શું સંકલ્પ બોલે છે. લોકો બોલતા હોય છે કે મારી આગળની સાત પેઢી અને પાછળની સાત પેઢી આ લક્ષ્મીરૂપી કન્યાના દાનના પુણ્યથી તરી જાય તેને માટે હું આ કન્યાદાન કરી રહ્યો છું. અરે શા માટે તરીને પાર ઉતરી જવું. આપણે તો ઠાકોરજીની સાથે આ ભવસાગરમાં જ તરતા રહેવું છે. આપણે શા માટે પાર ઉતરીએ. આપણને તરતા આવડે છે તો પછી શા માટે પાર ઉતરવું પાર તો તે ઉતરે છે કે જેને તરતા નથી આવડતું. આપણને તો આપણા પ્રભુની સાથે તરતા આવડે છે. તેથી અમે જેટલા જન્મ લેશું એટલી વખત ઠાકોરજીની સેવા કરશું. ઠાકોરજીને પણ અમે કહેશું કે ચાલો એટલી વાર તમે પણ અમારી સાથે ભવસાગરમાં તરો. એટલે આપણે એવો

સંકલ્પ કયારેય નહીં કરીએ કે અમારી સાત પેઢી પાર ઉતરી જાય. આપણો તો એટલો જ સંકલ્પ છે કે અમે અમારા ઠાકોરજીની સેવા કરતા રહીએ. પુણ્ય મળવું હોય તો મળે, ન મળે તો ભાડમાં જાય.

તાત્પર્ય એ છે કે આપણો પુષ્ટિમાર્ગમાં દાન, વ્રત, તપ, જપ, સંયમ, ભોગ વગેરે જે કાંઇપણ કરીએ છીએ તે બધું જ ઠાકોરજીના માટે કરીએ છીએ. ''કીજીએ જો ભી મનમેં આયે શકિલ લેકિન ઉસકી ખુશી મુકદ્દ્મ'' આ આપણો સિદ્ધાન્ત છે. તેની ખુશી મુકદ્દમ હોવી જોઇએ. તેની ખુશી મુકદ્દમ (સર્વોપરિ) માનીને કર્યું તો ભક્તિ છે, આપણી ખુશી મુકદ્દમ માનીને કર્યું તો પછી તે સંસાર જ છે. અને ન તેની ખુશી કે ન આપણી ખુશીને માટે કાંઇ કર્યું, કરવાખાતર કરી દીધું તો પછી તે જ્ઞાનમાર્ગ, વૈરાગ્યમાર્ગ થઇ ગયો. તમે ભવસાગરથી ડરી ગયા. અમે શા માટે ડરીએ જયારે ક્ષીરસાગરનો સ્વામી અમારી સાથે આ ભવસાગરમાં તરવા માટે તૈયાર છે તો આવી આપણી ધારણા છે.

## પ્રશ્ન : આપણે ત્યાં આરતીમાં ફૂલવાટ–ફૂલબાતી પ્રકટાવી શકાય ?

**ઉત્તર :** હું તમને પહેલાં કહી ગયો છું કે આપણે ત્યાં ફિકસેશન એક પણ વાતનું નથી. મૂળ વાત એ છે કે આપણે આરતીમાં જે ચાર બાતી–વાટ રાખીએ છીએ તે આપણા ધર્મ–અર્થ–કામ–મોક્ષ પુરૂષાર્થ છે કે જેને આપણે આપણા ઠાકોરજી ઉપર વારી દઇએ છીએ. અને આપણે ત્યાંની આરતીની રચના જ એવી હોય છે કે તેમાં ફૂલ બાતી રાખી નથી શકાતી. ફૂલવાટની આરતી ઉતારવી એ કોઇ અપરાધ નથી. દરેક કામ કરવાની કોઇ પદ્ધતિ હોય છે. જેમ રાજસ્થાનમાં કોઇને ગાળ દેવી હોય તો ''કાંઇસા'બ, આપ કૈસી ગાંડી–ઘેલી બાત કર રહ્યા હો'' એવા આદરની સાથે નિંદા કરવામાં આવે છે. આ એક પદ્ધતિ છે, કલ્ચર છે. એમ આપણે ત્યાં આરતીની પદ્ધતિ જૂદી છે, ફૂલવાટ આપણે ત્યાં નથી આવતી.

**પ્રશ્ન : બાતી ચાર હોવી જરૂરી છે ?**

**ઉત્તર :** એક બાતી હોય તો પણ આપણે ચાર બાતીની ભાવના કરી શકીએ છીએ પણ જો આપણી પાસે સુવિધા છે તો આપણે ચાર રાખીએ છીએ.

★★★

# ભગવત્સેવામાં ઉત્સવક્રમ

અત્યાર સુધીના પ્રવચનમાં સેવાના ઋતુક્રમની બાબતમાં જેટલું પણ કાંઇ બતાવી શકાતું હતું તે આપણે જોયું. ભોગ, રાગ, શૃંગાર વગેરે ઘણા સંદર્ભોમાં. તેના પછી હવે ઉત્સવક્રમની વિચારણા આવી રહી છે.

**પરિભાષા :**

‘ઉત્સવ’ નો અર્થ થાય છે : ‘ઉત્’=આનંદ. ‘સવ’= પ્રસવ. આનંદનું પેદા થવું તેનું નામ ‘ઉત્સવ’.

નિત્યસેવાના ક્રમમાં ગોચારણ કરીને ઠાકોરજી સંધ્યા આરતીના સમયે વ્રજમાં પધારે છે તે સમ્બન્ધમાં ભાગવતમાં ખૂબ જ સુંદર વર્ણન છે કે તે વખતે વ્રજભક્તોના નેત્રોમાં એક ઉત્સવ પ્રકટ થઇ જાય છે. મતલબ, તે જે છબી છે, વ્રજમાં પધારવાની,

“આગે ગાય પાછે ગાય ઇત ગાય ઉત ગાય,<br>
ગોવિન્દકો ગાયનમેં બસવો હી ભાવે....<br>
“નન્દદાસ પ્રભુ જહાં-જહાં ઠાડે હોત”.....<br>
કાહુસોં હાં કરી કાહુસોં ના કરી”...

ભાગવતમાં બહું સુંદર આવે છે કે પ્રભુના મુખારવિંદ ઉપર ગોચારણનો પરિશ્રમ ઝલકી રહ્યો છે. તેના દર્શન કરીને વ્રજભક્તોના નેત્રોમાં એક ઉત્સવ પ્રકટ થાય છે કે પ્રભુ ગોચારણ કરીને વ્રજમાં પાછા પધાર્યા.

નિરોધલક્ષણ ગ્રન્થમાં પણ એટલા માટે જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

“ઉદ્ધવાગમને જાતઃ ઉત્સવઃ સુમહાન્ યથા,<br>
વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્”

નિત્યપ્રતિ ભગવદ્ગુણગાન કરનારા વ્રજભકતોને પણ ઉદ્ધવજીની

સાથે જ્યારે ભગવદ્ગુણગાન કરવાનો અવસર પ્રાપ્ત થયો તો શ્રીમહાપ્રભુજી કહે છે કે ''ઉત્સવઃ સુમહાન્ યથા...મે મનસિ ક્વચિત્''.

ઉત્સવ એટલે આનન્દનો પ્રસવ. તેનું નિમિત્ત એક નહીં અનેક હોઇ શકે છે. અને અત્યાર સુધીના પ્રવચનમાં આપણે આ વાતને સ્પષ્ટરૂપે જોઇ ગયા કે આપણા સેવ્યસ્વરૂપના અનેક પાસા છે : તે બ્રહ્મ પણ છે, પરમાત્મા પણ છે, ભગવાન પણ છે, વ્રજમાં અવતરેલા નન્દાત્મજ પણ છે, આપણા ઘરમાં પ્રગટ થયેલો સેવ્ય-કૃષ્ણ પણ છે, આજની ભાષામાં કહીએ તો શ્રીમહાપ્રભુજીની સાથે કરારનામા (દસ્તાવેજ) ઉપર સહી કરનારો પણ તે છે.

''શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ,
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે...સર્વદોષનિવૃત્તિર્હિ''

ઠાકોરજીએ પ્રકટ થઇને શ્રીમહાપ્રભુજીની સાથે આ એગ્રીમેન્ટ કર્યું છે. આમ ઘણા પાસાઓ તેના છે. આ બધા પાસાઓની સાથે-સાથે આપણામાં જેવો ભાવ તે જગાવે તેવા ભાવને અનુરૂપ તેનું સ્વરૂપ પણ છે જ. આટલા બધા જ્યારે તેના પાસાઓ છે તેથી સામાન્ય રીતે આપણે સમજી શકીએ છીએ કે કોઇપણ પાસામાંથી આપણને ઉત્સવ પ્રકટ થઇ શકે છે. હું તમને ફરીથી અહીં પહેલાંની વાત કહીશ કે આમાં જો ફિકસેશન હશે તો ઉત્સવ પ્રકટ નહીં થાય, ફ્લેકસિબિલિટી હશે તો એના દરકે પાસામાંથી ઉત્સવ પ્રકટ થઇ શકે છે. જે પાસાનો વારો જે વખતે આવી જાય તે વખતે તે પાસામાંથી ઉત્સવ પ્રકટ થશે.

## અંશાંશીભાવ ઉત્સવ છે :

એક વાત સમજો કે જેમ તે બ્રહ્મ છે તેમ આપણે તેના નામ-રૂપ છીએ. જેમ તે પરમાત્મા છે તેમ આપણે જીવાત્મા છીએ. એટલે કે આપણે તેના બહારી કવચ છીએ, તે તેની (કવચની) અંદર રહેલું સ્વરૂપ છે. તે ભગવાન છે. આપણે ભક્ત છીએ. તે વ્રજમાં અવતીર્ણ થનાર વ્રજાધિપ નન્દાત્મજ છે, આપણે તેની ભાવના કરનારા, તેની કથામાં આનન્દ લેનારા તેના શરણાગત થનારા, તેને સમર્પિત થનારા વ્રજભક્તોના ભાવુક છીએ. તે આપણા ઘરમાં ઠાકુર બનીને પ્રકટ થયો છે, આપણે તેના સેવક છીએ. તો જુઓ કે

આપણા પાસાથી પણ ઉત્સવ આવી શકે છે. આ બધા પાસાઓ આપણા છે. આટલામાંથી આપણા ક્યાં પાસાનો કેવો ઉત્સવ પ્રકટ થશે તેની બાબતમાં કોઇ આગાહી કે કુંડલીની જેમ નિર્ધારણ નથી થઇ શક્તું કે આ વખતે આ ઉત્સવ પ્રકટ થશે. જે વખતે જે પાસાના કારણે જેના ઉપર નજર ગઇ તેમાં ઉત્સવ પ્રકટ થઇ શકે છે. આ આપણા અને તેના સ્વરૂપની વચ્ચે....

## બ્રહ્મસંબંધ પણ ઉત્સવ છે :

ફરી એક વાત ધ્યાનથી જુઓ કે જ્યારે તે બ્રહ્મ છે અને આપણે તેના નામ-રૂપ છીએ તો આ અંશાંશીભાવની સમજણ જે વખતે આપણને આવી તે આપણા જીવનમાં ઉત્સવ છે. અથવા અંશાંશીભાવને માટે જે વખતે આપણે તૈયાર થયા કે અમારી વચ્ચે અંશાંશીભાવ છે એવું અમે દઢતર માનીએ છીએ તો આપણો બ્રહ્મસંબંધ થઇ ગયો. આપણા જીવનમાં બ્રહ્મસમ્બન્ધ પણ એક ઉત્સવ છે. આજે તો ''ટકે શેર ભાજી ટકે શેર ખાજા'' ની જેમ ચાલુખાતામાં બ્રહ્મસંબંધ લેવાઇ-દેવાઇ રહ્યું છે. એટલે બ્રહ્મસંબંધમાં લોકોને ઉત્સવ નથી દેખાતો. બાકી બ્રહ્મસંબંધ થયું તો જીવનનો ખૂબ મોટો ઉત્સવ છે. પ્રાચીન ભગવદીય તો કહેતાં કે બ્રહ્મસંબંધ આપણો બીજો જન્મ છે. બ્રહ્મસંબંધ થયું એટલે બીજો જન્મ થયો. આ ઉત્સવ આપણી અને એની વચ્ચે થતી સમ્બન્ધની સ્થાપનાનો ઉત્સવ છે.

## ઘરમાં ઠાકોરજીનું પધારવું એક ઉત્સવ છે :

આપણા ઘરમાં ઠાકોરજી પુષ્ટ થઇને પધારે તે એક ઉત્સવ છે. આ ઉત્સવ બ્રહ્મના અંશી હોવાનો અને આપણા તેના નામ-રૂપાત્મક અંશ હોવાનો નથી. આ ઉત્સવ એ વિષયનો છે કે તેણે આપણી સાથે આજે સ્વામી-સેવકભાવ સંબંધ સ્વીકાર્યો છે. આ બીજા છેડા ઉપર બીજા પ્રકારનો ઉત્સવ છે.

શ્રીનાથજી જે વખતે પ્રકટયા ત્યારે શ્રીમહાપ્રભુજીએ સદુપાંડે વગેરે વ્રજવાસીઓને કહ્યું કે તમે શ્રીજીની સેવા કરો. પણ સ્વરૂપ એટલું મોટું કે સેવા કોણ કરી શકે. બધાએ ના પાડી દીધી કે અમારાથી આમની સેવા નહીં થઇ શકે.

અને શ્રીનાથજીએ પણ એવી ઇચ્છા પ્રકટ કરી કે મારા માટે દેવમન્દિર બનાવો. શ્રીનાથજીએ પૂરણમલ્લને શ્રીમહાપ્રભુજીની સાથે સંબંધ થયા પહેલાં જ તેને દેવાલય બનાવવાની સ્વતન્ત્ર આજ્ઞા કરી દીધી હતી. તે પણ અહીં આવેલા હતા. તેણે દેવાલય બનાવ્યું અને અક્ષયતૃતીયાના દિવસે શ્રીનાથજી પાટે બિરાજ્યા. પાટે તો બિરાજ્યા પણ પુષ્ટિમાર્ગ શ્રીનાથજીનો પાટોત્સવ અક્ષયતૃતીયાનો નથી મનાવતા. આપણે શ્રીનાથજીનો પાટોત્સવ ફાગણવદી-૭નો મનાવીએ છીએ. કેમ ? કેમકે તે દિવસે શ્રીનાથનજી શ્રીગુસાંઇજીના ઘરે પધાર્યા અને તે દિવસે શ્રીનાથજીએ શ્રીગુસાંઇજીના કુલને પોતાના સેવક માન્યું. દેવમન્દિરની મર્યાદા છોડીને ગોસ્વામીના ઘરની મર્યાદામાં પાટે બિરાજ્યા. શ્રીગુસાંઇજીનું ઘર મારૂં ઘર છે, તેનો હું સ્વામી છું દેવમન્દિરનો હું સ્વામી નથી. વ્રજરાયજી મહારાજ એટલા માટે જ લખે છે કે આનાથી મોટો કોઇ ઉત્સવ પુષ્ટિમાર્ગમાં હોઇ નથી શક્તો. આપણને નવાઇ લાગે કે શું જન્માષ્ટમીથી પણ મોટો ઉત્સવ છે ? આવું કહીને વ્રજરાયજી કયા ઉત્સવની મહત્તા કેન્સલ કરી રહ્યા છે ? મને પણ ઘણા દિવસ મુંઝવણ થતી રહી કે જન્માષ્ટમી તો ખૂબ મોટો ઉત્સવ છે કે જે દિવસે ઠાકોરજી વ્રજમાં પ્રકટ થયા. શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરી રહ્યા છે કે :

> ''સ એવ કદાચિદ્ જગદુદ્ધારાર્થમ્ અખંડઃ પૂર્ણઃ સન્
> 'કૃષ્ણઃ' ઇતિ ઉચ્યતે''

તે જે બ્રહ્મ છે, પરમાત્મા છે, ભગવાન છે તેને જ્યારે એવો મૂડ આવે કે જીવના સાધનની દરકાર મારે નથી કરવી. જીવના સાધનની દરકાર કર્યા વગર જીવની વચમાં પ્રકટ થવું છે. શ્રીગુસાંઇજી પણ એટલે જ કહે છે:

> ''નિઃસાધનફલાત્માયં પ્રાદુર્ભૂતોઽસ્તિ ગોકુલે,
> અતએવાસ્તિ નૈશ્ચિન્ત્યમ્ ઐહિકે પારલૌકિકે''

ગોપાલદાસજી પણ કહે છે ''નિઃસાધન જન હિત કરવા પ્રકટયા પરમ દયાલ''. નિઃસાધનજનના ઉદ્ધારાર્થ આપ પ્રકટ થયા છે. શ્રીમહાપ્રભુજી કહે છે : ''અસાધનમપિ સાધનં કરોતિ''. જ્યારે નિઃસાધન જીવોની વચ્ચે પ્રભુ પ્રકટ થયા છે ત્યારે પ્રભુ આ સમજીને પ્રકટ થયા છે કે આ બધા નિઃસાધન છે,

દિવસના દૂધ-દહીંનો ધંધો, ગાયો ચરાવવી, સાંજે થાકીને સુઇ જવું. આ પ્રકારની ગોપ સંસ્કૃતિમાં જીવનારા વ્રજભક્તોની પાસે કયા પ્રકારના ઉદ્ધારના સાધન હશે ભાગવત તો સ્પષ્ટ કહે છે :

''તે નાધીતશ્રુતિગણા નોપાસીતમહત્તમા...
કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવઃ ખગામૃગાઃ
યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધામામીયુરઞ્જસા''

(ભાગ.૧૨-૧૨-૭/૮)

ન તો એમણે કોઇ શાસ્ત્ર ભણ્યા, ન એમણે કોઇ સત્સંગ કર્યો, એમની વચ્ચે કૃષ્ણ એવા પ્રકટ થયા કે જે સ્વતઃ આકર્ષક છે. તેના સ્વતઃ આકર્ષણને કારણે એમને તે કૃષ્ણમાં ભાવ સ્થાપિત થઇ ગયો કે આ અમારો છે. આના સિવાય એમની પાસે બીજા કોઇ સાધન ન હતા. આ અમારો છે એવો ભાવ એમનો સ્થાપિત થયો. બસ આ જ એક એમનું સાધન હતું.

આ ભાવને સ્થાપિત કરવા માટે ઠાકોરજી, જે કારાગૃહમાં ચતુર્ભુજ સ્વરૂપથી પ્રકટયા હતા, એમના દર્શન કરીને દેવકીજીએ ઠાકોરજીને કહ્યું કે આ રૂપમાં જોઇને તો કંસ આપને ઓળખી જશે. તો ઠાકોરજીએ કહ્યું કે તમે આવું વરદાન માગ્યું હતું માટે હું આ રૂપમાં પ્રકટ થયો છું. હવે તમને કંસનો ડર લાગી રહ્યો છે તો લ્યો, હું મારૂં સ્વરૂપ બદલી દઉં. પછી ઠાકોરજીની આજ્ઞાથી વસુદેવજી ઠાકોરજીને નંદરાયજીના ઘરે પધરાવી ગયા.

જે વખતે નંદના ઘરે ઠાકોરજીને પધરાવ્યા ત્યાં પણ આપ દ્વિભુજ કેમ રહ્યા ત્યાં તો ચતુર્ભુજ થઇ શક્તા હતા શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીમાં આની ખૂબ જ સુંદર વિવેચના કરી છે કે ગોપોના ઘરમાં જો ચતુર્ભુજ રૂપે પ્રગટ થશે તો ગોપ એમને પોતાનો ગોપબાલક કેવી રીતે માનશે અને જો તે લોકો ઠાકોરજીને ગોપબાલક નહીં માને તો ઠાકોરજીમાં એમનો ભાવ સ્થાપિત નહીં થાય. તેવું જો નહીં થાય તો જે આગળ નિ:સાધન ફલાત્મિકા લીલા કરવાની છે તે લીલા જ કેન્સલ થઇ જશે. એટલે જ જે વખતે ભગવાનના મુખમાં યશોદાજીને બ્રહ્માંડના દર્શન થયા તે વખતે ક્ષણવાર માટે યશોદાજીને એમ થયું કે આ બધું શું છે, ભૂતનો વળગાડ છે, પ્રેતનો વળગાડ છે, કે મારૂં બાળક જ આવું અલૌકિક છે કે

તેના મોઢામાં બ્રહ્માંડ દેખાઇ રહ્યું છે. ઠાકોરજીને થયું કે જો આ સીન ચાલુ રહેશે તો લીલા નહીં થઇ શકે. બ્રહ્મજ્ઞાન થતું રહ્યું તો લીલા કેન્સલ એટલા માટે ઠાકોરજીએ પાછું પોતાનું એવું બાળકનું સ્વરૂપ દેખાડયું જેના લીધે યશોદાજીને મુખમાં બ્રહ્માંડ દેખાયું તે વાત જ ભુલાઇ ગઇ.

ઠાકોરજી ત્યાં નિઃસાધનફલાત્મા બનીને પ્રકટયા છે. જન્માષ્ટમી નો ઉત્સવ નિઃસાધનફલાત્માનો ઉત્સવ છે. તે પણ એક ઉત્સવ જ છે. મહાપ્રભુ સર્વનિર્ણય નિબંધમાં કહે છે કે પરમાત્માને જો સાધનદ્વારા પ્રાપ્ત કરવો હોય તો મોટી-મોટી મુશ્કેલીઓ છે. કેમકે શાસ્ત્રવર્ણિત સાધનોનું અનુષ્ઠાન સરખી રીતે થવું મુશ્કેલ છે. છતાં પણ જ આપણે પ્રભુની શરણાગતિ સ્વીકારી રહ્યા છીએ :

“सर्वसाधनहीनस्य पराधीनस्य सर्वतः,
पापपीनस्य दीनस्य श्रीकृष्णः शरणं मम”

અને શરણાગત થઇને પ્રભુના તરફ શરણાગત થવા માગીએ છીએ તો સાધનોનું અનુષ્ઠાન (આચરણ) સરખી રીતે ન પણ થાય તો કાંઇ નહીં પણ આપણે કાંઇ અપરાધ તો નથી કરી રહ્યા, પ્રભુની તરફ શરણાગત થવામાં જોખમ શું છે ? શરણાગત થઇ જાવ. જો તેને તારવા હશે તો તારશે, નહીં તારવા હોય તો નહીં તારે. નહીં તારે તો પણ આપણી સ્થિતિમાં કોઇ નુકશાન તો નથી જ થવાનું. એટલા માટે માણસને શરણાગતિ અને ભક્તિનો ભાવ પ્રભુ પ્રત્યે રાખવો જોઇએ. નભી શકે તો ઠીક છે. અને માનો કે શરણાગતિ અને ભક્તિ ન નભી તો ઓછામાં ઓછું શરણાગતિ અને ભક્તિનો ભાવ મનમાં રાખવામાં શું તકલીફ છે ? શ્રીમહાપ્રભુજી આ સમજાવી રહ્યા છે. ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કદાચ આપણને નિઃસાધન સમજીને પ્રભુ એમ વિચારે કે હું કૃષ્ણના અવતારમાં તો નિઃસાધનફલાત્મા છું અને આ મને કૃષ્ણના રૂપથી જ ભજવા માગી રહ્યો છે તો પછી હું આને નિઃસાધનતયા ભજીશ. નિઃસાધનફલાત્માના રૂપમાં હું આને ભજીશ. “ભજતો હિ ભજન્ત્યેકે” રાસપંચાધ્યાયીમાં આવે છે. જે ભજે તેને તેવી રીતથી ભજવું. “યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્”. આ જ્યારે મને નિઃસાધનફલાત્માના રૂપમાં ભજી રહ્યો છે તો હું પણ એની પાસેથી સાધનની અપેક્ષા રાખ્યા વગર એને

ફલાનુભૂતિ કરાવીશ. આવું શા માટે ન બની શકે બની જ શકે છે તેથી જ જન્માષ્ટમી પણ આપણે ત્યાં એક ઉત્સવ છે. પણ ધ્યાનથી જોશો તો તે એક જુદી જાતનો ઉત્સવ છે. અને બ્રહ્મસંબંધનો ઉત્સવ જુદી જાતનો ઉત્સવ છે.

સેવા કરતા-કરતા એક દિવસ આપણા મનમાં એવો ભાવ દૃઢ થઇ જાય કે આ વસ્તુ મને ગમે છે તે મારા ઠાકોરજી માટે છે. આત્મરતિ પ્રકટ થઇ ગઇ, એટલે જે ચીજ ગમી રહી છે, જે ચીજ સારી લાગી રહી છે...

"યદ્યદિષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ,

યેન સ્યાન્ નિર્વૃતિશ્ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્"

- આ જે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે તે પ્રમાણે જે વસ્તુ આપણને ગમી રહી છે તેનો ઉપયોગ, તેનો આનંદ આપણે આપણા માટે લેવાના બદલે ઠાકોરજીને માટે ઉપયોગમાં લેવાનો જરાક પણ ભાવ જાગ્યો તો આપણી પરમાત્મરતિ પ્રકટ થઇ ગઇ. કેમ પ્રકટ થઇ ગઇ ? ઉપનિષદ અને ભાગવત સમજાવે છે :

"ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ,
આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ"
"અહમ્ આત્માત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ
અતો મયિરતિં કુર્યાત્"

પત્ની આપણને એટલા માટે પ્રિય નથી લાગતી કે પત્નીમાં કોઇ પ્રકારની પ્રિયતા છે, પણ આપણને આપણી આત્મા પ્રિય લાગે છે, અને આપણી આત્મા સાથે પત્નીનો સંબંધ છે માટે આપણને પ્રિય લાગે છે. પુત્ર આપણને એટલા માટે પ્રિય નથી લાગતો કે પુત્ર પ્રિય છે. પણ પુત્રની સાથે આપણને આપણો કોઇક સંબંધ દેખાઇ રહ્યો છે માટે પુત્ર પ્રિય લાગે છે, જો આપણાપણું ખંડિત થઇ જાય તો પુત્ર પણ દુશ્મન લાગવા માંડે, પત્ની પણ દુશ્મન લાગવા માંડે. આપણાપણું ખંડિત થઇ જાય ત્યારે પ્રિય લાગવાવાળું ઘર પણ અપ્રિય લાગવા માંડે છે.

તો જે ચીજ આપણને પ્રિય લાગી રહી છે તે આપણને ઠાકોરજીને માટે

પ્રિય લાગવા માંડી તો આપણી પરમાત્મરતિ જોડાઇ ગઇ. એ દિવસ પણ ક્યારેક આવશે ! વો સુબહ કભી તો આયેગી !! શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે :

> ‘‘ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા,
> તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિઃ બ્રહ્મબોધનમ્’’

તમે તનુવિત્તજા સેવા કરશો, વ્રજભક્તોની ભાવનાથી સેવા કરશો. પણ સેવાનો ધંધો નહીં કરો, મનોરથનો ધંધો નહીં કરો, બીજા પાસેથી પોતાના ઠાકોરજીની સેવા-મનોરથમાટે ભેટ-સામગ્રીની ભીખ નહીં માંગો, ઘરને ઠેકાણે તમારા ઠાકોરજીને જાહેર હવેલીઓમાં નહીં બેસાડો- તો વો સુબહ જરૂર આયેગી. જે દિવસે તે પ્રભાત આવશે તે દિવસ પણ આપણા જીવનમાં ઉત્સવનો હશે.

જેવા-જેવા પ્રભુના પાસા છે, તે સંદર્ભના જેવા આપણા પાસાઓ છે તે બધા સંદર્ભોના અનેકાનેક ઉત્સવ છે.

તે ભગવાન તેથી તેની ભગવત્તાને નિભાવવા માટે ભગવચ્છાસ્ત્રમાં જે ઉત્સવ પ્રકટ થયા છે તે પણ આપણે ત્યાં સેવામાં મનાવવામાં આવે છે. તેથી ઉત્સવનો કોઇ એક પ્રકાર નથી. આપણે ઉત્સવના કોઇ એક પ્રકારનું ફિકસેશન ડેવલપ્ નથી કરવાનું. આપણા મનને ફ્લેક્સિબલ રાખવાનું છે કે જ્યારે ઉત્સવ આવે ત્યારે આપણા મનમાં આનંદ પ્રકટ થવો જોઇએ. માટે જ શ્રીહરિરાયજી વગેરે બાલકોએ આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે સેવામાં આપણાથી જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઉત્સવનો લોપ ન કરવો. કેમકે પ્રભુ ઉત્સવની રાહ જોવે છે. આપણા ઉત્સવથી પ્રભુને ઉત્સવ થાય છે. અને પ્રભુના ઉત્સવથી આપણને ઉત્સવ છે. ઉત્સવ આવી રીતે પરસ્પર છે.

અત્યારે તો એવી ખરાબ હાલત થઇ ગઇ છે કે લોકો જન્માષ્ટમી, પોતાના ઠાકોરજીનો પાટોત્સવ જેવા મોટા ઉત્સવને દિવસે પોતાનું ઘર છોડીને બહારગામ રખડતા ફરે છે. હવે આપણને આપણા ઠાકોરજીની સાથે ઉત્સવ મનાવવાનું ગમતું નથી. કારણ શું છે ? કારણ માત્ર એટલું જ છે કે આપણને આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજી આપણા લાગતા જ નથી. ઠાકોરજી જ

નથી લાગતા.

વાર્તા વાંચશો તો દેખાશે કે એક વૈષ્ણવને અમુક કાર્ય માટે બહારગામ જવું પડયું. એ દરમ્યાન બેંગનદશમી આવી. તે જે કામ માટે ગયા હતા તે કામથી હાજીપુરનો સુલતાન ખુશ થયો. સુલતાને વૈષ્ણવને કાંઇક માંગવાનું કહ્યું. વૈષ્ણવને પોતાના ઘરે પહોંચીને પોતાના ઠાકોરજીને બેંગનદશમીના દિવસે બેંગનભોગ ધરવા હતા. તેથી તેણે હાજીપુરના સુલતાન પાસે એક ઘોડો માગ્યો. સુલતાને તેને કહ્યું કે માગી-માગીને ખાલી એક ઘોડો જ કેમ માગ્યો ? વૈષ્ણવે કહ્યું અત્યારે તો મારે ઘોડાની જ અતિશય જરૂર છે. એ જ મારા માટે મોટી વાત છે. વાત એટલી જ હતી કે તે વૈષ્ણવને પોતાના ઠાકોરજીને બેંગન ભોગ ધરવા હતા. ઘોડો મળતાં જ વૈષ્ણવ પોતાના ઘરે કાશી ગયા. જ્યારે તે જઇને પાછા આવ્યા ત્યારે સુલતાને પૂછયું કે એવી તે શું વાત હતી ? વૈષ્ણવે એમ ન કહ્યું કે હું મારા ઠાકોરજીને બેંગન ભોગ ધરવા બિહારથી કાશી ગયો હતો. તેણે કહ્યું કે ઘર-ગૃહસ્થી છે, ગૃહસ્થીનું (વહેવારિક) કામ આવી ગયું હતું તેથી ઘોડાની જરૂર પડી. તો જુઓ, વૈષ્ણવે પોતાના ઠાકોરજી સંબંધી ઉત્સવને પોતાની ગૃહસ્થીનો ઉત્સવ માન્યો. તેના ઠાકોરજી પણ ચોક્કસ જ તેના ઘરને પોતાનું જ ઘર માનતા હશે. તેના ઉત્સવને પણ તેના ઠાકોરજીએ પોતાનો ઉત્સવ જ માન્યો હશે.

તો વાત સમજો કે ઉત્સવના આવવાના અનેક દ્વાર છે. તે અનેક દ્વારમાંથી પાછો એક-એક ઉત્સવ જ આવે છે એવી વાત નથી, એક-એક દ્વારમાંથી અનેક-અનેક ઉત્સવ આવે છે. આ તો આપણે જો આપણે ત્યાંના ઉત્સવોની યાદી જોઇએ તો ખબર પડે.

મારી પાસે એક વખત નોર્વેની એક બહેન પુષ્ટિમાર્ગ ભણવા આવી. પાંચ-છ મહિના ભણ્યા પછી તેણે આપણે ત્યાંના ઉત્સવની બાબતમાં પૂછયું. મેં ટિપ્પણી લઇને તેને ઉત્સવ બતાવવા ચાલુ કર્યા. એક પછી એક ઉત્સવ આવતા ગયા. એક પણ મહીનો એવો ન હતો કે જેમાં બે-ચાર ઉત્સવ ન આવ્યા હોય. તે આ સાંભળીને ચકિત  થઇ ગઇ. તેણે મને પૂછયું કે તમારે ત્યાં એકેય મહીનો ઉત્સવ વગરનો છે કે નથી ? મેં કહ્યું કે એવો તો એકેય મહીનો

નથી. આ અમારૂં સૌભાગ્ય છે. તમે વરસમાં એક વાર ક્રિસમસ્ મનાવો છો. અમે દરેક મહીને ઉત્સવ મનાવીએ છીએ. અમારા ઠાકોરજી ઉત્સવપ્રિય છે, અમે ઉત્સવપ્રિય છીએ. અમારા આચાર્ય ''આનંદઃ પરમાનંદઃ'' છે.

તો જુઓ કે આપણે ત્યાં આપણા પ્રભુના જુદા-જુદા પાસાઓના વિચારથી, આપણા જુદા-જુદા પાસાઓના વિચારથી અને આપણા તથા પ્રભુના સંબંધના પાસાઓના વિચારથી અનેક પ્રકારના ઉત્સવ મનાવવામાં આવે છે. ઉત્સવોના આવવાના આવા અનેકાનેક દ્વાર છે. તે દ્વારોમાંથી પાછા અનેકાનેક ઉત્સવ આવતા રહે છે.

**ઉત્સવના પ્રકાર :**

ઉત્સવોનું સામાન્ય વર્ગીકરણ કરવું હોય તો આવી રીતે કરી શકાય છે

**૧. શાસ્ત્રવર્ણિત ઉત્સવ :**

આ ઉત્સવ આપણા સેવ્ય પ્રભુના 'ભગવાન' હોવાના પાસા સાથે જોડાયેલા ઉત્સવ છે.

**૨. વ્રજલીલાના ઉત્સવ :**

વ્રજાધિપ આપણા ભજનીય છે તેથી પ્રભુએ વ્રજમાં જે ઉત્સવ પ્રકટ કર્યા તે પ્રકારના આ ઉત્સવ છે. તે ઉત્સવોને પણ આપણે મનાવીએ છીએ.

**૩. ભક્તિમાર્ગીય ઉત્સવ :**

શ્રીમહાપ્રભુજીને ચિંતા હતી કે દોષસહિત જીવનો સંબંધ નિર્દોષ (દોષ રહિત) પ્રભુની સાથે કેવી રીતે કરાવવો. શ્રીકૃષ્ણે શ્રીમહાપ્રભુજીની સાથે એક કરાર કર્યો છે કે તમે જેને બ્રહ્મસંબંધ આપીને મારી સેવામાં પ્રવૃત્ત કરશો તેના દોષ નિવૃત્ત થાય કે ન થાય પણ તેના દ્વારા કરવામાં આવતી સેવામાં હું તેના દોષને સેવા પ્રતિબન્ધકરૂપે નહીં માનું. આ શ્રીમહાપ્રભુજીની સાથે કરેલું પ્રભુનું એગ્રિમેંટ (કરારનામું) છે. આ એગ્રિમેન્ટ અંતર્ગત પણ આપણે ત્યાં સેવામાં ઉત્સવ આવે છે. પવિત્રા અગીયારસ તે જ પ્રકારનો ઉત્સવ છે. મેં તમને કાલે પણ બતાવ્યું હતું કે આપણા પુષ્ટિમાર્ગમાં ત્રણ જ ભેટ ઠાકોરજીને થતી હતી :

૧.	પવિત્રાની

૨.	દિવાળીની અને

૩.	જન્માષ્ટમીની

ચોથી કોઇ ભેટનો પ્રકાર આપણે ત્યાં હતો જ નહીં. આ ત્રણ દિવસ સિવાય હવે તો જે ભેટ કરવામાં-કરાવવામાં આવે છે તે સેવાને ધંધો બનાવવાવાળાઓનું માત્ર ષડયંત્ર જ છે.

તે ત્રણ ભેટ પણ મર્યાદામાર્ગીય પૂજામાં કરવામાં આવતી ભેટ જેવી નથી. તે ભેટની પાછળ આપણી જૂદી જ ભાવના છે. પવિત્રાની ભેટ ઠાકોરજીને પુષ્ટિમાર્ગના આદ્ય ગુરૂ માનીને કરવામાં આવે છે. કેમકે સૌથી પહેલી બ્રહ્મસંબંધ દીક્ષા શ્રીમહાપ્રભુજીને ઠાકોરજીએ આપી હતી ''સાક્ષાત્ ભગવતા પ્રોક્તમ્''. તેથી પવિત્રા ના દિવસે ઠાકોરજીને દેવ તરીકે નહીં પણ ગુરૂ તરીકે આપણે ભેટ કરીએ છીએ. આ દિવસે ઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીની ચિંતાનું નિવારણ કર્યું. સદોષ જીવની સેવાને પણ હું સ્વીકારીશ એવું વચન ઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને આપ્યું. તેથી આ ખૂબ જ મોટો ઉત્સવ છે. આ ઘણો દુર્લભ અવસર છે. આપણે પવિત્રાના દિવસે ઠાકોરજીને ગુરુ અને આપણને શિષ્યભાવથી જોઇએ છીએ. પણ પાછું ધ્યાન રાખજો, આનું ફિકસેશન નથી. નહીંતર તો પંચાત થઇ જશે. આ ફકત એક જ દિવસ પુરતી વાત છે. બીજા દીવસથી પાછા આપણા ઠાકોરજી ''સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ'' છે.

### ૪. સમ્પ્રદાયના ઉત્સવ :

કેટલાક ઉત્સવ લીલા, શાસ્ત્ર અને ભક્તિમાર્ગથી અલગ સામ્પ્રદાયિક પણ મનાવવામાં આવે છે.

### ૫. લોકના ઉત્સવ :

આપણે ઠાકોરજીની સેવા લોકમાં કરી રહ્યા છીએ તેથી ઠાકોરજી આપણા લોકના પણ ઉત્સવ મનાવે છે.

### ૬. પારિવારિક ઉત્સવ :

વાર્તામાં આવે છે કે શ્રીગુસાંઇજી પોતાનો જન્મદિન સેવામાં નહોતા

મનાવતા. શ્રીનાથજીએ તે દીવસે આજ્ઞા કરી કે મારે શ્રીગુસાંઇજીનો જન્મદિન મનાવવો છે. ત્યારે રામદાસજી અને બધાએ દોડા-દોડી કરીને સામગ્રી સિદ્ધ કરી અને પછી જન્મદિન મનાવ્યો. શ્રીગુસાંઇજીને પણ આશ્ચર્ય થયું બધી દોડા-દોડી જોઇને. આપે પૂછયું ત્યારે બધાએ કહ્યું કે આજે શ્રીજીએ આપનો જન્મદિન મનાવ્યો છે.

વૈષ્ણવોને ભડકાવી દેવામાં આવ્યા છે કે વૈષ્ણવોએ તો પ્રણાલિકામાં જેમ લખ્યું હોય તે પ્રમાણે એટલું જ કરવું, તેનાથી વધારે કાંઇ પણ ન કરવું. આના લીધે જ વૈષ્ણવો પોતાના પારિવારિક ઉત્સવો પોતાના ઠાકોરજીની સાથે મનાવતા નથી, હવેલીઓમાં રખડતા ફરે છે. પણ સાચી વાત તો એ છે કે દરેક વૈષ્ણવને પોતાના પારિવારિક ઉત્સવ પોતાના ઘરના ઠાકોરજીની સાથે મનાવવા જ જોઇએ. જો વૈષ્ણવ પોતાનો જન્મદિવસ પોતાનો જન્મદિવસ પોતાના ઘરના ઠાકોરજીની સાથે ન મનાવે તો તેનો જન્મદિવસ નકામો ગયો.

ગોસ્વામી પરિવારમાં તો આવી જ રીત છે કે ઘરના કોઇપણ બાલકનો જન્મદિવસ આવે તો તે દિવસે ઠાકોરજીને કેસરી વસ્ત્ર ધરાવવામાં આવે, અદકીની સામગ્રી ધરવામાં આવે અને જન્મદિવસ કોઇ વિશેષ ઉત્સવના દિવસે ન આવતો હોય તો સ્પષ્ટ વિધાન છે કે જેનો જન્મદિવસ હોય તે દિવસે જેવા શૃંગાર ઠાકોરજીને ધરાવવા ઇચ્છે તેવા ધરાવે. મારા જન્મદિવસે હું મારા ઠાકોરજીને શૃંગાર ચોપડી વાંચીને નથી ધરાવતો. જે શૃંગાર ધરાવવામાં મને મજા આવે તે શૃંગાર હું ધરાવું. કોઇને ટિપારો ધરવામાં મજા આવે, કોઇને ટોપી ધરવામાં મજા આવે, કોઇને મુકુટ કે કુલ્હે ધરવામાં મજા આવે.... અમારા જીવનલાલજી તાતજી કુલ્હે ઉપર મુકુટ ધરાવતા હતા. સામાન્ય રીતે કુલ્હે ઉપર મુકુટ ધરવામાં નથી આવતો. પણ તાતજીને એવી ઇચ્છા થતી કે મારા જન્મદિવસે ઠાકોરજીને એવા શૃંગાર કરવા કે જેવા કયારેય ન ધર્યા હોય. તેથી તેઓ તે શૃંગાર ધરતા. દોહરા મંડાણનો ઉત્સવ કરતા. તમે લોકો (વૈષ્ણવો) પણ તમારા પરિવારના ઉત્સવ તમારા ઘરના ઠાકોરજીની સાથે મનાવી શકો છો. તમને ખોટી રીતે ભરમાવી દીધા છે કે પ્રણાલિકામાં લખ્યું હોય તેનાથી વધારે કાંઇ પણ ન કરવું. પણ એક વાત સમજો ''દમલા યહ માર્ગ તેરે લિયે પ્રકટ કિયો

હે'' આ આજ્ઞા દામોદરદાસને થઇ છે. તો જે માર્ગ વૈષ્ણવોને માટે પ્રકટ કર્યો છે તે માર્ગના અધિકારથી વૈષ્ણવને કેવી રીતે વંચિત રાખી શકાય કે વૈષ્ણવ પોતાના જન્મદિવસને પોતાના ઠાકોરજીને પોતાના મનગમતા શૃંગાર ન ધરાવી શકે ? મનનો ઉત્સવ આપણા ઠાકોરજીની સાથે ન મનાવી શકીએ ? તો વાત સમજો કે આપણો જન્મદિવસ પણ આપણા ઠાકોરજી માટે ઉત્સવ છે.

અમારે ત્યાં તો, એટલા માટે, દરેક ઘરમાં અમારા જેટલા પણ પૂર્વજ છે તે બધાના ઉત્સવ અમારા ઠાકોરજી મનાવે છે. કેમકે ઠાકોરજી અમારા ઘરમાં બિરાજી રહ્યા છે. ઘણી વખત તો એવું થાય છે કે, આ હું મારી વાત કરી રહ્યો છું, અમને ખબર ન હોય કે આજે કયા તાતજીનો ઉત્સવ છે, પણ અમે જ્યારે સેવાવિધિનું પુસ્તક જોઇએ ત્યારે ખબર પડે કે આજે ફલાણા તાતજીનો ઉત્સવ છે. તો જુઓ, ઠાકોરજી અમારા ઘરનાઓના ઉત્સવ મનાવે છે એટલે અમને ખબર પડે છે. મતલબ, ઠાકોરજી અમને યાદ દેવડાવે છે કે આજે તારા દાદાજીનો ઉત્સવ છે. અમે તો ભૂલી જઇએ છીએ, આટલા બધા પૂર્વજ થયા, કોના-કોના જન્મદિવસ માણસ યાદ રાખી શકે. અને એમાં પણ મારા જેવો ભુલકકડ માણસ કે જેને પોતાનો પણ જન્મદિવસ યાદ ન રહેતો હોય તેને બીજાનો જન્મદિવસ કેવી રીતે યાદ રહી શકે પણ અમારા ઠાકોરજી બધું યાદ રાખે છે. ઠાકોરજીના ઘરના છે એટલે ઘરનાઓના ઉત્સવ મનાવે છે. તે જેમ અમારે ત્યાં મનાવે છે, આ અમારો એકાધિકાર નથી ''દમલા યહ મારગ તેરેલિયે પ્રકટ કિયો હૈ'' એટલે વૈષ્ણવને પણ પોતાના ઘરના સભ્યોના જન્મદિવસ પોતાના ઠાકોરજીની સાથે મનાવવા જ જોઇએ. વાર્તા આપણને સમજાવે છે કે જ્યાં સુધી પુષ્ટિમાર્ગ છે ત્યાં સુધી દામોદરદાસજીનું પ્રાકટય માર્ગમાં થતું જ રહેશે. વૈષ્ણવોને કેમ ભડકાવી દેવામાં આવ્યા છે તેઓ પોતાના ઘરના ઉત્સવ પોતાના ઠાકોરજીની સાથે ન મનાવી શકે એટલે વૈષ્ણવો એમ સમજવા લાગ્યા કે વૈષ્ણવોના ઘરમાં બિરાજતા ઠાકોરજી ઓછા પાવરના (બે-પાંચ વોલ્ટના) હશે. અને બાલકો કેમકે એમના ઘરના જન્મદિવસ એમના ઠાકોરજીની સાથે મનાવે છે એટલે એમના ઠાકોરજી વધારે પાવરવાળા (૧૦૦ કે ૨૦૦ કે ૧૦૦૦ વોલ્ટેજના) હશે. આના કારણે વૈષ્ણવોનો ભાવ એમના

ઘરના ઠાકોરજીમાંથી ખંડિત થઇ જાય છે. વૈષ્ણવોને આ રીતે ગેરમાર્ગે દોરવામાં પણ અંદર રહેલો દુર્ભાવ પાછો એ જ છે કે વૈષ્ણવનો ભાવ જો તેના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાંથી ખંડિત થઇ જશે તો તેને ત્યાં અસંતોષ રહેશે, અસંતોષ રહેશે તો તે કહેવાતા વધારે વોલ્ટેજવાળા ઠાકોરજીના દર્શન-મનોરથમાટે હવેલીઓમાં ભટકતો રહેશે. વૈષ્ણવ આવી રીતે ભટકતો રહેશે તો હવેલીનો ધંધો ચાલતો રહેશે. જે પત્નીને પોતાના પતિ ગમે છે, જે પતિને પોતાની પત્ની ગમે છે તે બીજા તરફ શું કામ જોશે ? પણ જો કોઇ હરામી માણસ સુખી દંપત્તિની વચમાં ઝઘડો કરાવી દે તો બીજો કોઇક એકાદને ભગાડી લઇ જાય, કોઇ શૂર્પણખા બની જાય તો કોઇ રાવણ બની જાય. પુષ્ટિમાર્ગમાં આ બધું ઉત્વસવનું નહીં પણ પરમદુઃખનું ચક્કર છે.

હવેલીઓમાં વૈષ્ણવોની વધારે ભીડને લોકો મોટો ઉત્સવ સમજે છે તે ખરેખર તો જુઓ તો અતિશય દુઃખનો વિષય છે. વૈષ્ણવ પોતાના ઘરના ઠાકોરજી સાથે ઉત્સવ ન મનાવીને જ્યાં-ત્યાં રખડતો ફરે છે આનાથી મોટું દુઃખ કયું હોઇ શકે છે ? આ ઉત્સવ નથી દુઃખસવ છે, કષ્ટસવ છે. સાચો ઉત્સવ તો ત્યારે છે કે જ્યારે તમને પોતાના ઠાકોરજીની સેવામાં તલ્લીનતાને લીધે અમારા જન્મદીવસ-ઉત્સવ પણ યાદ ન રહે.

તો ફરીથી સમજો કે ઉત્સવના અનેક પ્રકાર છે. કેટલાક ઉત્સવ પરિવારના પણ છે કે જે ઘરના ઠાકોરજી મનાવે છે. જેમ, આપણે ત્યાં ઠાકોરજીને શહેરાના શૃંગાર વરસમાં ઘણી વખત ધરાવવામાં આવે છે. જેમ, આપણે ત્યાં ઠાકોરજીને શહેરાના શૃંગાર વરસમાં ઘણી વખત ધરાવવામાં આવે છે. શહેરા વિવાહના શૃંગાર છે. આપણને વિચાર આવે કે વિવાહનો દિવસ તો વરસમાં એક વખત આવતો હોય છે. ઠાકોરજીનો વિવાહ પ્રબોધિનીના દિવસે આપણે મનાવીએ છીએ. છતાં પણ ઠાકોરજી વરસમાં અનેક વખત શહેરા ધરે છે. આનું કારણ એ છે કે અમારે ત્યાં જ્યારે પણ કોઇ વિવાહનો પ્રસંગ આવે ત્યારે ઠાકોરજી પણ અમારા વિવાહ મનાવે છે. તે દિવસે ઠાકોરજીને શહેરાના શૃંગરા ધરાવવામાં આવે છે. એ દિવસોને યાદ કરીને ઠાકોરજી વરસમાં ઘણી વખત શહેરાના શૃંગાર ધરે છે કે આજે ફલાણા બાલકના વિવાહ થયા હતા તેથી

આજે મને તમે શહેરા ધરાવો.

ગોકુલ-કામવનના ઘરમાં એવો નિયમ છે કે ઘરનો કોઇ બાલક પોતાના ઠાકોરજીનો કોઇ મનોરથકરે તો દર-વરસે ઠાકોરજી તે મનોરથનો ઉત્સવ મનાવે છે. જેમ કે આજે મેં ફૂલમંડલીનો મનોરથકર્યો. તેથી હવે દર વરસે ઠાકોરજી આજના દિવસે મારો ફૂલમંડલીના મનોરથનો ઉત્સવ મનાવશે કે આજના દિવસે બાલકે ફૂલમંડલી કરી હતી. કેટલા દયાળુ છે આપણા ઠાકોરજી આપણે કાંઇક મનોરથકરીએ તેનો ઉત્સવ આપણા ઠાકોરજી મનાવે છે.

ઠાકોરજીની ભક્તપરવશતાની દષ્ટિથી વિચારો તો આ નિયમ અતિ મીઠો છે કે ઠાકોરજી મનોરથનો પણ ઉત્સવ મનાવે છે. પણ આને જ એક નિયમની દષ્ટિથી વિચારો તો આમાં થોડીક કડવાશ પણ છે. દરેક વસ્તુમાં સુખ-દુઃખ બંને હોય જ છે. આ નિયમથી ત્યાં બાલક મનોરથકરવાથી પણ ડરે છે. કારણકે તો તો પછી દર-વરસે ઠાકોરજી તે દિવસે ઉત્સવ મનાવશે. આનું પરિણામ એ આવ્યું કે ત્યાં એક એવો પણ નિયમ બની ગયો કે વધારાના (અદ્કિના) મનોરથકરવા જ નહીં કે જેથી દર-વરસે જેનો ઉત્સવ મનાવવો પડે. આ એ નિયમનું કડવાપણું છે. પણ આનું મીઠાપણું પણ છે તે આપણે ન ભૂલવું જોઇએ.

આપણે ઉત્સવપ્રિય છીએ આનો એક ખૂબ જ સુંદર પ્રસંગ શ્રીગોકુલનાથજીના પ્રસંગમાં વર્ણિત થયો છે. એક દિવસ શ્રીગોકુલનાથજીને ત્યાં ચાચા હરિવંશજી આવ્યા. આવીને એમણે શ્રીગોકુલનાથજી વિષે પૂછયું તો કોઇએ કહ્યું કે આપ તો સેવામાં છે. ચાચાજીના મુખમાંથી નીમળી ગયું કે ''સેવા તો પિતા-પુત્ર કર ગયે, યે તો લકીર પીટ રહે હૈ''. શ્રીગોકુલનાથજીના કાનમાં આ શબ્દો પડયા. ચાચાજી મોટાઓના સેવક હતા, આદરણીય હતા. એમના વચનનું આપને ખરાબ ન લાગ્યું. એમણે તો ચાચાજીના વચનને પોતાના માટે સર્ટિફિકેટ જેવા માન્યા. શ્રીગોકુલનાથજીએ વિચાર્યું કે હું જે સેવા કરી રહ્યો છું તે લકીરને પીટવા જેટલી પણ ચાચાજીએ માની એ મારૂં કેટલું મોટું સૌભાગ્ય છે. તેથી એ દિવસે શ્રીગોકુલનાથજી એ લકીર પીટનો ઉત્સવ મનાવ્યો. તો જુઓ કે આપણા સ્વભાવમાં ઉત્સવ વણાયેલો છે. આપણે ઉત્સવના પ્રસંગ

શોધતા રહીએ છીએ. કેમકે આપણે ઉત્સવપ્રિય છીએ, આપણા ઠાકોરજી ઉત્સવપ્રિય છે.

## પછીના દિવસનું પ્રવચન

કાલે આપણે ઉત્સવના ઘણા પ્રકારનો વિચાર કર્યો હતો. ઘણા ઉત્સવ આપણે શાસ્ત્રવર્ણિત મનાવીએ છીએ. આ ઉત્સવ આપણા સેવ્ય પ્રભુના 'ભગવાન' હોવાના પાસા સાથે જોડાયેલા ઉત્સવ છે. કેટલાક ઉત્સવ વ્રજલીલાના ઉત્સવ છે. આપણો ભજનીય વ્રજાધિપ છે. તેથી પ્રભુએ વ્રજમાં જે ઉત્સવ પ્રકટ કર્યા તે પ્રકારના આ ઉત્સવ છે. કેટલાક ઉત્સવ ભક્તિમાર્ગીઉત્સવ છે. કેટલાક સમ્પ્રદાયના ઉત્સવ છે. આપણે ઠાકોરજીની સેવા લોકમાં કરી રહ્યા છીએ તેથી ઠાકોરજી આપણા લોકના પણ ઉત્સવ મનાવે છે. કેટલાક પારિવારિક ઉત્સવ પણ આપણે ઠાકોરજીની સાથે મનાવીએ છીએ.

આપણે લોકમાં જન્મ, સગાઇ, વિવાહ જેવા સંબંધ સ્થાપિત થાય ત્યારે ઉત્સવ મનાવીએ છીએ. તે જ પ્રકારથી કેટલાક ઉત્સવ આપણા અને પ્રભુના સ્વરૂપ અને સંબંધના વિચારથી મનાવવામાં આવે છે. આપણા માટે પ્રભુ બ્રહ્મ છે અને આપણે એના નામ-રૂપાત્મક અંશ છીએ. આ સંબંધથી આપણે સેવામાં બ્રહ્મસંબંધ પવિત્રા એકાદશીનો ઉત્સવ મનાવીએ છીએ. પરન્તુ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ આપણા સેવ્યના બ્રહ્મવાળા પાસાને વિચારીને નથી મનાવવામાં આવતો. કેમકે તે ઉત્સવ તો પ્રભુ વ્રજભક્તોની વચ્ચે નિઃસાધનફલાત્માના રૂપમાં પ્રકટયા છે તેનો ઉત્સવ છે. આપણે તે નિઃસાધનફલાત્મા વ્રજાધિપને શ્રીમહાપ્રભુજીની ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'' આ આજ્ઞા અનુસાર આપણો સેવ્ય માની રહ્યા છીએ તે સંબંધથી આપણે જન્માષ્ટમી મનાવીએ છીએ.

### નિઃસાધનતા નહીં નિઃસાધનભાવ :

'નિઃસાધનફલાત્મા' ના વિષયમાં આપણે થોડોક વિચાર કરશું. પ્રભુ નિઃસાધનફલાત્મા છે. એટલા માટે આપણે નિઃસાધન થવું જોઇએ આવો

પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત નથી. આપણે ત્યાં નિઃસાધન થવાનો સિદ્ધાન્ત નથી; નિઃસાધનભાવનો સિદ્ધાન્ત છે. આ બેયની વચ્ચે થોડો ફરક છે. નિઃસાધન હોવું મતલબ સાધન ન હોવું; નિઃસાધનભાવનો સિદ્ધાંત છે. આ બેયની વચ્ચે થોડો ફરક છે. નિઃસાધન હોવું મતલબ સાધન ન હોવું; ન પુણ્યાત્મા ન પાપી. એવો જીવ કે ન તો તેની પાસે કાંઇ જમા છે કે ન તો કાંઇ ઉધાર છે. નહાય, ખાય-પીવે, સુવે બસ. ''આહાર-નિંદ્રા-ભય-મૈથુનં ચ સામાન્યમેતત્ પશુભિર્ નરાણામ્'' આવી રીતનું જીવન જીવનાર માણસ નિઃસાધન છે. તેની પાસે આત્મોદ્ધારનું કોઇ સાધન નથી.

મોટાભાગના લોકોને આવી ભ્રમણા છે કે આવી નિઃસાધનતા પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. આ ગેરસમજણ છે. આ વાત તમે તમારા મનમાંથી કાઢી નાખો. આપણો સિદ્ધાંત નિઃસાધનતાનો નથી. નિઃસાધનતાના ભાવનો છે.

નિઃસાધનતાના ભાવનો મતલબ એ છે કે જે કાંઇ પણ સાધન આપણાથી બની શકે છે તેને તો કરવા જ. ફોગટમાં શા માટે પ્રભુને પરિશ્રમ આપવો. પણ જે પણ સાધન આપણાથી બની શકે તેમાં ઉદ્ધારની ભાવના ન રાખવી, આશ્રય ન રાખવો. કેમ ? કેમકે જો આપણે કોઇપણ સાધનમાં આપણા ઉદ્ધારની ભાવના કરી કે તુરત જ આપણો શરણાગતિનો ભાવ ખંડિત થઇ ગયો.

અષ્ટાક્ષરમંત્રની દીક્ષામાં ત્રણ વખત મંત્ર બોલવામાં આવે છે તેનું કારણ આ જ છે કે ન મારી પાસે કોઇ આધિદૈવિક સાધન છે, ન તો મારી પાસે આધ્યાત્મિક સાધન છે અને ન તો મારી પાસે એવું કોઇ આધિભૌતિક સાધન છે કે જેના દ્વારા હું મારી ભલાઇ-ઉદ્ધાર કરી શકું. આ આપણી શરણાગતિની ભાવના છે. તો તે આપણી શરણાગતિની ભાવનાનું ખંડન છે. એટલા માટે પુષ્ટિમાર્ગ આપણને સમજાવે છે કે પ્રભુએ શાસ્ત્રના માધ્યમથી આપણને સાધન કરવાની આજ્ઞા આપી છે તેથી ભગવદાજ્ઞાના પાલન કરવા માત્રની ભાવના રાખીને કોઇપણ શાસ્ત્રીય સાધન કરવા. પ્રભુની આજ્ઞા છે એટલે જ્યાં સુધી મારામાં સામર્થ્ય છે ત્યાં સુધી મારે સાધન કરવા છે. સામર્થ્ય હોવા છતાં પણ હું

પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરૂં તો હું સેવક કેવો. આપણા પ્રભુ એટલા નિષ્ઠુર નથી કે સાધન કરવાનું સામર્થ્ય ન હોય તો પણ આપણી પાસેથી સાધનની અપેક્ષા રાખે. પ્રભુમાં નિષ્ઠુરતાનું ભાવન નથી રાખવાનું. સાથે સાથે આપણે સાધનનું અભિમાન પણ નથી રાખવાનું. ટૂંકમાં, પ્રભુની આજ્ઞા છે તેથી જે બને, જેટલું બને, જેવું બને એટલા સાધન કરવા એ મારૂં કર્તવ્ય છે આ ભાવનાથી સાધન કરવાના છે. આપણો ભાવ સાધનથી છટકવાનો ન હોવો જોઇએ. સાથે-સાથે વિશ્વાસ સાધનને બદલે પ્રભુ ઉપર રાખવાનો છે. આ શરણાગતિનો ભાવ છે.

### પ્રભુઃ સર્વસમર્થો હિઃ

હવે એક વાત સમજો કે પ્રભુ નિઃસાધનફલાત્મા છે અને ધારો કે આપણે કાંઇપણ સાધન નથી કરી શકતા તો પ્રભુમાં નિઃસાધનનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય નથી એવી વાત નથી. પ્રભુ નિઃસાધન જીવના ઉદ્ધારક છે એટલું જ નહીં પ્રભુ તો દુષ્ટસાધન જીવના પણ ઉદ્ધારક છે. દુષ્ટસાધન એટલે શાસ્ત્રનિષિદ્ધ કર્મ.

''અહો બકીયં સ્તનકાલકૂટં જિઘાંસયાપાયયદપ્યસાધ્વી,
લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોઽન્યે કં વા દયાલું શરણં વ્રજેમ''

જે પૂતના ઠાકોરજીને ઝેર પીવડાવવા આવી તે પૂતનાને પણ ઠાકોરજીએ મુક્તિ આપી તો વિચારો કે ઠાકોરજીને મારી નાખવા માટે આવી હતી તે પૂતના અને શિશુપાલ જેવાને પણ મુક્તિ આપી શકે છે તે નિઃસાધનજીવનો ઉદ્ધાર કેમ ન કરી શકે ચોકકસ કરી શકે છે. પણ પછી ધ્યાનમાં રાખવાની વાત એ છે કે પ્રભુ નિઃસાધન-દુષ્ટસાધન જીવોનો ઉદ્ધાર કરી શકે છે. એટલે ''સૈંયા ભયે કુતવાલ, અબ ડર કાહેકા'' આવી વૃત્તિ બદમાશીની છે. આ સેવકની વૃત્તિ નથી, પાખંડની વૃત્તિ છે. આપણે આવું પાખંડ ન કરવું જોઇએ.

### ભગવદ્વચનનો અનર્થ :

ગીતામાં ભગવાને કહ્યું છે કે ''અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્

અનન્યભાક્સાધુરેવ સ મન્તવ્ય:'' સુદુરાચારી પણ જો મારી અનન્ય ભાવથી ભક્તિ કરતો હોય તો તેને સાધુ જાણવો. ભગવાન્ તો દયાભાવથી તેના ભક્તિપક્ષની પ્રશંસા કરી રહ્યા છે. ભગવાનનો આશય દુરાચારની પ્રશંસાનો નથી. દુરાચારી હોવા છતાં પણ કમસેકમ મારી ભકિત તો કરી રહ્યો છે, આવો આશય ભગવાનનો છે. પણ ભગવાનના આ વચનનો અર્થ કોઇ એવો કરે કે ભગવાને પોતાના મુખેથી દુરાચાર કરવાની છૂટ આપી છે તો તે અનર્થ છે, પાખંડ છે.

તો સમજો કે આપણે ત્યાં નિ:સાધનતાનો સિદ્ધાંત નથી, નિ:સાધનતાના ભાવનો સિદ્ધાંત છે. જે કાંઇપણ શાસ્ત્રીય સાધન આપણાથી બની શકે તેને પ્રામાણિકપણાથી કરવા જોઇએ. નિ:સાધનભાવ એટલા માટે જરૂરી છે કે જેથી આપણું સાધનાચરણ કયારેય પણ આપણી શરણાગતિના ભાવથી વિરૂદ્ધ ન જાય.

**જન્માષ્ટમી :**

જે પ્રભુ નિ:સાધનફલાત્માના રૂપમાં પ્રકટયા એમની સામે આપણામાં નિ:સાધનતાની ભાવના કરી રહ્યા છીએ. આ જે આપણો પ્રભુની સાથે સંબંધ છે તે સંબંધનો ઉત્સવ જન્માષ્ટમી છે. આ વાત ભૂલશો નહીં. વ્રજભક્ત નિ:સાધન હતા.

''અહ્ન્યાપૃતં નિશિ શયાનમ્ અતિશ્રમેણ,

લોકં વિકુણ્ઠગતિમ્ ઉપનેષ્યતિ ગોકુલં સ્વમ્''

આવા નિ:સાધન વ્રજભક્તોને માટે જે પ્રકટ થયા એ વ્રજાધિપની સેવા આપણે કરી રહ્યા છીએ. તેથી વ્રજાધિપની સેવા કરવા માટે આપણામાં નિ:સાધનતાનો ભાવ હોવો આવશ્યક છે.

આ વિષયના સંબંધમાં મોટાભાગે હું આ એક દષ્ટાન્ત આપવાનું પસંદ કરૂં છું. મારી નાની દીકરીના નાનપણની વાત છે. ચિંટુ ચાર-પાંચ વર્ષની હશે. એક દિવસ પાડોશીની દીકરીની સાથે તે રમી રહી હતી. રમતમાં ચિંટુ મા બની હતી અને પાડોશીની દીકરી તેની દીકરી બની હતી. પાડોશીની દીકરી ચિંટુની

સાથે એટલા માટે રમવા આવતી હતી કે તેને ચિંટુના રમકડા ગમતા હતા. ચિંટુ તેની સાથે એટલા માટે રમતી હતી કે પાડોશમાં તેની સાથે રમવાવાળું બીજું કોઇ હતું નહીં. પણ ચિંટુને એ નહોતું ગમતું કે પાડોશીની છોકરી તેના રમકડાથી રમે. બંને પોત-પોતાના બાલસુલભ સ્વાર્થનો તાલમેલ બેસાડી રહી હતી. માં બનેલી ચિંટુએ તેને કહ્યું કે ''ચાલો અભ્યાસ કરવા બેસો'' અભ્સાસ કરવાનો આદેશ તેણે એટલા માટે આપ્યો કે જેથી પાડોશીની છોકરી તેના રમકડાથી રમી ન શકે. થોડીક વાર તો તે છોકરી રમત નિભાવવા ભણવા બેસી ગઇ. પણ ભણવા બેસવામાં ચિંટુના રમકડાથી તો રમવા મળે નહીં. થોડીક વારમાં તે બોલી ''મમ્મી ભણવાનું પુરૂ થઇ ગયું. હવે હું રમકડાથી રમીશ''. ચિંટુએ કહ્યું ''નહીં, હજી ભણવાનું પુરૂ નથી થયું, થોડી વખત હજુ ભણ''. થોડીક વાર સુધી બંનેની ખેંચતાણ ચાલતી રહી. છેવટે મમ્મીએ દીકરીને કહી દીધુ કે ''તો પછી હું તારી સાથે નહીં બોલું'' આ સાંભળીને પાડોશીની દીકરીએ બહુ ઉંચી વાત કહી કે માં ક્યારેય આવી વાત ન કહે. રમતમાં તુ માં બની છો તો માં કેવી રીતે બોલે તે તો સમજવું જોઇએને. આવી જ રીતે ઠાકોરજીની સેવા કરતી વખતે જો આપણે સાધનની ચર્ચા કરીએ કે આજે મેં આ કરી દીધું, કાલે મેં તે કર્યું હતું, કાલે હું આમ કરીશ.... તો ઠાકોરજીના મનમાં પણ એવો ભાવ આવી જાય કે વ્રજમાં તો કોઇ આવું નહોતું બોલતું વ્રજમાં તો બધા મારૂ ધ્યાન રાખતા હતા. અમારા પાડોશીની દીકરીની પણ દ્વિધા આ જ હતી કે જે રમત ચાલી રહી છે તેમાં ''જા હું તારી સાથે નહીં બોલું'' આવા સંવાદનો કોઇ તાલમેલ બેસતો નથી. એવી જ રીતે ઠાકોરજીને પણ આપણા સાધનોની રામાયણ સાંભળીને આવી જ મુંઝવણ થતી હશે કે વ્રજભક્ત કયારેય આવું તો નહોતા બોલતા. ભલે તમે સાધન કરતા રહો પણ તેની ભલામણ મારી સેવામાં ન લાવો. તે બધાને તમારા સ્તર ઉપર રાખો. મારી સાથે તો જેમ વ્રજભક્તો બોલતા હતા એ જ લહેજામાં બોલો. તેથી આપણો કૃષ્ણ સાથે જે આપસી સંબંધ છે તેમાં આપણે નિઃસાધનભાવના ભાવુક છીએ અને પ્રભુ નિઃસાધન ફલાત્મા છે. આનો ઉત્સવ આપણે કૃષ્ણજન્માષ્ટમીના ઉત્સવના રૂપમાં મનાવીએ છીએ.

આમાં થોડી સૂક્ષ્મતા છે તેને સમજો, જન્માષ્ટમીના ઉત્સવના બે પાસા છે : પહેલું પાસું કૃષ્ણજયંતીનું અને બીજું કૃષ્ણજન્મોત્સવનું. કૃષ્ણજયંતીનું પાસાને આપણે આઠમની સવારે મનાવીએ છીએ પણ તે દિવસે પલના નથી થતાં (જે જગ્યાએ ઠાકોરજી પલનામાં નિત્ય નથી ઝુલતા ત્યાંની રીતિને ધ્યાનમાં રાખીને આ વાત કહેવામાં આવી છે), કેમકે જન્મ તો થયો છે રાત્રિમાં. તેથી આપણે રાત્રે જયંતિ નથી મનાવતા, રાતના આપણે નિ:સાધનફલાત્માનો જન્મોત્સવ મનાવીએ છીએ. આપણી સાથે એ લાચારી છે કે આપણો જન્મદિવસ હોય ત્યારે જન્મોત્સવ નથી હોતો અને જયારે જન્મોત્સવ હોય ત્યારે જન્મદિવસ નથી હોતો. પરંતુ ઠાકોરજીની લીલામાં આપણે બંનેને એકસાથે મનાવી રહ્યા છીએ. કીર્તન વાંચશો તો આ રહસ્ય સમજાશે. ''લાલકી બરસગાંઠ બહોરિ આઇ'' આવા પદ પણ આપણે ગાઇએ છીએ અને ''વ્રજ ભયો મહરકે પૂત જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ ગોકુલ ગનિત ગુની'' આ પદ પણ ગાઇએ છીએ. તો જૂઓ આપણે જન્મોત્સવ પણ મનાવીએ છીએ અને ઠાકોરજીનો જન્મદિવસ પણ મનાવીએ છીએ. આ પ્રકાર ફક્ત કૃષ્ણજન્મમાં જ નથી નૃસિંહ, વામન અને રામ જન્મમાં પણ આવો જ પ્રકાર છે. આ અવતારોની આપણે જયંતી પણ મનાવીએ છીએ અને જન્મોત્સવ પણ મનાવીએ છીએ.

### વિષ્ણુપંચક :

આ ઉત્સવોમાં જયંતી મનાવવાનું વિધાન શાસ્ત્રીય છે. જયંતીની વાત વ્રજની નથી. શાસ્ત્રે વિધાન કર્યું છે કે વૈષ્ણવોએ વિષ્ણુપંચક મનાવવા જોઇએ, વ્રત કરવું જોઇએ એટલા માટે, વૈષ્ણવ હોવાના નાતે, ચાર જયંતી મનાવીએ છીએ. 'વિષ્ણુપંચક' એટલે કે ચાર જયંતી અને વરસની ચોવીસ કલાક એકાદશી. આ બધું વૈષ્ણવશાસ્ત્રની મર્યાદાથી આપણને કર્તવ્યરૂપમાં પ્રાપ્ત થાય છે. આપણે ભગવાન વિષ્ણુના ભક્ત છીએ એટલે વૈષ્ણવ પરંપરાથી સંબંધિત જેટલા પણ વિધાન છે જેમકે તિલક કરવું, તુલસીકાષ્ઠની કંઠી પહેરવી વગેરેનું અનુસરણ કરીએ છીએ. આ દષ્ટિથી વિચારો તો વૈષ્ણવશાસ્ત્ર મુજબ મનાવવામાં આવતા ઉત્સવ-નિયમ નિ:સાધનતાના નથી, સાધન કરીને

મનાવવાના ઉત્સવ છે. તેથી એ ઉત્સવોમાં આપણે કેટલાંક શાસ્ત્રીય સાધનો કરવા પડશે. સાધન એટલે જયંતિને દિવસે આપણે વ્રત કરવું પડશે, તિલક કરવું પડશે.....

## તિલક છાપાનો લોપઃ

હવે તો આપણે ત્યાં આ પદ્ધતિ નથી રહી. બાકી પ્રાચીન કાળમાં છાપા લગાવવાની પણ પદ્ધતિ હતી ''દેવો ભૂત્વા દેવં યજતે'' ન્યાયથી. તેમાં વિષ્ણુના શંખ-ચક્ર-ગદા-પદ્મ આ ચાર આયુધ અને દીક્ષામંત્રની છાપ ગોપીચન્દનથી કપાળે અને હૃદય ઉપર ધારણ કરવાનું વિધાન છે. હમણાં-હમણાં કેટલાક ગોસ્વામી બાલકોએ છાપા-મુદ્રા લગાવવાની પ્રણાલી ફરી શરૂ કરી છે, ખાસ કરીને જનોઇ-વિવાહ પ્રસ્તાવ અને સભા-યાત્રા વગેરે લોકોની સામે જવાના અવસર ઉપર. બાકી રામાનુજ અને માધ્વ સંપ્રદાયમાં આજે પણ તિલક-છાપા-મુદ્રા ધારણ કરવાની પ્રણાલી ખૂબ જ દઢતાપૂર્વક ચાલું છે. આપણે ત્યાં જેમ દીક્ષામાં કંઠી દેવામાં આવે છે તેમ આ સંપ્રદાયોમાં દીક્ષામાં રૂપમાં છાપા લગાવવાનો સિદ્ધાંત છે. આપણે ત્યાં આ વૈષ્ણવાચારના પાલનમાં શિથિલતા આવી ગઇ છે. પણ તે વૈષ્ણવાચારનું પાલન કરવું આપણું જરૂરી કર્તવ્ય છે.

પવિત્રા અગીયારસની વાત મેં તમને બતાવી હતી કે તે ઉત્સવ વૈષ્ણવશાસ્ત્ર મુજબ ભગવદુત્સવ છે. એ કોઇ બ્રહ્મોત્સવ નથી.

અત્યારે તો અંગ્રેજોના પ્રભાવમાં આવીને ભારત સરકારે વર્ષના અંતરૂપમાં માર્ચ એન્ડિંગ અને ૩૧ ડીસેમ્બર નો સિદ્ધાન્ત ઘુસાડી દીધો છે. નહીંતર આપણી પ્રાચીન ભારતીય પરમ્પરા પ્રમાણે બ્રાહ્મણનું વર્ષ રક્ષાપૂનમના દિવસે પુરૂ થતું હતું. આ રીતે વર્ષનું ચક્ર આપણે ત્યાં હતું. તેથી રક્ષાપૂનમ પૂરી થતાં બ્રાહ્મણનું નવું વર્ષ શરૂ થતું, હોળી પુરી થતાં શૂદ્ર પોતાનું નવું વર્ષ શરૂ કરતા અને દિવાળી પુરી થતાં વાણિયા (વેપારી) નું નવું વર્ષ શરૂ થતું. તેથી જ દિવાળીના દિવસે વાણિયાઓ લક્ષ્મીપૂજા, ખાતાવહિનું પૂજન, નવા ચોપડા લખવા વગેરે કરતા. આજે પણ ઘણા ઠેકાણે આ પરમ્પરા ચાલું છે. એક હાસ્યાસ્પદ પરંપરા આપણા પુષ્ટિમાર્ગમાં આ બાબતમાં પ્રચલિત થઇ ગઇ છે.

જ્યારથી વાણીયાઓ આપણા ગુરૂઘરના હિસાબ-કિતાબની વ્યવસ્થામાં જોડાયા ત્યારથી બાલકોના ઘરમાં પણ લક્ષ્મીપૂજન-ચોપડાપૂજન ચાલુ થઇ ગયા. આ તો ચોકખો અન્યાશ્રય જ છે. વાણીયા તે બધું કરે એ તો સમજાય એવી વાત છે પણ બ્રાહ્મણોને ચોપડાપૂજન સાથે શું લેવા-દેવા પણ બ્રાહ્મણ હોવા છતાં પણ ગોસ્વામી બાલક પોતાની હવેલી દુકાનની જેમ ચલાવવા માંડયા છે એટલે એમને વાણીયાઓના કર્મ પોતાના કર્મ લાગવા માંડયા છે. બીજી બાજુ જે ક્ષેત્રમાં (સ્થાનમાં) ગોસ્વામીઓને રાજાનું સન્માન મળ્યું ત્યારે એમની રહેણી-કરણી પણ રાજા-મહારાજાઓના જેવી થતી ગઇ. એ પ્રભાવથી એમના ઘરોમાં પણ ઘોડેસવારી, શસ્ત્રપૂજન જેવા ક્ષત્રિયોના કર્મ કરવાના ચાલુ થઇ ગયા. પણ સાચી વાત તો એ છે કે અમે વર્ણથી બ્રાહ્મણ છીએ તેથી બ્રાહ્મણના કર્મ જ અમારૂં કર્તવ્ય છે. અન્ય ધર્મ પરધર્મ હોવાથી છોડી દેવા લાયક છે. તેથી વેદનું એક પારાયણ જ્યારે શ્રાવણી પૂર્ણિમાના દિવસે પુરૂં થાય ત્યારે તેના ઉત્સવના રૂપમાં બ્રાહ્મણને બ્રહ્મયજ્ઞ કરવો જોઇએ. તેમાં તેના પૂર્વજ બધા ઋષિઓનું પૂજન કરીને તેને નવું વર્ષ મનાવવું જોઇએ એવું શાસ્ત્રીય વિધાન છે.

હવે આમાં જોવાની વાત એ છે કે હોળી-દીવાળી-શ્રાવણી-દશેરા આ બધા બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરેના ઉત્સવ છે. પણ આપણે આ બધામાંથી એક પણ ઉત્સવ નથી છોડયો. કે જેને આપણે આપણા ઠાકોરજીની સાથે સેવામાં ન મનાવતા હોઇએ. આપણને નવાઇ લાગે કે આ બધા ઉત્સવ ઠાકોરજીને કયાંથી પ્રાપ્ત થયા ? ધ્યાનથી સમજો કે આપણો ઠાકુર જો બ્રાહ્મણના ઘરમાં બિરાજી રહ્યો છે તો તેને બ્રાહ્મણના ઉત્સવ પ્રાપ્ત થશે. બ્રાહ્મણના ઘરે ભલે બિરાજતા હોય પણ વસુદેવજી તો છેવટે ક્ષત્રિય હતા. એવી જ રીતે નંદરાયજી પણ વસુદેવજીના ભાઇ હતા. જેમ રાજાના પાસવાનના પુત્ર હોય એમ નંદરાયજી વસુદેવજીના પિતાના પાસવાનના પુત્ર હતા. તેથી તેઓ અડધા ક્ષત્રિય હતા અને ગોપાલક હોવાથી અડધા વૈશ્ય હતા. તેથી ક્ષાત્ર સંબંધથી ઠાકોરજી દશેરાનો ઉત્સવ પણ મનાવે છે અને નંદરાયજીના ગોપાલકના વ્યવસાયને લીધે વૈશ્ય સંબંધથી દિવાળી-હટરીના ઉત્સવ પણ મનાવવામાં આવે છે. એટલે

દીપાવલીના દિવસોમાં ઠાકોરજીને હટરીમાં પધરાવીને આગળ ત્રાજવા, મેવા-મિઠાઇ વગેરે રાખવામાં આવે છે. હટરીના પદ પણ કેટલાં સુંદર છે કે જેમાં ઠાકોરજી બધાને કહે છે કે તમે મારી પાસેથી માલ લ્યો, દાઉદાદા પાસેથી ન લ્યો, મારી બોણી કરો. હું આમાં કાંઇ નફો નહીં ખાઉં, સાચી (વ્યાજબી) કિંમત કરીને માલ વેંચીશ. તો જુઓ, ઠાકોરજી વૈશ્યનો ઉત્સવ પણ મનાવી રહ્યા છે. તો આપણે ત્યાં ઠાકોરજી બધા ઉત્સવ મનાવી રહ્યા છે. આમાં થોડોક લીલાનો ભાગ છે, થોડોક લોકાચારનો ભાગ છે અને આપણે ભલે બ્રાહ્મણ હોઇએ કે ભલે ક્ષત્રિય, વૈશ્ય કે પછી શૂદ્ર હોઇએ, ઠાકોરજીની સાથે બધા ઉત્સવ મનાવીએ છીએ.

## નવવિલાસ-દશેરા :

નવરાત્રિ દેવીભક્તોનો ઉત્સવ છે. પણ આપણે આપણા ઠાકોરજીની સાથે એ પણ મનાવીએ છીએ. નવરાત્રિ આપણે લોકપ્રસિદ્ધ દેવીની આરાધનાના રૂપમાં નથી મનાવતા પણ ઠાકોરજીની પણ અષ્ટ સખી અને એક સ્વામિનીજી એમ નવ દેવી છે. તેથી આપણે આપણા ઠાકોરજીના સંબંધથી દશેરાના અંકુરારોપણ કરીને અષ્ટસખી સહિત સ્વામિનીજીનો ઉત્સવ મનાવીને દશેરાના દિવસે ઠાકોરજીના વિજયનો ઉત્સવ મનાવીએ છીએ. સાથે-સાથે રામે રાવણને જીત્યો એની યાદીમાં પણ દશેરા આપણે ત્યાં મનાવવામાં આવે છે. આપણે ત્યાં કોઇ જાતનું ફિકસેશન (રૂઢ ભાવ) નથી તેનું સૌથી મોટું પ્રમાણ દશેરા છે. દશેરાના પદ જોઇએ તો તેમાં કૃષ્ણલીલાના પદ ગાવામાં આવે છે અને રામલીલાના પણ પદ ગાવામાં આવે છે જેમ કે :

''આજ રઘુવીર કો વીર આયો,

જારિ લંકા સકલ મારિ રાક્ષસ બહુત સિયકી સુધિ લે કુસલ ફિર સિધાયો''

રામલીલાના પદ કેમ ગાવામાં આવે છે ? કેમ કે આપણે એવી ભાવના કરી છે કે નંદરાયજીના ઘરમાં રામનો ઉત્સવ મનાવવામાં આવતો હતો તેમાં આપણા ઠાકોરજી પણ ભાગ લેતા હતા. તેથી આપણે નંદાલયની ભાવનાથી દશેરા મનાવીએ છીએ. દશેરા મનાવીએ તેમાં ઠાકોરજીની આગળ તલવાર પણ

ધરવામાં આવે છે. આખા વર્ષમાં એકેય દિવસે ઠાકોરજીને ઢોલ-તલવાર નથી ધરાતી પણ દશેરાના દિવસે ખાસ ધરવામાં આવે છે. આપણો ઠાકુર આમ તો ગોવાળીયો છે પણ દશેરાના દિવસે એ પણ ક્ષત્રિયની જેમ ઢાલ-તલવાર ધરીને બિરાજે છે. તેના ઘણાં પાસાઓ છે. આ એવો હિરો છે કે જેમાં અનેક પાસાઓ તરાસવામાં આવ્યા છે. અને તેમાં તરાસવામાં આવેલા દરેક પાસાની મજા આપણે લઇએ છીએ.

## શરદોત્સવ :

આપણે બધા જાણીએ છીએ કે શરદ્ પૂનમ એ શુદ્ધ કૃષ્ણલીલાનો ઉત્સવ છે. નિઃસાધનફલાત્માનો ઉત્સવ છે. કૃષ્ણજન્મમાં વાત્સલ્ય ભાવનું પ્રાકટય હતું. અહીં રાસોત્સવમાં માધુર્ય- ભાવાત્મક પ્રભુનું પ્રાકટય છે. આ ઉત્સવ પણ કોઇ ઉત્સવ કરતા ન્યૂન નથી. શ્રીસ્વામિનીજીને માટે માધુર્ય-ભાવાત્મક પ્રભુનું પ્રાકટય છે. શ્રીસ્વામિનીજીને માટે શ્રીગુસાંઇજી લખે છે :

‘‘કૃપયતિ યદિ રાધા બાધિતાડશેષબાધા,
કિમ્ અપરમ્ અવશિષ્ટં પુષ્ટિ-મર્યાદયોર્ મે’’

જો શ્રીસ્વામિનીજી મારા ઉપર કૃપા કરે તો પુષ્ટિભક્તિમાર્ગીય બધી જ બાધાઓ મારી દૂર થઇ ગઇ સમજો...

નિઃસાધનફલાત્મા પ્રભુનું સ્વામિનીજીના માધુર્યભાવાત્મક પ્રાકટય જ કેવલ રાસોત્સવ નથી તેનાથી પણ ગંભીર એક પાસુ રાસોત્સવ છે. આપણા સેવ્યનું પાસુ જેમ બ્રહ્મ હોવાનું છે. તેવી જ રીતે તેનું બીજું પાસું પરમાત્મા હોવાનું પણ છે. તે આપણો પરમાત્મા છે; આપણે તેની જીવાત્મા છીએ. જેમ આપણા શરીરની અંદર આપણી આત્મા છે તેમ આપણી આત્માની આત્મા શ્રીકૃષ્ણ છે. રાસના ઉત્સવને લોકો જરાપણ જાણ્યા-સમજ્યા વગર ઉટ-પટાંગ અર્થ કરતા હોય છે. પણ રાસનો ઉત્સવ હકીકતમાં જીવાત્મા અને પરમાત્માની વચ્ચે રમણનો ઉત્સવ છે. આ રહસ્યને ખાસ સમજી લો, બાકી બધી ભાષાની વાત છે. શૃંગારની તો ભાષા છે પણ તેની પાછળનો મૂળ ભાવ આત્મ-પરમાત્મરતિનો છે. મેં દશમસ્કન્ધની ભૂમિકામાં આનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

રાસલીલા ખરેખર આત્મરતિનું ડેમોન્સ્ટ્રેશન્ છે. આ આપણને કેવી રીતે ખબર પડે ? ગોપીજનોએ પણ કહ્યું છે :

''ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદૃક્, વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદિયવાન્ સાત્ત્વતાં કુલે''

''તમે તો સમસ્ત દેહીઓના આત્મામાં રહેવાવાળા પરમાત્મા છો'' આ વાત ગોપીજનો કરી રહ્યા છે. અને ''સન્ત્યજ્ય સર્વવિષયાન્ તવપાદમૂલં પ્રાપ્તા'' તમે એવું ન વિચારો કે અમે તમને વિષયાસક્તિના કારણે ચાહીએ છીએ. અમે તો તમને અમારા આત્માની જેમ ચાહી રહ્યા છીએ. ''પ્રેષ્ઠો ભવાન્ તનુભૃતાં કિલ બન્ધુરાત્મા'' (શ્રી.ભાગ. ૧૦/૨૯/૩૨) તમે અમારા આત્માના આત્મા છો. તો જુઓ કે આ રાસનો પ્રસંગ આત્મ-પરમાત્માના રમણનો ઉત્સવ છે. અને એટલે જ જ્યારે રાજા પરિક્ષિતે પૂછયું કે આવી રાસલીલા કરવાની કૃષ્ણને શું જરૂર પડી ત્યારે શુકદેવજીએ ખૂબ જ સુંદર જવાબ આપ્યો છે કે તું આ વાતને સમજ્યો નથી. જો શ્રીકૃષ્ણ આ રાસલીલા પ્રકટ ન કરત તો પણ તેની જ સર્વત્ર રાસલીલા ચાલી રહી છે. પત્નીની આત્મામાં પણ એ જ પરમાત્મા બિરાજી રહ્યો છે અને પતિની આત્મામાં પણ એ જ પરમાત્મા બિરાજી રહ્યો છે. આત્માઓ અલગ-અલગ છે પણ બધાની અંદર પરમાત્મા તો એક જ છે. પરમાત્મા અલગ-અલગ નથી. હાથમાં, માથામાં, પગમાં કે પેટમાં કાંઇ અલગ-અલગ જીવાત્મા નથી હોતી. એક જ જીવાત્મા બધા જ અંગોમાં વ્યાપ્ત હોય છે. એમ એક જ પરમાત્મા બધી જ આત્માઓમાં વ્યાપ્ત (વ્યાપેલ) છે. તેથી તે પ્રકટ રાસ કરે કે ન કરે, સર્વત્ર તેનો જ રાસ ચાલી રહ્યો છે. આ દષ્ટિથી હવે શરદ્ પૂર્ણિમાના ઉત્સવનો વિચાર કરો. આ એક દિવસ એવો છે કે જે દિવસે આપણે આત્મ-પરમાત્માના રમણનો ઉત્સવ મનાવીએ છીએ. આજના દિવસે પ્રભુએ પોતાની પરમાત્મતા પ્રકટ બતાવી છે. યશોદાજીને ત્યાં જ્યારે ઠાકોરજી પ્રકટ થયા ત્યારે અનેક રૂપથી નથી પ્રકટ થયા. પણ રાસમાં જ્યારે ઠાકોરજી પ્રકટ થયા ત્યારે એક એક ગોપીની સાથે એક એક ઠાકોરજીનું પ્રાકટય થયું છે. એક કૃષ્ણ દરેક ગોપીને માટે અનેક રૂપમાં પ્રકટ થયા છે. એકના અનેક થવાનું આ ડેમોન્સ્ટ્રેશન છે. તેથી

શરદપૂર્ણિમાથી મોટો ઉત્સવ આપણે ત્યાં બીજો કયો હોઇ શકે કે જેમાં આત્મરતિનો જે પુષ્ટિભક્તિનો નિગૂઢતમ ભાવ છે તેનો ઉત્સવ મનાવવાનો અવસર મળે. આમ તો આ કૃષ્ણલીલાનો ઉત્સવ છે. અને આપણે કૃષ્ણભક્તિમાં વ્રજભક્તોના ભાવની ભાવના કરનારા ભકત છીએ તેથી તે દષ્ટિકોણથી કૃષ્ણલીલાનો ઉત્સવ છે. પણ આપણે એમાં ફિકસેશન્ નથી કરવાનું. આપણે તેમાં ફલેક્સિબિલિટિ રાખવાની છે. આ આત્મ-પરમાત્મા રમણનો પણ ઉત્સવ છે. એટલા માટે જ આપણે શરદપૂર્ણિમા એટલા જ ઉમળકાથી મનાવીએ છીએ જેટલી ઉમંગથી આપણે જન્માષ્ટમી મનાવીએ છીએ. જન્માષ્ટમી તો પ્રભુ એક જ પ્રકટ થયા. અહીં તો પ્રત્યેકની સાથે પ્રકટયા છે.

એક વાત આમાં હજુ બીજી સમજો કે શરદપૂર્ણિમાએ પ્રભુ ફકત ગોપીઓના માટે જ પ્રકટ થયા હતા એવું નથી આજે પણ જે વૈષ્ણવ પોતાના ઘરમાં શ્રીકૃષ્ણની સેવા કરવા ઇચ્છે છે તેના ઘરે પણ શ્રીકૃષ્ણ તે જ પ્રકારથી પ્રકટે છે, પ્રકટે છે, પ્રકટે છે.... આ રહસ્યને કયારેય ન ભૂલતા. આ પ્રકારનું માહાત્મ્ય જ્યારે તમે પોતાના માથે બિરાજતા ઠાકોરજીનું સમજશો ત્યારે તેની પરમાત્મિકતા સમજાશે. અત્યારના વૈષ્ણવ જેમ તેના માટે પોતાના ઘરમાં પ્રકટ થયેલા શ્રીકૃષ્ણને મુકી મુકીને હવેલી-મન્દિરોમાં બીજા-બીજા કૃષ્ણને તાકવા (જોવા) રખડતા હોય છે આવી જ રીતે જો રાસની ગોપીઓ પોતાના માટે પ્રકટ થયેલા શ્રીકૃષ્ણને મુકીને બીજાના માટે પ્રકટ થયેલા શ્રીકૃષ્ણને તાકવા લાગી જાત તો શું થાત ? રાસને બદલે રસાભાસ થઇ જાત. તારા માટે જે પ્રકટયો છે તેની સાથે તારે રાસ કરવો જોઇએ કે હવેલીઓમાં ભટકવું જોઇએ ! આ તો રસાભાસ થઇ ગયો. પણ રાસની કોઇપણ ગોપી આજના ઢોંગી વૈષ્ણવની જેમ પોતાના ઠાકોરજીને પડતા મુકીને દોડી જતી નથી. જે ગોપીની સાથે જે કૃષ્ણ પ્રકટયો તેની સાથે તેણે રાસ કર્યો છે. એમ આપણા માટે આપણા ઘરમાં જે સ્વરૂપ પ્રકટ થયું છે તેની સાથે આપણે સેવાનો રસ પ્રકટ કરવાનો છે. તેની સાથે આપણે સેવાનો રાસ કરવાનો છે. શ્રીગુસાંઇજી શ્રીમહાપ્રભુજી માટે કહે છે ''રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ'' શ્રીમહાપ્રભુજી રાસલીલૈકતાત્પર્ય છે.

ગીતની જ્યાં તુક આવે ત્યાં આખા ગાયનનો ભાર હોય છે તેવી રીતે શ્રીગુસાંઇજી કહે છે કે બધી જ કૃષ્ણભક્તિનો ભાર શ્રીમહાપ્રભુજીનો રાસલીલામાં છે. બધી જ વાત રાસલીલા સમજાવવા માટે છે. આપણે રાસલીલાનો મતલબ નાચવું સમજીએ છીએ, જેમ ગુજરાતમાં લોકો ડાંડિયા નાચે છે. અરે ભાઇ ! નાચવું એ જ એનો મતલબ નથી, તે તો તેનું સ્થૂળ રૂપ છે. તેનું સૂક્ષ્મ રૂપ એકનું અનેક થવાનું છે. એકની અનેકની સાથે થતી ક્રીડાનું છે. એ શરત સાથે કે તમારી અંદર કૃષ્ણના ખંભા પર હાથરાખીને તેની સાથે નાચવાની ભાવના હોય. જો એવો ભાવ તમારામાં છે તો કૃષ્ણ તમારા ખંભા ઉપર હાથરાખીને નાચી શકે છે. ''સખા અંસ પર વામબાહુ દિયે યા છબિકી બિનમોલ બિકાઉં, સુંદર મુખકી હો બલબલ જાઉં''. ઠાકોરજી આ લીલા કરવા માટે તૈયાર છે. પણ આપણી અંદર એ ભાવ ન હોય તો ઠાકોરજી શું કરે ? ઠાકોરજીની મુશ્કેલી એ છે કે તે કૃપા કરીને તમારા ઘરમાં પ્રકટ થઇ ગયા છે પણ તમે તેના પ્રત્યે રાસનો ભાવ ન રાખીને જ્યાં સજાવટો વધારે છે, જ્યાં મોહનથાળ-મઠડી વધારે ભોગ ધરાઇ રહી છે, જ્યાં માણસોની ધક્કા-મુક્કી વધારે થઇ રહી છે ત્યાં જઇને ઉભા રહી જાવ છો, ઘરના ઠાકોરજીને તરછોડીને. આપણને તો એમ જ લાગે છે કે લોકોની ભીડ જ્યાં વધારે હોય ત્યાં ઠાકોરજી થોડાં વધારે સામર્થ્યવાળા બિરાજે છે. મારા ઘરમાં તો ખાલી હું ને મારો ઠાકુર ફકત છીએ.

એક વાત સાફ સમજો કે સાચી પ્રેમિકાને પોતાના પ્રેમીની સાથે ભીડ પસંદ આવશે કે એકાંત ગમશે ? સાચી પ્રેમિકા તો ભીડમાં સંકોચ અનુભવશે. તે તો વિચારશે કે આટલી ભીડમાં કેવી રીતે પ્રેમાલાપ થઇ શકશે. તેને તો માણસોની ભીડ દુશ્મન જેવી લાગશે. આવી જ રીતે આપણે આપણા ઠાકોરજીની સાચી પ્રેમિકા હોત તો આપણને આપણા પ્રેમી ઠાકોરજી સાથે એકાંત જ ગમત. પણ આપણને તો ભીડ જ ગમે છે. જ્યાં ભીડ ભેગી થઇ કે આપણા પગમાં જાણે ખંજવાળ આવવા માંડે કે દોડો, દોડો, દોડો. કોણ જાણે ત્યાં શું મળી રહ્યું છે. આપણે ખાંડ મળશે એમ સમજીને લાઇન્માં ઉભા છીએ અને ત્યાં મળી રહ્યું છે ઘાસલેટ. આમાં શ્રીમહાપ્રભુજી પણ બિચારા શું કરે,

ઠાકોરજી પણ બિચારા શું કરે ? બિચારા શ્રીગુસાંઇજી શું કરે ? એમણે તો છતાં પણ સ્પષ્ટ વાત કહી દીધી ''રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ'' પણ એ વાત આપણને ગમતી નથી. આપણને તો બસ ઘાસલેટની લાઇન જ ગમે છે. પણ સાચી વાત તો એ છે કે તમારો ઠાકુર તમને લાઇનમાં ઉભા રાખવા નથી માગતો. તમારો ઠાકુર તો તમને બોલાવીને પોતાના ઘરના એકાંતમાં બધી જ સેવા આપવા માગી રહ્યો છે. એ શરત સાથે કે તમે તમારા હૃદયમાં એક સાચી પ્રેમિકા જેવો ભાવ તમારા ઠાકોરજી માટે રાખતા હો તો. તો તે સંપૂર્ણ સામર્થ્ય સાથે પ્રકટ થઇ રહ્યો છે. એક-એક ગોપીને રાસમાં એવો અનુભવ હતો કે કૃષ્ણ તેની જ સાથે નાચી રહ્યો છે. તેને ક્યારેય ખ્યાલ પણ ન આવ્યો કે બીજી ગોપીકાની સાથે પણ કૃષ્ણ નાચી રહ્યો છે કે નથી નાચી રહ્યો. આ તન્મયતાનું નામ રાસ છે. આ પ્રકારથી કૃષ્ણમાં ખોવાઇ જવાનું નામ રાસ છે. કૃષ્ણને આપણામાં ખોવડાવી દેવાનું નામ રાસ છે. કૃષ્ણમાં આપણે ખોવાઇ જઇએ, કૃષ્ણ આપણામાં ખોવાઇ જાય. કૃષ્ણને ભાન ન રહે કે તે ક્યાં છે, આપણને ભાન ન રહે કે આપણે ક્યાં છીએ. આ પ્રકારથી જ્યારે આપણે એક-બીજામાં ખોવાઇ જઇએ તેનું નામ રાસપૂર્ણિમા છે. તેનું નામ શરદોત્સવ છે. તે દિવસે પુષ્ટિભક્તિની ચાંદની પૂરી ખિલી ગઇ. એવી શીતલ ચાંદની કે જેમાં આહ્લાદકતા અને આહ્લાદકતાના સિવાય કાંઇ જ નથી બચ્યું. આવી ચાંદની તે દિવસે ખીલશે કે જે દિવસે આપણે અને ઠાકોરજી એકબીજામાં ખોવાઇ જઇએ. પણ એની શરત એક જ છે : જે તમારા માટે તમારા ઘરમાં પ્રકટ થયો છે તેને તમે તમારો પ્રિયતમ માનો. તે તમારા ગળામાં હાથનાખવા જતો હોય ત્યારે તમે ક્રુર બનીને જો તેને એમ કહી દો કે એક મિનિટ જરાક હું હવેલીમાં દર્શન કરીને આવું છું તો પછી રસાભાસ થઇ ગયો. તે તમને મળવા આવ્યો અને તમે કોક બીજાને મળવા જઇ રહ્યા છો.

ભર્તૃહરિ રાજાની ખૂબ મજેદાર કથા છે. ભર્તૃહરિને એક વેશ્યા ખૂબ પ્રિય હતી. કોઇ ઋષિએ એક દિવસ પ્રસન્ન થઇને રાજાને અમરફળ આપ્યું. રાજા વેશ્યામાં આસકત હતો. તેણે વિચાર્યું કે હું અમર બનીને શું કરીશ ? હું તો આ અમરફળ વેશ્યાને ખવડાવીશ. રાજાએ તે ફળ વેશ્યાને આપી દીધું. હવે

વેશ્યાની હકીકત એવી હતી કે તે ખરેખર રાજાને પ્રેમ નહોતી કરતી. તે રાજાના સેનાપતિને પ્રેમ કરતી હતી. તેણે વિચાર્યું કે હું અમર બનીને શું કરીશ. મારો પ્રિયતમ તો સેનાપતિ છે એણે તે ફળ સેનાપતિને આપ્યું. તે સેનાપતિ પાછો રાજાની રાણીને ચાહતો હતો. તેણે તે ફળ રાણીને આપી દીધું. રાણીના હાથમાં જ્યારે અમરફળ આવ્યું ત્યારે રાણીએ વિચાર્યું કે મારૂં તો સર્વસ્વ રાજા છે. રાજા જ અમરફળ ખાવાનો સાચો અધિકારી છે. તેણે તે જઇને રાજાને આપ્યું. રાજાએ રાણીને પૂછયું કે આ અમરફળ તેની પાસે કયાંથી આવ્યું અને જ્યારે તેને આખી લિંક-ચેનલ (લાઇન)ની ખબર પડી. ત્યારે તેના મનમાં થયું કે સાલી અમર થવાની ભાવના જ ખરાબ છે; મરી જવું એ જ સારી વાત છે જ્યારે સંબંધોમાં આવા-આવા કબાડા થતા હોય તો. આ વિચાર કરતા-કરતા રાજા રાજમહેલ છોડીને ઋષિ બની ગયો. આ ઘટનાનો તેણે શ્લોક બનાવ્યો.

''યાં ચિન્તયામિ સતતં મયિ સા વિરકતા
સાઽપ્યન્યમિચ્છતિ જનં સ જનોઽન્યસકતઃ
અસ્મત્કૃતે તુ પરિતુષ્યતિ કાચિદ્ અન્યા
ધિક્ તાં ચ તં ચ મદનં ચ ઇમાં ચ માં ચ''

આપણા પુષ્ટિમાર્ગમાં પણ ભર્તુહરિ રાજાના જેવી જ કથા ચાલી રહી છે. ઠાકોરજી આપણને ચાહી રહ્યા છે એટલે તો તેઓ આપણા ઘરમાં પ્રકટ થયા. આપણે જે આપણા ઘરમાં પ્રકટ થયો છે તેને ન ચાહીને કોઇ હવેલી-મન્દિરના ઠાકોરજીને ચાહી રહ્યા છીએ. હવેલીના ઠાકોરજીને ટ્રસ્ટીઓ અને મહારાજોએ માત્ર મનોરથીને જ ચાહવા માટે મજબૂર કરી દીધા છે તેથી ઠાકોરજી બિચારા જે એની સામે (માટે) પૈસા ફેંકે તેને જ ચાહી શકે છે. દુષ્ટ મનોરથી પાછો ઠાકોરજીને નથી ચાહી રહ્યો. તે ચાહી રહ્યો છે પ્રસિદ્ધિને કે પછી ત્યાંથી મળતી મિઠાઇના સ્વાદને. ટ્રસ્ટીને ઠાકોરજી સાથે કોઇ લેવા-દેવા નથી, તે તો ચાહી રહ્યો છે ધનવાન મનોરથીને કે જે હવેલીની મૂડી વધારે છે. મહારાજને, સાચું પૂછો તો, ન ટ્રસ્ટી ગમે છે; ન મનોરથી ગમે છે; ન ઠાકોરજી ગમે છે. મહારાજને તો મતલબ છે આ બધાના માધ્યમથી આવતા પૈસા સાથે. સામગ્રી બનાવવાવાળા હવેલીઓના ભીતરીયા અને ભોગ ધરવાવાળા

મુખિયાની સ્થિતિ વિચારો તો તેઓ તો બિચારા પોતાનું પેટ ભરવા માટે મહારાજ–ટ્રસ્ટી–મનોરથીની ગુલામી કરતા હોય છે. એ બિચારાઓને મતલબ છે પોતાના પેટથી. આ બખડજંતરમાં અમરફળ કોના હાથમાં આવશે એ કહી શકવું ઘણું અઘરૂં કામ છે. ઇશ્વર અલ્લાહ તેરે નામ સબકો સન્મતિ દે ભગવાન્. પુષ્ટિમાર્ગમાં ભર્તૃહરિ જેવી વિચિત્ર કથા ચાલી રહી છે. વિચાર તો કરો કે આનાથી વધારે દુ:ખદ ઘટના બીજી કઇ હોઇ શકે છે. કયારેક પોતાના હૃદય ઉપર હાથમૂકીને પૂછો કે શ્રીમહાપ્રભુના સિદ્ધાન્ત, શ્રીમહાપ્રભુજીની ભાવનાનો વિચાર કરીએ તો આનાથી વધુ દુ:ખદ ઘટના પુષ્ટિમાર્ગમાં હોઇ શકે છે ? આ પુષ્ટિમાર્ગનું દુર્ભાગ્ય છે. આ ઉત્સવ નથી. આ શોકની કથા છે.

## ધન તેરસ–રૂપચૌદશ :

ઉત્સવની વાત ઉપર પાછા આવીએ. શરદોત્સવ પછી ધનતેરસ અને રુપચર્તુદશી આવે છે. આ બંને શાસ્ત્રીય તથા લોકના ઉત્સવ છે. આ ઉત્સવ નંદ–યશોદા મનાવતા હતા એટલે ‘‘ધન ધોવત નંદરાની’’ પદ આપણે ગાઇએ છીએ. પ્રાચીન કાળમાં, તમારા લોકોમાં ઘરડા લોકો આ વાત જાણતા હશે કે રૂપચતુર્દશીને દિવસે આપણા મા–બાપ પણ આપણને તે જ પ્રકારથી નવડાવતા હતા કે જે પ્રકારથી આપણે ઠાકોરજીને અભ્યંગ સ્નાન કરાવીએ છીએ. આ પરંપરા લોકમાં સર્વવ્યાપી હતી. બધા પોત–પોતાના બાળકને રૂપવાન બનાવતા હતા. નંદ–યશોદાજીને પણ એવો ભાવ થતો કે લાલો પણ રૂપવાન બને. તેથી આપણે પણ રૂપચતુર્દશી આપણા ઠાકોરજીની સાથે મનાવીએ છીએ.

## દીપાવલી–ગોવર્ધનપૂજન :

દીપાવલી ખરેખર લક્ષ્મીના આગમનનો ઉત્સવ છે. આપણે પહેલાં વિચાર કર્યો તે મુજબ દીપાવલી વાણીયાઓનો વાર્ષિકોત્સવ છે. નંદરાયજી પશુપાલક હોવાથી વૈશ્યનો વ્યવસાય કરતા હતા એટલા માટે દીપાવલી મનાવતા હતા. આપણે પણ કેમ કે નંદરાયજીના કુમારની સેવા કરીએ છીએ એટલે ઠાકોરજીના કુળમાં જે ઉત્સવ મનાવવામાં આવતા હતા તેને આપણે ઠાકોરજીની સેવામાં પણ મનાવીએ છીએ. બીજી બાજુ દીપાવલીનો

કૃષ્ણલીલા સાથે પણ સંબંધ છે. ''ગોદ બૈઠ ગોપાલ કહત બ્રજરાજસોં, સુનો તાત એક બાત શ્રવણ દે સુનો જુ મેરી''. તમે કોની પૂજા કરી રહ્યા છો ? શા માટે કરી રહ્યા છો ? આમ સમજાવી-મનાવીને ઠાકોરજીએ ઇન્દ્રની પૂજા કરવાવાળા વ્રજવાસીઓનો અન્યાશ્રય છોડાવ્યો છે. આપણા ઠાકોરજીએ સામે ચાલીને અન્યાશ્રય છોડાવીને પોતાની પૂજાનો ઉત્સવ શરૂ કર્યો છે. તો આનાથી વધુ મોટો ઉત્સવ આપણા માટે બીજો કયો હોઇ શકે છે ? તેથી જ સૂરદાસજી કહે છે ''સૂર યહ ઉત્સવ અલૌકિક જાનો''. કેમ ? આપણે આપણી અનન્યતા નિભાવવા માટે અન્યાશ્રય છોડીએ એ તો એક વાત છે. અને ખુદ ઠાકોરજી આપણો અન્યાશ્રય છોડાવે, હું તમને અન્યાશ્રય કરવા નહીં દઉં, આ અલૌકિક વાત થઇ ગઇ.

મુંબઇમાં એક ગાંડા ગિરધરલાલજી હતા. એમને બધા પાગલ કહેતા, ખરેખર તેઓ શું હતા તે તો ભગવાન જાણે પણ તેઓ પુષ્ટિમાર્ગના ઘણા સારા જાણકાર હતા. એમના ઘરનો એક સેવક દયાનંદના પ્રભાવમાં આવીને અમદાવાદમાં આર્યસમાજી થઇ ગયો. એમને એ ખબર પડી. ગિરિધરલાલજી ખાસ તેના ઘરે પધાર્યા. એમનો સેવક તે વખતે ઘરમાં હતો નહીં. ઘરવાળાઓએ કહ્યું કે હવે અમે આર્યસમાજી છીએ, પુષ્ટિમાર્ગીનથી રહ્યા આપ બીજે ક્યાંક આપનો મુકામ કરો. આ સાંભળતા જ ગાંડા ગિરધરલાલજીએ ઘરવાળાઓની સોટીથી પીટાઇ કરી. તમારો બાપ આર્યસમાજી ન હતો. તમારો દાદા આર્યસમાજી ન હતો, તમે કેવી રીતે આર્યસમાજી થઇ ગયા. એમણે બળજબરીથી પોતાનો સામાન ઘરમાં રખાવી દીધો. હું તો અહીં જ રોકાઇશ. ઘરવાળાઓએ જોયું કે ગુરૂજી તો દાદાગિરી ઉપર આવી ગયા છે. એમણે ઘરનો વડિલ જે આર્યસમાજી થઇ ગયો હતો તેને બોલાવ્યો. તેણે આવીને તરત એમનો સામાન બહાર ફેંકાવી દીધો. ગિરધરલાલજી ગુસ્સાથી લાલ-પીળા થઇ ગયા. મારો સેવક થઇને તું આવો વ્યવહાર કરે છે તેને પણ બે-ચાર સોટી એમણે ફટકારી અને પાછો પોતાનો સામાન ઘરમાં મુકાવ્યો. કહ્યું કે તારો બાપ આર્યસમાજી નહીં, તારો દાદો આર્યસમાજી નહીં તો તૂ થયો કેમ આર્યસમાજી. કલાક બે કલાક આવું નાટક ચાલ્યું. બિચારો એમનો સેવક કંટાળીને

આર્યસમાજ છોડીને પાછો પુષ્ટિમાર્ગીયથઇ ગયો.

આપણા ઠાકોરજીએ પણ વ્રજમાં ગાંડા ગિરધરલાલના જેવું જ કામ કર્યું હતું. વ્રજવાસી ઇન્દ્રને પૂજવા જઇ રહ્યા હતા એટલે ઠાકોરજીએ જીદ કરી કે હું તમને ઇન્દ્રની પૂજા નહીં કરવા દઉં. ઠાકોરજીએ કહ્યું કે ઇન્દ્ર તમારી સામે ભોગ ખાવા માટે આવે છે શું ? હું તમને એવો દેવ પુજાવીશ કે જે તમારી સામે ભોગ આરોગશે. ''હમારો દેવ ગોવર્ધન રાનો'' ઠાકોરજીએ બળજબરીથી ઇન્દ્રપૂજા બંધ કરાવી. આમાં રહસ્ય એ છે કે જ્યારે કોઇ કોઇકને પોતાનો માને ત્યારે આવું થવું સંભવ છે. પોતાનો ન માને તો ગાંડા ગિરિધરલાલના જેવો કોઇને માટે ઉદ્ધત થઇ જ ન શકે. સામાન ફેંકી દઇ રહ્યો છે છતાં પોતે ત્યાં બેઠેલા છે. હું તમને છોડીશ નહીં, ભલે તમે મારો સામાન ફેંકી દો. એમણે તેને કેટલો પોતાનો માન્યો હશે ત્યારે આવું અપમાન સહન કરીને પણ તેને છોડયા નહીં. આપણું બાળક કયારેય આપણા અનાદર કરે તો પણ આપણે તેને છોડતા નથી. આ આપણો આગ્રહ જ બાળકને માટે આપણો સ્નેહ બતાવે છે. તો ઠાકોરજીએ ઇન્દ્રયાગ બંધ કરાવીને વ્રજવાસીઓને માટે જે આત્મીયતા પ્રકટ કરી તેનાથી વધુ મોટો ઉત્સવ આપણે ત્યાં બીજો કયો હોઇ શકે છે. એટલે અન્નકુટ આપણે ત્યાં ખૂબજ મોટો ઉત્સવ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : ''કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે''. કૃષ્ણને આધીન થઇને જ્યારે લીલા ચાલી રહી હોય છે તે તો મર્યાદાલીલા છે જ્યારે કૃષ્ણ જીવને આધીન બનીને લીલા કરે છે તે પુષ્ટિલીલા છે. આ લીલામાં પ્રભુ આપણને કેટલા આધીન બની ગયા છે કે આપણે પ્રભુથી વિમુખ થવા માગી રહ્યા છીએ, કે નહીં, આપણે અન્યાશ્રય કરવા જઇ રહ્યા છીએ પણ પ્રભુએ જીદ પકડી છે. ગાંડા ગિરધરલાલની જેમ, કે નહીં હું તને અન્યાશ્રય કરવા નહીં દઉં. તું મારો છે. ''તસ્માન્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્'' આમ ભગવાન કહી રહ્યા છે. તું મારો છે હું તને અન્યાશ્રય કરવા નહીં દઉં. કરત તો ઠાકોરજીને શું ફેર પડત. ઠાકોરજીને ભક્તોની ક્યાં ખોટ હતી. પણ ભગવાને કહ્યું કે હું અન્યાશ્રય કરવા નહીં દઉં. આ આપણો ઠાકુર પણ ગાંડા ગિરધરલાલ છે. આપણને અન્યાશ્રય કરવા નથી દેતો.

આજે આવી લીલા પ્રકટ નથી થઇ રહી તેનું કારણ સ્પષ્ટ છે કે આપણા ઘરમાં બિરાજતો ઠાકુર તેના તરફની આપણી નિસ્પૃહતા જોઇને સમજી ગયો છે કે આની સાથે આવા ગાંડપણનો વહેવાર નથી કરવો. આને જવા દો. છોડો.

''તુ હૈ હરજાઇ તો અપના ભી યહી તૌર સહી,
તૂ નહીં ઓર સહી, ઓર નહીં ઓર સહી''

તું જ જ્યારે હરજાઇ (શ્રીનાથપ્રત્યેનો સ્નેહભાવ ભૂલીને શ્રીમંત ધનિકોને ચાહનાર) છે તો પછી હું શા માટે તારી પાછળ ગાંડો થાઉં. જા તારે ભજવો હોય એને ભજ, મારા તરફથી તને છૂટ છે. પ્રભુ પણ આજે નિસ્પૃહ બની ગયા છે એટલે તો આપણને રોકી નથી રહ્યા. પણ આપણે થોડી-ઘણી પણ સ્પૃહા આપણા પ્રભુ માટે રાખીશું તો આપણા ઘરનો ઠાકુર આપણને અન્યાશ્રય કરવા નહીં દે, નહીં કરવા દે આ વાત દઢ સમજી લો.

## પછીના દિવસનું પ્રવચન

### રાધાષ્ટમી :

ભગવત્સેવાના ઉત્સવક્રમના અંતર્ગત આપણે જન્માષ્ટમીથી ઉત્સવના સ્વરૂપ વિચારવાનું શરૂ કર્યું. આમાં રાધાષ્ટમી, દાનલીલા, વામન દ્વાદશી અને સાંઝીનો વિચાર કરવો રહી ગયો.

સૌથી પહેલાં આપણે રાધાષ્ટમીના ઉત્સવનો વિચાર કરીશું. આમ તો જન્માષ્ટમી પછી ચંદ્રાવલીજીનો પણ ઉત્સવ આવે છે પણ તે આપણે ત્યાં બહુ વિશાળતાથી મનાવવામાં નથી આવતો. રાધાષ્ટમીના ઉત્સવને તો ઠાકોરજીના ઉત્સવની જેમ જ મનાવવો એવું આપણી સેવા પ્રણાલિકામાં સ્પષ્ટ લખેલું છે. તેથી તે દિવસે શૃંગાર-વસ્ત્ર જન્માષ્ટમીના જ ધરાવવામાં આવે છે, ઠાકોરજી પલના પણ ઝુલે છે. જે ઘરોમાં ઠાકોરજીની સાથે શ્રીસ્વામિનીજી બિરાજતા નથી હોતા ત્યાં રાધાષ્ટમીના દિવસે ભાવનાથી શ્રીસ્વામિનીજી પધરાવવામાં આવે છે. ઘરની બધી વહુ-બેટીઓ એમની (શ્રીસ્વામિનીજીની) માંગમાં સિંદુર

ભરે છે. જ્યાં ઠાકોરજીની સાથે શ્રીસ્વામિનીજી બિરાજતા હોય ત્યાં તો પરિવારના બધા લોકો એમના દર્શન કરી શકે છે પણ ભાવનાથી જ્યાં શ્રીસ્વામિનીજી પધારે છે તેના દર્શન પરિવારના લોકો પણ બધા નથી કરી શકતા. પરિવારના જે અત્યંત નિકટ સેવાપરાયણ લોકો હોય તેઓ જ શ્રીસ્વામિનીજીના દર્શન કરી શકે છે. અહીં (કિશનગઢમાં) દરબારને ત્યાં પણ સ્વામિનીજી બિરાજે છે. પણ એમના દર્શન પણ પરિવારના અતિ નિકટના લોકો જ કરી શકે છે. કાંકરોલીમાં દ્વારકાધીશના શ્રીસ્વામિનીજી બિરાજે છે. એમના દર્શન પણ પરિવારના અતિશય નજીકના લોકો જ કરી શકે છે.

અભિષેકની બાબતમાં પણ એવી મર્યાદા છે. મર્યાદામાર્ગમાં ઠાકોરજી-સ્વામિનીજીનો એક સાથે અભિષેક થાય છે આવું આપણે ત્યાં નથી. આપણે ત્યાં સ્વામિનીજીનો અભિષેક ઠાકોરજીની સાથે નથી થતો. આપણા ઘણા ઘરોમાં તો એવી મર્યાદા છે કે ઘરના ગો.બાલક પણ સ્વામિનીજીને સ્નાન નથી કરાવી શક્તા, વહુ-બેટીઓ જ સ્વામિનીજીને સ્નાન કરાવી શકે છે. આ નિયમ મોટા ભાગે એવા ઘરોમાં પાળવામાં આવે છે કે જ્યાં ઠાકોરજીની સેવા કિશોરભાવથી કરવામાં આવતી હોય. બાલભાવની જ્યાં સેવા છે ત્યાં સ્વામિનીજી પણ બાલિકાના ભાવથી બિરાજે છે તેથી તે ઘરોમાં સ્વામિનીજીને સ્નાન કરાવવા અને વસ્ત્ર ધરાવવાની બાબતમાં તેવો નિયમ નથી.

શ્રીગુસાંઇજીએ ઠાકોરજીને પુષ્ટ કરવાની વિધિનો એક ગ્રંથલખ્યો છે : 'પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર'. તેમાં શ્રીગુસાંઇજીએ શ્રીસ્વામિનીજીની પણ પુષ્ટ કરવાની વિધિ બતાવી છે.

## બાલભાવ, કિશોરભાવ કે સર્વભાવ :

ઘણા સમ્પ્રદાયોમાં, ખાસ કરીને વૃંદાવનના, મનમાં એક એવી ભ્રાન્ત ધારણા છે કે વલ્લભ સમ્પ્રદાયમાં ફકત બાલભાવની સેવા છે. કિશોરભાવની સેવા ચૈતન્ય સંપ્રદાય, રાધાવલ્લભ સમ્પ્રદાય, નિમ્બાર્ક સંપ્રદાયમાં છે, વલ્લભ સંપ્રદાયમાં નથી. ખરેખર એમણે ન તો આપણા સિદ્ધાન્ત ગ્રંથવાંચ્યા છે, ન આપણે ત્યાંની સ્તુતિઓ વાંચી છે, ન આપણું પદ સાહિત્ય વાંચ્યું છે એટલે તે લોકો આવી ભ્રમણા ફેલાવતા રહે છે કે આપણે ત્યાં ફકત બાલભાવની જ

સેવા છે.

ભાગવતના દશમસ્કન્ધની શરૂઆતમાં સુબોધિની લખતાં પહેલાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે :

''નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિશાયિનમ્,
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનઃ કલાનિધિમ્''.

લક્ષ્મીની હજારો લીલા અથવા હજારો લક્ષ્મીની સાથે કરવામાં આવેલી લીલાના સાગરમાંથી ઉભરેલા કલાનિધિ કૃષ્ણને મારા નમસ્કાર. વિચાર કરો, કિશોરભાવ વગર આ મંગલાચરણ કેવી રીતે થઇ શકે.

એક બીજી વાત સમજો, આપણે ત્યાં બાલલીલાના પદ જન્માષ્ટમીથી ગાવામાં આવે છે. તે ફક્ત રાધાષ્ટમી સુધી જ ગાવામાં આવે છે. જ્યાં નવનીતપ્રિયાજીના ઘરની રીત છે ત્યાં બારે મહીના પલના ઝુલે છે તેથી બારે મહીના પલનાના પદ ગવાય છે. આ એક જુદી વાત છે. બાકી બીજા ઘરોમાં ઠાકોરજી જન્માષ્ટમીથી રાધાષ્ટમી સુધી જ પલના ઝુલે છે. રાધાજીને પલના ઝુલાવીને પલના બંધ થઇ જાય છે.

આપણે ત્યાંનું કેટલું સુંદર પદ છે :

''બૂજત શ્યામ કૌન તુમ ગોરી ? કહાં રહત કાકી હો છોરી?''

ઠાકોરજી શ્રીસ્વામિનીજીને પુછે છે કે ''તમે કોણ છો, અમે તમને કયારેય જોઇ નથી, કયાં રહો છો. ખેલવા આવવું હોય તો અમારા ઘરે પણ આવો''. આ સાંભળીને રાધાજી ઠાકોરજીને કહે છે કે ''હમ ક્યો નંદ ઘર જાવે, ઉનકો છોરા તો માખનકી ચોરી કરે હૈ''. વિચાર કરો કે જો કિશોરભાવ ન હોય તો આ પદ કેવી રીતે ગાઇ શકાય છે ? શરદોત્સવ આપણે કેવી રીતે મનાવી શકીએ ? ચન્દ્રાવલીજી-લલિતાજીનો ઉત્સવ કેવી રીતે મનાવી શકીએ ?

અને જુઓ, નવનીતપ્રિયાજીની વાત મુકો, વિઠ્ઠલનાથજીને બે સ્વામિનીજી છે. દ્વારકાધીશજીને સ્વામિનીજી છે. ગોકુલનાથજીને બે સ્વામિનીજી છે. ગોકુલચન્દ્રમાજી સાથે સ્વામિનીજી નથી બિરાજતા તો પણ સ્વામિનીજીના ભાવથી એમના તકિયા ઉપર અલગથી એક માલાજી ધરવામાં

આવે છે. મદનમોહનજીને બે સ્વામિનીજી છે. આના સિવાય નાના ભાઇઓના ઘરોમાં પણ મદનમોહનજી સ્વામિનીજી સહિત બિરાજે છે. અમારા ઉપર પણ મદનમોહનજી–સ્વામિનીજી બિરાજે છે. વિચારો કે જો કિશોરભાવ ન હોય તો આ કેમ સંભવે. આટલું હોવા છતાં પણ લોકો કોણ જાણે શું સમજીને આવી ભ્રમણાઓ ફેલાવતા રહે છે કે પુષ્ટિમાર્ગમાં બાલભાવની સેવા છે અને અમારે ત્યાં કિશોરભાવની સેવા છે. અરે ભાઇ, અમારે ત્યાં તો સર્વભાવની સેવા છે. સર્વભાવમાં બાલભાવ પણ છે અને કિશોરભાવ પણ છે. આપણે ત્યાંનું પદ સાહિત્ય વાંચી લો. કિશોરભાવના કેટલા બધા પદ છે. રાધાષ્ટમી આવતા-આવતા તો કિશોરભાવના કેટલા બધા પદ ગાવામાં આવે છે. દાનના પદ, સાંઝીના પદ...

''આયી હું અકેલી આજ સાંઝીકે કુસુમ લેન,
ભલો મિલ ગયો તૂ મોહે જાત ઘર ગાયલે
ચુનરી ચટક રંગ નીરતેં બચાયલે''
આ કિશોરભાવનું પદ નથી તો કયા ભાવનું પદ છે.

એક અંતર આપણી અને બીજાની વચ્ચે જરૂર છે. તે અંતર એ છે કે એમને ત્યાં ફક્ત કિશોરભાવ જ છે. અને આપણે ત્યાં સર્વભાવ છે. આપણને ચતુર્ભુજની સેવા કરવામાં પણ કાંઇ સંકોચ નથી. બીજાઓને તકલીફ થાય છે. તે લોકો સમજે છે કે તે વિષ્ણુનું સ્વરૂપ થઇ ગયું, અમે એની સેવા કેવી રીતે કરીએ. આપણે ત્યાં તો પ્રથમ ઘરમાં ચતુર્ભુજ મથુરાધીશજી બિરાજી રહ્યા છે અને વિરમગામમાં તો અષ્ટભુજાજી બિરાજે છે. તો વાત સમજો કે આપણે ત્યાં ફકત બાલભાવની જ સેવા નથી, સર્વભાવની સેવા છે. તેમાં કિશોરભાવની પણ સેવા છે.

બહારના લોકોની આવી સમજણનું કારણ તો આપણે સમજી શકીએ છીએ કે એમને જ્ઞાન નથી તેના કારણે આવું કહેતા હોય છે કે વલ્લભ સંપ્રદાયમાં બાલભાવની જ સેવા છે. પણ વિલક્ષણ વાત તો એ છે કે આપણા સંપ્રદાયના લોકો પણ એમની વાતો સાંભળીને આવું કહેતા હોય છે કે આપણે ત્યાં બાલભાવની સેવા છે. જ્યારે હકીકત એ છે કે એક સુરદાસજીના જ જેટલા પદ

કિશોરલીલાના લખેલા છે એને જો બીજા બધા સમ્પ્રદાયના બધાજ પદની સાથે તોળવામાં આવે તો સૂરદાસજીનું પલ્લુ એમનાથી ભારે રહેશે એટલા પદ કિશોરભાવના એકલા આપણા સૂરદાસજીના પદ છે. રાસલીલાના એક આપણા કૃષ્ણદાસજીએ જેટલા પદ લખ્યા છે એટલા રાસના પદ બીજા કોઇએ નથી લખ્યા.

એટલે એ ધ્યાનથી સમજો કે એક મિથ્યા ધારણા ફેલાવી દીધી છે કે પુષ્ટિમાર્ગમાં બાલભાવ છે, કિશોરભાવ નથી. શ્રીમહાપ્રભુજીની વાત તો ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'' છે. આપણે ત્યાં સર્વભાવથી સેવા છે. કોઇપણ ભાવની સાથે આપણને પરહેજ (અણગમો) નથી. ન કોઇપણ ભાવનો આપણને હઠાગ્રહ છે. આ વાત આપણને સમજમાં આવી શકે છે જો આપણે ત્યાંના ઉત્સવોના પ્રકાર, પદના પ્રકાર અને સેવ્યસ્વરૂપોના પ્રકારથી ધ્યાનપૂર્વક આ દષ્ટિથી જોઇએ તો.

આપણે ત્યાંની એક બીજી વાત - જે પોતે એકદમ બંડલ વાત છે, બકવાશ છે, બેવકુફ બનાવવાની વાત છે, મેં આ વાતનું ખંડન મારી સુબોધિનીજીની ભૂમિકામાં કર્યું છે, પણ - આ ધારણાને તોડવામાં સક્ષમ છે. તે એ વાત કે રાસમંડલમાં અનેક મંડલ હોય છે. મોટાની અંદર નાનું, તેની અંદર તેનાથી પણ નાનું ... આમ કરતાં છેલ્લે ''અષ્ટો કૃષ્ણ ભવન્તિ'', બધાથી છેલ્લે આઠ સ્વરૂપનું હોય છે : ''દ્વે દ્વે ગોપી બિચ-બિચ માધવ'', આ સકલમાં જે આઠ સ્વરૂપ હોય છે તે આપણે ત્યાંના આઠ સ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજીથી લઇને શ્રીમદનમોહનજી સુધી છે. અને આ અંતિમ મંડલની વચમાં જે સ્વરૂપ શ્રીરાધાજીની સાથે નૃત્ય કરે છે તે શ્રીગોવર્ધનધર છે. આ બધી તદ્દન ભ્રાંત ધારણાઓ છે, એકદમ ગપગોળા છે, લોકોને મૂરખ બનાવવાની વાત છે, આ વાતોમાં કોઇ સાર નથી. પોતાના ઠાકોરજીનો વાવટો ઉંચો રાખવા માટે મનઘડંત ખોટી વાર્તાઓ છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તમાં સ્વરૂપમાં કોઇ ભેદ-તારતમ્ય નથી. બધા ઠાકોરજી એક સમાન છે. શ્રીગુસાંઇજીએ સ્પષ્ટ આજ્ઞા કરી છે કેઃ ઠાકુરજીમેં બડો-છોટો કહાં ? બે, આઠ, સોળ, બત્રીસ, ચોંસઠ ... એમ બમણા થતા મંડલમાં અંદર-બહારના ઠાકોરજીમાં કોઇ ફરક નથી. જે મંડલની

વચ્ચેના ઠાકોરજી છે એ જ બધાથી છેલ્લા મંડલના પણ છે. આ વાત તો અલગ થઇ ગઇ. આપણી આંતરિક વાતો છે. પણ મેં જે વાતને સમજાવવા માટે આપણી આ ભ્રાંત ધારણાનું ઉદાહરણ આપ્યું હતું તે એ છે કે આપણે ત્યાં કિશોરભાવ નથી તો આ ભ્રાન્ત ધારણા કેવી રીતે પેદા થઇ એના ઉપર ધ્યાન આપો. કેટલાય વરસ પહેલાં મેં આ વિષય ઉપર એક ચોપડી લખી હતી.

આપણે મૂળ વાત ઉપર આવીએ. આપણે ત્યાં કિશોરભાવ છે. રાધાષ્ટમીથી કિશોરભાવના ઉત્સવ-પદગાન બધું શરૂ થઇ જાય છે જેની ચરમકક્ષા શરદોત્સવના દિવસે આવે છે. આપણે જો શ્રીગુસાંઇજી વિરચિત ઠાકોરજીને પુષ્ટ કરવાની વિધિ જોઇએ તો આ વિધિમાં કિશોરભાવનું સ્થાપન કરવાનું વિધાન છે.

... અત્યારે તો વૈષ્ણવ અને ગુરુ બંનેને ઠાકોરજીને પુષ્ટ કરવાની વિધિની જ ખબર નથી. વૈષ્ણવ એમ સમજે છે કે મહારાજ ઠાકોરજીના ચરણસ્પર્શ કરી લ્યે એટલે ઠાકોરજી પુષ્ટ થઇ જાય. અને મહારાજ પણ પાછા એવું જ સમજે છે કે ફકત ચરણસ્પર્શ કરવાથી પુષ્ટ થઇ જાય છે. એક બહુ મજેદાર ઘટના સંભળાવું છું. કેટલાક દર્શનીયા ભગતોએ વિદેશમાં શ્રીનાથજીનું મંદિર બનાવડાવ્યું. મંદિરમાં શ્રીનાથજીની મૂર્તિની સ્થાપનાથી આજ્ઞા લેવા ગયા તો એમને એવો જવાબ મળ્યો કે શ્રીનાથજીતો નાથદ્વારા સિવાય બીજે ક્યાંય બિરાજી જ ન શકે.

પુષ્ટ કરવાની વિધિમાં ભાગવતના જે શ્લોક બોલવાના હોય છે એનો શ્રીગુસાંઇજીએ ઉલ્લેખ કર્યો છે. તેમાં ઠાકોરજીના જન્મનું વર્ણન કરનારા શ્લોક બોલવા જોઇએ જે દર વરસે જન્મના સમયે બોલવામાં આવે છે.

''અથસર્વગુણોપેતઃ કાલઃ પરમશોભનઃ,
યર્હ્યેવાજનજન્મર્ક્ષં શાન્તર્ક્ષગ્રહતારકમ્''.

આ પહેલા 'ચતુર્ભિશ્ચ' નો શ્લોક છે. બીજા પ્રમાણ પ્રકરણના શ્લોક, પુતના વધ પછી ગોપીજનો વિચારમાં પડી ગયા કે કૃષ્ણને આ શું હેરાનગતિ થઇ ગઇ. એમણે કૃષ્ણની રક્ષા કરવા માટે મન્ત્ર બોલ્યો :

''અવ્યાદ્ અજોંઘ્રિમણિમાન્ તવં જાન્વથોરુ
યજ્ઞોઽચ્યુતઃ કટિતટં જઠરં હયાસ્યઃ''

તારા ચરણની રક્ષા થાય, તારા ઉદરની રક્ષા થાય આમ ભગવાનની રક્ષાના ભાવથી ગોપીજનો મંત્ર બોલ્યા. પુષ્ટ કરતી વખતે આ મંત્રને બોલીને સ્વરૂપના અંગ-પ્રત્યંગનો સ્પર્શ કરવો જેથી કરીને ગોપીજનોના ભાવની રક્ષા થાય. આ ખૂબ જ મહત્વની વાત છે કે પ્રભુના અંગ-પ્રત્યંગનો સ્પર્શ કરવો જેથી કરીને ગોપીજનોના ભાવની રક્ષા થવી જોઇએ. આ ભાવની રક્ષાને માટે આ શ્લોક બોલવામાં આવે છે.

ઠાકોરજી ગોચારણ કરીને સંધ્યા સમયે જ્યારે વ્રજમાં પાછા પધારે છે તે વખતના શ્લોકોને ઠાકોરજીને પુષ્ટ કરતી વખતે બોલવામાં આવે છે. કેમકે ઠાકોરજી જ્યારે કોઇના ઘરમાં પધારી રહ્યા છે આટલી બધી ગાયો-ગોવાળોને લઇને :

''હાં કે હટક હટક ગાય ઠઠક ઠઠક રહી
ગોકુલકી ગલી સબ સાંકરી,
ચમ્પકલી કુંદકલી રસભરી બરખત
તામેં લિખે હૈં કછુ આંકરી.
નંન્દદાસ જહાં જહાં દ્વારે ઠાડે હોત
ઠઠક ઠઠક કાહૂસોં હાં કરી ઔર ના કરી''

'ના કરી' નો મતલબ શું ? શું કોઇને એમ કહ્યું કે તમારે ત્યાં નહીં આવું ? એમ નહીં, કોઇએ કહ્યું કે આવશોને ? તો કહ્યું કે હાં આવીશ. કાલે જેમ ખોટું બોલીને ન આવ્યા એવું તો નહીં થાય ને તો ના કરી, એવું નહીં થાય. એમ ઠાકોરજી પુષ્ટ થઇને કોઇના ઘરે ''હાં કરી ઔર ના કરી'' કહીને પધારી રહ્યા છે કે હું હવે વિલંબ નહીં કરૂ, તમારા ઘરે આવીશ. આ ભાવથી ઠાકોરજીના ગોકુલમાં પધારવાના શ્લોક બોલીને પુષ્ટ કરવામાં આવે છે.

એક વાત ધ્યાનથી સમજો કે 'ગોકુલ' નામ કેટલું મીઠુ છે. ગોકુલ એટલે જ્યાં ગોવાળોની ગાયો રહેતી હોય તે સ્થાન. 'ગો' નો અર્થ ઇન્દ્રિય પણ

થાય છે. આ દૃષ્ટિથી આપણું આખું શરીર એક ગોકુલ છે. ઠાકોરજી પુષ્ટ થઇને આપણા ઉપર પધારે છે તો આપણા ગોકુલમાં પધારી રહ્યો છે ને. આપણા ગોકુલમાં ઠાકુર પધારી રહ્યો છે માટે ગોપીજનો તેને જે પ્રકારથી પોતાના ગોકુલમાં પધરાવતા હતા તે પ્રકારથી વૈષ્ણવના ઘરે ઠાકોરજી પુષ્ટ થઇને પધારે એટલા માટે ગોચારણ કરીને પધારતા ઠાકોરજીનું વર્ણન કરનારા શ્લોક પણ પુષ્ટ કરતી વખતે બોલવામાં આવે છે. તે ભાવના પણ કરવામાં આવે છે. તો તમે જૂઓ કે અહીંયા પણ કિશોરભાવ છે કે નહીં. કિશોરભાવની સાથે યશોદાભાવ પણ છે. કેમકે સંધ્યા આરતી યશોદાજી પણ કરે છે. પણ જોવાની વાત એ છે કે નંદદ્વાર સુધી ઠાકોરજી પધારે અને ત્યાં આરતી થાય ત્યારે યશોદાભાવ આવે છે. પણ ''હાંકે હટક હટક ગાય ઠઠક ઠઠક રહી ગોકુલકી ગલી સબ સાંકરી, ચંપકલી કુંદકલી રસભરી બરખત તામેં લિખે હૈ માનો કછુ આંકરી'' આ તો કિશોરભાવનું વર્ણન છે. આ બાલભાવનું વર્ણન નથી. ગોપીઓ ઠાકોરજીના ઉપર પોત-પોતાના ગોખ-બારીમાંથી અટારીમાંથી ફૂલ ફેંકી રહી છે. આ તો કિશોરભાવનું વર્ણન છે. પણ જ્યારે ઠાકોરજી નંદદ્વારે પધારે છે ત્યારે પાછો બાલભાવ આવી જાય છે. આપણે એકેય ભાવનું ફિકસેશન્ નથી કરતા. યશોદાજી દ્વાર ઉપર ઠાકોરજીની આરતી ઉતાર છે ત્યારે પાછો બાલભાવ આવી જાય છે.

આના પછી પુષ્ટ કરવાની વિધિમાં એક શ્લોક આવે છે જે ઠાકોરજી રાસમાં તિરોહિત થયા ત્યારે ગોપીજનોએ ''જયતિ તેઽધિકં જન્મના વ્રજ'' ગીત ગાયું તેના પછી

''રુરુદુઃ સુસ્વરઃ રાજન્ કૃષ્ણદર્શનલાલસા,
તાસામાવીરભૂચ્છૌરી સ્મયમાનમુખામ્બુજ,
પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાત્ મન્મથમન્મથઃ''

આ જે પ્રાકટ્ય પ્રભુનું રાસમાં થયું છે તે શ્લોકનો પણ પાઠ કરવો અને તેવી ભાવના પણ કરવી કે ઠાકોરજી અમારા ઘરમાં પ્રકટ થયા છે. શું આ કિશોરભાવ નથી ? ધ્યાનથી સમજો કે આપણે ત્યાંની તો પુષ્ટ કરવાની વિધિમાં જન્મપ્રકરણમાં વર્ણિત બાલભાવ છે, પ્રમાણ પ્રકરણનો કિશોરભાવ છે, પ્રમેય-

સાધન પ્રકરણનો પણ ભાવ છે અને ફલ પ્રકરણનો પણ ભાવ છે. બધા પ્રકરણના ભાવોથી આપણે આપણા ઠાકોરજીને પુષ્ટ કરીએ છીએ. ''સર્વભાવેન ભજનીયો''.

શ્રીમહાપ્રભુજીએ 'પરિવૃઢાષ્ટકમ્' માં ઠાકોરજીની સ્તુતિ કરતાં કિશોરલીલાનું વર્ણન કર્યું છે :

''કલિન્દોદ્ભૂતાયાસ્તટમનુચરન્તીં પશુપજાં,
રહસ્યેકાં દ્રૃષ્ટવા નવસુભગવક્ષોજયુગલામ્,
દઢં નિવિગ્રન્થિં શ્લથયતિમૃગાક્ષ્યા હઠતરં,
રતિઃ પ્રાદુર્ભાવો ભવતુ સતતં શ્રીપરિવૃઢે''

'પરિવૃઢ' એટલે નાથ; 'શ્રીપરિવૃઢ' એટલે શ્રીનાથ. તો જુઓ, શ્રીમહાપ્રભુજીના વખતથી આપણે ત્યાં કિશોરભાવ છે. 'પશુપજા' નો અર્થ છે વૃષભાનુજા. છતાં પણ બળજબરીપૂર્વક લોકો એમ કહે કે શ્રીમહાપ્રભુજીને કિશોરલીલાનો પરિચય જ ન હતો. અને પુષ્ટિમાર્ગમાં કિશોરલીલાનો પ્રચાર તો શ્રીગુસાંઇજીએ ચૈતન્ય સંપ્રદાયના પ્રભાવમાં આવીને પાછળથી કર્યો આવી ભ્રાન્તિ પાછા બીજી ફેલાવે છે. શ્રીગુસાંઇજીને કિશોરલીલાનો પરિચય કરવા માટે ચૈતન્યસંપ્રદાય સુધી જવાની શું જરૂર છે કે જ્યારે ભાગવતની રાસપંચાધ્યાયી સામે જ છે, તેના ઉપર શ્રીમહાપ્રભુજીની સુબોધિની પણ સામે જ છે, તે પ્રકરણને શ્રીમહાપ્રભુજી ફલપ્રકરણ કહી રહ્યા છે. શ્રીગુસાંઇજીએ સ્વયં તેની ટીકા લખી છે એટલું જ નહીં આપે શ્રીમહાપ્રભુજીના લેખન ઉપર કિશોર ભાવોનું એટલું વિસ્તૃત વ્યાખ્યાન કર્યું છે કે જો તે વ્યાખ્યાનને આપણે ન વાંચીએ તો શ્રીમહાપ્રભુજીનો સાચો અભિપ્રાય આપણે સમજી ન શકીએ. તો વિચાર કરો કે આપણે ત્યાં કિશોરભાવ કેવી રીતે નથી ?

આ બધી વાતોને આપણે એક બાજુ રાખીએ. બીજાસ્કન્ધના

''નમો નમસ્તેસ્ત્વૃષભાય સાત્વતાં
વિદૂરકાષ્ઠાય મુહુઃ કુયોગિનામ્,
નિરસ્ત–સામ્યાતિશયેન રાધસા
સ્વધામની બ્રહ્મણિં રંસ્યતે નમઃ'' (ભાગ.પુરા.૨/૪/૧૪)

આ શ્લોકમાં વપરાયેલ 'રાધસ્' પદની વ્યાખ્યા કરતા સુબોધિનીમાં આચાર્યચરણોએ એક વાત ખૂબ જ સ્પષ્ટતયા સમજાવી છે કે :

> ''કાચિદ્ ભગવતઃ સિદ્ધિઃ અસ્તિ 'રાધસ' શબ્દવાચ્યા. ન તાદશી સિદ્ધિઃ કાચિદ્ અન્યત્ર ન વા તતોઽપિ અધિકા. તયા સિદ્ધ્યા ભગવાન્ સ્વગૃહએવ રમતે. તચ્ચ અક્ષરાત્મકં બ્રહ્મ રંસ્યન્ ઇતિ સ્વનિષ્ઠમેવ રસં તત્સમ્બન્ધા અભિવ્યક્તં કરોતિ ઇતિ. એતાવતા સ્વરૂપસ્થિતિવ્યતિરેકેણ ન અન્યત્ર રંસ્યતીતિ ભગવદીયો રસઃ તત્રૈવ પ્રાપ્તવ્યઃ''.

'રાધસ્' નામની ઠાકોરજીની કોઇ એવી સિદ્ધિ છે. ન તો તેના જેવી કોઇ બીજી સિદ્ધિ છે અને તેનાથી વધારે ન કોઇ બીજી સિદ્ધિ પણ કહી છે. પ્રભુ પોતાની આ સિદ્ધિના સાથે પોતાના ધામમાં નિરંતર રમણ કરે છે. આ રાધસ્ નામની શક્તિ શું છે ? ભગવાનને જો ધર્મના મુખથી બોલો તો શક્તિનું નિરૂપણ થાય છે અને જો ધર્મીના મુખથી બોલો તો શક્તિમાનનું નિરૂપણ થાય છે. આ વાત થોડી અઘરી છે. આને સહેલાયથી સમજીએ.

કોઇ માણસ વિદ્વાન છે. વિદ્વાનનો અર્થ વિદ્યા છે અને વિદ્વત્તા તેની શક્તિ છે. કોઇ પહેલવાન છે. પહેલવાન્ એટલે શારીરિક શક્તિમાન્. પણ પહલવાની શક્તિ છે. તો શક્તિ કોઇ અતિરિકત વસ્તુ નથી. એક જ વસ્તુને ધર્મમુખથી બોલો તો શક્તિ બની જાય છે અને તેને જ ધર્મીમુખથી બોલો તો તે શક્તિમાન બની જાય છે. એમ પ્રભુનું જ્યારે ધર્મમુખથી નિરૂપણ થાય છે ત્યારે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે તે અક્ષરબ્રહ્મ છે. અને અક્ષરબ્રહ્મનું જ્યારે ધર્મીના મુખથી નિરૂપણ થાય છે ત્યારે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે તે પરબ્રહ્મ છે. જેમ ટયુબલાઇટનો ચારે તરફ ફેલાયેલો પ્રકાશ તેનો ધર્મ છે. ટયુબલાઇટ પોતે ધર્મીછે. ફૂલ ધર્મીછે તેની સુગંધ તેનો ધર્મ છે. પૃથ્વી ધર્મીછે અને તેનો ત્રણસો માઇલના રેડિયસ્ (ચારેકોર)માં ફેલાયેલો ગ્રવિટેશ્નલ્ ફીલ્ડ (ગુરુત્વાકર્ષણની પરિધિ) તેનો ધર્મ છે. વિજ્ઞાનની ભાષામાં પણ આપણે તેને

ગુરૂત્વાકર્ષણની શક્તિ કહીએ છીએ. સૂર્ય ધર્મીછે તેનો પ્રકાશ ધર્મ છે.

શક્તિ અને શક્તિમાન્‌માં અંતર થોડુંક જ છે. શકિતમાન્‌ના સ્વરૂપથી બહાર પણ જ્યારે તેનો પ્રભાવ ઝલકે ત્યારે તેને આપણે શક્તિ કહીએ છીએ. જો શક્તિમાનનો પ્રભાવ તેની પોતાની અંદર જ ઝલકતો હોય તો આપણે તેને સરખી રીતે ઓળખી નથી શક્તા. જેમ પૃથ્વીનું ગુરૂત્વ ફક્ત પૃથ્વીની અંદર જ હોત તો આપણે તેને ઓળખી ન શકત. પણ જ્યારે આપણે અનુભવ કર્યો કે પૃથ્વી તેનાથી ત્રણસો માઇલ દૂરથી પણ આપણને ખેંચે છે તેનાથી સમજાય છે કે પૃથ્વીમાં ગુરૂત્વાકર્ષણની શક્તિ છે. ફૂલને નાકે અડાડીને સુંઘવાથી જ તેની સુગંધ અનુભવમાં આવતી હોત તો સુગંધ ફૂલની શક્તિ છે એ વાત કયારેય પણ સમજાત નહીં. પણ જ્યારે રાતરાણીનું ફૂલ દેખાતું ન હોય છતાં પણ કોઇના ઘરની પાસેથી આપણે પસાર થઇ રહ્યા હોઇએ અને તેથી સુગંધ આવે તો આપણે તુરત જ કહીએ કે આના ઘરમાં આંગણામાં રાતરાણી છે. તો ગંધ શક્તિ છે અને ફૂલ શક્તિમાન્ છે.

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તાનુસાર અક્ષરબ્રહ્મ શક્તિ છે, ધામ છે અને પુરૂષોત્તમ શક્તિમાન્ છે. ભગવાન પોતાના ધામમાં જ પોતાની શક્તિની સાથે રમણ કરે છે. એટલે કે ફૂલ પોતાની સુગંધની સાથે રમે છે. સૂર્ય પોતાના પ્રકાશની સાથે રમે છે, પૃથ્વી પોતાના ગુરૂત્વાકર્ષણની સાથે રમે છે, વિદ્વાન પોતાની વિદ્વતાની સાથે રમે છે. આવી કોઇ સિચ્યુએશન (પરિસ્થિતિ) શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં સમજાવી રહ્યા છે. આ વર્ણન કરીને શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ શક્તિ શક્તિમાનમાંથી અલગ એટલા માટે થઇ કે શક્તિમાન પોતાની શક્તિની સાથે રમણ કરવાં માગી રહ્યો હતો.

સૃષ્ટિલીલાના પ્રાકટયના સંબંધમાં શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે અક્ષરબ્રહ્મમાં સૃષ્ટિ થઇ. કેમકે પુરૂષોત્તમ કોઇ ક્રીડા કરવા માગી રહ્યો હતો. તે ક્રીડા ક્યાં કરે, કોની સાથે કરે ? તેણે પોતાના ધર્મ સાથે, પોતાનામાં રહેલી શક્તિઓની સાથે રમવાનું શરૂ કર્યું આમ કરતા કરતા આ સૃષ્ટિ પ્રકટ થઇ. માટે અક્ષરબ્રહ્મમાં જે સૃષ્ટિ પ્રકટ થઇ છે તે ત્રિવિધ છે : આનંદાત્મિકા, ચિદાત્મિકા અને સદાત્મિકા સૃષ્ટિ. જડ જગત-પ્રકૃત્તિ સદાત્મિકા સૃષ્ટિ છે.

ચિદાત્મિકા સૃષ્ટિ આપણે બધા જીવો છીએ અને આનંદાત્મિકા શક્તિ શ્રીરાધાજી છે. પરમાનંદમાંથી એક એવો આનંદ પ્રકટ થયો કે જે ફકત પરમાનંદને જ ચાહે છે, તેને જ શોધે છે.

જેમણે થોડુંક વિજ્ઞાન ભણ્યું હશે એમને આ વાત સરખી રીતે સમજાશે. વિજ્ઞાન એમ વિચારે છે કે સૂર્યની બાજુમાંથી કયારેક બીજો સૂર્ય પસાર થયો. તેને કારણે આપણા સૂર્યમાં ઉફાણો આવ્યો તેને કારણે સૂર્યથી બહાર કેટલીક લહેરો ફેંકાણી. જેમ દુધમાં ઉફાણો આવે છે. બહાર ફેંકેલી લહેરોની દિશા સૂર્યથી વિરૂદ્ધ હતી અને સૂર્યનું ગુરૂત્વ તેને પોતાની તરફ ખેંચી રહ્યું હતું. આનું પરિણામ એ આવ્યું કે જે લહેરો સૂર્યમાંથી નિકળી તે સૂર્યને આંટા મારતી થઇ ગઇ. પૃથ્વી વગેરે સૂર્યમંડળના બધા ગ્રહ આ કારણથી સૂર્ય તરફ આકૃષ્ટ થઇને તેને ફરતા ચક્કર મારે છે. આ જે એસ્ટ્રોનોમિકલ (જ્યોતિર્વિજ્ઞાનની) પરિસ્થિતિ છે તે જ આપણા પરબ્રહ્મની સાથેની સ્થિતિ છે. સહસ્ત્રપરિવત્સરથી આપણે તેનાથી વ્યુચ્ચરિત થયા છીએ. વ્યુચ્ચરિત થઇને આપણે એની જ પરિક્રમા કરી રહ્યા છીએ. આ પરિક્રમાની સુંદરતા ઉપર ધ્યાન આપો. આપણે એમ કહીએ છીએ કે પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે. પણ પૃથ્વીની ઉત્પત્તિનો વિચાર કરો. સાચી વાત તો એ છે કે સૂર્ય જ સૂર્યની પરિક્રમા કરી રહ્યો છે. આવી જ રીતે જો આપણે અને પરબ્રહ્મના સંબંધમાં વિચારીએ તો બ્રહ્મ જ બ્રહ્મની પરિક્રમા કરી રહ્યો છે. આ પરિક્રમા કોઇ એકાદ જન્મની પરિક્્મા નથી, સહસ્ત્રપરિવત્સરની છે. આપણે કેટલાય સમયથી તેને શોધવા માટે તેની પરિક્રમા કરી રહ્યા છીએ કે જેનાથી આપણે છૂટ્ટા પડયા છીએ. આમાં શ્રીમહાપ્રભુજીએ આ વાતનું નિરૂપણ કર્યું છે કે જે જીવ કૃષ્ણને ચાહી રહ્યો છે એણે પુષ્ટિમાર્ગની કંઠી પહેરી હોય કે નહીં. જો તે કૃષ્ણને કૃષ્ણના માટે જ ચાહી રહ્યો છે, કૃષ્ણને ધન, પુત્ર, ધંધાની કામનાથી જો ચાહી રહ્યો છે ત્યારે તો તે કૃષ્ણની ચાહ ન રહી, બીજા-બીજા પદાર્થોની ચાહ થઇ, એવાઓની વાત શ્રીમહાપ્રભુજી નથી કરી રહ્યા - કૃષ્ણને જે કૃષ્ણના માટે ચાહી રહ્યો છે પછી તે પુષ્ટિમાર્ગીહોય કે ભલે ગેરપુષ્ટિમાર્ગીહોય, શ્રીમહાપ્રભુજી કહે છે કે તેની અંદર શ્રીરાધાજી બોલી રહી છે. ''નિસ્તસામ્યાતિશયેન રાધસા

સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતે નમઃ'' કૃષ્ણને જે કૃષ્ણના માટે ચાહી રહ્યો છે તેની સાથે કૃષ્ણનું રમણ નિરંતર ચાલી જ રહ્યું છે.

જ્યારે પરીક્ષિતને પ્રશ્ન થયો કે ભગવાને ગોપીઓની સાથે રાસક્રીડા શા માટે કરી ? ત્યારે શુકદેવજીએ તેને સમજાવ્યું કે :

''ગોપીનાં તત્પતીનાં ચ સર્વેષામપિ દેહિનાં,
યોન્તશ્ચરતિ સોડધ્યક્ષઃ ક્રીડનેનેહ દેહભાક્''.

ગોપીઓની અંદર પણ એ જ કૃષ્ણ તે રૂપથી ક્રીડા કર રહ્યો છે અને તેમના પતિઓની અંદર પણ એ જ કૃષ્ણ પરમાત્માના રૂપમાં ખેલી રહ્યો છે. ગોપી અને ગોપોની વાત તો વ્રજલીલાના સંદર્ભમાં એક ઉદાહરણના રૂપમાં કહેવામાં આવેલી છે, સાચી વાત તો એ છે કે કૃષ્ણ સમસ્ત દેહધારીઓની અંદર ખેલી રહ્યો છે. તે કૃષ્ણ વ્રજમાં પ્રકટ થઇને ખેલી રહ્યો છે. અત્યાર સુધી એ આપણા બધાની અંદર રહીને ખેલી રહ્યો હતો, હવે તે બહાર પ્રકટ થઇને ખેલી રહ્યો છે. રાસલીલાનો ભેદ એટલો જ છે કે ભીતર છુપાઇને ખેલી રહ્યો હતો તે હવે બહાર આવીને ખેલી રહ્યો છે.

બાળકો જ્યારે આંખ-મિંચામણી રમતા હોય છે ત્યારે સંતાઇ જનાર છોકરાઓ સંતાઇને પણ પોતાની ઉપસ્થિતિનો ઇશારો જુદા-જુદા અવાજો કાઢીને દેતા હોય છે જેથી સંતાકૂકડીનો ખેલ બંધ ન થઇ જાય. કેમ કે જો કોઇ બાળક એવી જગ્યાએ છુપાઇ જાય કે જ્યાં તેને કોઇ શોધી જ ન શકે તો તો રમત જ ઠપ્પ થઇ જાય. રમત બંધ થઇ જાય તે ન તો શોધવાવાળાને ગમે છે અને ન તો સંતાવાવાળાને ગમે છે. મજા તો રમત ચાલતી રહે તેમાં જ છે. આવી જ રીતે આપણો ઠાકુર પણ છુપાઇ ગયો છે અને કાંઇક-કાંઇક ઇશારા કરીને અવતારોમાં પ્રકટ થઇને દેખાડે છે કે જુઓ, હું આવી ગયો છું તમારી વચમાં, ઓળખી શકો તો ઓળખી લો. ફરી પાછો એ છુપાઇ જાય છે. આ તો આંખ-મિચામણીની રમત છે કે જે સતત ચાલી જ રહે છે. આને જ ઠાકોરજીએ રાસલીલામાં પણ પ્રકટ કરીને બતાવી દીધું કે હું જ સંતાઇ રહ્યો છું અને હું જ મને પોતાને શોધી રહ્યો છું. હું મારા પોતાનાથી છુપાઇ રહ્યો છું અને હું મને પોતાને શોધી રહ્યો છું. જે કૃષ્ણને શોધી રહ્યો છે તેની અંદર શ્રીરાધાજી

કામ કરી રહી છે આ વાત શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે. જ્યાં સુધી આપણી અંદર એ 'રાધા' નામની શક્તિ નહીં ત્યાં સુધી આપણે કૃષ્ણને શોધી શકીશું નહીં, ભલે આપણે સ્ત્રી હોઇએ કે પુરૂષ, માણસ હોઇએ કે પશુ, દેવ હોઇએ કે દાનવ.... જો કૃષ્ણને શોધી રહ્યા છીએ તો આપણા અંદર રાધા બોલી રહી છે. એ રાધા કેવી છે ? ન તે કૃષ્ણથી અધિક છે ન તે કૃષ્ણથી ન્યૂન છે. કૃષ્ણએ પોત પોતાને બે ભાગમાં વહેંચ્યો છે જેથી આ ખેલ સરખી રીતે ચાલી શકે. આ રાધાષ્ટમીના ઉત્સવનો સંદેશ છે.

આમ તો વર્ષોત્સવનાં ક્રમમાં રાધાષ્ટમી જન્માષ્ટમીની પછી આવે છે. પણ લીલાના ક્રમમાં રાધાજી એક વર્ષનાં થવાના હતા તેમાં પંદર દિવસ ઓછા હતા ત્યારે ઠાકોરજી પ્રકટ થયા છે. લીલા અને વર્ષોત્સવનાં ક્રમમાં આવું ઉલ્ટા-સુલ્ટુ છે.

રાધાષ્ટમીના ઉત્સવથી આપણે આ વાત સમજી શકીએ છીએ કે આપણે ત્યાં પણ કિશોરભાવનું કેટલું પ્રાધાન્ય છે. ઉત્સવક્રમમાં રાધાષ્ટમીથી આપણે ત્યાં કિશોરભાવ પ્રબલ થતો જાય છે. એથી કિશોરલીલાનું બીજ રાધાષ્ટમીના દિવસે રોપવામાં આવ્યું છે. આ ઉત્સવ પ્રભુની આત્મરમણની લીલાનું ડેમોંસ્ટ્રેશન છે. જો રાધાષ્ટમીના દિવસે આ બીજ રોપવામાં આવ્યું ન હોત તો શરદોત્સવ કેવી રીતે મનાવી શકાત તેથી બીજ રાધાષ્ટમી છે અને પૂર્ણિમા... પૂર્ણિમાનો અર્થ છે પૂર્ણ થઇ જવું. તો પૂર્ણિમા તે બીજની પૂર્ણતા છે. આવો અનોખો સંબંધ રાધાષ્ટમી અને શરદ્ પૂર્ણિમાનો છે. બીજી રીતથી આપણે તેને આમ પણ સમજી શકીએ છીએ કે રાધાજીના પ્રાકટયનો ઉત્સવ આપણી ભીતર કૃષ્ણદર્શનની લાલસાનું પ્રાકટય છે. જો રાધાજી પ્રકટે તો આપણી ભીતર કૃષ્ણદર્શનની લાલસા પ્રકટે.

આ રાધાજીને પ્રભુ તિલકના રૂપમાં ધારણ કરે છે. આપણે ઠાકોરજીનું ચરણારવિંદ આપણા માથા ઉપર લગાવીએ છીએ અને આપણા ઠાકોરજી મસ્તક ઉપર રાધાજીના ચરણનું તિલક ધારણ કરે છે. કેમ ? કેમકે કૃષ્ણદર્શનની લાલસા કૃષ્ણને એટલી સન્માનનીય લાગે છે કે તેને હૃદય ઉપરાંત મસ્તક ઉપર પણ ધારણ કરે છે. હૃદય ઉપર કંઠાભરણના રૂપમાં તેને સ્નેહવશ ધારણ કરે છે.

અને તિલકના રૂપમાં તેના માહાત્મ્યવશ ધારણ કરે છે. તેથી આપણે ત્યાંનો આ સિદ્ધાન્ત છે કે ઠાકોરજીને જ્યાં સુધી કંઠાભરણ અને તિલક ધરાવી દેવામાં ન આવે ત્યાં સુધી ઠાકોરજીના ચરણસ્પર્શ નથી થઇ શક્તા. આપણે પણ ઠાકોરજીની જ જેમ આપણા માથા ઉપર ઠાકોરજીનું માહાત્મ્ય ઠાકોરજીના ચરણચિન્હ-તિલકના રૂપમાં કરીએ છીએ અને તુલસીજીના સમર્પણના સ્નેહમય ભાવને હૃદય ઉપર તુલસીમાળાના રૂપમાં ધારણ કરીએ છીએ. આપણે ગળામાં ફીટ (ચપોચપ) કંઠી નથી પહેરતાં કેમકે આપણી એવી ભાવના છે કે તુલસીના સમર્પણનો ભાવ સતત આપણા હૃદય ઉપર ટકરાતો રહે. કયારેક તો ટકરાઇને તેનો અવાજ કયારેક તો પહોંચી જાય, કયારેક તો તેનું વાયબ્રેશન (ધ્રુજારી) આપણા હૃદય સુધી પહોંચે તે માટે આપણે ગળામાં ફીટ કંઠી નથી પહેરતા, હૃદય સાથે ટકારતી કંઠી આપણે પહેરીએ છીએ. આ સુદઢ સર્વોતોધિક સ્નેહનું ધારણ છે અને તિલક પ્રભુના માહાત્મ્યજ્ઞાનનું ધારણ છે આપણા મસ્તક ઉપર. આ જ રીતે પ્રભુ પણ કૃષ્ણદર્શનલાલસાનું માહાત્મ્ય પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે અને કૃષ્ણના તરફ સ્નેહાત્મિકા લાલસાનું ધારણ પ્રભુ હૃદય ઉપર કંઠાભરણના રૂપમાં કરે છે. આ આપણે ત્યાંનો ભાવ છે. આ કિશોરલીલાનો ભાવ નથી તો બીજો કયો ભાવ છે ? બીજા ન સમજે તો ન સમજે પણ એકેએક પુષ્ટિમાર્ગીને આ વાત સમજવી જોઇએ કે રાધાષ્ટમીનો ઉત્સવ કેટલો મહત્વપૂર્ણ ઉત્સવ છે કે જેના માટે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે ઠાકોરજીની સમાન જ એમને પુષ્ટ કરવા, ઠાકોરજીની સમાન જ એની સેવા કરવી. કેમકે ભાગવત કહે છે :

''નિરસ્તસામ્યાતિશયેન રાધસા સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતે નમઃ''

નિરસ્તસામ્યાતિશય પોતાની 'રાધસ્' નામની શક્તિની સાથે ભગવાન પોતાના ધામમાં નિરંતર રમણ થઇ રહ્યા છે. આપણે પણ ભગવાનની સાથે જ રમણ કરી રહ્યા છીએ તે પણ આના જ કારણથી કે એ 'રાધસ્' નામની શક્તિનો થોડોક સ્પાર્ક્ (ચિનગારી) આપણી ભીતર પણ પ્રકટ થઇ ગયો છે. જેની અંદર એ સ્પાર્ક્ નથી તે કૃષ્ણભક્તિ કરી શક્તો નથી.

## પછીના દિવસનું પ્રવચન

કાલે આપણે વિચાર્યું હતું કે જન્માષ્ટમી જેમ નિ:સાધનફલાત્મા નું પ્રાકટ્ય છે અને વ્રજજન જેમ નિ:સાધન ભાવથી ભગવાનને ભજતા હતા તે આપણે ત્યાં પણ નિ:સાધનભાવની શરણાગતિ અને સમર્પણમાં બંનેમાં અતિશય મહત્તા હોવાના કારણે નિ:સાધનભાવવાળા આપણો અને નિ:સાધનફલાત્મારૂપ પ્રભુના સંબંધના પ્રાકટ્યનો ઉત્સવ જેમ જન્માષ્ટમી છે તેવી જ રીતે શ્રીરાધાજીનું મૂલસ્વરૂપ.... કેમ કે ઘણા લોકો રાધાજીને પરકીયા માને છે, ઘણા લોકો સ્વકીયા માને છે. આપણે ત્યાંનો સિદ્ધાન્ત એ છે કે શ્રીરાધાજી નિત્યસિદ્ધા યૂથના સ્વામિની છે. આ તો લીલાની દ્રષ્ટિથી કહેવામાં આવેલી વાત છે. તથ્યદ્રષ્ટિથી આ વાતને કહેવી હોય તો શ્રીકૃષ્ણ પરમાત્મા છે અને રાધાજીનું સ્વરૂપ પારમાત્મિકી રતિનું છે. આત્મા કૃષ્ણ છે, રતિ રાધા છે. એમ કૃષ્ણ અને રાધા મળીને આત્મરતિ બને છે. આપણી ભક્તિમાં આત્મરતિની કેટલી પ્રધાનતા છે આ વાત આપણને શ્રીભાગવતના અને શ્રીમહાપ્રભુજીના આ વચનથી સમજાય છે કે :

''અહમ્ આત્માત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ
અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિર્ યત્કૃતે પ્રિયઃ''

હું આત્માનો પણ આત્મા છું. જે પણ કાંઇ જીવનમાં તમને પ્રિય છે તેમાં પ્રિયતા મારા કારણેજ પ્રકટ થઇ રહી છે. આ સ્થિતિમાં તમે મને સાક્ષાત્ સ્વરૂપથી ચાહો તો પણ મને ચાહી રહ્યા છો અને જો સાક્ષાત્ સ્વરૂપથી મને નથી ચાહી રહ્યા અને મારા ધારણ કરેલા અન્યાન્ય રૂપોને ચાહી રહ્યા છો તો પણ તમે મને જ ચાહી રહ્યા છો.

આ વિલક્ષણ રહસ્ય છે. આપણી પુષ્ટિભક્તિનું કે પુષ્ટિભક્તિનું મૂલ શ્રીમહાપ્રભુજી આત્મરતિમાં ખોજવા માગે છે. આ વાત ધ્યાનથી સમજો કે આત્મરતિનો જ વિસ્તાર, ઉપનિષદની ભાષામાં કહીએ તો પરમાત્મરતિનો વિસ્તાર જ જીવાત્મરતિ છે, જીવાત્મરતિનો જ વિસ્તાર આપણી દૈહિકી રતિ છે, દૈહિકી રતિનો જ વિસ્તાર વિષયરતિ છે, વિષયરતિનો જ વિસ્તાર આપણી મમતાસ્પદ વિષયમાં રતિ છે. આ રીતે રતિનો વિસ્તાર સમાજ

વગેરેમાં વધતો ચાલ્યો જઇ શકે છે. પણ તે વિસ્તાર છે આત્મરતિનો જ.

આ વાત આપણે કેવી રીતે સમજી શકીએ ?

ગયા વરસે પણ મેં એ સમજાવ્યું હતું કે બલ્બની અંદરના ફિલામેન્ટમાં પ્રકાશ ઉત્પન્ન થાય છે. કાચના ગોળામાં પ્રકાશ નથી હોતો. ફિલામેન્ટનો પ્રકાશ કાચના ગોળામાં આવે છે, ગોળામાંથી પ્રકાશ બહાર આવે છે. માનો કે કાચના ગોળાને આપણે કોઇ આવરણમાં રાખ્યો હોય તો તે પ્રકાશ પહેલાં તે આવરણમાં જશે અને પછી ઓરડામાં ફેલાશે. ઓરડામાં ફેલાશે તો ભીંતો ઉપર પણ દેખાશે. અત્યારે જેમ આપણને ભીંત-જમીન ઉપર પ્રકાશ દેખાઇ રહ્યો છે. પણ આ પ્રકાશ ભીંત-જમીનનો નથી. આ પ્રકાશ ટયુબલાઇટનો છે તેમાં જે પ્રકાશ છે તે કાચનો નથી, અંદર જે પ્રકાશ છે તે કાચમાં પસાર થઇને આવી રહ્યો છે. એમ આત્મરતિ આપણા અહંતાસ્પદ દેહમાંથી પ્રકટ થઇને વિષયમાં આવે છે, વિષયમાં જઇને મમતાસ્પદ વસ્તુઓમાં આવે છે. અને જેમ એક પરમાત્મા અનેક જીવાત્માના રૂપે વિષયમાં રમણ કરી રહ્યો છે આ વાતને શુકદેવજીએ

''ગોપીનાં તત્પતીનાં ચ સર્વેષાં વ્રજવાસિનાં
યોન્તશ્ચરતિ સોડધ્યક્ષઃ ક્રીડનેનેહ દેહભાક્''

કહ્યું છે. તેથી જેમ પરમાત્મા જીવાત્માના રૂપમાં રમણ થઇ રહ્યો છે એમ પરમાત્મિકી રતિ જ અલગ-અલગ રતિના રૂપમાં ક્રીડા કરી રહી છે.

ત્યારે આપણને સહજ એક પ્રશ્ન થાય કે તો પછી ભકિતની શું જરૂર છે ? પણ આપણને કયારેય એ પ્રશ્ન થાય છે કે ભીંત ઉપર આટલો પ્રકાશ દેખાઇ રહ્યો છે તો ટયૂબની શું જરૂર છે ? કેમ નથી થતો ? કેમકે આપણે જાણીએ છીએ કે ભીંત-જમીનનો જે પ્રકાશ દેખાઇ રહ્યો છે તે તેનો પોતાનો નથી. ટયુબનો પ્રકાશ ભીંત-જમીનને પ્રકાશિત કરી રહ્યો છે તેથી જ આ બધું પ્રકાશિત દેખાઇ રહ્યું છે. એમ આત્મરતિનો પ્રકાશ એ જ દેહ-વિષય-મમતાસ્પદ બધી વસ્તુઓને પ્રકાશિત કરી રહ્યા છે તેથી આત્મરતિના પ્રકાશથી તે બધું પ્રકાશિત થઇ રહ્યું છે. આ વાત પ્રભુ આજ્ઞા કરી રહ્યા છે : ''દેહાદિઃ

યત્કૃતે પ્રિય:''.

જેને ક્ષણિક જીવવું છે તે એવું વિચારશે કે જમીન-ભીંત બધું પ્રકાશિત થઇ રહ્યું છે. તો પછી ટયૂબની શું જરૂર છે ! વીજળીની શું જરૂર છે ! સાચી વાત છે. આવા ક્ષણજીવીને આત્મરતિની આવશ્યકતા નથી. પણ આવી ક્ષણજીવી થવાની વૃત્તિ શ્રીમહાપ્રભુજી કહે છે કે પ્રવાહી જીવોમાં કામ કરે છે. આ જીવ વિષયના પ્રવાહમાં જ પોતાની આત્મરતિને શોધે છે. આત્મરતિને આત્મામાં નથી શોધી શકતો. જે આત્મરતિને આત્મામાં શોધે છે તે ભકત છે. આ શ્રીમહાપ્રભુજીનું વર્ગીકરણ છે.

પરમાત્માને આપણે વિષયરતિના કારણે પણ શોધી શકીએ છીએ જેમ મેં ઉદાહરણ આપ્યું કે ધંધો નથી ચાલતો તો આપણે પરમાત્માની ભક્તિ કરીએ. લગ્ન નથી થતાં એટલે ભક્તિ કરીએ. આ બધી વિષયરતિના કારણે થતી પરમાત્માની ભક્તિ છે. વિષયરતિના કારણે વિષયને શોધવો અને વિષયરતિના કારણે પરમાત્માને શોધવો તેમાં એક પગથીયું વાત ઉંચી આવી છે. પણ ભક્તિની દ્રષ્ટિથી આ વાત બે પગથીયા નીચે ઉતરી ગઇ છે. કેમકે ભકત એમ વિચારે છે કે વિષયરતિથી પરમાત્માને શોધવો એ વિષયરતિથી પણ ખરાબ વાત છે. કારણ શું ? આપણે સમજી શકીએ છીએ ડાળીને કાપો કે સજાવો કે પાણી પિવડાવો તેનાથી વૃક્ષને કાંઇ બહુ હાનિ-લાભ નથી થતો. ડાળી કાપવાથી વૃક્ષ તો કપાય જ છે પણ બહુ વધારે નુકશાન નથી થતું. કેમકે એક કાપો તો બીજી ફૂટી નીકળે છે. એક ડાળી ઉપર પાણી રેડો તો તેના પાંદડા ચમકવા લાગી જશે આ વાત સાચી છે પણ આખા વૃક્ષને તેથી બહુ લાભ નથી થતો. ભકત એ વિચારે છે કે વિષયરતિ કરી કે વિરક્તિ થઇ એ તો આત્મરતિની કોઇ એક ડાળીને કાપી કે વધારી એ જ વાત છે. આ ખૂબ સૂક્ષ્મ વાત છે. પણ તે આત્મરતિના કારણે જે પરમાત્માને શોધી રહ્યો છે તે તો મૂળને સીંચી રહ્યો છે ને ! અને આત્મરતિના કારણે પરમાત્માને નથી શોધી રહ્યો અને વિષયરતિના કારણે શોધી રહ્યો છે તો તે આત્મરતિના મૂળને ખોદી રહ્યો છે. વિષયરતિ એટલી ખતરનાક નથી.

એક પ્રસિદ્ધ ગાયકની પાસે બે સંગીતના વિદ્યાર્થીગયા. એકે કહ્યું કે હું

થોડું-ઘણું સીખીને આવ્યો છું. બીજાએ કહ્યું કે હું તો કાંઇ જાણતો જ નથી. બીજાને એમણે કહ્યું કે તને હું કાલથી શિખવાડીશ. પહેલાને એમણે કહ્યું કે તારે વધારે ફી આપવી પડશે. કેમકે તને ખોટું શીખેલું પાછું કાઢવું પડશે પછી સાચું શિખવાડી શકાશે. એટલે તારે બમણી ફી દેવી પડશે.

નવું મકાન બનાવવું હોય તો તાત્કાલિક બની જાય, પણ જૂના મકાનને રીપેર કરવું હોય તો પહેલાં જુનું પ્લાસ્ટર કાઢવું, તે ઢગલાને ત્યાંથી હટાવવો, નવો માલ નખાવવો, નવું પ્લાસ્ટર કરાવવું આ બધું વધારે લફરાની વાત છે, એમાં વધારે મહેનત થાય છે.

વાર્તામાં આવે છે કે બે જણા શ્રીગુસાંઇજીની પાસે આવ્યા. એકે કહ્યું કે હું તો સંસારથી પૂર્ણરૂપે વિરકત છું. બીજાએ કહ્યું કે મારી આસક્તિ હજુ છૂટી નથી. ખાવા-પીવાનો શોખ મને હજુ છે. શ્રીગુસાંઇજીએ બીજાને સેવા પધરાવી. પહેલાને કહ્યું કે તારે હજી વાર છે. તેણે પૂછયું તો શ્રીગુસાંઇજીએ કહ્યું કે આને થોડો-ઘણો શોખ છે તો ઠાકોરજીને પણ કાંઇક લાડ લડાવશે. અને તું તો વિરકત છો. ટાઢ પડતી હશે તો તું વિચારીશ કે ઠંડીમાં ઓઢવાનું શું હોય, તપ કરવું જોઇએ. તું તારા ઠાકોરજીને પણ નહીં ઓઢાડે. ભોજનમાં તારી વિરક્તિ છે તેથી તું ઠાકોરજીને પણ સારૂં સારૂં ભોગ નહીં ધરે. આને સમજો કે વિષયાસક્તિને ભગવદ્ભક્તિમાં તરત સુધારી શકાય છે. પણ વિષયાનુરક્તિથી કરવામાં આવતી ભગવદ્ભક્તિને સુધારવી બહુ અઘરૂં કામ છે.

બીમારીમાં માણસો એંટી બાયોટિક દવાઓ લે છે. એંટી બાયોટિકથી રોગ મટે છે પણ જો તેને ખોટી રીતથી લેવામા આવે તો આપણા શરીરને જ રોગનું ઘર બનાવી દે છે. ઘણા લોકો બીમાર પડતાની સાથે જ એંટી બાયોટિક ગોળી ખાય લે છે. રોગ ન મટે બે ગોળી ખાઇ લે. પણ એંટીબાયોટિકની ખાસિયત એવી છે કે જો તેને ધીરે-ધીરે વધારો તો તે રોગના જન્તુને કોઠે પડવા લાગી જાય. તેથી એંટીબાયોટિક જો લેવી હોય તો શરૂઆતમાં તેનો ડોઝ વધારે લેવો જોઇએ. પછી ધીરે-ધીરે ઘટાડતો જવો જોઇએ. પણ આમ ન કરે અને એંટી બાયોટિક રોગના જંતુઓને માફક આવી જાય તો તે દવા જ નાવા રોગોને પેદા કરે છે. એમ વિષયોપાધિક ભગવદ્ભક્તિ હૃદયને જો માફક આવી ગઇ,

ચાલે છે, ચોર બનો કે મોર યહાં સબ ચલતા હૈ, તો પછી તેને સાચી ભગવદ્ભક્તિમાં સુધારવો બહુ મુશ્કેલ થઇ જાય છે.

સંસ્કૃતમાં એક કહેવત છે : ‘‘સાક્ષરા વિપરીતાશ્ચેત્ રાક્ષસા એવ કેવલમ્’’. ‘સાક્ષરા’નું અવળું રાક્ષસા થાય છે. સમજદાર માણસ ગુંડો બને તે અતિશય ખતરનાક હોય છે અને અભણ માણસ ગુંડો થયો તો તેની ગુંડાગિરિમાં પણ અભણપણું દેખાશે. તેથી તે એટલો ખતરનાક નહીં બને જેટલો સમજદાર માણસ (બુદ્ધિશાળી) ગુંડો બને તે ખતરનાક હોય છે. એવી જ રીતે વિષયોપાધિક પરમાત્મભક્તિ કરવાવાળો વ્યક્તિ વધારે ગુંચવાય જાય છે, ભગવદ્ભક્તિની દ્રષ્ટિથી અને જો કે વાત સાચી છે કે ભગવાનથી કોઇ વિમુખ છે અને જે કોઇપણ નિમિત્તથી તે ભગવાનથી અભિમુખ થઇ રહ્યો છે તે ભગવાનની દ્રષ્ટિથી સારો છે. એટલે જ ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે :

ચતુર્વિધા ભજન્તે મામ્ જનાઃ સુકૃતિનોર્જુન !
આર્તો જિજ્ઞાસુરર્થાર્થીજ્ઞાની ચ ભરતર્ષભ !

દુઃખથી પરેશાન પણ મને ભજે છે, મને જાણવા માગે છે તે પણ મને ભજે છે, જેને લાભ જોઇએ છે એવો અર્થાર્થીપણ મને ભજે છે. અને જે જ્ઞાની છે કે જેને કાંઇજ નથી જોઇતું, તે જાણી ગયો છે કે હું અને તે શું છીએ, તે જાણ્યા પછી તેને આ વાત સમજાણી છે કે આવું સ્વરૂપ પરમાત્માનું છે તેથી તેને ભજ્યા વિના કેમ રહી શકાય. તેથી જ્ઞાની ભકત મને અત્યન્ત પ્રિય છે. તેથી શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે :

‘‘જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણઃ તસ્માત્ નાસ્ત્યધિકઃ પરઃ’’

કેમકે જ્ઞાન થવાથી ભજનનો ભાવ થવો અઘરો બની જાય છે. પણ જ્ઞાન હોવા છતાં પણ ભજનનો ભાવ કોઇને જાગ્યો તો આનાથી વધારે બીજી કોઇ અવસ્થા નથી.

આ જ્ઞાન કયા પ્રકારનું ? પાછા આપણે મૂળ વાત ઉપર આવીએ. ભીંત-જમીન ચમકી રહ્યા છે તે જ્ઞાન નહીં પણ ટયૂબ ચમકી રહી છે તેનું જ્ઞાન. બીજી-બીજી વસ્તુના ચળકાટમાં જેની આંખ અટકી ગઇ છે તે જ્ઞાની નથી. તે

જિજ્ઞાસુ હોઇ શકે છે. જાણવા માગી રહ્યો છે. અને જ્યાં પ્રકાશ દેખાઇ રહ્યો છે ત્યાં તે જોઇ રહ્યો છે. પણ જેણે પ્રકાશનો સ્ત્રોત (ઉદ્‌ગમ સ્થાન) જાણી લીધું છે તે જો ભજી રહ્યો છે તો

''પ્રિયો હિ જ્ઞાનિનોત્યર્થમ્ અહં સ ચ મમ પ્રિયઃ
...ઉદારાઃ સર્વએવૈતે જ્ઞાનીત્વાત્મૈવ મે મતઃ''

જ્ઞાની તો મારો આત્મા બની જાય છે. કેમ ? કેમકે જ્ઞાનના કારણે તેને આ વાતની ખબર પડી જાય છે કે હું મારા આત્માને પરમાત્માના પ્રિય હોવાના કારણે ચાહી રહ્યો છું. તેથી જ્ઞાની પરમાત્માને પોતાના આત્મા માની રહ્યો છે તો પરમાત્મા જ્ઞાનીને પોતાનો આત્મા માની રહ્યો છે. જેમ આપણે પરમાત્માને વિચારી રહ્યા છીએ તેવું પરમાત્માનું સ્વરૂપ છે. માટે એ આત્મરતિ ત્યાં પ્રકટ થઇ જાય છે.

'જ્ઞાની' શબ્દથી જ્ઞાનમાર્ગીન સમજતા. જ્ઞાનમાર્ગીઅલગ સાધક છે અને જ્ઞાની અલગ છે. ભકત અલગ વાત છે, ભક્તિમાર્ગીઅલગ વાત છે. કેવી રીતે ? આપણે કોઇ લૌકિક ઇચ્છાની પૂર્તિ કરવી છે. તેને માટે આપણે ભક્તિ કરી રહ્યા છીએ તો આપણે ભક્ત થયા કે નહીં ? પણ ભક્તિમાર્ગીનથી. ભક્તિમાર્ગીનો મતલબ એ છે કે ભગવાન્‌ના તરફ આપણે ભક્તિના માર્ગથી આગળ વધવા માગી રહ્યા છીએ. લૌકિક કામનાની પૂર્તિના માર્ગથી આપણે ભગવાનના તરફ આગળ વધવા નથી માગતા. ભગવાન મને ફલાણું દે–ઢીકડું દે–પુછડું દે–તો હું ભગવાનને ભજું એવી રીતે જે ભગવાનને ભજે છે તે પણ ભક્ત તો છે પણ ભક્તિમાર્ગીનથી. આમ જ્ઞાની અને જ્ઞાનમાર્ગીમાં ફરક છે. ભગવાનને જે જાણી રહ્યો છે તે જ્ઞાની છે. સંસારી જીવ પણ જો ભગવાનને જાણી રહ્યો છે તો તે જ્ઞાની તો છે જ. પણ સંસારી જીવ જ્ઞાનમાર્ગીનથી. કેમ કે જ્ઞાનમાર્ગીતો એ છે કે જે ભગવાનના તરફ જ્ઞાનમાર્ગથી આગળ વધવા માગે છે. ભગવાનને જાણે છે પણ એના તરફ સંસારના માર્ગથી આગળ વધવા માગી રહ્યો છે તો જ્ઞાની હોવા છતાં પણ તે સંસારમાર્ગીજ કહેવામાં આવશે. આવા જ કોઇ આપણે ભકત છીએ પણ ભગવાનની તરફ આપણે જો સાંસારિક કામનાઓને પૂરી કરવાના હેતુથી આગળ વધી રહ્યા છીએ તો આપણે

સંસારમાર્ગીજ કહેવાશું, ભક્તિમાર્ગીનહીં જ. અને આપણે સાંસારિક જીવ છીએ, બહુ જ્ઞાની કે તપસ્વી નથી પણ ભગવાનની સાથે આપણે જે સંબંધ જોડવો છે તેમાં આ બધી (સાંસારિક) વાતોને લગાડતા નથી, તેમાં આપણે ફકત ભક્તિનો જ સંબંધ નભાવી રહ્યા છીએ તો આપણે ભક્તિમાર્ગીથયા. ભક્તિને આપણે માર્ગ બનાવ્યો, માત્ર ઉપાય નહીં.

માર્ગ બનાવવો એટલે માર્ગ ઉપર અગ્રસર થવું. બે પ્રકારથી માર્ગ બને છે. એક તો સરકાર માર્ગ બનાવે. સરકાર પોતાના વિભાગને યોજના આપે અને સૂચના આપી દે કે અહીંયાથી લઇને ત્યાં સુધી માર્ગ બનાવવો છે. સરકારી વિભાગ તે પ્રમાણે માર્ગ બનાવી દે. એક તો આ પ્રક્રિયા થઇ માર્ગ બનાવવાની. બીજી પ્રક્રિયા ચાલતા-ચાલતા માર્ગ બનવાની હોય છે. કોઇ ગાઢ જંગલ છે. તેમાંથી લોકો ચોક્કસ દિશા પકડીને નિયમિતરૂપથી ચાલતા રહે તો તેમાં પગદંડી (કેડી) બની જાય છે, ચાલવાના કારણે. ચાલવાના કારણે માર્ગ બનવો અને ચાલવું-ફરવું કાંઇ નથી, કોન્ટ્રાકટ રાખ્યો છે તેથી માર્ગ બનાવીને રાખી દીધો. જેને જવું હોય તે જાય ન જાવું હોય તે ન જાય. આમ બે પ્રકારથી માર્ગ બનાવવામાં આવે છે. આમાંથી ભક્તિમાર્ગીભક્તિને માર્ગ બનાવી રહ્યો છે પોતે ચાલીને પરમાત્મા સુધી પહોંચવા માગી રહ્યો છે તે અર્થમાં, જવાબદારી લીધી છે એ અર્થમાં નહીં. આ અર્થમાં તે માત્ર ભક્ત નથી, ભક્તિમાર્ગીછે. જ્ઞાનમાર્ગીપણ ભક્ત હોઇ શકે છે. પણ ભક્તિમાર્ગીન હોઇ શકે. એવી જ રીતે ભક્ત જ્ઞાનમાર્ગીહોઇ શકે છે પણ ભક્તિમાર્ગીકયારેય જ્ઞાનમાર્ગીનથી હોઇ શકતો. કેમકે ભક્તિને જેણે માર્ગ બનાવ્યો છે તે ભકિતમાર્ગીછે.

બીજી બાજુ આને વિચારો. રેલ્વેના એન્જિનનો ડ્રાઇવર વિમાનમાં ઉડીને જઇ શકે કે નહીં ? જઇ શકે છે. એવી જ રીતે વિમાનનો પાયલોટ પણ રેલ્વે યાત્રા કરી શકે છે કે નહીં ? કરી શકે છે. પણ એક વાત સમજો કે જે વખતે વિમાન ચાલી રહ્યું છે તે વખતે વિમાન ચલાવીને ટ્રેનમાં ન બેસી શકે. એવી જ રીતે જે વખતે ટ્રેન ચલાવી રહ્યો છે તે વખતે તે વિમાનમાં ન બેસી શકે. ટ્રેન ચલાવી રહ્યો છે તે ટ્રેનમાર્ગીછે, વિમાન ચલાવી રહ્યો છે તે વિમાનમાર્ગીછે. બાકી તો પાયલોટ ટ્રેનમાં પણ મુસાફરી કરી શકે છે અને

ટ્રેનડ્રાઇવર પ્લેનમાં પણ મુસાફરી કરી શકે છે. આ કાંઇ નવાઇ જેવી વાત નથી. એવી જ રીતે જ્ઞાની ક્યારેક ભક્તિમાર્ગ ઉપર આવી જાય, ભક્ત ક્યારેક જ્ઞાનમાર્ગ ઉપર ચાલ્યો જાય આ સંભવ છે. પણ ભક્ત જ્ઞાનમાર્ગ ઉપર ચાલ્યો ગયો તેથી જ્ઞાનમાર્ગીછે એમ ન સમજવું. એ જ રીતે જ્ઞાની ભક્તિમાર્ગ ઉપર આવી જાય તેથી તેને ભક્તિમાર્ગીસમજવાની ભૂલ ન કરવી જોઇએ. કારણ કે ભક્તિમાર્ગ ઉપર પ્રભુને લક્ષ્ય માનીને આવ્યો તે ભક્તિમાર્ગીછે. પ્રભુને લક્ષ્ય ન માની બીજી કોઇ વાતને લક્ષ્ય માની જે ભક્તિમાર્ગ ઉપર આવી ચઢયો તેને ભક્ત માની શકાય પણ ભક્તિમાર્ગીનહીં. આપણે સંસારી જીવો છીએ પણ પ્રભુને લક્ષ્ય માનીને ભક્તિમાર્ગ ઉપર યાત્રા કરતા હોઇએ તો આપણે ભક્તિમાર્ગીછીએ. ભક્તિમાર્ગીકોઇક સંસારી કે અસંસારી હોઇ શકે, કોઇ જ્ઞાની કે અજ્ઞાની હોઇ શકે. કેમકે, જેણે પ્રભુને મેળવવા ભક્તિને માર્ગ તરીકે સ્વીકાર્યો તે ભક્તિમાર્ગી. તેમજ જેને મોક્ષ મેળવવા જ્ઞાન સાધનાને માર્ગ તરીકે સ્વીકારી તે જ્ઞાનમાર્ગી. તે ભક્ત કે અભક્ત હોઇ શકે, સંસારી કે અસંસારી પણ હોઇ શકે. તેથી કોઇક અજ્ઞાની વ્યક્તિ પણ જ્ઞાનમાર્ગીહોઇ શકે કેમકે જે આજે અજ્ઞાની છે તે કાલે જ્ઞાની બની જશે. અજ્ઞાની જ્ઞાની ન હોઇ શકે અને અભક્ત કદી ભક્ત ન હોઇ શકે. તેથી આ વિભાજન સ્પષ્ટ સમજી લેવું જોઇએ.

આના કારણે આપણે વિચારીએ છીએ કે આત્મરતિને કારણે જ્યારે આપણે પ્રભુને શોધીએ ત્યારે તો તે ભક્તિનું સાચું સ્વરૂપ છે અને આત્મરતિના કારણે આપણે મુક્તિ કે વિષયાનુરક્તિને શોધી રહ્યા છીએ તેથી વાપરી તો આત્મરતિ રહ્યા છીએ પણ આત્મરતિને ભક્તિમાર્ગીબનીને નથી વાપરી રહ્યા, અભક્તિમાર્ગીબનીને વાપરી રહ્યા છીએ.

જેમ મોટરનો ડાયનેમો ચાલે તો મોટર ચાલે છે. ડાયનેમો ચાલે તો મોટર તેને ખેંચીને ચાલે છે. પણ મોટર રોડ ઉપર પણ ચાલી શકે છે, ખાડામાં પણ પડી શકે છે. ચાલતી મોટર જ પડશે. બંધ પડેલી ઉભી હોય તો પડશે નહીં. જેનો ડાયનોમો ચાલી રહ્યો છે એ જ મોટર તો ખાડામાં પડશે ! જેનો ડાયનેમો નકામો થઇ ગયો હોય તો તે મોટર ઉભી રહી જશે. જેનો ડાયનેમો ચાલી રહ્યો છે તે મોટર પહાડ ઉપર પણ ચઢી જશે, ખાડામાં પણ પડી શકશે,

જ્યાં પહોંચવું છે ત્યાં પહોંચાડી પણ દેશે, આગળ પણ જઇ શકશે, પાછળ પણ જઇ શકશે. શરત છે કે ડાયનેમો ચાલતો હોવો જોઇએ. એવી રીતે આત્મરતિ આપણને વિષયાનુરક્તિ તરફ પણ લઇ જઇ શકે છે, જ્ઞાનમાર્ગીયમુક્તિ પણ અપાવી શકે છે અને એ જ આત્મરતિ ભગવદ્ભક્તિ તરફ પણ લઇ જઇ શકે છે. તો જે આત્મરતિ આપણને ભગવદ્ભક્તિ તરફ લઇ જાય છે તેને આપણે એ કહેશું કે તેનું મૂલ આત્મરતિ કે પરમાત્મરતિ છે, વિષયાનુરક્તિ કે વિષયવિરક્તિ નથી. આત્મરતિના કારણે ભક્તિ પ્રકટ થઇ રહી છે. વિષયાનુરક્તિના કારણે કે વિરક્તિના કારણે નહીં. આ સૂક્ષ્મ પ્રભેદ છે જેને લોકો મોટેભાગે સમજ્યા નથી અને મન ફાવે તેમ વિચારતા રહે છે.

આ રહસ્યને સમજો કે આપણે ત્યાં રાધાજીનું સ્વરૂપ કેટલું મહત્વપૂર્ણ છે. માટે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે :

''રહસ્યં શ્રીરાધેત્યખિલનિગમાનામિવ ધનમ્
નિગૂઢં મદ્વાણી જપતુ સતતં જાતુ ન પરમ્''

શ્રીરાધાજી નિખિલ વેદનું કીંમતીમાં કીંમતી ધન છે. પણ નિગમમાં તો રાધાજીનું વર્ણન જ નથી ! પણ નિગમમાં આત્મરતિનું વર્ણન છે.

''ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ,
આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ''
''આત્મરતિઃ આત્મમિથુનઃ આત્મક્રીડઃ''
''આત્મન્યૈવ આત્માનં પશ્યેત્''

આમ એક ઠેકાણે નહીં પ્રત્યેક ઉપનિષદમાં જ્યારે પણ કોઇ વાત કહેવામાં આવે છે તો તે આત્મરતિને સમજાવવા માટે કહેવામાં આવે છે. માટે રાધાજીનું સ્વરૂપ આપણે આત્મરતિના રૂપમાં ન સમજીએ... એટલે કે આત્મા=કૃષ્ણ અને રતિ=શ્રીરાધાજી છે આ રીતે આપણે રાધા-કૃષ્ણનો સંબંધ નહીં સમજીએ ત્યાં સુધી આપણને ''નિગમાનામિવ ધનમ્'' વિધાનનો અર્થ જ નહીં સમજાય. રાધાજીને આત્મરતિના રૂપમાં જોઇએ તો જ આ પંક્તિનો અર્થ સમજવામાં આવી શકે છે.

આ વાતને સમજવા માટે શ્રીમહાપ્રભુજીએ રતિની અતિગંભીર વિવેચના કરી છે. તે વિવચેનામાં જવાનો કોઇ પ્રસંગ નથી. તેના અંતમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે રતિ પરમાત્માનો ધર્મ છે. જેમ સૂર્યનો ધર્મ પ્રકાશ છે એવી રીતે પરમાત્માનો ધર્મ રતિ છે. અને જેમ-જેમ પરમાત્મા સાથે આપણે નિકટતા અનુભવીએ તેમ-તેમ તે (રતિ) આપણી ભીતર પ્રગટ થાય છે ''અગ્નેઃ ઓષ્ણ્યવત્'' જેમ આપણે અગ્નિની નજીક જઇશું તેમ અગ્નિની ગરમી આપણને અનુભવાવા લાગે છે. અને અગ્નિનો સ્પર્શ કરી લે તે અગ્નિની જેમ પ્રજ્વલિત થઇ જાય છે. એમ રતિ પરમાત્માનો ધર્મ છે. તેના કારણે પ્રભુએ પોતાની રતિ બધાને થોડી થોડી આપી છે. કેમ ? કેમકે જીવાત્મા ભગવાનનો અંશ છે તેથી તે રતિ અંશ રૂપે બધાને વારસામાં મળી છે. હવે પ્રશ્ન એ છે કે જીવ તેને મળેલી રતિને વિષયમાં વાપરે, મુક્તિમાં વાપરે કે ભક્તિમાં વાપરે. જો તે આત્મરતિને ભક્તિમાં વાપરી રહ્યો છે તો તેવી ભક્તિને શ્રીમહાપ્રભુજી સાચી ભક્તિ કહે છે. અને જો મુક્તિ કે સાંસારિક વિષયોને મેળવવા માટે ભક્તિ કરવામાં આવી રહી છે તો તેવી ભક્તિ કરવાવાળો ભક્ત તો હોઇ શકે છે. પણ તે ભક્તિમાર્ગીનહીં કહેવાય. ભક્ત હોવું એક વાત છે, ભક્તિમાર્ગીહોવું બીજી વાત છે. આ સૂક્ષ્મ વાત છે. આને આપણે સમજીએ તો આત્મરતિનું મહત્વ આપણે સમજી શકશું.

તેથી શ્રીગુસાંઇજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ''કૃપયતિ ર્યાદિ રાધા બાધિતાશેષબાધાકિમપરમવશિષ્ટં પુષ્ટિમર્યાદયોર્મે''. શ્રીરાધાજી જો મારા ઉપર કૃપા કરે તો મારી સઘળી બાધાઓ દૂર થઇ ગઇ. ન કાંઇ મર્યાદામાં મારૂં બાકી રહી ગયું ન પુષ્ટિમાં કાંઇ બાકી રહી ગયું.

આમ તો સ્વામિનીજીના અર્થમાં કરવામાં આવેલી આ સ્તુતિ છે પણ આને એમ વિચારો કે મારા અંદર રહેલી આત્મરતિ મને ગેરમાર્ગે દોરવાનું બંધ કરી દે તો પછી મેળવવા માટે મારે બાકી શું રહ્યું ? આત્મરતિ જ તો મને ગેરમાર્ગે દોરી રહી છે. માટે હું સંસારમાં કાં તો ફસાવા માગું છું કાં સંસારથી મુક્ત થવા માગું છું. પણ આ સંસારનો વિધાતા પરમાત્માને ભજવા નથી માગી રહ્યો. હું સતત આ જ દ્વન્દમાં ફસાયેલો રહું છું કે કાં સંસારને ભજું કાં સંસારથી

ભાગું. પણ ભજવું અને ભાગવું આ બે છેડા છે. એની વચ્ચે એક ત્રીજો મુકામ પણ છે. તે છે ન ભજું ન ભાગું પણ આ સંસારને પ્રકટ કરનારા પરમાત્માને ભજું. બાકી તો જે થશે જોઇ લેવાશે. આત્મરતિ પ્રસન્ન થઇ ગઇ. આત્મરતિએ મારા ઉપર કૃપા કરી દીધી ત્યારે આ ભાવ જાગ્યો. આને શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તિ કહે છે. પ્રભુની પુષ્ટિ થઇ ગઇ તો આત્મરતિ ભક્તિમાં ખીલી ગઇ. જો પ્રભુની પુષ્ટિ ન થઇ તો આત્મરતિ ભક્તિમાં ખિલી નથી શકતી. જો આત્મરતિ ભક્તિમાં ખીલી ન શકે તો તે કાં તો વિષયાનુરક્તિમાં ખીલશે કાં તો પછી વિષયવિરક્તિમાં ખીલી જશે. તે આ બે છેડાઓ ઉપર જશે, પરમાત્માને નહીં પકડી શકે. માટે આત્મરતિનું મહત્ત્વ વેદાંતની દૃષ્ટિથી કેટલું અધિક છે. તેને સમજીએ તો કૃષ્ણની સાથે જીવાત્મ-પરમાત્મભાવના સંબંધમાં શ્રીરાધાજીના પ્રાકટયનો ઉત્સવ આત્મરતિના પ્રાકટયનો ઉત્સવ છે. આ દૃષ્ટિથી રાધાષ્ટમીને એક વખત મનાવીને જૂઓ કે આજે (રાધાષ્ટમીના દિવસે) તો મારી આત્મરતિ કૃષ્ણને માટે પ્રકટ થઇ છે.

મેં શ્રીગુસાંઇજીના આ સ્તોત્રની ભાવનાથી એક પદ બનાવ્યું હતું.

જય જય શ્રી રાધા,

રાવલમેં રસસરિતા ઉપજી, ગોકુલમેં રસસિંધુ અગાધા ॥

તમેં વ્રજમાં ગયા હશો તો ખબર હશે કે રાવલ અને ગોકુળ ખુબ નજીકના અંતરમાં છે. હવે રાવલમાં જે સરિતા પ્રકટ થઇ છે તે ગોકુલ પહોંચતા પહોંચતા સાગર કેવી રીતે બની ગઇ? તેથી મેં એક કડી જોડી છે:

કર્મયોગ પુનિ જ્ઞાનયોગકી ભક્તિપંથહર લીની બાધા ।

જો તમારી કૃષ્ણના માટે આત્મરતિ પ્રકટ થઇ જાય, શ્રીરાધાજી આપણે ત્યાં પ્રકટ થઇ જાય તો જેમ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી એમ આપણું નિત્યરમણ પ્રભુની સાથે શરૂ થઇ ગયું. આ નિત્યરમણ શરૂ થયું માટે ઠાકોરજીએ દાનમાં આ વાત સમજાવી કે

''યહી હમારો રાજ હૈ વ્રજમંડલ અબ ઠારૈ,
તુમ હમારી કુમુદિની હમ કમલવદને ભૌંર,
ઇનસો કહી દુરાઇયે રાધા મેરો અંગ''

## દાન :

દાનનો ઉત્સવ રાધાજીના પ્રાકટયના કારણે આપણા જીવનમાં આવે છે. ત્યારે ઠાકોરજી આપણા ઉપર દાવો કરી શકે છે કે જો તમારી આત્મરતિ મારા તરફ આવી રહી છે તો હવે તેનું દાન.... અત્યારે તો 'દાન'નો અર્થ દાન-દક્ષિણાવાળુ દાન એવો થઇ ગયો છે. પણ આ એવું દાન નથી. આ દાન જકાત, વેરો, દાણના અર્થવાળું છે. ભગવાન કહે છે કે હવે તમને જે પણ વિષય (પદાર્થ) ગમતા હોય તેનો ટેકસ મને આપવો પડશે. મને ટેકસ આપ્યા વગર આ માલ તમે બીજી જગ્યાએ મોકલી નહીં શકો. કિશનગઢમાં ટ્રક પ્રવેશ કરતો તો અહીંયાની નગરપાલિકાને જકાત આપવી પડતી હતી. પછી જ્યાં જવું હોય ત્યાં જાવ.

''તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વવસ્તુ સમર્પણમ્''

માં કહેવા પ્રમાણે આપણે જ્યારે સમર્પણ કરીએ છીએ તે તો આપણા તરફથી કરીએ છીએ પણ જ્યારે ગાંડાગિરધરલાલની જેમ ઠાકોરજી વેત્ર (લાકડી) લઇને ઉભા રહી જાય અને આપણું સમર્પણ બળજબરીથી કરાવે.

''અન્તરંગસો કહત હૈ સબ ગ્વાલિન રાખો ઘેર, નાગરિ દાન દે
બહોત દિના તુમ બચ ગઇદાન હમારો માર,
આજ હોં લેહોં આપનો દિન-દિનકો દાન સમ્હાર, નાગરિ દાન દે''

સહસ્ત્રપરિવત્સરનો મારો ટેકસ તમે ચોરીને વિષયોમાં વાપરી નાખ્યો છે અથવા તે આત્મરતિને તમે મુક્તિમાં ખપાવી દીધી છે તે બધાની વસુલાત હું કરીશ. ''લે લકુટી ઠાડે ભયે જાન સાંકરી ઓર'' ઠાકોરજી લાકડી લઇને ઉભા છે કે પહેલા મારો ટેકસ લાવો. મને સમર્પિત કર્યા વગર તમે આત્મરતિને બીજી જગ્યાએ કેવી રીતે વાપરી રહ્યા છો ! આ આપણો દાનનો ઉત્સવ છે. મને તમે પહેલા તમારી આત્મરતિની જકાત ભરો. ''તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વવસ્તુ સમર્પણમ્'' ત્યાર પછી તમે પ્રસાદના રૂપમાં તમે મન ફાવે તેમ ભોગ કરો. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ''સર્વેષાં બ્રહ્મતા તતઃ'' આત્મરતિનો પહેલો ભોગ આપણે ઠાકોરજીને ધર્યો ત્યાર પછી પ્રસાદના રૂપમાં જ્યાં વાપરવી હોય ત્યાં

વાપરો. ભગવત્પ્રસાદના રૂપમાં આત્મરતિ વહેંચાવી જોઇએ. ''ન મતં દેવદેવસ્ય સામિભુક્તમર્પણમ્'' આત્મરતિને પહેલાં બીજે કયાંય વાપરીને પછી દેવાધિદેવ ઠાકોરજીને તેનું એઠું લેવડાવવું એ સારી વાત નથી.

સમર્પણ અને દાનનો મધુર સંબંધ છે. જ્યારે આપણે આપણી રીતથી કરીએ છીએ ત્યારે તે સમર્પણ છે. અને જ્યારે ઠાકોરજી

''લે લકુટી ઠાડે રહે જાન સાંકરી ઓર,
આજ હોં લેહોં આપનો દિન-દિનકો દાન સમ્હાર,
નાગરી દાન દે''

આમ બળજબરીપૂર્વક સમર્પણ કરાવી રહ્યા છે તે દાન છે. આવું પ્રભુ ત્યારે કરાવશે કે જ્યારે નાગરી હશે. આત્મરતિરૂપ નાગરી આપણા હૃદયમાં પ્રકટ થઇ હશે તો ઠાકોરજી દાન લેશે. નહીંતર નહીં લે. સખીએ આમ કહ્યું છે. ''જાનત હો યહ કૌન હૈ ઐસી ઢીઠ કયોં દેત'' તો ઠાકોરજીએ કહ્યું કે ''શ્રીવૃષભાનકુમારી હૈ અરી તોહિ બીચ કો લેત !'' તું વચમાં શું કામ બોલે છે ! હું સારી રીતે જાણું છું કે આત્મરતિ મારે માટે છે અને હું આત્મરતિ માટે છું. આમાં વચ્ચે કોઇને ખટ-પટ કરવાની જરૂર નથી. આપણામાં પણ આટલી નિષ્ઠા ભગવદ્‌ભક્તિની હોવી જોઇએ.

લોકો આપણને પૂછે કે ભક્તિ શા માટે કરવી ? સેવા શું કામ કરવી? અમને સમજાવો. અરે સમજાવવાની શું જરૂર છે ? શા માટે સમજાવીએ ? કાલે તો તમે એમ પૂછશો કે ખાવું શું કામ જોઇએ એ સમજાવો ! શ્વાસ શું કામ લેવો એ અમને સમજાવો ! આ કાંઇ સમજાવવાની વાતો છે. શ્વાસ લેવો અમારો સ્વભાવ છે, ખાવું એ અમારો સ્વભાવ છે. શ્વાસ અને ખાવાને લીધે અમે જીવી રહ્યા છીએ. એવી રીતે સેવા-ભક્તિ કરવી તે અમારા માટે શ્વાસ લેવા અને ખાવાના જેવી જ અનિવાર્ય આવશ્યકતા છે. તેમાં વળી 'શા માટે' એ વળી કઇ બલા છે. કોઇ વધારે પૂછપરછ કરે તો કહી દેવું કે સમય વેડફવા કરી રહ્યા છીએ. આપણી અંદર આટલી હિંમત હોવી જોઇએ. આપણે કોઇને સમજાવવાની શું પડી છે ? આપણો સવાલ એ છે કે સેવા-ભક્તિ શા માટે ન કરવી એ તમે અમને સમજાવો. કરવી જ છે. આત્મરતિ જ્યારે કૃષ્ણાભિમુખ

થઇ ગઇ તો કૃષ્ણ આ સાંકરી ખોરમાં

‘‘અતિ છીન મૃણાલકે તારહુતે તિહિં ઉપર પાંવતે ધાવનો હૈ,
યહ પ્રેમકો પંથકરાલ મહા તલવારકી ધારપે ધાવનો હૈ’’-

આવી સાંકરીખોરમાં લાકડી લઇને ગાંડા ગિરધરલાલ ઉભો રહી જશે કે પહેલા તમે સમર્પણ કરો પછી આગળ વધો. ભૂલી કેમ ગયા !

જ્યારે શ્રીનાથજી સતઘરા શ્રીગુસાંઇજીના ઘરમાં પધાર્યા ત્યારે પરિવારના બધાએ પોતાનું સર્વસ્વ શ્રીનાથજીને ભેટ ધરી દીધું. પણ એક નાના બેટીજીની નાકની સોનાની વારી ભૂલથી ભેટ ધરવી બાકી રહી ગઇ. શ્રીનાથજીએ એ જોયું તો તે માગીને લઇ લીધી. આ કેમ બાકી રાખ્યું ? ધરો ભેટ ! આ ‘‘લે લકુટી ઠાડે રહે’’ ના જેવી વાત છે.

આવો જ પ્રસંગ ધોંધીની વાર્તામાં આવે છે. ધોંધી નવનીતપ્રિયાજીની સન્મુખ કીર્તન કરી રહ્યા હતા. ઠાકોરજી એના કીર્તન સાંભળીને એવા તલ્લીન થઇ ગયા કે કીર્તનની સાથે તાલ દેવા લાગ્યા. શ્રીગિરધરલાલજીને આ દર્શન થયા ત્યારે આનંદના આવેશમાં એમણે પોતાના પહેરેલા સોનાના કડા ઉતારીને ઠાકોરજી ઉપર ન્યોછાવર કરીને ધોંધીને આપી દીધા. કેટલાક લોકોએ આ વાતની ફરીયાદ શ્રીગુસાંઇજીને કરી. શ્રીગુસાંઇજીએ ગિરધરજીને પૂછયું કે આવી શું વાત બની. જ્યારે ગિરધરજીએ બધી વાત કરી ત્યારે શ્રીગુસાંઇજીએ ગુસ્સે થઇને કહ્યું કે આવા દર્શન થયા તો માત્ર કડા જ કેમ ન્યોછાવર કર્યા, સર્વસ્વ ન્યોછાવર કરી દેવું જોઇતું હતું આવા દર્શનને માટે જ તો આપણી આંખો તડપતી રહેવી જોઇએ ! આ આત્મરતિનો ભાવ છે. આ ભાવ પ્રકટ થાય તેના કારણે દાન પ્રકટ થાય છે. અને દાન પ્રકટ થાય છે તેથી નવરાત્રિ પ્રકટ થાય છે. અને નવરાત્રિના કારણે દશહરામાં તેનો વિજય થાય છે. નવવિધા ભક્તિ ઉપર ભજનીય પરમાત્માના વિજયનો ઉત્સવ દશેરાના દિવસે મનાવાય છે. રામલીલામાં તો રામચંદ્રજીના લંકાવિજયના જવારા ધરાવવામાં આવે છે. પણ કૃષ્ણલીલામાં નવવિધભક્તિ ઉપર કૃષ્ણના વિજયના જવારા આપણે ધરાવીએ છીએ. કૃષ્ણ સાંભળવો ગમે, વાણીથી કીર્તન કરવામાં આપણને કૃષ્ણકથા સારી લાગે, મનથી સ્મરણ કરવા માટે કૃષ્ણના નામ-રૂપ-લીલા સારા લાગે. એમ

અર્ચન, વંદન, પાદસેવન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદનથી આ નવવિધ ભક્તિ અને દશમી પ્રેમલક્ષણા ભક્તિથી ભજનીય આપણને કૃષ્ણ જ લાગવા માંડે તો કૃષ્ણએ આપણા જવારા દશેરાના દિવસે ધરી લીધા. આજે કૃષ્ણ જીતી ગયો. હવે ભક્તિની કોઇપણ વિધા એવી ન રહી ગઇ કે જેમાં કૃષ્ણના સિવાય કોઇ બીજો ગમતો હોય. રામે જેમ રાવણને જીતી લીધો એમ કૃષ્ણએ આપણી અભક્તિને જીતી લીધી. આપણી અંદર રહેલી અભક્તિવાળી મનોવૃત્તિને જીતી લીધી. આ વિજય જ્યારે થાય ત્યારે પછી શરત્પૂર્ણિમા આવે છે. આત્મરતિ અને પરમાત્માનું રમણ જ્યાં પ્રકટ થાય છે. માટે ભાગવત આજ્ઞા કરે છે :

''આત્મારામોપિ અરીરમત્''

આત્મારામે આ રમણ કર્યું છે, આત્મરતિવશ રમણ કર્યું છે. પ્રભુએ આત્મનિ અવરૂદ્ધસૌરત થઇને રાસ કર્યો છે. આમાં ન તો ગોપિકાઓનો વિષયાસક્તિનો ભાવ છે અને ન તો ભગવાનનો એવો ભાવ છે. આ પ્રાકટ્ય આત્મરતિની વચમાં પરમાત્માના હોવાની અને તિરોહિત થવાની લીલા છે. આ લીલા શરત્પૂર્ણિમાનું પ્રાકટ્ય છે.

આ બધા  એક સાથે જોડાયેલા ઉત્સવ છે જે રાધાષ્ટમીથી માંડીને શરદપૂર્ણિમા સુધી આવી રહ્યા છે. આની ભીતર સંપૂર્ણ પ્રક્રીયા આપણા પુષ્ટિમાર્ગીય ઉત્સવની છૂપાયેલી છે. કઇ પ્રક્રિયા ? એ કે જે આપણી પુષ્ટિભક્તિનું મૂળ આત્મરતિમાં શોધી રહી છે તે પ્રક્રિયા. જે પ્રક્રિયા આપણા ભજનીયનું રૂપ પરમાત્મતયા શોધી રહી છે જેને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ભગવાને પોતાનો ધર્મ બધાને થોડો થોડો વહેંચ્યો છે. તેનો જીવ જ્યાં વાપરવા માંડે ત્યાં તેને પ્રેમ થઇ જાય છે. ધનમાં વાપરે તો ધનમાં પ્રેમ થઇ જશે. દેહમાં વાપરો તો દેહમાં પ્રેમ થઇ જશે. પોતાના પરિવારમાં વાપરો તો પરિવારમાં પ્રેમ થઇ જશે. એક વાત સમજો કે માણસ જો દુ:ખમાં વાપરવા લાગી જાય તો દુ:ખમાં પણ પ્રેમ થઇ જાય. અભ્યાસની વાત છે. મરચુ ખાવું જીભને માટે, પેટના માટે કેટલું પીડાદાયક હોય છે. પણ આપણે આત્મરતિને રોજ મરચું ખાવામાં લગાડીએ તો આપણને મરચા સાથે પ્રેમ થઇ જાય છે. આંખમાં પાણી

આવતા હોય, પેટમાં બળતરા થતી હોય, લોહી પડતું હોય પણ મરચું છૂટતું નથી. કારણ કે આપણે આત્મરતિને મરચામાં વાપરી નાખી છે. આત્મરતિ એક એવો મજબુત ડાયનેમા છે કે એને જ્યાં વાપરો ત્યાં તે આપણી ગાડીને ભગાડી લઇ જઇ શકે છે. કોઇક દિવસ તો એવો આવે કે તે આત્મરતિ આપણા પ્રભુ તરફ આપણને ભગાડીને લઇ જાય ! જે દિવસે તે આપણને કૃષ્ણની તરફ ભગાડીને લઇ ગઇ તે વખતે આપણી રાધાજીની સાથે કૃષ્ણની રાસલીલા શરૂ થઇ ગઇ.

રાસલીલા સુધી આપણે ગયા હતા. ફરીને પાછા આપણે રાધાષ્ટમી ઉપર આવ્યા. પાછા આપણે રાસલીલા સુધી આવી પહોંચ્યા.

## ગોપાષ્ટમી :

ગોપાષ્ટમીનો ઉત્સવ શુદ્ધ વ્રજલીલાનો ઉત્સવ છે. આપણે વ્રજની ભાવનાથી વ્રજાધિપની સેવા કરીએ છીએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

''હિ-હિ-હી-હીંકારાન્ પ્રતિપશુવને કુર્વતિ સદા,
નમદ્બ્રહ્મેશેન્દ્રપ્રભૃતિષુ ચ મૌનં ધૃતવતી''.

જ્યારે ઠાકોરજી ગોકુલમાં પ્રકટ થયા એટલે ગોકુલવાસીઓનું કર્મ, ગોચારણ, તેને શ્રીઠાકોરજી સ્વીકારે છે. એક વાત ધ્યાનથી સમજો કે આ ઘટના પ્રભુના સ્વભાવની સૂચક છે. સૂચક કયા અર્થમાં? જેમ રઘુકુલમાં ઠાકોરજી પ્રકટ થયા તો ધનુષ-બાણ ચલાવતા શીખવા માટે આપ પધાર્યા છે. અને ઋષીઓનું - પ્રજાનું રક્ષણ કેવી રીતે કરવું તેમાં શ્રીરામે કુમારવસ્થામાં અભિરૂચિ બતાવી. આ અભિરૂચિ આ વાતનું પ્રમાણ છે કે ભગવાન જ્યાં પ્રકટે છે ત્યાનું રૂપ જ ફકત ધારણ કરે છે એટલું જ નહીં ત્યાંના કર્તવ્યને પણ આપ ધારણ કરે છે અને નભાવે છે. પ્રભુનું આ સ્વરૂપ આપણા માટે સૂચક છે કે આપણા ઘરમાં ઠાકોરજી બિરાજે છે તેથી આપણા જે કાંઇ પણ કર્મ છે તેને આપણા ઠાકોરજી નિભાવશે. માટે બ્રાહ્મણના ઘરમાં ઠાકોરજી બ્રાહ્મણ કર્મ પાળશે, ક્ષત્રિયના ઘરમાં ક્ષત્રિયાચાર, વૈશ્યના ઘરમાં વૈશ્યાચાર અને શૂદ્રના ઘરમાં ઠાકોરજી શુદ્રાચાર પાળશે.

ભગવાને આ વાતને ગીતામાં પણ સમજાવી છે :

''ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન,
નાનવાપ્તમવાપ્તવ્યં વર્તએવ ચ કર્મણિ''

તારે કર્મ કરવા માટે એટલા માટે બાધિત થવું પડે છે કેમકે તારે કર્મ કરીને કાંઇક પ્રાપ્ત કરવું છે. પણ મારા માટે આ ત્રણેય લોકમાં એવું કોઇ કર્મ નથી કે જેને મારે બાધિત થઇને નભાવવું પડે. કેમ ? કેમકે કર્મ કરવા માટે ત્રણ-ચાર શરતો હોય છે : કાં તો વસ્તુ પેદા નથી થઇ તેને પેદા કરવા માટે કર્મ કરવું પડે. જેમ કે ખેતી. કાં કોઇ વસ્તુ પેદા થઇ ગઇ છે પણ આપણને પ્રાપ્ત નથી થઇ તેથી તેને પ્રાપ્ત કરવા માટે કર્મ કરવું પડે છે. જેમ આપણે કિશનગઢથી જયપુર જવું છે તો આપણે વાહન પકડશું. આ કર્મ પ્રાપક કર્મ કહેવાશે, ઉત્પાદક કર્મ નહીં કહેવાય. ઉત્પાદક કર્મ ખેડૂત કરે છે. તેથી કેટલાક કર્મ ઉત્પાદક હોય છે, કેટલાક પ્રાપક હોય છે તો કેટલાક સંસ્કાર માત્ર હોય છે. આનાથી ઉત્પન્ન કે પ્રાપ્ત કાંઇ પણ નથી થતું પણ સંસ્કારથી વસ્તુમાં સુધારો થાય છે તે વાપરવા લાયક બને છે. જેમ ધૂળ સાફ કરવી . આ એક સંસ્કાર છે. આપણે ત્યાં વર્ણાશ્રમ અંતર્ગત સોળ સંસ્કાર બતાવ્યા છે. આવા કર્મ ઘણા કારણોથી કરવામાં આવે છે. પ્રભુ અર્જુનને કહી રહ્યા છે કે આવા કોઇપણ હેતુથી બંધાઇને મારે કર્મ કરવા નથી પડતા. કેમકે પ્રભુને કાંઇપણ અપ્રાપ્ત નથી. તેથી કાંઇક પ્રાપ્ત કરવા માટે પ્રભુને કોઇ કર્મ કરવું નથી પડતું. પ્રભુના સિવાય કાંઇ છે જ નહીં તો તે મેળવશે કોને ! મેળવશે તો ખુદને જ મેળવશે. આવી જ રીતે પ્રભુને કાંઇક પેદા કરવા માટે પણ કોઇ કર્મ કરવું નથી પડતું. કેમકે આપે ઇચ્છામાત્રથી સમગ્ર સૃષ્ટિ પ્રકટ કરી દીધી છે.

''સ ઇક્ષાઞ્ચક્રે સ આત્માનં દ્વેધાપાતયત્,
તસ્માદ્ વા એતસ્માદ્ આત્મન આકાશઃ સમ્ભૂતઃ''

હવે રહી વાત સંસ્કારની. કોઇક સ્થૂળ પત્થર હોય તેને છીણીથી છોલીને શિલ્પકાર મૂર્તિ બનાવે છે. પણ આવી પરાધીનતા પ્રભુમાં નથી. આપણા પુરાણો એવી કથાઓથી ભરપૂર છે કે વરદાન દેવા માત્રથી લોકો સુધરી જાય છે. ગાયત્રી મંત્ર આપણને એ શીખવાડે છે કે ભગવાન આપણી

બુદ્ધિને પ્રેરણા આપે છે. ''ધિયો યો નઃ'' ''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ'' તે આપણી બોચી પકડીને કોઇ કર્મ નથી કરાવતો, પ્રેરણા આપે છે. તેથી સંસ્કાર કર્મ કરવાની તેને આવશ્યકતા નથી. પણ છતાં પણ ભગવાન કહે છે કે જો કે મારે કરવું પડે એવું કોઇપણ કર્મ નથી છતાં પણ હું જે સંદર્ભમાં પ્રકટ થયો છું એ સંદર્ભમાં કરવાના જે કર્મ છે એને હું સંપૂર્ણપણે કરૂં છું. અર્જુને કારણ પૂછ્યું તો ભગવાને જવાબ આપ્યો કે :

યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ,
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ ! સર્વશઃ,
ઉત્સીદેયુર્ ઇમે લોકાઃ ન કુર્યાં કર્મ ચેદ્ અહં,
સંકરસ્ય ચ કર્તા સ્યામ્ ઉપહન્યામ્ ઇમા પ્રજાઃ''

હું કર્મ નહીં કરૂં તો લોકો મને આદર્શ બનાવીને તેઓ પણ કર્મ નહીં કરે. ''અજગર કરે ન ચાકરી પંછી કરે ન કામ, દાસ મલૂકા કહ ગયે સબકે દાતા રામ''. રામ બધાના દાતા છે એ વાત સાચી છે. પણ આ વચનનો ઉપયોગ અકર્મીમાણસ વધારે કરતો હોય છે. રામ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખીને બેસવું એ તો વિરલા યોગીનું કામ છે, બધાના વશની વાત નથી.

અકબર-બીરબલની વાર્તામાં આવે છે. એક દિવસ અકબરે બીરબલને કહ્યું કે આપણા રાજ્યમાં એદી કેટલા છે એની તપાસ કરો. એમના માટે એક એદીખાનું બનાવો. માણસોને એ ખબર પડી કે એદીખાનામાં તો મફતમાં ખાવાનું મળે છે એટલે ઘણાબધા માણસો એદી બનીને આવી ગયા. રાજાને નવાઇ લાગી કે તેના રાજ્યમાં આટલા બધા એદી માણસો છે ! તેણે સાચા અને બનાવટી એદીની પરીક્ષા કરવા માટે એદીખાનાને આગ લગાડી દેવાનું ફરમાન કર્યું. આગ લાગતા જ એદીખાનું ખાલી થઇ ગયું. છેલ્લે સાચા એદી બે મામો-ભાણેજ હતા તેઓ રહ્યા. ભાણેજને આગની પહેલાં ખબર પડી. તે બોલ્યો 'મા'. મામાએ જવાબ આપ્યો કે 'હાં ભા' ભાણેજે કહ્યું 'આગ'. પણ એને આળસ એટલી હતી કે ઉઠી નહોતું શકાતું. બાદશાહે આ બેને એદીખાનાના કાયમી સભ્ય બનાવ્યા.

તો સમજવાની વાત એ છે કે ''સબકે દાતા રામ'' આવો ભાવ

રાખીને કાંઇપણ કર્યા-કરાવ્યા વિના બેસી જવું એ બહુ મોટી સિદ્ધિની વાત છે. બાકી ''દે દાતા કે નામ તુજકો અલ્લા રકખે'' કહીને ઘણા લોકો બેસી જતા હોય છે. એટલા માટે ભગવાન કહે છે કે હું પોતે પણ કર્મ કરૂં છું. ભગવાને અર્જુનને તો કહ્યું પણ વ્રજમાં તો આપે કરીને બતાવ્યું છે કે હું ગોવાળીયાઓની વચ્ચે પ્રકટ થયો છું તેથી ગોચારણ કરીશ. ''અનુદિન ગૈયા ચારી'' સૂરદાસ કહે છે. હું ઘણી વખત આ પ્રસંગને કહું છું કે જ્યારે મોહના ભંગીને ઠાકોરજી અડી ગયા તો ગોવિન્દસ્વામીએ ઠાકોરજીને પકડીને કુંડમાં ડૂબકી મરાવી. ત્યારે શ્રીગુસાંઇજીએ ગોવિન્દસ્વામીને કહ્યું કે બ્રહ્મ છોવાઇ જાય શું ? ત્યારે એમણે જવાબ આપ્યો કે બ્રહ્મ તો ન છોવાઇ પણ બ્રહ્મ અત્યારે આપની મેંડમાં બિરાજી રહ્યો છે તેથી આપની મેંડ છોવાય કે નહીં ! આપનો બાલક આવું કરત તો આપ તેને નવડાવત કે નહીં ! આના ઉપરથી એ સિદ્ધાન્ત આવ્યો કે ઠાકોરજી ન છોવાય, મેંડ-અપરસ છોવાય છે. મેંડ ઘર-ઘરની જૂદી હોય છે. અમારા તાતજી મહારાજની મેંડ અલગ હતી. એ મેંડ અમારા દાદાજીએ નહોતી પાળી. દાદાજીની મેંડ આજે અમે નથી પાળી રહ્યા. બધી જગ્યાએ આ જ સ્થિતિ છે. મેંડ કયાંય પણ કેવી પણ હોય, તમારા ઠાકોરજી તમારા ઘરની મેંડ પાળશે ''વર્તએવ ચ કર્મણિ''.

પ્રભુ જેની વચ્ચે બિરાજી રહ્યા છે એને અનુરૂપ થવાની જે લીલા પ્રકટ કરી તેનો ઉત્સવ ગોપાષ્ટમી છે. અને પ્રભુની ભક્તસમાજાનુરુપતા..... હું આટલા વખતથી બતાવી રહ્યો છું કે ઠાકુર આપણી કક્ષાનો હોવો જોઇએ. તે ઠાકોરજીએ ગોપાષ્ટમીના દિવસે બતાવ્યું છે. તેથી આપણા ઠાકોરજી વેણુ-વેત્ર-કંબલ ધરે છે. જે ગોવાળીયાઓની વસ્તુઓ છે. આ પ્રભુની ભકતાનુરૂપતા છે. પ્રભુ ભકતાનુરૂપ હશે તો ભકત પ્રભુના અનુરૂપ થઇ શકશે આ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત છે. જો ભગવાન ભક્તાનુરૂપ ન થાય તો ભક્તનું એટલું સામર્થ્ય નથી કે તે પોતે ભગવદનુરૂપ બની શકે. ભગવાન જો ભકતની વચ્ચે પ્રકટ ન થાય તો ભક્તનું એટલું સામર્થ્ય નથી કે તે ભગવાનની વચ્ચે પ્રકટ થઇ શકે. અને તકલીફ પાછી એ છે કે જો કદાચ ભક્ત ભગવાનની વચ્ચે પ્રકટ થઇ જાય તો અહીં ભૂતલ ઉપર લોકો છાતી કુટી-કુટીને રોવા લાગશે,

શોકસભાઓ કરશે કે આમનો તો વૈકુંઠવાસ થઇ ગયો. વૈકુંઠવાસ થયો તે સારી વાત થઇ કે ખરાબ વાત થઇ ! પણ લોકો શોકસભામાં કહે છે કે અમે ખેદસાથે જણાવીએ છીએ કે અમારા પિતાજીનો વૈકુંઠવાસ થઇ ગયો !! વૈકુંઠવાસ થયો તે સારી વાત થઇ કે ખરાબ વાત થઇ ! પણ લોકો શોકસભામાં કહે છે કે અમે ખેદ સાથે જણાવીએ છીએ કે અમારા પિતાજીનો વૈકુંઠવાસ થઇ ગયો !! વૈકુંઠવાસ થઇ ગયો તેનું તમે દુઃખ વ્યકત કરો છે એટલે તમે શું નરકવાસ થાય એમ ઇચ્છતા હતા ! તમે ઇચ્છતા શું હતા ? આમાં ખેદની શું વાત છે. પણ માણસની આ તકલીફ છે. જો કોઇ ભગવાનની વચ્ચે ચાલ્યો જાય તો પણ લોકો દુઃખી થાય છે. હકીકત તો એ છે કે માણસ જ્યારે જન્મે છે ત્યારે રોતો રોતો જન્મે છે અને જ્યારે મરે છે ત્યારે તેની પાછળ બધા લોકો રોતા હોય છે. તેથી માણસનું જીવન રોવાથી શરૂ થાય છે અને રોવાથી પુરૂ થાય છે. પણ ભગવાન જ્યારે માણસની વચ્ચે પ્રકટ થાય તો પછી આનંદ આનંદ જ છે.

''વ્રજ ભયો મહરકે પૂત જબ યહ બાત સુની,
સુનિ આનન્દે સબ લોગ ગોકુલ ગનિત ગુની''

ઉપનિષદ પણ કહે છે :

''આનન્દાધ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે,
આનન્દેન જાતાનિ જીવન્તિ,
આનન્દં પ્રયન્ત્યભિસંવિશન્તિ,
તદ્વિજિજ્ઞાસસ્વ તદ્ બ્રહ્મ''

ભગવાનનું સ્વરૂપ આવું હોવાથી જ્યારે ભગવાન આપણી વચ્ચે પ્રકટ છે ત્યારે આનંદથી જ બધા કર્મ કરે છે. ભગવાન્ તો આપણા અનુરૂપ થવા એટલો તૈયાર છે કે જેમ કાચી માટીનો લોંદો. તેન જેવો આકાર આપવો હોય તેવો આપો. ભગવાન તૈયાર છે. હવે સવાલ આપણો છે કે આપણે પાકેલા ઘડા જેવા ફૂટી જવા માગીએ છીએ કે ભગવાનને અનુરૂપ થવા માગીએ છીએ. કદાચ ભગવાનને અનુરૂપ ન બની શકીએ તો કાંઇ નહીં પણ ભગવાનના માટે તો બની જઇએ ! ભગવાનના તો થઇ શકીએ છીએ ! જો આજ ભગવાનને માટે થયા તો કાલે આપણે ભગવાનના બની શકશું. કાલે આપણે ભગવાનના થયા

તો પરમ દિવસે આપણે ભગવદનુરૂપ બની શકીશું. આ ભગવદનુરૂપ થવાના પગથિયા છે. આ સીડીને સમજાવવા માટે શ્રીમહાપ્રભુજીએ ગોપાષ્ટમીનો ઉત્સવ એટલા જ આનંદથી મનાવ્યો.

ગોપાષ્ટમીના પદમાં વર્ણન છે કે ઠાકોરજી ગોચારણ કરીને પાછા વ્રજમાં પધારે છે ત્યારે યશોદાજીને પોતાના ગોચારણની વાત સંભળાવે છે કે મૈયા મૈં કેવી-કેવી રીતે ગાયો ચરાવી. એમ જ્યારે ઠાકોરજી કોઇ મરજાદીને ત્યાં પ્રકટ થશે ત્યારે ગર્વથી કહેશે કે મૈં કેવી-કેવી મરજાદ પાળી. આ છોવરાવી દીધું, તે છોવરાવી દીધું. કેમકે મરજાદીના ઘરમાં પ્રકટ થયા છે ને ! અને જ્યારે બિનમરજાદીના ઘરે પ્રકટ થશે તો ઠાકોરજી મરજાદ તોડવાનો આનંદ લેશે કે મૈં આ મરજાદ પણ ન પાળી, તે મરજાદ પણ ન પાળી. તાજબીબીના ઘરમાં ઠાકોરજી કેવી મરજાદ પાળતા હશે ? અલિખાનના ઘરમાં કેવી મરજાદ પાળતા હશે ? ઠાકોરજી તો જ્યાં પ્રકટ થશે ત્યાંની મરજાદ પાળશે.

કોઇ નિંદા-સ્તુતિની વાત નથી, આ તો પંડિતોના અહંકારની વાત છે. જ્યારે પણ એમ કહેવામાં આવે કે આ વાત કોણ સમજી શકેશે, તો એમ નથી કહેવામાં આવતું કે મૂરખ પણ સમજી શકે છે, એમ કહેવામાં આવે કે ગોવાળિયા પણ સમજી શકે છે. આજકાલ જાટ કે સરદારજી ને માટે આવી વાત લોકો કહેતા હોય છે. પણ જુના જમાનામાં લોકો એમ કહેતા કે આ વાત તો ગોવાળિયાની પણ સમજણમાં આવી શકે એવી છે. તો આવા ગોવાળોના કુળમાં ઠાકોરજી ખૂબ આનંદથી પ્રકટયા છે કે હું ગોપાલ છું. બ્રહ્મ છે તો છે, પરમાત્મા-ભગવાન છે તો છે પણ અત્યારે તો હું ગોપાલ છું. એવો જ મૂરખ છું કે જેવા ગોવાળો મૂરખ હોય છે. બોલો, હવે શું કહેવું છે ! ઠાકોરજીને જે પરિવેશમાં પ્રકટ થયા છે તેનું આટલું અભિમાન છે. તેથી આપ યશોદાજીને કહી રહ્યા છે કે મૈયા, મૈં કેવી રીતે ગાય ચરાવી. એક ગાય તો જંગલમાં ભાગી ગઇ હતી તેને રોકીને હું ગાયોના ધણમાં લાવ્યો. જુઓ મૈયા, મૈં કેવી રીતે ગાય ચરાવી. જાણે ઠાકોરજી યશોદાજીની સામે પોતાનું અભિમાન પ્રકટ કરી રહ્યા છે. આમ જ્યારે તમે તમારા ઘરમાં ઠાકોરજીને પધરાવીને આ ભાવથી ગોપાષ્ટમીનો ઉત્સવ મનાવશો ત્યારે તમારા કુળનું પણ અભિમાન ઠાકોરજી

પ્રકટ કરશે. અને ''વર્તએવ ચ કર્મણિ''ના ભાવથી ઠાકોરજી તમારા કુળના કર્મોને પોતાના કર્મ માનશે.

## અક્ષય નવમી :

અક્ષય નવમી યુગાદિ તિથિછે. આપણે કેમકે અક્ષયનવમી મનાવીએ છીએ એટલે ઠાકોરજી પણ અક્ષય નવમી મનાવે છે. જેમ વ્રજના લોકો સાંજી પૂજતા હતા તો ઠાકોરજીએ કહ્યું કે હું પણ તમારી સાથે સાંજીમાં સમ્મિલિત થઇશ. આમ ઠાકોરજી અક્ષય નવમી મનાવે છે.

## દેવ પ્રબોધિની :

દેવ પ્રબોધિની આમ જોઇએ તો વ્રજલીલાનો ઉત્સવ નથી. શાસ્ત્ર વર્ણિત ઉત્સવ છે. ચાતુર્માસમાં કર્મનો નિષેધ છે. કેમ ? જેમ આપણા અહો-રાત્રનો (દિવસ-રાત્રિ) એક દિવસ થાય છે એવી રીતે દેવતાઓનો એક દિવસ એક અયનનો હોય છે.ઉત્તરાયણ અને દક્ષિણાયન એવા બે અયનનો થાય છે. પ્રબોધિનીના દિવસે દેવતાઓનું પ્રબોધન થાય છે.

અહીં આ વાત ધ્યાનથી સમજવાની છે કે જો ઠાકોરજીની સેવા આપણે ફક્ત વ્રજલીલાના ભાવથી જ કરતા હોત તો આ દિવસે ઠાકોરજીને પ્રબોધન કરવાની જરૂર જ ન હતી. જેમ હોલીના ઉત્સવમાં આપણે ઘરની બહાર હોળી પ્રગટાવીને ઠાકોરજીના તરફથી તેનું પૂજન કરી દઇએ છીએ, દશેરામાં પણ આપણે એમ જ કરીએ છીએ એમ બીજા કોઇને પ્રબોધન ઠાકોરજીના તરફથી આપણે કરી શકત. પણ આપણા ઠાકોરજીને પધરાવીને પ્રબોધિની મનાવીએ છીએ. આમાં રહસ્ય સમજવાનું એ છે કે આપણે ત્યાંની સેવામાં ભાવના વ્રજલીલાની છે. પણ આપણા ઠાકોરજી વ્રજલીલા પુરતા જ સીમિત નથી. જેમકે મેં તમને બતાવ્યું કે પુષ્ટ કરવાની વિધિમાં આપણા સેવ્યના બ્રહ્મ હોવાના, પરમાત્મા હોવાના, ભગવાન હોવાના, કૃષ્ણ હોવાના, ઘરનો ઠાકુર હોવાના આવા બધા ભાવોથી પુષ્ટ કરવામાં આવે છે. જેમ કે તેના ભગવાન હોવાના ભાવની વાત તમને બતાવું તો પ્રાકટયના પહેલાનો એક શ્લોક શ્રીગુસાંઇજીએ વિધિમાં બતાવ્યો છે :

जय जय जह्यजाम् अजित ! दोषगृभीतगुणां
त्वमसि यदात्मना समवरुद्ध समस्तभगः ।
अगजगदोकसामृ अखिलशकत्यवबोधक ते
कवचिजयात्मना च चरतोनुचरेद् निगमः ॥

શ્રુતિ એટલે પ્રમાણ. ભગવાન પ્રમેય છે. પ્રમાણ પ્રમેયને જગાડી રહ્યા છે કે આપ જાગો. તું પોઢયો રહે છે તેથી બધું જ સુઇ જાય છે. તું જાગે છે તેથી તારા જાગવાથી બધા જાગે છે.

આ જાગવું અને સૂવું કેવું છે ? આપણે અને ઘડીયાલના દ્રષ્ટાન્તથી સમજી શકીએ છીએ. લગભગ ઘડીયાળોમાં સેકંડ, મિનિટ અને કલાકના કાંટા હોય છે. ચાવીથી ચાલતી ઘડીયાળોમાં સેકંડ, મિનિટ અને કલાકના કાંટા હોય છે. ચાવીથી ચાલતી ઘડીયાળમાં જ્યારે આપણે ચાવી ભરીએ છીએ ત્યારે ત્રણેય કાંટાની અલગ-અલગ ચાવીઓ નથી હોતી. એક જ ચાવીથી ત્રણેય કાંટા ફરે છે. પણ સેકંડનો કાંટો આખો એક આંટો ફરે ત્યારે મિનિટના કાંટાની ફક્ત એક મિનિટ થાય છે. મિનિટનો કાંટો જ્યારે એક આંટો ફરે છે ત્યારે કલાકના કાંટાની ફકત એક કલાક થાય છે. એમ આપણા અહોરાત્ર દેવતાઓને માટે અહોરાત્ર નથી થતા. દેવતાઓનો એક અહોરાત્ર આપણા છ મહીના જેટલો લાંબો હોઇ શકે છે.

તેથી જ્યારે આપણા માથે ઠાકોરજી પધારે છે ત્યારે પુષ્ટ કરવાની વિધિમાં શ્રીગુસાંઇજી એમને પહેલાં જગાવે છે. તેમાં એમ નથી કહેવાતું કે આપ આ મૂર્તિમાં ઘૂસો. કેમ ? કેમ કે ઘૂસે કોણ ઘૂસે તો એ કે જે તેમાં ન હોય. જેમ આ ઓરડામાં હવા-ચકલી ન હોય તો આમાં ઘુસી શકે. પણ જે અહીં જ છે તેને તો આપણે ઘુસવા માટે કહી ન શકીએ ને. મર્યાદામાર્ગમાં એવું કહેવામાં આવે છે કે મૂર્તિમાં દેવતાનું આવાહન થાય છે. મૂર્તિ એક જાતનો ઓરડો છે અને દેવતા તેમાં ચકલીની જેમ આવે છે. આપણે ત્યાં આ પ્રક્રિયા નથી હોતી. કેમ ? વ્યાપકત્વાત્. પરમાત્મા વ્યાપક છે તેથી તે ત્યાં છે જ.

એક સૂફી શાયરે અતિ સુંદર વાત કહી છે : મુસલમાં ગર બેદાનિસ્તી બુત ચીસ્ત બેદાનીશ્તિકિ દીં દર બુતપરસ્તીસ્ત ....મુસલમાનને સરખી રીતે

સમજાવો કે મૂર્તિ શું વસ્તુ છે. કેમકે સાચુ દીન અને સાચુ ઇમાન મૂર્તિપૂજામાં જ છે. આમ તો મુસલમાન્ મૂર્તિપૂજાને કુફ્ર માને છે. સૌથી મોટું પાપ માને છે. તેને પુછયું કે તમે આવી વાત કેમ કરી રહ્યા છો. તો તેમણે કહ્યું કે પરમાત્માનું નૂર કણ-કણમાં પ્રકટ થઇ રહ્યું છે. તો તમે શું એમ કહેવા માગો છો કે મૂર્તિના કણોને છોડીને બાકીની જગ્યાએ તેનું નૂર પ્રકાશિત થઇ રહ્યું છે ? આવુ કેમ બની શકે ! જ્યારે તેનું નૂર કણ-કણમાં પ્રકાશિત થઇ રહ્યું છે તો પછી મૂર્તિમાં પણ તેનું જ નૂર પ્રકાશિત થઇ રહ્યું છે. બીજી બધી જગ્યાએ તો તેનું ફકત નૂર જ પ્રકાશિત થઇ રહ્યું છે, મૂર્તિમાં તો તેનું નૂર અને હૂર બંને પ્રકાશિત થઇ રહ્યા છે. તો પછી શું તકલીફ છે !

આમ તો આ વાત સૂફીએ કહેલી છે પણ આપણા વિચારો સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આપણે પણ એ જ વાત કહી રહ્યા છીએ કે ભગવાન વ્યાપક છે. વ્યાપક હોવાના કારણે એ સર્વત્ર છે. સર્વત્ર તેનું નૂર છે. પણ તેનું હૂર (સૌંદર્ય)તો મૂર્તિમાં જ પ્રકટ થાય છે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમને તેનું જે રૂપ આકર્ષક લાગતું હોય તેની તમે સેવા કરો. શ્રીમહાપ્રભુજી પોતાના મનમાં એટલા સ્થિર છે કે જે આ આજ્ઞા કરે છે કે :

''પ્રાકૃતાઃ સકલા દેવાઃ ગણિતાનન્દકં બૃહત્,

પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્ મમ''

જે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે : ''અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ'' એ જ મહાપ્રભુજી આ વાત પણ કરી રહ્યા છે કે જે જીવ પોતાના જે પણ ઇષ્ટદેવને બ્રહ્મરૂપે ભજી રહ્યો છે બ્રહ્મ તે રૂપ દ્વારા જ ફલદાન કરશે. તેથી જો મહાદેવજીનો કોઇ ભક્ત મહાદેવજીને બ્રહ્મ માનીને નહીં ભજે તો તેને તેવું (બ્રહ્મદ્વારા પ્રાપ્ત) ફલ નહીં મળે. ગણપતિજીનો ભક્ત જો ગણપતિને ફકત વિઘ્ન હરવાવાળા દેવ સમજીને ભજે તો ગણપતિ તેને મુક્તિ નથી આપી શકતા. ફકત વિઘ્ન હરી શકે છે. પણ જો શિવ કે ગણેશનો ભક્ત પોતાના ઇષ્ટદેવને એવું સમજીને ભજે કે આ સાક્ષાત્ પરબ્રહ્મ છે તો તેને મોક્ષ મળી શકે છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે ''કન્યા હિ યથા વરં વૃણીતે'' દુનિયામાં હજારો છોકરા છે પણ કન્યા સ્વયંવરમાં એક છોકરાને પસંદ કરે છે કે આ મારો પતિ બસ, ત્યારથી તે છોકરો તેનો પતિ પરમેશ્વર બની ગયો. એમ જીવ પરમાત્માના જે રૂપને ઇષ્ટદેવરૂપે પસંદ કરે છે તે રૂપ તેના ઇષ્ટદેવ બની જાય છે. આપણે શ્રીમહાપ્રભુજીની કંઠી બાંધી છે તેથી આપણે કૃષ્ણને પસંદ કર્યા છે. એટલા માટે આપણે કૃષ્ણ સિવાય બીજા કોઇ દેવની ભક્તિને અન્યાશ્રય માનીએ છીએ. પણ આપણે એમ નથી માનતા કે કૃષ્ણને જે નથી ભજતા તે પાપી છે, નરકમાં જશે. આપણે તો એમ માનીએ છીએ કે જેનો ભકત છે તે જો પોતાના ઇષ્ટને બ્રહ્મરૂપે ભજે છે તો બ્રહ્મના સામર્થ્યથી તે દેવ તેને ફલ આપશે. ''અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ'' આ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત છે.

થોડોક વિચાર કરો કે અત્યારે નિકળી પડેલા ધર્મનિરપેક્ષતા વાદી બધા દેવાતાઓને એકસરખા માને છે. કેમ ? કેમકે કોઇપણ દેવ સાથે એમને લેવા-દેવા નથી. અને એક આપણા શ્રીમહાપ્રભુજી કે જે શ્રીકૃષ્ણ પ્રત્યે અનન્યતયા સમર્પિત છે પણ કોઇ પણ દેવનો અસ્વીકાર નથી કરતા. અને બધાનો સ્વીકાર કરે છે છતાં પણ સ્વરૂપ નિરપેક્ષ પણ નથી. પોતાના કૃષ્ણસ્વરૂપથી સાપેક્ષ છે. કેટલું વિશાળ ફિલ્ડ (વિસ્તાર) શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યું છે કે આપણે બીજાને સ્વીકારી શકીએ અને આપણી વાત પણ આપણે કહી શકીએ કે અમારો અનન્યાશ્રયનો ધર્મ છે, અનન્યાસક્તિનો ધર્મ છે. પણ તેની સાથે અમારો અનન્યાસક્તિનો ધર્મ એવો પણ નથી કે અમે બીજાને પાપી માનીએ, નરકમાં જનારા માનીએ, કાફિર માનીએ કે જે અમારા કૃષ્ણને નથી ભજતા. આવો ધર્મ આપણો નથી. આપણો ધર્મ એવો છે કે જેવી આજ્ઞા શ્રીગુસાંઇજીએ તુલસીદાસની કરી હતી કે ''જેવા તમે કૃષ્ણના પદ ગાઓ છો એવા કૃષ્ણના પદ ગાનારા અમારે ત્યાં અનેક છે, પણ જેવા તમે રામના પદ ગાઓ છો એવો ગાનાર કોઇ નથી. તેથી તમે રામના પદ જ ગાઓ''. આપણે તો એ વાતને માનવાવાળા છીએ કે જે શિવનો ભકત હોય તેને સાચા અર્થમાં શિવભક્તિ કરવી જોઇએ, દેવીના ભક્તને પ્રમાણિકતાપૂર્વક દેવીની ભક્તિ કરવી જોઇએ.

રામના ભક્તને સચ્ચાઇથી રામની ભક્તિ કરવી જોઇએ. ન તે આપણને નડતરરૂપ થાય કે ન આપણે તેને નડતરરૂપ બનીએ.

‘‘સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ,
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્’’

આ આપણો સિદ્ધાંત છે. દરેકે પોતાનો ધર્મ નિષ્ઠાથી પાળવો જોઇએ. ભગવાન એથી જ ગીતામાં આજ્ઞા કરે છે : ‘‘સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ’’. સ્વધર્માચરણ કરતાં-કરતાં નિધન થઇ જવું શ્રેષ્ઠ છે પણ પરધર્મનું પાલન કરવું ભયાનક વાત છે. પાડોશી ગણપતિને પૂજતો હોય તો આપણે પણ પૂજવા લાગીએ. શિવનો ભક્ત મળી જાય તો તેની સાથે શિવભજન કરવા માંડી જઇએ આ ભયાનક વાત છે. આપણો સિદ્ધાંત એવો નથી. આપણે આપણી વાત ઉપર સ્થિર છીએ. આપણે શિવભક્તને એમ કહેશું કે અમને તમારા ઉપર વિશ્વાસ ત્યારે જ આવે કે જ્યારે તમે શિવ પ્રત્યે પૂર્ણરૂપથી સમર્પિત થઇ જાવ. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતની સૌરભ (ફોરમ) જુદી જ છે. લોકો એને સમજતા નથી અને અગડંબગડં રીતે તેની વ્યાખ્યા કરતા રહે છે. પણ રહસ્યને સમજો.

આપણે ઠાકોરજીને ભગવાન માનીએ છીએ એટલે દેવપ્રબોધિનીના દિવસે ઠાકોરજીને જગાવીએ છીએ. આ જાગરણ વ્રજના ઠાકોરજીનું જાગરણ નથી, આ ભગવજજાગરણ છે, દેવનું જાગરણ છે. વ્રજમાં તો ઠાકોરજી રોજ પોઢે છે, રોજ જાગે છે. વ્રજમાં તો ઠાકોરજીએ આપણો ધર્મ સ્વીકાર્યો છે. પણ દેવપ્રબોધિનીએ પાછો જાગે છે. આપણને થાય કે રોજ જાગે જ છે તો પછી પ્રબોધિનીના દિવસે અલગ રીતે જગાવવાની શું જરૂરીયાત છે ! પણ સમજો કે તે રોજ જાગે છે તે તો નંદરાજકુમાર છે, પણ દેવતાના રૂપમાં તે છ મહિના પછી જાગી રહ્યો છે એટલા માટે જગાવીએ છીએ ‘‘ઉત્તિષ્ઠ ઉત્તિષ્ઠ ગોવિંદ !’’. તું જાગીશ તો જગત જાગશે અને તું સૂતો રહીશ તો જગત પણ સૂઇ જશે. એટલા માટે આપણે ઠાકોરજીને અલગથી જગાવીએ છીએ.

આ પ્રબોધન સાથે વ્રજલીલામાં ઠાકોરજીએ સ્વામિનીજી સાથે વિવાહનો ખેલ કર્યો છે, વિવાહ નથી કર્યો. બંને બાળક છે. એક છ-સાત વર્ષનો છે તો એક આઠ-નવ વર્ષની છે. આ વિવાહના ખેલને પણ આપણે આ

દિવસે મનાવીએ છીએ. આ દિવસે ઠાકોરજીના વિવાહના ખેલના ઉત્સવની સાથે-સાથે તુલસી-શાલિગ્રામનો વિવાહ પણ મનાવવામાં આવે છે. તેથી આ દિવસ ઠાકોરજીના પ્રબોધનનો, વિવાહના ખેલનો અને તુલસી-શાલિગ્રામના વિવાહનો આમ ત્રણેય ઉત્સવ મનાવવામાં આવે છે.

તુલસીનો ઠાકોરજીએ બળજબરીથી સ્વીકાર કર્યો છે. આ વ્રજલીલાની કથા નથી. જ્યારે ઠાકોરજીએ વૃન્દાનો બળજબરીપૂર્વક સ્વીકાર કર્યો ત્યારે વૃન્દાએ ઠાકોરજીને શ્રાપ આપ્યો કે તમે આટલા કઠોર છો તો જાવ, તમે શાલિગ્રામ બનો. ઠાકોરજીએ પ્રસન્નતાથી વૃન્દાનો શ્રાપ સ્વીકાર્યો. કેમકે પત્થર પણ છેવટે બન્યો કોણ છે ? ઠાકોરજી જ તો પત્થર બન્યા છે ! હું અત્યાર સુધી વાંકા-ચુંકો પત્થર હતો, તું કહી રહી છો તો ગોળ-ચિકણો પત્થર બની જઇશ. પત્થર બનવામાં કઇ તકલીફ પડે છે ઠાકોરજીને ! હું પત્થર બનીશ તો તું તુલસી બનીશ. પણ આપણો વિવાહ તો થશે, થશે અને થશે જ. આ ગાંડાગિરધરલાલ જેવો ખેલ ઠાકોરજીએ તુલસીની સાથે ખેલ્યો તે આપણને ગમે છે તેથી આપણે બ્રહ્મસંબંધ વખતે હાથમાં તુલસી લઇને કહીએ છીએ કે તુલસીને તો બળજબરીપૂર્વક પોતાની કરી હતી અને અમે તો સામે ચાલીને તારી પાસે આવી રહ્યા છીએ તો પછી અમારા સમર્પણને સ્વીકારવામાં તને શું જોર પડવું જોઇએ ! તુલસીએ તો તને શ્રાપ આપ્યો, અમે તો તારી ભક્તિ કરવા માટે તારી પાસે આવી રહ્યા છીએ. તેથી આપણે તુલસી હાથમાં લઇને સમર્પણ કરીએ છીએ તુલસી પ્રભુને એટલી પ્રિય છે એ આપણને ખબર પડી એટલા માટે આપણે તુલસી-શાલિગ્રામના વિવાહ મનાવીએ છીએ. વ્રજલીલાનું જો ફિક્સેશન હોત તો આપણે આ ઉત્સવ ન મનાવત. લોકો કહે છે કે આપણે ત્યાં બાલભાવ છે. પણ તુલસીના પ્રસંગમાં તો બાલ-કિશોરથી પણ આગળની વાત છે.

**દ્વાદશી :**

શ્રીમહાપ્રભુજીના વખતથી પ્રબોધિનીનું જાગરણ કરવાની રીત સંપ્રદાયમાં રહેલી છે. આમાં જોવા જેવી વાત એ છે કે શ્રીનાથજી શ્રીમહાપ્રભુજીના વખતમાં ઘરમાં નહોતા બિરાજતા, દેવાલયમાં બિરાજતા

હતા, એટલે ત્યાં જાગરણ થતું ન હતું. તે જાગરણ આજે પણ શ્રીનાથજીમાં નથી થતું. કેમ કે પ્રબોધિની ઉપર જાગરણ કરવું એ નિયમ ઠાકોરજીના માટે નથી, વૈષ્ણવના માટે છે.

એકાદશીનો શાસ્ત્રમાં એવો નિયમ છે.

''સકૃદેવ દિવા સ્વાપાત્ સકૃત તામ્બૂલચર્વણાત્,
અસકૃત જલપાનાત્ ચ નશ્યત્યેકાદશી વ્રતમ્''

દિવસમાં સુવાથી, પાન ખાવાથી, વારંવાર પાણી પીવાથી એકાદશી વ્રત ભંગ થઇ જાય છે.

એકાદશીનું રાત્રિ જાગરણ થાય છે. જાગરણમાં કિર્તન કરવામાં આવે છે. આપણે ત્યાં જાગરણના કેટલાય પ્રકાર છે. આ વાત પણ સમજવાની છે. જેમ દીવાળીની રાતનું જાગરણ પરિક્રમાથી કરવામાં આવે છે. ''આજ કુહૂકી રાત ચલો પરકમ્મા કીજે''.

પ્રાચીનકાળમાં ભોગમાં સામગ્રી અધિક માત્રામાં ધરવામાં આવતી. તેથી અન્નકુટને દિવસે ઠાકોરજીને વિલંબ ન થાય તે ભાવથી આગલા દિવસે આખી રાત જાગીને સખડીની સામગ્રી સિદ્ધ કરવામાં આવે છે. આ સેવાત્મક જાગરણ છે.

ગ્રહણમાં સેવા નિષિદ્ધ છે. ઠાકોરજીને ગ્રહણ સાથે કોઇ લેવા-દેવા નથી. પણ આપણે ત્યાંનો આચાર એવો છે કે ગ્રહણમાં જાગવું જોઇએ એટલા માટે આપણા ઠાકોરજી પણ આપણી સાથે જાગે છે. ઠાકોરજી બિરાજી રહ્યા છે અને સેવા નથી થઇ રહી ત્યારે એવી ભાવના વિચારવામાં આવી કે અત્યારે માનનો સમય છે. સ્વામિનીજી માન કરી રહ્યા છે. તેથી રાત્રિના જાગરણમાં માન અને માન છોડાવવાના પદ ગાવામાં આવે છે. સાથે-સાથે, વેદમાં કેમકે એવું કહેવામાં આવેલું છે કે :

''ચન્દ્રમા મનસો જાતઃ ચક્ષોઃ સૂર્યો અજાયત,
મુખાદ્ ઇન્દ્રશ્યાગ્નિશ્ચ પ્રાણાદ્ વાયુરજાયત''

ભગવાનના વિરાટ્ સ્વરૂપમાં ચંદ્રમાનું સ્થાન પ્રભુનું મન છે, સૂર્યનું

સ્થાન પ્રભુના નેત્ર છે. આવી રીતે બધા દેવતાઓ આખી સૃષ્ટિ પ્રભુના વિરાટ સ્વરૂપમાં અવસ્થિત છે. ચન્દ્રમાનું સ્થાન કેમકે મન છે તેથી ચંદ્રગ્રહણમાં ઠાકોરજીને માન થયું છે એવી ભાવના વિચારાયેલી છે. ચંદ્રગ્રહણ છૂટયું મતલબ માન ઉતર્યું. તેથી માનના પદ ગાવામાં આવે છે. ગ્રહણમાં જપનું પણ વિધાન છે. તેથી જેને જે દીક્ષા મળી હોય તેના મંત્રના જપ કરવા જોઇએ. આપણે ત્યાં ગાયત્રી, અષ્ટાક્ષર-પંચાક્ષર, નૃસિંહ અને ગોપાલમંત્ર આટલા મન્ત્રોની દીક્ષા માન્ય કરવામાં આવેલી છે. આના સિવાય બીજા કોઇ મંત્રની દીક્ષા આપણે ત્યાં માન્ય નથી. ગ્રહણમાં દીક્ષામંત્રનો જાપ કરવામાં આવે છે. તેથી ગ્રહણનું જાગરણ જપાત્મક હોય છે અથવા કીર્તનાત્મક હોય છે.

પ્રબોધિનીનું જાગરણ કીર્તનાત્મક હોય છે. સેવા એમાં અલ્પ હોય છે, કીર્તન વધુ હોય છે. પ્રબોધિનીનું જાગરણ હતું ત્યારે શ્રીગોકુલનાથજી કીર્તન કરવા બિરાજયા. આપે ખવાસને પાન લાવવા કહ્યું. ખવાસે તો પાન આપી દીધું. પછી જન્માષ્ટમીનું જાગરણ આવ્યું ત્યારે ખવાસે એવું વિચારીને પાન આપ્યું કે શ્રીગોકુલનાથજી આજે પણ વ્રત નહીં કરે. પણ આપે તો કહ્યું કે પાન ખાવાથી તો વ્રત ભંગ થઇ જાય. પાન ન ખાઇ શકાય. ખવાસથી રહેવાણું નહીં. તેણે કહ્યું કે આગલી પ્રબોધિની ઉપર તો આપે વ્રતમાં પાન આરોગ્યું હતું. શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી કે તે દિવસે હું પાન એટલા માટે આરોગ્યો હતો કે મારે આખી રાત કીર્તન કરવાના હતા. એટલે ઠાકોરજીના માટે વ્રત તોડયું હતું. પણ આજે તો આખી રાત સેવાનો ક્રમ છે. ફકત કીર્તન નથી કરવાના. તેથી આજે જો પાન ખાઇશ તો વ્રત તુટી જશે.

આપણે ત્યાં ભગવત્સેવાને માટે સ્વધર્મ તોડવાના ઘણા ઉદાહરણ છે. જેમકે એક વૈષ્ણવ સોહિની કરી રહ્યા હતા અને ઓચિંતાની સોહિનીની દોરી તુટી ગઇ ત્યારે વૈષ્ણવે પોતાની જનોઇ સોહિની ઉપર બાંધી દીધી. તેના ઠાકોરજી બોલ્યા અરે, વૈષ્ણવ તું શું કરી રહ્યો છે, નરકમાં પડીશ ! પણ એણે કહ્યું કે જો આપના મંગલામાં વિલંબ ન થતો હોય તો મને નરક પણ મંજૂર છે. આમ જોઇએ તો બુહારી ઉપર જનોઇ બાંધવી શુદ્ધ પાપાચરણ છે. પણ એણે પાપાચરણ કર્યું. પોતાના સુખના વિચારથી નહીં, તત્સુખના વિચારથી. હવે

આને કોઇ સિદ્ધાંત બનાવી દે તો સંપ્રદાય અને શ્રીમહાપ્રભુજી સાથે વિદ્રોહ થઇ જાય. આને સિદ્ધાંત ન બનાવાય કે સોહિની છૂટી જાય ત્યારે જનોઇ બાંધી દેવી. આ બ્રાહ્મણથી તો પોતાના ઠાકોરજીને જાગવામાં અવેર (મોડું) ન થાય એવા ભગવત્સુખના વિચારથી આવું અનાયાસ થઇ ગયું હતું.

જેમ વાઘાજી રજપૂતને કવાયત કરતા-કરતા ઠાકોરજીએ યાદ દેવડાવ્યું કે તેઓ આજે રોટી ઉપરથી ઘી ચોપડતા ભૂલી ગયા છે. વાઘાજી જોડા પહેરીને ભોગમંદિરમાં ઘૂસી ગયા અને રોટી ઉપર ઘી ચોપડી દીધું. જે વૈષ્ણવે આ દૃશ્ય જોયું તે કહેવા લાગ્યા કે આ કેવો અનાચારી છે, આને ત્યાં તો પ્રસાદ લેવામાંય પાપ છે. પણ ઠાકોરજી એ વૈષ્ણવ પર નારાજ થયા, વાઘાજી ઉપર નારાજ ન થયા. જો કે વાધાજીએ ધર્મ તોડયો હતો પણ પોતાના સુખ માટે નહીં, પોતાના સેવ્યના સુખ માટે તોડયો.

શ્રીગુસાંઇજીના સાતમા લાલજીના ચરિત્રમાં એમ આવે છે કે ઉષ્ણકાલમાં શૈયા મંદિરમાં આંખો બંધ કરીને ઉભા રહીને આખી રાત પંખો કરતા. અને જ્યારે એમના ઠાકોરજીને ચોરી જવા માટે કોઇ આવ્યું ત્યારે અવાજ થયો. પણ એમણે એમ વિચારીને આંખ ન ખોલી કે ઠાકોરજી કેવા પ્રકારની લીલા કરી રહ્યા હોય કેમ ખબર પડે. હું આંખ કેમ ખોલી શકું. સવારે જ્યારે એમણે આંખ ઉઘાડી અને જોયું તો એમના ઠાકોરજી ચોરાઇ ગયા હતા. એમણે અન્ન-જળનો ત્યાગ કરી દીધો અને દેહ છોડી દીધો. ઠાકોરજી ચોરાઇ ગયા તો હવે મારે નથી જીવવું.

રામદાસજીને ઠાકોરજીએ સામે ચાલીને આંખ ખોલીને આરોગવાના દર્શન કરવાની આજ્ઞા આપી હતી. પણ રામદાસજીએ આંખ ખોલી ન હતી. એમણે કહ્યું કે મને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા નથી. આ વાતોનો ટીકાગ્રંથોમાં ગંભીર વિચાર કરવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજીએ લખ્યું છે ''સેવાકૃતિઃ ગુરોર્ આજ્ઞા બાધનં વા હરીચ્છયા'' સેવા ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી. અને ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની પ્રભુની ઇચ્છા થાય તો ઉલ્લંઘન કરવું તેમાં દોષ નથી. છતાં પણ રામદાસજીએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા જ પાળી, ઠાકોરજીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. કેમ ? સમાધાનમાં એ જ કહ્યું છે જો પ્રભુ સુખના

વિચારથી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા તોડવામાં આવી છે તો કોઇ દોષ નથી. એમનો ભાવ એવો જ હતો કે પ્રભુ મને સુખ આપવા માગી રહ્યા છે તેથી હું મારા સુખ માટે મહાપ્રભુજીની આજ્ઞા કેવી રીતે તોડું ! તેથી રામદાસજીએ આંખો ન ખોલી.

રજસ્વલા વેશ્યાને પ્રભુએ સેવા કરવાની આજ્ઞા આપી. તેણે રજસ્વલા અવસ્થામાં પણ સેવા કરી. તેમાં તેનું પોતાનું સુખ ન હતું. પણ પ્રભુનું સુખ હતું.

મૂળ વાત ઉપર આવીએ કે શ્રીનાથજીને ત્યાં રાતે કોઇ જાગતું નહીં. કેમકે માણસ જાગે કયારે ? આખું ઘર જાગતું હોય ત્યારે એક માણસ સૂવા માગતો હોય તો પણ તેને જાગવું પડે અથવા ઘરનો મુખ્ય વ્યક્તિ જાગતો હોય, તૈયારીઓ ચાલતી હોય તો આપણે સૂવું હોય તો પણ આપણે સુઇ ન શકીએ, જાગવું જ પડે. અથવા બધાને વહેલી સવારે કયાંય જવું હોય તો જાગે. આ સ્થિતિમાં આપણે જાગીએ તો આ જાગરણનો નિયમ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, સાત બાલકો નિભાવતા હતા. ઠાકોરજી આખી રાત જાગે છે તેથી બીજે દિવસે બારસના ઠાકોરજીના સ્નાન-શૃંગાર નથી થતા. શૃંગાર ધરેલા જાગી રહ્યા છે તો પાછો શૃંગાર કેવી રીતે થશે ! માટે, પ્રબોધિનીના દિવસે વિવાહના શૃંગાર થવા જોઇએ તેની જગ્યાએ શ્રીગિરિધરજીના ઘરમાં કુલ્હેનો શૃંગાર થાય છે. કુલ્હે પ્રાકટયોત્સવનો શૃંગાર છે. અને દેવપ્રબોધિનીનો પણ શૃંગાર છે. અને બારસના દિવસે શૃંગાર થતા નથી એટલે શહેરાનો શૃંગાર નથી ધરતા. ઠાકોરજી કેવી રીતે આપણા માપના બને છે કે વિવાહ ઉત્સવ હોવા છતાં પણ ઠાકોરજી અગીયારસના દિવસે શહેરા નથી ધરતા, બારસના તો જાગરણને કારણે એ જ શૃંગાર રહે છે તેથી તેરસના દિવસે શહેરા ધરે છે. તો જુઓ, ઠાકોરજી આપણા માપના અનુસાર વર્તે છે. આ ઉત્સવનો અતિ મધુર પ્રસંગ આ છે.

સાથે-સાથે આ પણ વાત ધ્યાનમાં લેવાની છે કે શ્રીનાથજી ગિરિધરજીના ઉત્સવ ઉપર કુલ્હેનો શૃંગાર ધરીને ઉત્સવ કેમ નથી મનાવતા. કેમકે શ્રીનાથજીમાં જાગરણ કરવાવાળો કોઇ છે નહીં. નવનીતપ્રિયજી વગેરે

ઠાકોરજી ગિરિધરજીનો ઉત્સવ કુલ્હે ધરીને કેમ મનાવે છે ? કેમકે ત્યાં જાગરણ કરવાવાળા છે. આમાં સમજવાની વાત એ છે કે જો આપણે જાગરણ કરતા હોઇએ તો ઠાકોરજીને જગાડવા વ્યાજબી છે. પણ ઠાકોરજીને જગાડીને આપણે સૂઇ જતા હોઇએ તો તે વ્યાજબી નથી. ઠાકોરજીને એકાદશીના જાગરણ સાથે શું લેવા-દેવા ! તેથી તમે જો જાગી નથી રહ્યા તો ઠાકોરજીને જગાડવાની સેવા નથી. તમે જાગતા હો તો તમારી સાથે તમારા ઠાકોરજી પણ જાગશે. ઠાકોરજી જાગશે તો આખી રાત જાગરણના પદ પણ બોલાશે. અને સવારથી શ્રીગિરિધરજીના ઉત્સવની વધાઇના પદ ગાવામાં આવે છે એવો ક્રમ છે. તુલસી વિવાહનો ક્રમ હોય તો સાથે-સાથે તુલસી વિવાહના પદ પણ ગવાય છે. શ્રીગિરિધરજીના ઘરમાં તો આવો ક્રમ છે.

## શ્રીગુસાંઇજીનો ઉત્સવ :

શ્રીગુસાંઇજી, શ્રીમહાપ્રભુજી, જન્માષ્ટમી, રાધાષ્ટમી, દિવાળી આ બધા ઉત્સવ ઉપર કુલ્હેના ભારે શૃંગાર થાય છે. શ્રીગુસાંઇજીનો ઉત્સવ શીતકાલમાં આવે છે. તેથી શ્રીઅંગ ઉપર ઠાકોરજી રેશમના વસ્ત્ર ધરે છે. શ્રીગુસાંઇજીનો પોતાનો સૌન્દર્યબોધ હતો. આપ રેશમની ચુન્નરના વસ્ત્ર ધરાવતા. કપડામાં સળ કરીને સળવાળા કપડા પહેરવામાં આવે. કલકતામાં ચુન્નરની બાંહ બનાવે છે. ધોતીની કિનારી ઉપર ચુન્નર નાખે છે. શ્રીગુસાંઇજીને આવા વસ્ત્ર ખૂબજ ગમતા હતા. એકદમ સાદુ કેશરી, તેમાં જરી નહીં, કીનખાબ નહીં, પણ રેશમી ચુન્નરનું વસ્ત્ર તે દિવસે ઠાકોરજી ધરે છે. આવા વસ્ત્ર આ દિવસ સિવાય પછી કયારેય નથી ધરતા.

આ ઉત્સવ આમ તો વ્રજલીલાનો નથી. પણ શ્રીગુસાંઇજીએ ઠાકોરજીને રિઝાવ્યા છે અને ઠાકોરજી રીઝયા છે માટે ઠાકોરજીએ આ ઉત્સવ સ્વયં કહીને મનાવ્યો છે. પ્રભુ જ્યારે માગ્યા વગર આપણો ઉત્સવ મનાવે તેનાથી મોટું આપણું સૌભાગ્ય કયું ? માટે શ્રીગુસાંઇજીએ પણ તેનું અનુમોદન આપ્યું. આ દિવસે ઠાકોરજીએ જલેબી માગીને આરોગી માટે લોકો વાત-ચીતમાં આને જલેબી ઉત્સવ પણ કહે છે.

**મકર સંક્રાન્તિ :**

આ ઉત્સવ આમ તો શાસ્ત્રીય ઉત્સવ છે. પણ આ દીવસે ઉત્તરાયણની પતંગ ઉડે છે. વ્રજલીલામાં ભાગવતમાં કયાંય આનું વર્ણન નથી. પણ પદોમાં ઠાકોરજીના ગુડી ઉડાવવાનું વર્ણન છે.

**વસંત પંચમી :**

વસંતપંચમી ઘણાજ પ્રાચીન કાળથી ચાલ્યો આવતો ઉત્સવ છે. આજે બ્યુટિ કોન્ટેસ્ટ છોકરાઓની સામે થાય છે. જુના જમાનામાં છોકરીઓની અંદરોઅંદર બ્યુટિકોન્ટેસ્ટ થતી હતી. અને જે છોકરી બધાથી ખુબસુરત બનતી તે અશોકને પગ લગાડતી. તે વસંતપૂજા કહેવાતી.

આપણે ત્યાં પણ વસંતની પૂજા ઠાકોરજી-સ્વામિનીજી કરે છે. ત્યારથી ખેલ શરૂ થાય છે. જે ચાલીસ દિવસ ડોલ સુધી ચાલે છે. જેમ અહીં પ્રબોધિનીથી સાટીન-કિનખાબના વસ્ત્રો ધરવા-ધરાવવાના શરૂ થાય છે. શીતકાલના કારણે. તેનાથી આગળ છીંટના વસ્ત્ર ધરાવવામાં આવે છે. અને જ્યારે ઠંડી ઓછી થાય ત્યારે વસંતના પહેલાં ફરીથી જરીના વસ્ત્ર ધરાવવામાં આવે છે. અને વસંતથી પછી સાદા સફેદ વસ્ત્ર ઠાકોરજી ધરવાનું શરૂ કરે છે. આનું મુખ્ય કારણ એ છે કે ઠાકોરજીને રંગથી ખેલાવવાના છે. સફેદ વસ્ત્ર ઉપર બધા રંગ ખિલી શકે છે.

**સાત્ત્વિક-રાજસ-તામસ રંગ :**

રંગોમાં ચાર મુખ્ય રંગ છે. સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ ભાવ જેવી રીતે ઠાકોરજીની બાલલીલા હોઇ શકે છે એમ પૌંગડલીલામાં, કીશોરલીલામાં અને નિર્ગુણલીલામાં પણ હોઇ શકે છે. નિર્ગુણલીલા એટલે કે શાસ્ત્રમાં ઠાકોરજીનું જેવું સ્વરૂપ બ્રહ્મ-પરમાત્મા-ભગવાન્‌ના રૂપમાં સમજાવેલું છે તેવો ભાવ. આવો ભાવ રાખીને જો ભક્તિ ન કરતા હોઇએ તો તે જ્ઞાન થઇ જાય છે. અને ભક્તિ કરતા હોઇએ તો ભાવ કહેવાય છે. ભાવ અને જ્ઞાનમાં અંતર આટલું જ છે. તમારી સામે આ હાથબત્તી છે. આને જોઇને તમને એ જ્ઞાન થઇ ગયું કે આ હાથબત્તી છે. પણ જો તમને એમ લાગ્યું કે કેટલી સુંદર

હાથબત્તી છે, તો આ એક ભાવ છે. જ્ઞાન પણ રાગ-દ્વેષ-ઉપેક્ષાત્મક હોઇ શકે છે. આ પણ એક જાતનો ભાવ છે. પણ આપણે ત્યાં ભાવનો અર્થ દેવાદિ વિષયમાં સ્નેહ થાય છે. તેથી ધ્યાનથી સમજો કે નિર્ગુણ ભાવ અને નિર્ગુણ ભાનમાં આટલું જ અંતર છે કે શાસ્ત્રમાં બ્રહ્મ જેવું વર્ણિત છે તેવો આપણને સમજમાં આવી ગયો તો આપણી સમજ નિર્ગુણ છે. આવી સમજ આ ભાનની સાથે-સાથે બ્રહ્મ આપણને પ્રિય લાગવા લાગ્યો તો તે નિર્ગુણભાવ થઇ ગયો. આમ નિર્ગુણ બુદ્ધિ, નિર્ગુણ જ્ઞાન અને નિર્ગુણ ભાવ આ ત્રણેયને સમજશો તો આખી વાત સમજાઇ જશે.

નિર્ગુણ બુદ્ધિનો અર્થ એવો થાય છે કે શાસ્ત્રમાં પ્રભુનું જેવું સ્વરૂપ સમજાવ્યું છે એવું જ સ્વરૂપ આપણી સમજમાં આવવું. આવી સમજ આવ્યા પછી પણ આપણે આપણા મનના કોઇ રંગને કારણે તે સમજ અનુસાર ભગવાનને સ્વીકારી ન શકતા હોઇએ, જોઇ ન શકતા હોઇએ કે ભજી ન શકતા હોઇએ તો સમજ આપણી નિર્ગુણ છે પણ આપણો ભાવ નિર્ગુણ નથી, સગુણ થયો. આપણી સમજ પાછી કેટલીય જાતની હોઇ શકે છે. જેમ, આપણે એ સમજી રહ્યા છીએ કે આ ભગવાન છે છતાં પણ આપણે એ સમજવા માગતા નથી, આપણે આપણા કોઇ પૂર્વગ્રહ કે પ્રેમના હિસાબથી જ પ્રભુને જોઇ રહ્યા છીએ તો આ ભાવને તામસભાવ કહેવામાં આવે છે. મતલબ કે આપણો પૂર્વાગ્રહ પ્રભુના સંબંધમાં જો અજ્ઞાનાત્મક હશે તો આપણો ભાવ તામસ કહેવાશે. પૂર્વાગ્રહ જો સંશયાત્મક છે તો આપણો ભાવ રાજસ કહેવાશે. મતલબ કે કયારેક આપણને એવું લાગે કે શાસ્ત્ર આમ કહી રહ્યા છે તેથી આમ જ હશે. પણ કયારેક આપણને એમ લાગે કે નહીં, અમારૂં મન જેમ કહી રહ્યું છે ભગવાન એવા છે. આ રાજસ ભાવ છે. અને કયારેક આપણી અંદર શાસ્ત્રીય જ્ઞાનના કારણે દૈન્ય વધારે વધી ગયું તો તે ભાવ સાત્ત્વિક કહેવાશે. અને જેવું સ્વરૂપ છે એવા સ્વરૂપના માહાત્મ્યજ્ઞાનપૂર્વક તેના માટે સુદઢ સર્વતોડધિક સ્નેહ હોય તો તે ભાવ નિર્ગુણભાવ કહેવાય છે.

આપણને આ ભાવોમાંથી કોઇ એક ભાવનું ફિકસેશન પણ થઇ શકે છે અને આ બધી જ અવસ્થાઓમાંથી પણ આપણું મન પસાર થઇ શકે છે.

કયારેક આપણને અજ્ઞાન તકલીફ આપે, કયારેક સંશય, કયારેક નિશ્ચય તો કયારેક ભ્રમ તકલીફ આપે. આ તકલીફના લીધે આપણા ભાવ બદલાતા રહે છે ; સેવામાં પણ, પ્રભુના પદ ગાવામાં પણ, સ્મરણ કરવામાં પણ આ ભાવોને સાત્ત્વિક રાજસ તામસ નિર્ગુણ કહેવામાં આવે છે. નિર્ગુણભાવનો મતલબ શાસ્ત્ર એ જેવી રીતે બતાવ્યું છે તેવી જ રીતે સ્વીકારી લેવું અને આપણા ભાવને ખંડિત પણ ન થવા દેવો. આ બંનેને નભાવવું અઘરૂં છે. તેથી શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીનો ભાવ નિર્ગુણ માને છે અને અન્ય ગોપિકાઓનો ભાવ તામસ-રાજસ-સાત્ત્વિક માને છે.

આ બધા ભાવના રંગોથી આપણે ઠાકોરજીને ખેલાવીએ છીએ. ઠાકોરજી આપણા આ રંગીન ભાવોને સ્વીકારવા તૈયાર છે. તે સ્વીકૃતિના પ્રતિકરૂપે ઠાકોરજી સફેદ વસ્ત્ર ધારણ કરે છે. જુના જમાનામાં જ્યારે કિલ્લાની ઘેરાબંધી થતી ત્યારે જો કિલાવાળા લડવા ન માગતા હોય તો સુલેહનો સફેદ ઝંડો ફરકાવી દેતા. એમ આપણા ભાવોની સાથે સુલેહ (સમાધાન) કરવા માટે ઠાકોરજી સફેદ વસ્ત્ર ધારણ કરે છે કે જે તારા ભાવો હોય તેની સાથે હું સમાધાન કરવા તૈયાર છું. હું આમ તો મારા બ્રહ્મ ભગવાન્ પરમાત્મા હોવાના કિલ્લામાં તો બેઠેલો છું, તમારા ભાવો સાથે લડી પણ શકું છું. તમે બહાર છો હું તો કિલ્લાની અંદર છું. મને જરા પણ નુકશાન થવાનું નથી. પણ તમે જ્યારે તમારા ભાવોનો ઘેરો નાખી રહ્યા છો તો હું સુલેહનો ઝંડો ફરકાવી રહ્યો છું. ઠાકોરજી ચાલીસ દિવસ આપણા ભાવોની સાથે સુલેહ કરે છે કે આપણે ઠાકોરજીને ગાળ પણ આપી શકીએ છીએ કે

''હરિ કારો રી હરિ કારો રી, યે દ્વે બાપન બિચ વારો રી''

આનાથી વધારે ખરાબ ગાળ બીજી કઇ હોઇ શકે છે ! પણ ઠાકોરજી તેને પણ સ્વીકારે છે.

આપણે ત્યાં એક અતિ મધુર નિયમ છે કે જ્યારે ઠાકોરજીને આપણે ગાળ આપીએ છીએ ત્યારે ઠાકોરજીના ચરણ ઢાંકી દેવામાં આવે છે. કેમકે ચરણના દર્શન થવાથી દૈન્ય આવી જાય તો રસાભાસ થઇ જાય. તેથી ખેલાવતા પહેલાં ઠાકોરજીના ચરણ ઢાંકી દેવામાં આવે છે. ગાળ આપવા માટે તો

મુખારવિંદ સારૂં છે. માણસ જો આંખમાં આંખ નાખીને ગાળ ન આપે તો ગાળ ખાવાની ગાળ દેવાની બંને મજા ગઇ. કોઇ આંખ નીચી કરીને ગાળ આપે તો ખાવાની પણ મજા ન આવે. તેથી આપણે ઠાકોરજીના માત્ર ચરણ ઢાંકીને ગાળ સંભળાવીએ છીએ :

''ખરન ભયે અસવાર અહો હરિ હોરી હૈ''

અને એમ પણ કહ્યું છે કે ''જો કહો સો થોરી હૈ''. પ્રભુએ સુલેહ કરી રાખી છે. તેથી આપણા બધા રંગ પ્રભુ સ્વીકારશે. આ પુષ્ટિની પરાકાષ્ઠા છે.

ગયા વરસે સેમિનાર થયો હતો ત્યારે આ જ વાત કહી કે અમે પુષ્ટિમાર્ગના છીએ, જો તમને પુષ્ટિમાર્ગના કોઇ સિદ્ધાંત ઉપર ક્રોધ આવતો હોય તો ભલે ગાળ આપો. તો તે બોલ્યા કે નહીં, નહીં... તો મેં કહ્યું કે અમે તમને કહી રહ્યા છીએ કે જો ગાળ દેવી હોય તો દો. અમે હોળીના ભાવથી સાંભળશું. અમારી સાથે સંકોચ ન કરો કે અમારા મહેમાન થઇને આવ્યા છો તો અમારી આલોચના કેવી રીતે કરી શકાય. જ્યારે આપણી વચ્ચે રાગ-દ્વેષ નથી, સ્નેહ છે... માં પોતાના બાળકોને ધૂર્ત, બદમાશ, ગુંડો કહે તો પણ ન માંના મનમાં દ્વેષ આવે ન બાળકને તેનું માઠું લાગે છે. હું બનારસ ભણવા ગયો ત્યારે ત્યાં મેં એવો માહોલ જોયો કે રસ્તા ઉપર એક છેડેથી કેટલાક લોકો ગાળ દેતા આવે, રસતાના બીજા છેડેથી બીજા લોકો ગાળો દેતા આવે. આપણને લાગે કે હવે મારા-મારી થશે, ખૂન-ખરાબા થઇ જશે. પણ નજીકમાં આવતાં જ બંને લોકો ગળે વળગી પડે ! (ભેટી પડે) ત્યાં દોસ્તીનો સ્વીકાર જ ગાલી-ગલોચથી થાય છે ! આપણા રાજસ્થાનમાં પણ હોરીમાં-શાદીમાં ગાળો ગાવામાં આવે છે. તેથી ગાળ ફકત દ્વેષની જ અભિવ્યક્તિ છે એવી વાત નથી. ગાળ સ્નેહની પણ અભિવ્યક્તિ છે. આપણી આ વૃત્તિને ઠાકોરજીએ સુલેહનો ઝંડો ફરકાવીને સ્વીકારી છે.

હોરીની સાનુભાવતા શેમાં ? આપણે તો ઠાકોરજીને ગાળ આપીએ પણ કોઇ દિવસે ઠાકોરજી આપણને ગાળ આપી દે તે દિવસે આપણી હોળી ફળી ગઇ.

**દ્વિતીયાપાટ :**

દ્વિતીયાપાટના દિવસે ઠાકોરજી આટલી ગાળો ખાધા પછી પોતાની મર્યાદામાં બિરાજી જાય છે. ''દ્વિતીયાપાટ સિંહાસન બૈઠે અવિચલ રાજ તિહારો'' આ દિવસે ઠાકોરજીને પાછા પોતાના પાટ ઉપર બિરાજી જાય છે. હવે ગાળા-ગાળી નહીં ચાલે. હાં, પર્સનલ લેવલ ઉપર ચલાવવી હોય તો ચાલે પણ ઓફિશિયલ લેવલ ઉપર નહીં ચાલે. હોળીમાં તો ઓફિશિયલ ચાલે છે. લગ્નપ્રસંગમાં વેવાઇને આપણે કાયદેસર ગાળ દઇ શકીએ છીએ. પણ તેના પછી જો કોઇ વેવાઇને પોતાના વેવાઇ સાથે એવો સ્નેહ સંબંધ છે તો અંગત રીતે ગાળ દઇ શકે છે પણ સમાજની વચમાં વેવાઇને ગાળ ન દઇ શકાય. આપો તો માઠું લાગી જાય. અને લગ્ન પ્રસંગે વેવાઇ-વેવાણને ગાળ ન સંભળાવી તો લગ્નની મજા શું આવી ! એમ હોળીમાં ગાળ ન દીધી તો હોળીની મજા જ શું ? તો વિચારો કે ઠાકોરજી કેટલા આપણા માપના છે, કેટલી ભકતાધીનતા પ્રકટ કરી રહ્યા છે.

આ સંબંધમાં એક રહસ્ય સમજવા જેવું છે કે ભારત સિવાય ઇસાઇ, યહુદી કે મુસલમાન વગેરે કોઇ પણ ધર્મમાં આરાધ્યને કાંઇપણ ખરાબ કહેવું સંભવ નથી. ખૂન થઇ જાય. આપણે ત્યાં એવું નથી. કેમકે આપણો આરાધ્ય મનુષ્યના લેવલ ઉપર ઉતરવા તૈયાર છે અને આપણે તેના લેવલ ઉપર ચઢવા તૈયાર છીએ. તે બધા ધર્મોમાં ખુદાના પયગંબર ઉતરે પરંતુ ખુદા માણસના લેવલ ઉપર નથી ઉતરતા અને માણસ ખુદાના લેવલ ઉપર ચઢી નથી શકતો. માટે એમને સતત પાપ-કુફ્ર જ દેખાતા રહે છે. આપણે ભગવાન સાથે એટલો ઘનીષ્ઠ ભાવ રાખ્યો છે કે કોઇપણ જાતના સંબંધ પ્રભુની સાથે નિભાવવામાં આપને કુફ્ર કે પાપનો બોધ નથી થતો. પરંતુ ઘનિષ્ઠતાનો બોધ થાય છે. આ તો જે ઠાકોરજીને ઘરમાં પધરાવીને હોળી ખેલાવે એ જ જાણી શકે છે. ગુજરાતીમાં સરસ કહેવત છે ''વન્ધ્યા શું જાણે પ્રસવની પીડ !'' વાંઝણી પ્રસવપીડાને શું સમજે. એમ આપણે પ્રભુની સાથે હોળી ખેલવાનો શું આનંદ છે તે તો ઘરમાં જો ઠાકોરજી પધરાવીએ, હોળી ખેલાવીએ અને ગારી ગાઇએ ત્યારે જ ખબર પડે છે. બાકી તો બધી વાંઝણીઓ જ છે. દર્શનિયા બધા પુષ્ટિમાર્ગની

વાંઝણીઓ છે જે ફક્ત જોઇ જ રહી છે. પણ એમને એ ભગવાનની સાથે ઘનિષ્ઠભાવ ના પ્રસવની પીડામાં જે આનંદ છૂપાયેલો છે તે નથી મળી શકતો.

## શ્રીવલ્લભજયંતી :

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય ઠાકોરજીના મુખારવિંદનું પ્રાકટ્ય છે. જેના કારણે આપણને ભક્તિનું આટલું દિવ્ય રહસ્ય જાણવા મળ્યું છે.

## નૃસિંહ ચતુર્દશી :

આ ઉત્સવનું આપણે ત્યાં ખૂબ જ મહત્ત્વ છે. એટલા માટે નહીં કે આપણા ઠાકોરજીનું સ્વરૂપ નૃસિંહ છે. આપણો ઠાકુર નૃસિંહ નથી. પણ છતાંય શ્રીમહાપ્રભુજીએ સુંદર વિવેચના કરી છે કે પ્રભુ અક્ષરબ્રહ્માત્મક છે આનું પ્રમાણ નૃસિંહનો અવતાર છે. પ્રહલાદ અને હિરણ્યકશિપુની વચ્ચે વિવાદ શું હતો તેમાં ધ્યાન આપો. પ્રહલાદ કહેતો હતો કે ભગવાન સર્વત્ર છે, હિરણ્યકશિપુને આ વાત મંજુર નહોતી. એણે પૂછ્યું કે શું આ થાંભલામાં પણ તારો ભગવાન છે ? પ્રહલાદે કહ્યું કે હા છે. હિરણ્યકશિપુએ ગદા મારી અને થાંભલામાંથી નૃસિંહ પ્રકટ થયા.

શ્રીમહાપ્રભુજી નૃસિંહ અવતારની વિવેચના એવી રીતે કરી છે કે આ તો પ્રમાણ છે કે પ્રભુ સર્વવ્યાપી છે. એવું તો કાંઇ નહોતું ને કે એ થાંભલો પોલો હતો અને ઠાકોરજી નૃસિંહ બનીને એમાં સંતાઇ ગયા હોય. હિરણ્યકશિપુ પણ એટલો તો બેવકૂફ નહોતો. પણ ઠાકોરજી જેમ થાંભલામાંથી પ્રકટ થયા તે આ વાતનું પ્રમાણ છે કે આપણું સેવ્ય સ્વરૂપ શિલાનું હોય, ધાતુ, રત્ન, વસ્ત્ર, લગાવ કે કાષ્ઠનું હોય તેમાં અક્ષરબ્રહ્મના રૂપમાં તો પ્રભુ હાજર છે જ. અને આપણે જો આપણા સેવ્યમાં પ્રહલાદ જેવો ભાવ રાખતા હશું કે બ્રહ્મ અહીં છે તો ખાસ આપણા માટે પ્રભુ ત્યાં પ્રકટ થઇ શકે છે. તેથી શ્રીમહાપ્રભુજીએ સેવ્યસ્વરૂપના નિરૂપણનાં પ્રસંગમાં આ જ વાત સમજાવી છે કે નૃસિંહ જેમ પ્રહલાદના માટે પ્રકટ થયા તે થાંભલામાં હતા નહીં અને પ્રકટ થયા એવી વાત નથી. થાંભલામાં હતા જ, પણ પ્રહલાદની પ્રતિજ્ઞા હતી (નિશ્ચય હતો) કે થાંભલામાં પણ ભગવાન છે તેથી તેની પ્રતિજ્ઞા સત્ય કરવા માટે થાંભલામાંથી

પ્રકટ થઇને પ્રભુએ બતાવ્યું. આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન સર્વત્ર છે તો પણ ''એનં ઉદ્ધરિષ્યામિ ઇતિ તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતો''. જ્યારે ભકત પોતાના ભગવાનનું ચયન (પસંદગી) કરે કે મારે ભગવાનને આ રૂપમાં ભજવા છે ત્યાં ''આ ભક્તનો મારે ઉદ્ધાર કરવો છે.'' આવા સંકલ્પની સાથે પ્રભુ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે.

સામાન્યતયા લોકો નૃસિંહ અવતારની કથામાં ભાર તેના ઉપર આપતા હોય છે કે આપ હિરણ્યકશિપુને મારવા માટે પ્રકટ થયા. પણ વિચાર કરો કે હિરણ્યકશિપુને મારવા માટે ભગવાનને પ્રકટ થવાની જરૂર છે શું ! આખી સૃષ્ટિને જે સંકલ્પમાત્રથી પ્રકટ કરી કરી શકે છે અને સંકલ્પમાત્રથી સૃષ્ટિને પોતાનામાં લીન કરી શકે છે તેને હિરણ્યકશિપુને મારવા માટે પ્રકટ થવું પડે ! આવી તેને જરૂર જ નથી. પ્રભુ એના માટે પ્રકટ નથી થયા. પ્રભુ પ્રકટ થયા છે પ્રહલાદના વચનને સત્ય કરવા માટે. આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે નૃસિંહાવતાર પ્રભુએ પોતાની અક્ષરાત્મકતાથી પુરુષોત્તમતા પ્રકટ કરી તેનો અવતાર છે. માટે નૃસિંહ જયંતી પુષ્ટિમાર્ગને માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઉત્સવ છે. જેના ઘરમાં ઠાકોરજી બિરાજી રહ્યા છે એને આ સંદેશો નૃસિંહજી આપી શકે છે.... હિરણ્યનો અર્થ છે સોનું અને કશિપુનો અર્થ ઓશિકુ. હિરણ્યકશિપુનો અર્થ સોનાને માથાની નીચે રાખીને સૂવાવાળો. આવા હિરણ્યકશિપુઓને ભગવાન સર્વત્ર નથી દેખાતા. એમને તો માથાની નીચે જ ભગવાન દેખાતો હોય છે કે ભગવાન તો બસ અહીં જ છે. ભગવાનનું સર્વત્ર દર્શન તો જે પ્રહલાદ હોય તેને જ થાય છે.

મુંબઇમાં અમારા મોટા મંદિરમાં રજોબાઇ ક્ષત્રાણિના બાલકૃષ્ણલાલ બિરાજે છે. અને રાજા આશકરણના અને વાઘાજી રાજપૂતના ઠાકોરજી આજુ-બાજુ બિરાજે છે. જુના જમાનાથી બાલકૃષ્ણજીની ઝારી સોનાની છે. અને બાકી બધાની ચાંદીની છે. વૈષ્ણવો મુખિયાજીને કહે કે અમને ચાંદીની ઝારીમાંથી નહીં, સોનાની ઝારીમાંથી પ્રસાદી જલ આપો. મુખિયાજી પણ પાછા સોનાની ઝારીના જલની કિંમત ઉંચી રાખે છે. ચાંદીની ઝારીના જલની કીંમત એક રૂપીયો અને સોનાની ઝારીના જલની કીંમત પાંચ રૂપીયા. એમાં

પણ પાછી મુખિયાઓની વચ્ચે હરીફાઇ ચાલતી. નાના મુખિયા કહેતા કે મોટા મુખિયા જ તમને સોનાની ઝારીનું જલ આપી શકે એવો કાંઇ નિયમ નથી. અમે પણ તમને સોનાની ઝારીનું જલ આપી શકીએ છીએ. હકીકત ખરેખર ત્યાંની એ છે કે બધા ઝારીજીનું જલ એક તાંબાની મટકીમાં ઠાલવવામાં આવે છે. ઠાલવ્યા પછી તેનું જલ ન સોનાની ઝારીનું રહે કે ન ચાંદીના ઝારીનું.

પુષ્ટિમાર્ગમાં આવી જાતના કેવા-કેવા કૌભાંડ ચાલે છે કે જેની શ્રીમહાપ્રભુજીને કલ્પના પણ નહીં આવી હોય તે હું તમને બતાવું છું કે નવ્વાણું ટકા વૈષ્ણવોને મઠડી-મોહનથાળમાં જ ઠાકોરજીના પ્રસાદ હોવાનો ભાવ હોય છે, ઝારીના જલમાં પ્રસાદ હોવાનો ભાવ નથી હોતો. એ તો મંદિરોના પનારામાં ઢોળી નાખવામાં આવે છે. નહીંતર જુની રીત એવી હતી કે ઝારીનું પ્રસાદી જલ એક મથનીમાં ઠાલવવામાં આવે પછી તે મથનીનું જલ આપણે જેમાંથી જલ પીતા હોઇએ તે મથનીમાં ઠાલવી દેવામાં આવે. આપણા ઠાકોરજીનું પ્રસાદી જલ આપણે આગ્રહથી લેવું જોઇએ. પણ દુર્ભાગ્ય છે કે લોકો મઠડી-મોહનથાળમાં પ્રસાદનો અતિશય ભાવ છે પણ ઝારીના જલમાં પ્રસાદનો ભાવ નથી, હિરણ્યકશિપુવાળો ભાવ છે. સર્વત્ર પ્રભુ બિરાજી રહ્યા છે, બધું જ કાંઇ પ્રભુનો પ્રસાદ છે એવો ભાવ આપણને નથી, જેમાં આપણને સ્વાદ આવે છે એ મઠડી-મોહનથાળમાં જ આપણને કીડી-મકોડાની જેમ પ્રસાદનો ભાવ આવે છે. કીડીઓને ગોળમાં ભાવ રુઢ હોય છે એમ આપણી અંદર મીઠાઇમાં જ પ્રસાદનો ભાવ રુઢ થઇ ગયો છે. ઠાકોરજીની સેવામાં વિનિયોગમાં આવેલી વસ્તુમાં પ્રસાદનો ભાવ નથી. પ્રસાદનો ભાવ ન હોઇને પ્રસ્વાદનો ભાવ આપણી અંદર ભરાઇ ગયો છે. આ આપણા અંદર બેઠેલો હિરણ્યકશિપુ છે. પણ પ્રહલાદ આપણને પ્રેરણા દઇ રહ્યો છે કે પ્રભુને આપણે સર્વત્ર જોવા જોઇએ. મઠડી-મોહનથાળમાં જ ન જોવા જોઇએ. હિરણ્યકશિપુઓએ પુષ્ટિમાર્ગમાં એવો ઉલ્ટો ક્રમ ચલાવી દીધો છે. નહીંતર તો ઠાકોરજીની ઝારીનું જલ પણ એટલોજ ઉત્તમ પ્રસાદ છે જેટલો ઉત્તમ પ્રસાદ મઠડી-મોહનથાળ છે. આપણને મઠડી-મોહનથાળ સાથે કોઇ દ્વેષ નથી. પણ ઝારીના જલને નીચી કક્ષાનો પ્રસાદ સમજીને મઠડી-મોહનથાળને ઉત્તમ પ્રસાદ

માનવો આ તો પુષ્ટિમાર્ગમાં મહાન્ ઘૃણિત કૃત્ય છે. આનાથી વધુ ઘૃણિત કામ બીજું કોઇ હોય જ નથી શકતું. પ્રભુ કહે છે : ''પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ, તદ્ અહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ''. પત્ર ફૂલ ફલ જલ જે કાંઇ પણ મને ભક્તિપૂર્વક સમર્પિત કરો છો તો હું તેને સ્વીકારૂં છું. અને મઠડી–મોહનથાળ ધરતા પહેલાં પોતાને ખાવાનો ભાવ જાગ્યો તો ઠાકોરજી તેને આરોગતા નથી. અને આ સહજસંભવ છે કે ઝારીનું જલ કેમકે તમે ફકત ઠાકોરજીના આરોગવાના ભાવથી ધર્યું છે તેથી ઠાકોરજી ફકત ઝારીનું જલ જ આરોગતા હોય. ઠાકોરજી વિચારતા હશે કે આ તો શુદ્ધ મારા માટે જ ધરવામાં આવ્યું છે. આ હું તમને રાજસભાવની વાત કરી રહ્યો છું. ભોગ ધરવામાં આપણો રાજસભાવ હોઇ શકે છે અને ઝારી ભરવામાં સાત્ત્વિક ભાવ હોય ! આથી પ્રભુ પણ કદાચ ઝારી પહેલાં આરોગતા હશે અને મઠડી–મોહનથાળ એમ વિચાર કરીને આરોગતા જ ન હોય કે ધરવાવાળોનો ભાવ આમાં બગડેલો છે તો હું શા માટે આરોગું ! આ પુષ્ટિમાર્ગની દુર્દશા છે. આપણે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતને સમજી ન શકયા. આપણે નૃસિંહ ચતુર્દશીનો ઉત્સવ સરખી રીતે નથી મનાવતા એનું આ પ્રમાણ છે. નૃસિંહ ચતુર્દશી પ્રત્યેક પુષ્ટિમાર્ગીને મનાવવી જોઇએ.

''યહ વ્રત માધવ પ્રથમ લિયો,
જો મેરે ભક્તનકો દુઃખ દે તાકો ફારોં નખન હિયો''

ભકતની પ્રધાનતા પ્રભુએ નૃસિંહ ચતુર્દશીના દિવસે પ્રકટ કરી છે. ભકતાધીનતા પ્રકટ કરી છે. એક ભકતના ઉદ્ધારને માટે પ્રભુએ નૃસિંહાવતાર લીધો છે. તમે ફરી વિચારો કે નૃસિંહ ચતુર્દશીમાં બાલભાવ કયાં છે ! પણ છતાંય આપણે નૃસિંહ ચતુર્દશી મનાવીએ છીએ કે નહીં !

એક રહસ્યની વાત કહું કે પ્રાચીન દરેક ગોસ્વામીના ઘરમાં નૃસિંહનો પ્રાદુર્ભાવ કરવા માટે ઠાકોરજીની સાથે એક નૃસિંહ શાલિગ્રામ બિરાજે જ છે. શાલિગ્રામના છત્રીસ પ્રકાર હોય છે, એમાંથી એક પ્રકાર નૃસિંહ શાલિગ્રામ હોય છે. અમારા ઘરમાં પણ નૃસિંહ શાલિગ્રામ બિરાજે છે. કિલામાં પણ બિરાજે છે. દરેક પ્રાચીન ઘરમાં નૃસિંહ શાલિગ્રામ બિરાજે છે.

નૃસિંહ જયંતીના દિવસે નૃસિંહ શાલિગ્રામને પંચામૃત, પૂજન થાય. ઠાકોરજી તો વસ્ત્ર-શૃંગાર ધરીને સિંહાસન ઉપર બિરાજતા હોય છે, એમને પંચામૃત નથી થતા. એથી ઠાકોરજીની ગોદમાં બિરાજેલા નૃસિંહજીને પંચામૃત ઠાકોરજીના ભાવથી થાય છે. પંચામૃતમાં નૃસિંહજીના પ્રાકટયની ભાવના કરીને નૃસિંહજી ઠાકોરજીની પાસે બિરાજે. ત્યારે ઠાકોરજી અને નૃસિંહજીને એકવત્ માનીને તિલક-આરતી-ભોગ વગેરે બધું સમર્પવામાં આવે છે.

નૃસિંહ ચતુર્દશીના દિવસે જેમ નૃસિંહ શાલિગ્રામને પંચામૃત થાય છે. પ્રબોધિનીના દિવસે સાદા શાલિગ્રામજીને પંચામૃત થાય છે. તે પણ લગભગ બધા ઘરોમાં બિરાજતા હોય છે. ગોવર્ધનપૂજાના દિવસે ગિરિરાજજીનું પૂજન થાય છે. વામન દ્વાદશી અને રામનવમીના દિવસે એકદમ નાના લડ્ડુગોપાલજીનું પૂજન થાય છે. વામન દ્વાદશી અને રામનવમીના દિવસે એકદમ નાના લડ્ડુગોપાલજીનો જન્મોત્સવ કરીને ઠાકોરજીની પાસે પધરાવવામાં આવતા. અને જન્માષ્ટમીના દિવસે બે વખત પંચામૃત થાય છે. જન્મદિનનું સવારનું પંચામૃત મુખ્ય ઠાકોરજીને થાય છે. અને જન્મનું પંચામૃત મુખ્ય ઠાકોરજીને ન કરીને ગોદમાં જે લડ્ડુગોપાલ બિરાજતા હોય એમને થતું. તો નૃસિંહ શાલિગ્રામ, સાદા શાલિગ્રામ, ગિરિરાજજી અને નાના લડ્ડુગોપાલ આટલા ગોદના ઠાકોરજી લગભગ બધા ઘરમાં બિરાજતા હોય છે.

હવે વિચાર કરો કે જો આપણે ત્યાં ફકત બાળલીલાનો જ ભાવ હોત તો આ ચાર જયંતી કેવી રીતે મનાવાત, પ્રબોધિની કેવી રીતે મનાવાત. નૃસિંહ જયંતીને તો વ્રજલીલા સાથે કાંઇ લેવા-દેવા નથી. પણ આ બ્રહ્મલીલા છે. બ્રહ્મ સર્વ કાંઇ બન્યો છે તેથી બ્રહ્મ કાંઇપણ બની શકે છે. આ વાતની દુહાઇ નૃસિંહાવતાર આપે છે. માટે શ્રીનાથજીની પીઠિકામાં નૃસિંહજી બિરાજે છે. તેની ભાવના પણ આ બતાવવામાં આવી છે કે શ્રીનાથજી પુરુષોત્તમ છે તો નૃસિંહજી અક્ષરબ્રહ્મ છે. ગયા વખતે મેં તમને આ વાત સમજાવી હતી કે ઠાકોરજી જ્યાં બિરાજે છે એમનું એ ધામ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ પણ પાછા ઠાકોરજી પોતે જ બન્યા છે. આપણે ત્યાંની સેવાભાવનામાં ઠાકોરજીનું સિંહાસન, ગાદી, વ્રજ, વૈકુંઠ અને જો આપણે સ્મરણ કરી રહ્યા છીએ તો

આપણું હૃદય પણ અક્ષરબ્રહ્મ સ્થાની છે. અક્ષરમાંથી પુરુષોત્તમ પ્રકટ થઇ શકે છે. જેમ આકરા તડકામાં રૂ રાખેલું હોય તો રૂ બળશે નહીં પણ બીલોરીકાચ રૂના ઉપર રાખો અને તેમાંથી તડકાને રૂ ઉપર નાખો. રૂ તુરત જ બળવા લાગશે. કેમ? બીલોરીકાચ ફેલાયેલી ધૂપની કિરણોને કોન્સ્ટ્રેટ (એકત્રિત) કરી દે છે. જેથી તેની તીવ્રતા વધી જાય છે અને તે રૂને બાળી નાખે છે. એમ, ભકતનો ભાવ જો તીવ્ર છે તો પુરુષોત્તમને પ્રકટ કરવા માટે તે આઇગ્લાસના સ્થાને આવી જાય. તમારો ભાવ છે કે મારે પ્રભુને ભજવા છે તો અક્ષરબ્રહ્મમાં પુરુષોત્તમને પ્રકટ કરી શકો છો. જો ભાવ નથી તો તે અક્ષરબ્રહ્મ તો છે જ પણ એમાં પુરુષોત્તમ પ્રકટ નથી થઇ શકતો. નૃસિંહ ચતુર્દશી આપણને આ રહસ્યને સમજાવનાર ઉત્સવ છે. એટલા માટે પુષ્ટિમાર્ગમાં નૃસિંહ ચતુર્દશીનું અસાધારણ મહત્ત્વ છે. વ્રજલીલામાં નૃસિંહ નથી તો નથી પણ વ્રજ જો અક્ષરાત્મક છે અને કૃષ્ણ પુરુષોત્તમ છે તો તેનું ડેમોસ્ટ્રેશન્ (પ્રત્યક્ષ પ્રમાણ) નૃસિંહજીએ આપ્યું છે, તેનો સિદ્ધાંત નૃસિંહજીએ જ સ્થાપ્યો છે.

આવી જ રીતે શ્રીરામ જયંતીનું પણ આપણે ત્યાં એટલું જ મહત્ત્વ છે. રામ મર્યાદાના રૂપમાં પ્રકટ થયા હતા છતાં પણ ભકતને માટે એમણે પોતાની મર્યાદા તોડી; સીતાજી માટે રૂદન કરવામાં, શબરીના એંઠા બોર ખાવામાં, વાલીને મારવામાં, અયોધ્યાવાસીઓને સ્વધામમાં લઇ જવામાં. આમ તો રામ મર્યાદાપુરુષોત્તમ છે. મર્યાદા એમનો સ્થાયીભાવ છે અને પુષ્ટિ સંચારી ભાવ છે. અને આપણા કૃષ્ણમાં પુષ્ટિ સ્થાયીભાવ છે અને મર્યાદા સંચારીભાવ છે. જ્યારે મર્યાદાનો આવેશ કૃષ્ણને આવી જાય છે ત્યારે આપ મર્યાદાનું પાલન એકદમ પ્રમાણિકતાથી કરવા લાગી જાય છે. રામ અને કૃષ્ણ આ પ્રકારથી એક-બીજાના પૂરક આધાર છે. ગમે તો સરખામણી કરો ગમે તો વિરોધી કરો. જેમ રામ સીતાજી માટે એવા રડયા કે જેમ કોઇ સાધારણ પતિ પોતાની પત્નીને માટે રડતો હોય. પણ કૃષ્ણ કયારેય કોઇ ગોપીના માટે કે સ્વામિનીજીના માટે રડયા નથી. બધી તેમના માટે રડી, તેઓ કોઇ માટે નથી રડયા. રામના એક છે અને કૃષ્ણની સોળ હજાર છે. દરેક વાતમાં રામથી વિરૂદ્ધ કૃષ્ણ છે. રામ કયારેય રણ છોડતા નથી, કૃષ્ણને રણ છોડીને ભાગી જવામાં

કોઇ તકલીફ નથી. ડરપોક હોવાને લીધે તે રણ નથી છોડતા. લડી શકે છે, મારી શકે છે તો પણ રણ છોડી દે છે. રામે વાલીના સંદર્ભમાં વ્યાઘની લીલા કરી ત્યારે વાલીએ પૂછ્યું કે ''મૈં બેરી સુગ્રીવ પિયારા કારણ કવન નાથમોહિ મારા !''. એમણે કહ્યું કે બસ આટલી જ વાત છે ! ચાલ તું પણ મને વ્યાઘ (શિકારી)ની જેમ મારી લેજે, બસ! આવા બીજા પણ વિરોધાભાસ આ બંનેની લીલામાં છે. પણ છતાંય આ બંનેની આવશ્યકતા આપણને ભક્તિમાં છે. કેમ કે જો માહાત્મ્ય ન હોય તો ભક્તિ થઇ નથી શકતી. માહાત્મ્યજ્ઞાન મર્યાદા છે અને સુદઢ સર્વડતોધિક સ્નેહ ન હોય તો પણ ભક્તિ નથી થઇ શકતી. અને તે પુષ્ટિ છે. એમ મર્યાદા અને પુષ્ટિ બંને આવશ્યક છે. ઠાકોરજીન જમણો ચરણ મર્યાદાભક્તિનો છે અને ડાબો ચરણ પુષ્ટિભક્તિનો છે. આમ આપણા ઠાકોરજીના ચરણ પણ બંને પ્રકારના છે, ઠાકોરજીની દષ્ટિ પણ ઉભયવિધ છે, ઠાકોરજીના આકાર્ય (આમંત્રણીય) ભકત પણ મર્યાદા અને પુષ્ટિ બંને છે.

શ્રીનાથજીની પીઠિકાની ભાવનામાં એમ બતાવ્યું છે કે કટિ ઉપર જે શ્રીહસ્ત છે તેનાથી પોતાના ભક્તોને વશમાં કરી રાખ્યા છે અને ડાબા હસ્તથી આપ ભક્તોને બોલાવી રહ્યા છો. ઘણા લોકોને એવી ભ્રાન્ત ધારણા છે કે શ્રીનાથજી ગોવર્ધનને ધારણ કરનારું સ્વરૂપ છે. ગોવર્ધનની તો કંદરામાં આપ ઠાડા છે. ગોવર્ધનધારણનું સ્વરૂપ શ્રીજીનું નથી. આપ કંદરામાં ઉભા રહીને ભકતોને બોલાવી રહ્યા છે. આપનો ડાબો શ્રીહસ્ત પુષ્ટિનો છે. હોરીની વાત હું કરી રહ્યો હતો. તેમાં આવે છે કે ''એંઠત હો ગજબ ગોવર્ધન ઉઠાયે કહા !'' આપે ગોવર્ધન પર્વત ઉઠાવ્યો તેમાં કયો મોટો જંગ જીત્યો ! આપ પર્વત કેમ ઉઠાવી શકયા તેનું રહસ્ય હું તમને બતાવું કે આપે ડાબા શ્રીહસ્તથી પર્વત ઉઠાવ્યો હતો. અને આપનું ડાબુ અંગ તો શ્રીસ્વામિનીજીનું છે! ''વામ અંગ નીકે વૃષભાનનન્દનીકો હૈ''. આપને શક્તિ તો વૃષભાન નન્દીનીની મળી હતી ! આ ગાળ છે. અને ભગવાન સુલેહ કરીને ગાળ ખાય છે કે હાં, ઠીક છે, ચાલશે. તો આ રહસ્યને સમજો કે ઠાકોરજીના ભકત મર્યાદા પણ છે અને પુષ્ટિ પણ છે. ફકત પુષ્ટિનું ફિકસેશન્ આપણે નથી રાખવાનું આ તો આપણા ઠાકોરજીનું

સ્વરૂપ જ બતાવી રહ્યો છું. માટે શ્રીરામ અને કૃષ્ણ બંને મળીને પુષ્ટિભકિત બની રહી છે. પણ સેવાનો જ્યાં સુધી સવાલ છે, આપણે ફકત રામનવમી અને દશેરાના દિવસે રામલીલા ગાઇએ છીએ બાકી આપણે વ્રજલીલા ગાઇએ છીએ. કારણકે સેવામાં પ્રભુ સેવકની મર્યાદા સ્વીકારી રહ્યા છે. આપણે જો પ્રભુની મર્યાદા સ્વીકારીને સેવા કરવા જશું તો સેવા નભી જ નહીં શકે. કેમકે પ્રભુની મર્યાદા તો સેવામાં શાસ્ત્રે બતાવી છે. એ મર્યાદા અનુસાર સેવા કરવાનું સામર્થ્ય ન તો બધાનું હોઇ શકે છે અને ન બધાને તેની સુલભતા હોઇ શકે છે અને નભાવી પણ નથી શકાતી. આથી શ્રીમહાપ્રભુજીએ આપણા ઉપર કેટલી મોટી કૃપા કરી, આપણે શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ શા માટે મનાવી રહ્યા છીએ તે આપને સમજાવી રહ્યો છું. કે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઇને આપણને એ બતાવ્યું કે મર્યાદા આપણે તોડવાની નથી પણ સેવાના ક્રમમાં સેવકની મર્યાદા ઠાકોરજી નિભાવશે. આપણે ઠાકોરજીની મર્યાદાથી સેવા નથી કરવાની.

જ્યાં સુધી ભકિતનો પ્રશ્ન છે, ભક્તિની અંતર્ગત સેવા છે, સેવાની અંતર્ગત ભક્તિ નથી. જેમ એક કબાટ છે. તેની અંદર ખાના છે. એમ ભક્તિ એક કબાટ છે. તેની અંદર સેવાનું એક ખાનું છે, કથાનું એક ખાનું છે, એક સ્વધર્માચરણનું ખાનું છે એમ કેટલાય ખાના છે. સેવાના ખાનામાં ભક્તિ નથી. ભક્તિની અંદર સેવા છે. ભક્તિમાં માહાત્મ્યજ્ઞાન મર્યાદા છે અને સ્નેહપુષ્ટિ છે. તેના અંતર્ગત નિત્યસેવાક્રમ સ્નેહની પ્રધાનતાથી છે, મર્યાદાની પ્રધાનતાથી નથી. પ્રભુ આપણી મર્યાદા સ્વીકારી રહ્યા છે કે તું બ્રાહ્મણ છો તો હું પણ બ્રાહ્મણ છું, તું ક્ષત્રિય છો તો હું પણ ક્ષત્રિય છું. તું ધનવાન છો તો હું ધનવાન છું, તું નિર્ધન છો તો હું પણ નિર્ધન છું.

ચૈતન્ય સંપ્રદાયમાં એક વાર્તા છે કે ઠાકોરજીએ કોઇ તાદશી વૈષ્ણવને સ્વપ્ન આપ્યું કે મારૂં સ્વરૂપ અમુક વૃક્ષની નીચે છે. તું પધરાવ. તે ત્યાં ગયો અને તેને સ્વરૂપ મળ્યું. તે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરતો હતો. તેણે ભિક્ષા જે મળતી તે ઠાકોરજીને ભોગ ધરવાનું શરૂ કર્યું. એક દિવસ ઠાકોરજીએ તેને કહ્યું કે તારૂં ભિક્ષાનું ભોજન મને નથી ભાવતું. તો તેણે કહ્યું કે તો પછી આપ કોઇ એવાને ત્યાં પધારો કે જે આપને ભીખ માગ્યા વગરનું ભોગ ધરે.

મારી પાસે તો બીજી કોઇ આના સિવાય આજીવિકા નથી. તેણે એમ ન કહ્યું કે તમારે સારૂં-સારૂં આરોગવું હોય તો મને ધન આપી દો. ઠાકોરજીએ કહ્યું કે હું બીજાની પાસે નહીં જાઉં, તારી પાસે જ રહીશ. મારે સારૂં-સારૂં નથી આરોગવું. તને જે ભીખ મળે છે તે આપણે બેઉ ખાઇશું. આ પુષ્ટિ છે. આપણે ત્યાં પણ આવા ચરિત્ર (પદ્મનાભદાસ-કિશોરીબાઇ વગેરેના) વર્ણવાયેલા છે.

જેમ મેં કહ્યું કે શ્રીરામ ક્યારેક-ક્યારેક મર્યાદા તોડે છે અને કૃષ્ણ ક્યારેક-ક્યારેક મર્યાદા પાળે છે. શ્રીકૃષ્ણ કેમકે ક્યારેક ક્યારેક મર્યાદા પાળે છે માટે આપણે ચાર જયંતી ઠાકોરજીની મનાવીએ છીએ. ઠાકોરજીની મર્યાદા નિભાવવા માટે. આપ રામ તરીકે પ્રકટ થયા છો, આપ નૃસિંહ-વામન તરીકે પ્રકટ થયા છો તેથી શાસ્ત્રવિધિ મુજબ પંચામૃત સ્નાનપૂર્વક ઠાકોરજીનું પૂજન તે દિવસોમાં કરાવીએ છીએ. નિત્યક્રમમાં આપણે પૂજનના અંગને પ્રધાન ન રાખીને સ્નેહપ્રધાન સેવા રાખી છે.

## અક્ષયતૃતીયા :

ઉત્સવક્રમમાં આપણે કાલે વસંતથી ગ્રીષ્મ ઋતુના ઉત્સવ સુધી આવ્યા. ગ્રીષ્મ ઋતુના ઉત્સવમાં અક્ષયતૃતીયા શાસ્ત્રીય-પૌરાણિક ઉત્સવ છે. યુગાદિ તિથિછે. પુષ્ટિમાર્ગ સાથે અક્ષયતૃતીયા બે પ્રકારથી જોડાયેલ છે. શાસ્ત્રીય રીતથી તો આપણે મનાવીએ જ છીએ. સાથે-સાથે શ્રીનાથજીનો પાટોત્સવ શ્રીમહાપ્રભુજીએ પૂરનમલ્લ ક્ષત્રીયના મનોરથથી દેવાલયમાં કર્યો. પણ આ પુષ્ટિમાર્ગમાં મનાવવામાં આવતો શ્રીનાથજીનો પાટોત્સવ નથી. પણ ઐતિહાસિક પાટોત્સવ છે. આ વાતને હું ઘણી વખત પ્રવચનમાં દોહરાવી ગયો છું. કે શ્રીનાથજી ઘણા સમય પછી શ્રીગુસાંઇજીના ઘર-સતઘરામાં પધાર્યા, ફાગણ વદી સાતમના દિવસે, અને નૃસિંહ ચતુર્દશી સુધી શ્રીનાથજી દેવાલય છોડીને શ્રીગુસાંઇજીના ઘરમાં બિરાજ્યા. આ વાતને માટે શ્રીવ્રજરાયજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં આનાથી મોટો ઉત્સવ બીજો કોઇ હોઇ જ ન શકે. તો, આ રીતથી પણ અક્ષયતૃતીયા પુષ્ટિસંપ્રદાય સાથે જોડાયેલી છે. સાથે-સાથે આ દિવસોમાં ગ્રીષ્મ ઋતુ તેના પૂરા જોરથી એકદમ ચઢી જાય છે. તેથી આપણે આ દિવસોમાં ઠાકોરજીને ચંદન ધરાવીએ છીએ. ઘણા બધા દક્ષિણના

મર્યાદામાર્ગીય મંદિરોમાં ઠાકોરજી બારેમાસ ચંદન ધરે છે. અને તે પણ એવી રીતથી ચંદન ધરે કે જાણે ચંદનના વસ્ત્ર ધર્યા હોય. આપણા પુષ્ટિમાર્ગમાં ચંદન ધરાવવાની આપણી પદ્ધતિ છે. એક તો આપણે બારેય માસ ચંદન ધરાવતા નથી. ગ્રીષ્મઋતુમાં ઠાકોરજીની પાસે ચંદન પધરાવવામાં આવે છે. પણ ધરાવીએ તો ફકત અક્ષયતૃતીયામાં જ. તેમાંય પણ આપણા ઠાકોરજીના શ્રીહસ્ત, ચરણ, વક્ષસ્થલ અને મસ્તક જે માપના હોય તે માપની ચંદનની ગોળીઓ બનાવીને એમને ધરાવીએ છીએ. આખા શ્રીઅંગ ઉપર ચંદનનો લેપ નથી કરતા. મૂર્તિપૂજામાં તો વિહિત છે તેથી મર્યાદામાર્ગમાં તેવું કરવામાં આવે છે.

## ચંદન સમર્પવાનો પ્રકાર :

આપણે ત્યાં ચંદન ઠાકોરજીને ત્રણ પ્રકારથી ચઢાવવામાં આવે છે. સૌથી પહેલો પ્રકાર વસન્ત ઋતુનો તમને બતાવ્યો કે જ્યારે આપણે ઠાકોરજીને ચંદનથી ખેલાવીએ છીએ. સામાન્યતયા મર્યાદામાર્ગમાં ચંદનમાં આંગળી બોળીને તેના છાંટા ઉડાડવામાં આવે છે. આ ચંદનથી કરવામાં આવતી પૂજા છે. આપણે વસન્તઋતુમાં ચંદનથી પૂજા નથી કરતાં, ખેલાવીએ છીએ. ખેલાવવું એટલે ઠાકોરજીના વસ્ત્રને ચંદનના રંગથી ચિતકબરા બનાવવા, સજાવવા. સ્વરૂપ આપણને જેવો અવકાશ આપે તે પ્રકારથી ખેલાવીએ છીએ. શ્રીહસ્ત, વક્ષ, પાગ ઉપર ચંદનના ટપકાઓ લગાડવામાં આવે છે, છાંટા નથી ઉડાડાતા. કેમકે આ પૂજા નથી. પછી તે ટપકાઓની ઉપર ગુલાલના, આસપાસ ચોવાના ટપકાઓ લગાવવામાં આવે તેમાં ખેલાવવાવાળાની જેવી ઇચ્છા હોય ખેલાવી શકે છે. મૂળ હેતુ એ છે કે ચારેય રંગથી ઠાકોરજીને ચિતકબરા બનાવવાના છે, વિવિધ રંગથી રંગવા છે જેથી કે એક જ રંગ વસ્ત્ર ઉપર ન દેખાય.

પહેલાં ઠઠાનો અબીર આવતો હતો. સફેદ અબીર પહેલાં સિંગોડાનો બનતો હતો. ઠઠાનો અબીલ સુગંધ માટે આવે છે, રંગના રૂપથી તે નથી આવતો. રંગની સાથે ઠાકોરજીને સુગંધ પણ આવે તેના માટે ઠઠાનો અબીલ આવતો હતો. તેની અંદર કપૂરકાચલી જેવી વસ્તુઓ મેળવવામાં આવે છે. જો

ઠાકોરજીના ખેલેલા વસ્ત્ર આપણે સંભાળીને રાખીએ તો એક-એક વરસ સુધી પણ તેની મહેક તેમાં રહે છે. હું મોટેભાગે ઠાકોરજીના ડોલના દિવસે ધરેલા વસ્ત્રને સાથે રાખું છું. બહારગામ જઇએ તો કમસેકમ ઠાકોરજીની મહેક તો આપણને મળે. બીજા રંગોથી પણ ઠાકોરજી ખેલે છે. સામાન્યતયા ખેલની શરૂઆતના દિવસોમાં ચાર રંગથી ઠાકોરજી ખેલે છે. બીજા રંગોથી ઠાકોરજી હોરીડંડા રોપવામાં આવે ત્યાર પછીના દિવસોમાં ખેલે છે. જેમ રસિયા ગાવાની બાબતમાં છે. શરૂઆતના દિવસોમાં ફકત વસંત રાગ ગવાય. પણ ત્યાર પછીના દિવસોમાં બીજા રાગોની છૂટ થઇ જાય છે.

તો એક ચંદન સમર્પવાનો પ્રકાર ચંદનથી ખેલવવાનો છે. બીજો ઠાકોરજીને ચંદનથી ચર્ચિત કરવાનો પ્રકાર મોટા ઉત્સવમાં હોય છે. તે પ્રકાર ખાસ કરીને શ્યામ સ્વરૂપને થાય છે. તેમાં ઠાકોરજીના ગાલની બંને બાજુ ચંદનથી કમલપત્ર કરવામાં આવે છે. શલાકાને ચંદનમાં બોળીને કમલના ત્રણ પતા બનાવવામાં આવે છે. અને તેના પછી ગોળાઇવાળી ડાળી બનાવવામાં આવે છે. આના બે પ્રકાર હોય છે. એક તો કમલપત્ર અને બીજો મરવટ કહેવામાં આવે છે. મરવટ પ્રબોધિનીના દિવસે થાય છે.

આપણા ઠાકોરજી તો ગૌર છે તો કસ્તૂરી અથવા કંકુથી કમલપત્ર-મરવટ થાય છે. ગૌર સ્વરૂપને ચંદનથી મરવટ નથી થતા. શ્યામ સ્વરૂપ ઉપર તો ચંદની રંગ ખિલે છે, ગૌર ઉપર નથી ખિલતો. તેથી કસ્તૂરી કે કંકુથી કમલપત્ર ઉત્સવ ઉપર થાય છે.

આના સિવાય જ્યારે-જ્યારે પંચામૃત અને પૂજાનો પ્રકાર હોય ત્યારે-ત્યારે ચંદનથી ઠાકોરજીની પૂજા થાય છે. જેમ, ચાર જયંતી, પ્રબોધિની અને ગોવર્ધન પૂજા. આ પૂજા શાસ્ત્રવિધિના અનુસાર થાય છે. આ વખતે મર્યાદાવિધિ મુજબ આંગળી ચંદનમાં બોળીને થોડા છાંટા વસ્ત્ર-ફૂલ-માલા ઉપર ઉડાડવામાં આવે છે.

ઠાકોરજીને જ્યારે અભ્યંગ સ્નાન થાય તે વખતે પણ ચંદનનો ઉપયોગ થાય છે. આજે આપણે જે સાબુથી નહાઇએ છીએ તે સફાઇ અને સુગંધ બંને કામ એક સાથે કરે છે. પ્રાચીન સમયમાં આ કામ જુદી-જુદી વસ્તુથી લેવામાં

આવતા હતા. સફાઇનું કામ આમળા કરતા અને સુગંધને માટે ચંદન લગાવવામાં આવતું. અભ્યંગમાં સૌથી પહેલાં ઠાકોરજીના શ્રીઅંગ ઉપર ફુલેલ, ચમેલીના તેલની માલિશ થાય. ત્યારપછી આમળાથી શ્રીઅંગની સફાઇ થાય. ત્યારપછી સ્નાન કરાવીને શ્રીઅંગ ઉપર ચંદન સુગંધ માટે ધરાવવામાં આવે છે. આમ અભ્યંગમાં પણ ચંદનનો ઉપયોગ થાય છે.

આના સિવાય બધાથી અલગ પ્રકાર અક્ષયતૃતીયાનો છે. આ દિવસે ઉષ્ણકાલની દષ્ટિથી ઠાકોરજીને ઠંડક માટે શ્રીઅંગ પર ચંદનની ગોળી ધરાવવામાં આવે છે. આ વિધિ મર્યાદામાર્ગમાં પણ છે.

રામાનુજસમ્પ્રદાયના એક ગુરૂજી પાસે હું 'શ્રીવચનભૂષણ' ગ્રંથભણતો હતો. એક દિવસ તેઓ ખૂબ જ ખુશ થયા તો એમણે મને વરદરાજસ્વામીના વરદહસ્તનું આટલુ મોટું આખું ચંદન આપ્યું. તે ચંદન ઉપર ઠાકોરજીની ચારે આંગળીઓ અને અંગુઠાના નિશાન હતા. તેને આપણે આપણા માથા ઉપર રાખીએ તો આપણને એમ જ લાગે કે ઠાકોરજી આપણને આશીર્વાદ આપી રહ્યા છે.

આપણે ત્યાં પણ આ પ્રકારથી ચંદન ધરવામાં આવે છે. તે ચંદન વડુ કરીને આપણે બહારગામ જઇએ ત્યારે તેને સાથે લઇ જઇએ તો ઠાકોરજીના ચરણારવિન્દના ચંદનનો સ્પર્શ કરીને ઠાકોરજીના ચરણસ્પર્શનો ભાવ તો આપણે કરી જ શકીએ છીએ. ઘણી વખત તો ઠાકોરજીનું પ્રસાદી ચંદન સ્વરૂપના ભાવથી સેવામાં પણ પધરાવવામાં આવે છે. અમારે ત્યાં પણ મથુરાધીશજીના ચાર શ્રીહસ્તના ચાર ચંદન સેવામાં બિરાજે છે. અમારા દાદીજી મથુરાધીશજીના ઘરના હતા. દાદીજીને મથુરાધીશજી ઉપર ઘણી જ આસક્તિ હતી. તેથી દાદીજી જ્યારે ત્યાંથી કિશનગઢ પધાર્યા ત્યારે લગભગ સાથે પ્રસાદી ચંદન પધરાવીને લાવ્યા હતા. એમની મથુરાધીશજીમાં એટલી આસક્તિ હતી કે અહીં તો તેઓ બાલકૃષ્ણલાલજીની સેવા કરતાં પણ બાલકૃષ્ણલાલને પણ મથુરાધીશજીના ભાવથી ચાર આયુધ ધરાવતા હતા. લાલન તો મોટા ભાગે વેણુ-વેત્ર નથી ધરતા પણ દાદીજી લાલનને પણ મથુરાધીશજીના ભાવથી વેણુ-વેત્ર ધરાવતા હતા. લાલનનું નામ પણ એમણે

'મથુરાધીશ' રાખ્યું હતું. એમનો પાટોત્સવ પણ તેઓ મથુરાધીશજીના પાટોત્સવના દિવસે જ મનાવતા.

તો ઠાકોરજીને જે ચંદનની ગોળી ધરાવવામાં આવે છે તે ગ્રીષ્મોપચારના રૂપમાં ધરાવવામાં આવે છે. તેમાં આપણી એવી ધારણા છે કે ઠાકોરજીના વક્ષ ઉપર ચંદન ધરાવવાથી શીતલતા થાય છે. મને હજુ પણ યાદ છે કે પહેલા શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ મે સતત ૧૬-૧૭ વર્ષ સુધી કિશનગઢમાં જ મનાવ્યો હતો. તે વખતે કિલામાંથી (ગઢમાંથી) વ્રજમોહનજી મુખીયાજી દૂનો ભરીને ઠાકોરજીનું પ્રસાદી ચંદન પધરાવીને આવતા અને મને જુદા-જુદા અંગમાં ધરાવતા. ખરેખર તેનાથી અતિ સુખદ અનુભવ થતો હતો. એમણે મને ચંદન ધરાવ્યું માટે તેની સુખદતાનો બોધ મને થયો. નહિંતર તો હું એમ સમજતો હતો કે ચંદન ઠાકોરજીને ધરાવવું તે કોઇ જાતની શાસ્ત્રીય વિધિ છે જે આપણે કરવી જોઇએ.

આ પ્રકારથી આપણે જોયું કે એક અક્ષયતૃતિયામાં કેટલા બધા ઉત્સવ સમાયેલા છે. યુગાદિ છે, શ્રીનાથજીનો દેવાલયમાં પાટોત્સવ છે જેને આજે આપણે નથી મનાવતા. કેમકે દેવાલયમાં બિરાજે તેને પુષ્ટિમાર્ગ સાથે શું લેવા-દેવા. અને ઠાકોરજીને ગ્રીષ્મોપચાર પણ થાય છે. માટે તે દિવસથી ચંદન, ગુલાબજલ, પંખા, કુંજા વગેરે આવે. જડાઉ શૃંગાર બંધ થઇને સીપ અને મોતીના હળવા શૃંગાર ઠાકોરજી ધરે છે. આના પછી નૃસિંહચતુર્દશી આવે છે જે મેં તમને સમજાવ્યું.

**રથયાત્રા :**

રથયાત્રાનો ઉત્સવ મર્યાદામાર્ગીય ઉત્સવ છે. પણ તે ઉત્સવ મનાવવામાં આપણા અને મર્યાદામાર્ગની વચ્ચે મોટું અંતર છે. પ્રાચીન પ્રણાલી મુજબ દેવાલય બનાવવું રમત વાત ન હતી. કેમકે દેવાલય ફકત દેવનું મંદિર નહોતું હોતું, તેની સાથે જોડાયેલી ઘણી બધી વાતો હતી. મુસલમાન ભારતમાં આવ્યા તેના પછી દેવાલય બનાવવાની પ્રણાલીમાં ખૂબજ સહેલું થઇ ગયું. પ્રાચીન કાળમાં દેવાલય એવી પ્રણાલીના થતા હતા કે જેમાં આધ્યાત્મિકતા અને અધિદૈવિકતા ધબકતી રહેતી હતી.

**દેવાલયનિર્માણની પદ્ધતિ :**

જ્યારે કોઇ દેવાલયનું નિર્માણ થતું ત્યારે સાથે-સાથે વેદ-વેદાંગની પાઠશાળા, યાત્રીઓ માટે ધર્મશાળા, ગોશાળા, પુસ્તકાલય, દેવપૂજાના ફૂલ તુલસી વગેરે માટે બગીચા વગેરે પણ બનતા. આટલું જ નહીં, દેવપૂજાના જલને માટે,દેવના વિહારને માટે, દેવપૂજાર્થ સ્નાનના માટે એક પુષ્કરણી (નાનું તળાવ) બનાવવામાં આવતું. તેમાં કપડા ધોવા, કોગળા કરવા જેવી ક્રિયાઓ વર્જિત હતી. દેવાલય સાથે જોડાયેલા ખેતર રહેતા હતા જેનાં અનાજ કે ઉપજનું દ્રવ્ય દેવાલયના કાર્ય માટે વાપરવામાં આવતું. આ બધી પદ્ધતિ દેવપૂજનના શાસ્ત્ર પંચરાત્રમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવેલી છે.

આવું દેવાલય આખા ગામનું રહેતું હતું. તેમાં બિરાજવાવાળો દેવ આખા ગામનો દેવ કહેવાતો હતો. આખુય ગામ તે દેવની પ્રજા કહેવાતું. તેમાં જે જનોઇધારી બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય રહેતા તેમને દેવપૂજાનો અધિકાર મળતો હતો. આ તો તે સિસ્ટમની વાત બતાવી રહ્યો છું. અને ગામના જે અનુપનીત લોકો હોય તેઓ પણ તો એ દેવની જ પ્રજા હતી એટલે દર્શન દેવા માટે દેવ રથમાં બિરાજીને દેવાલયથી બહાર ગામની અંદર પધારતા અને આખાય ગામમાં ફરતા આ પ્રણાલી જગન્નાથરાયજીમાં આજે પણ છે.

સમગ્ર જગદીશ ક્ષેત્રના રાજા શ્રીજગન્નાથરાયજી છે. એટલે સુધી કે જગન્નાથપુરીનો લૌકિક રાજા પોતાની જાતને મંત્રી માનતો. આ ભાવના ઘણી જગ્યાએ રહેલી છે. જેમકે સાંગલીના મુખ્ય દેવ ગણપતિ છે. ત્યાંનો રાજા ગણપતિજીને પોતાના રાજા માનતો અને પોતાને એમનો મંત્રી માનતો. કિશનગઢના રાજાઓમાં એવી ભાવના રહી છે કે ઠાકોરજી એના સ્ટેટના રાજા છે અને તેઓ એમના દીવાન છે.

ઠાકોરજી પોતાની પ્રજાને દર્શન આપવા માટે રથમાં બિરાજીને પધારે છે. સૌરાષ્ટ્રમાં માધવપુર નામનું ગામ છે. ત્યાં શ્રીમાધવરાયજી બિરાજે છે. ત્યાં જ્યારે માધવરાયજીની રથયાત્રા નિકળે ત્યારે એટલે સુધી છૂટ છે કે હરિજન માધવરાયજીનો સ્પર્શ કરીને ચરણસ્પર્શ કરી શકે છે. તે દિવસે ઠાકોરજી છોવાતા નથી. કેમકે તે દિવસે ઠાકોરજી રાજાની જેમ પોતાની પ્રજાની વચ્ચે

પધારે છે.

આ પદ્ધતિ દક્ષિણમાં હતી. પણ શ્રીગુસાંઇજી જ્યારે જગન્નાથજી પધાર્યા ત્યારે ત્યાંનો ઉત્સાહ જોઇને આપને એવો મનોરથથયો કે આપણા ઘરના ઠાકોરજી પણ રથમાં પધરાવીને ઉત્સવ મનાવવો જોઇએ. પરંતુ આપણા ઉત્સવનું રહસ્ય સમજો. આપણો ઠાકોરજી ગામનો તો રાજા છે નહીં, આપણા ઘરનો રાજા છે, ઘરનો ઠાકુર છે. માટે આપણા ઠાકોરજીની રથયાત્રા આપણા ઘરની અંદર જ કાઢીએ છીએ, ઘરથી બહાર કયારેય નથી નિકળતી. આ કેટલી મોટી વાત છે. અને જેની પાસે મોટા ઘરની સગવડ હોય જેમાં ઠાકોરજીનું નિજમંદિર, તિબારી, ડોલતિબારી, ચૌક વગેરે બધું હોય. તો રથયાત્રાના દિવસે ઠાકોરજી નિજમંદિરથી તિબારીમાં પધારે. ત્યાંથી ફરીને પાછા ચૌકમાં પધારીનેચોથા ભોગ પછી પાછા નિજમંદિરમાં પધારી જાય. નિજમંદિર યશોદાજીનું ઘર છે, ચોક ગિરિરાજજી છે, ડોલતિબારી વૃંદાવન છે. આ રીતે આપણે આપણા ઘરમાં જ આખા વ્રજની ભાવના કરીને ઠાકોરજીને ફેરવીએ છીએ. આપણે ગામમાં ઠાકોરજીને નથી ફેરવતા. આપણો ઠાકુર ગામનો ઠાકુર નથી કે જેને આપણે ગામમાં ફેરવીએ.

દુર્ભાગ્ય છે કે પુષ્ટિમાર્ગના દેવાલયવાદીઓએ આપણા ઘરના ઠાકુર અને ગામના ઠાકુરના રહસ્યને સમજયા જ નહીં. કેટલી મધુર વાત છે કે આપણા ઘરના ઠાકોરજી રથમાં બિરાજે છે અને ''મૈયા ! મૈં રથપર ચઢ ડોલૂંગો'' આવી જિદ્ કરે છે. પણ ડોલશે ક્યાં ? જ્યાંનો રાજા છે ત્યાં જ તો ડોલશે ! જ્યાંનો રાજા નથી ત્યાં કેવી રીતે ડોલશે ! કિશનગઢના ઠાકોરની સવારી નિકળશે તો કિશનગઢમાં નિકળશે કે જયપુરમાં ! એમ આપણા ઘરના ઠાકોરજીની સવારી આપણા ઘરમાં જ નિકળતી હતી. આ કેટલી મીઠી-મધુર વાત હતી પણ અભાગીયા દેવાલયવાદીઓના ભેજામાં આ વાત આવી નથી શકતી, એવી કાટ ખાઇ ગયેલી ખોપરી છે એમની. આપણો ઠાકોરજી રથમાં બિરાજે પણ કયારેય પણ ઠાકોરજીનો રથઘરની ડોઢીથી બહાર નથી નિકળતો!

હું ઘણી વખત પ્રવચનમાં આ વાત કહેતો હોઉં છું કે આપણા કિશનગઢના રાજાઓએ તો એમના ઠાકોરજીના મંદિરની આગળ હાઉ-

બિલાઉ(ચાઇનીઝ ડ્રેગન) બેસાડી રાખ્યા છે. ઠાકોરજીને ડરાવવા માટે કે મહારાજ ! આ દરવાજાની બહાર ન નિકળતા નહિંતર હાઉ-બિલાઉ કરડશે. જેવી રીતે બાળકને આપણે બિવડાવીએ એવી રીતે ઠાકોરજીને બીવડાવવા માટે એમણે આ રીતે કર્યું છે. વિચાર કરો કે રાજાને પોતાના ઠાકોરજી ઉપર કેટલો ભાવ હશે ! મને પણ એમનો આ ભાવ ખૂબ સારો લાગ્યો. મેં પણ હાઉ-બિલાઉ લેવાનો વિચાર કર્યો પણ કયાંય મળ્યા નહીં. કદાચ બનવાના બંધ થઇ ગયા છે. પણ ગયા વરસે હું નેપાળ ગયો હતો. ત્યાં મને હાઉ-બિલાઉ મળી ગયા. મેં પણ ઠાકોરજીને ડરાવવા માટે બે હાઉ-બિલાઉ ખરીદ્યા. પદમાં આવે છે ''દૂર ખેલન જિન જાઓ લલારે બનમેં બૈઠે હાઉ-બિલાઉ''. ઠાકોરજીએ કહ્યું કે મેં તો કોઇ હાઉ-બિલાઉ જોયા નથી, ગાય તો રોજ ચરાવું છું. અરે, તૂ નથી ડરતો પણ અમારે તો તને ડરાવવો પડશે કે દૂર ખેલવા નહીં જાઓ વનમાં હાઉ-બિલાઉ બેઠા છે. વન કયું ? આપણા ઘરની બહાર હાઉ-બિલાઉનું વન છે. આ કેટલી મોટી વાત હતી કે કિશનગઢના રાજાઓએ સમજી. તેઓ ગોસ્વામી ન હતા પણ ગોસ્વામીઓને સમજવા જેવી વાત એમણે વિચારી હતી. આજના ગોસ્વામીઓને આ વૈષ્ણવ રાજાઓના શિષ્ય બનીને સમજવું જોઇએ. આજે અમારા લોકોના એવા ખરાબ હાલ થઇ ગયા છે કે અમે ઠાકોરજીને લઇને જ્યાં-ત્યાં ભટકી રહ્યા છીએ, એની જાહેરાત છાપીએ છીએ, ઠાકોરજી પધારી રહ્યા છે યાત્રા કરવા ખાસ આવો. આ બધું તમે કોને દેખાડી રહ્યા છો ? કોને બોલાવી રહ્યા છો ? આ તે કેવો ધંધો છે ? તમારે જો ભીડ ભેગી કરવી છે તો તમારી અંદર એવું સામર્થ્ય પેદા કરો કે તમારા વ્યક્તિત્વના આકર્ષણથી વૈષ્ણવ આવે. તમારે એની પાસેથી જેટલી ભેટ પડાવવી હોય પડાવો ! થેલો તમારો છે, પાકીટ એમના છે. તમને કોણ ના પાડે છે ! જેટલા લૂંટી શકો એટલા લૂંટો. પણ કમ સે કમ ઠાકોરજીને તો વચમાં ન ફસાવો ! વિચાર કરો, કયાં ગઇ એ ભાવના કે ''વનમેં બૈઠે હાઉ-બિલાઉ'' હૃદય બળે છે જ્યારે આપણે રથયાત્રાનો વિચાર કરીએ છીએ. કેવી હતી આપણી રથયાત્રા અને કેવા ખરાબહાલ આપણે કરી દીધા છે. શું આપણે ઠાકોરજીને ગામમાં ફેરવતા નહોતું આવડતું ? શું એટલા આપણા અનુયાયી નહોતા ? સ્ટેટના જમાનામાં તો એવી સ્થિતિ હતી કે રાજા વૈષ્ણવ હતા તેથી જે પુષ્ટિમાર્ગીન હતા

તેઓ પણ રાજાને સારૂ દેખાડવા માટે તિલક-કંઠી પહેરી લેતા હતા. આટલું વર્ચસ્વ હતું છતાં પણ આપણે આપણા ઠાકોરજીની રથયાત્રા આપણા ઘરની બહાર કેમ ન કાઢી આના વિષે કયારેય વિચાર કર્યો છે ? અહીંના રાજા તો આ માનતા જ હતા કે કલ્યાણરાયજી ઠાકોરજી કિશનગઢના રાજા છે અને અમે એમના દીવાન છીએ. છતાં પણ એમણે કલ્યાણરાયજીની રથયાત્રા કિલ્લાની બહાર કયારેય નથી કાઢી. કેમ ? વિચાર કરો. ઠાકોરજી એમના રાજા છે આ એમનો ભાવ હતો પણ પુષ્ટિસિદ્ધાન્ત ઉપર તેઓ કેટલા દઢ હતા કે ઠાકોરજી તો ઘરના છે તેથી ઘરની બહાર ન પધારવા જોઇએ. માટે એમણે હાઉ-બિલાઉ બેસાડયા. આ પુષ્ટિમાર્ગનો ભાવ આજે કયાં ચાલ્યો ગયો ! કયારેક આ વિપરીતતા વિચારીએ તો આપણને રડવું આવી જાય. હૃદયની એ કોમળતા કયાં જતી રહી કે ઠાકોરજીને આપણે એટલા પોતાના માનીએ કે જેમ આપણું બાળક ઘરનો દરવાજો છોડીને જાય અને આપણને ગભરાટ થઇ જાય કે બાલક કયાં ગયું, કયાં ગયું. આવો ભાવ આપણને આપણા ઠાકોરજી પ્રત્યે કેમ નથી રહ્યો ? આની પાછળનું મુખ્ય કારણ એ છે કે આપણને પોતાના ઘરની અંદર પોતાના ઠાકોરજીની સેવા ગમતી બંધ થઇ ગઇ છે. મને લાગે છે કે દશ-પંદર વરસમાં એવી હાલત થઇ જશે કે પોતાના ઠાકોરજીની પણ રથયાત્રા ગામમાં નિકળવા લાગી જશે. શાયર શકીલ બદાયુનીએ સુંદર વાત કહી છે :

નઇ સુબહપે નઝર હૈ ઔર સાથયે ભી ડર હૈ
યે સહરભી રફ્તા-રફ્તા કહીં શામ તક ન પહોંચે
ગમે આશિકીસે કહદો રાહે આમ તક ન પહોંચે
મુઝે ડર હૈ કે યે તહોમત મેરે નામ તક ન પહોંચે

આ તહોમત પુષ્ટિમાર્ગના નામ સુધી પહોંચશે કે પુષ્ટિમાર્ગના ઠાકોરજી પણ ગામમાં ફરતા થઇ જશે. હરેકૃષ્ણવાળા એમના ઠાકોરજીની રથયાત્રા એમના સંપ્રદાયના પ્રચાર માટે કાઢે છે. આપણને પણ એક દિવસ હરિફાઇનો ભાવ આવશે અને આપણે પણ એની દેખા-દેખી એમના પેંતરાઓ અજમાવતા થઇ જશું.

એક બાલક મને કહી રહ્યા હતા કે આપણે પણ મુસલમાનોની જેમ

મંદિરો ઉપર લાઉડસ્પીકર રાખીને તેમાં યમુનાષ્ટક જોર-શોરથી વગાડવું જોઇએ. મેં કહ્યું કે એ લોકોને ચિલ્લાવા દો, આપણું યમુનાષ્ટક આ બધી વસ્તુઓ માટે નથી. આપણું યમુનાષ્ટક આપણા ઠાકોરજીની સેવા માટે છે. ગામને ઉઠાડવા માટે થોડું છે. મુસલમાનની બાંગ નમાઝ પઢવાવાળાને મસ્જિદમાં બોલાવવા માટે હોય છે. આપણું યમુનાષ્ટક આપણા તન-મનને સેવાનુકૂલ શુદ્ધ કરવા માટે છે. પ્રાચીન કાલમાં નહાતી વખતે આ શ્લોક બોલવામાં આવતો હતો !

શ્રીકૃષ્ણવલ્લભે દેવી યમુને તાપહારિણી ।
સેવાયૈ સ્નાતુમિચ્છામિ જલેઽસ્મિન્ સન્નિધિં કુરુ ॥

હે શ્રીકૃષ્ણને પ્રિય શ્રીયમુનાજી ! જેટલો સમય અમારાથી સેવા ન થઇ તેના કારણે, માનસિક તાપ અમને થયો હોય કે નહીં પણ જીવાત્માને પ્રભુસેવાથી વિમુખ રહેવું તાપજનક છે, એ તાપને આપ હરવાવાળા છો. હું ઠાકોરજીની સેવા માટે સ્નાન કરવા ઇચ્છી રહ્યો છું. આપ આ જલમાં પ્રકટ થઇ જાઓ કે જેથી આપનામાં સ્નાન કરીને હું ઠાકોરજીની સેવાના લાયક બની જાઉં.

ઠાકોરજીને પુષ્ટ કરતી વખતે પણ યમુનાજલથી સ્નાન કરાવવામાં આવે છે. યમુનાજીથી ઠાકોરજી સ્નાન કરી લે તો ઠાકોરજી પણ ‘પુષ્ટ’ થઇ જાય. અને આપણે યમુનાજલથી સ્નાન કરીએ તો ઠાકોરજીની સેવા કરવા લાયક બની જઇએ. અત્યારે તો બધું ભૂલાઇ ગયું પણ પ્રાચીન વખતમાં એવો ભાવ લોકોનો હતો કે જે બ્રહ્મસંબંધ લેવા જાય તેની આગળ એક માણસ જમીન ઉપર જલ છાંટતો છાંટતો ચાલતો. તેમાં ભાવ એવો વિચારવામાં આવતો કે શ્રીયમુનાજી આપણને શ્રીઠાકોરજીની પાસે લઇ જઇ રહ્યા છે.

‘‘બ્રહ્મસમ્બન્ધ જબ હોત યા જીવકો તબ હી ઇનકી ભુજા વામ ફરકે,
દૌર કર સૌર કર જાય પિયસોં કહે અતિ આનન્દ મનમેં જુ હરખે’’

તેથી યમુના તો એ તત્ત્વ છે કે જે આપણને પણ પુષ્ટ કરે છે અને આપણા ઠાકોરજીને પણ પુષ્ટ કરે છે.

સંક્ષેપમાં એમ સમજો કે રથયાત્રાનો ઉત્સવ આમ તો શાસ્ત્રીય ઉત્સવ છે પણ આપણે તેનું અતિ સુંદરતાપૂર્વક પુષ્ટિમાર્ગીકરણ કર્યું છે. આ રહસ્યને

જો આપણે ભૂલી ગયા તો આપણે પુષ્ટિમાર્ગ જીવવા લાયક નહીં રહી જઇએ. તેથી આ આવશ્યક છે કે દરેક પુષ્ટિમાર્ગીએ રહસ્યને સમજે અને તે મુજબ જીવે. આપણી રથયાત્રાનો રથપુષ્ટિપથઉપર ચાલે છે, ગામના પથઉપર નથી ચાલતો. આ રહસ્યને કયારેય ન ભૂલતા.

## આપણે ત્યાં નિર્વાણોત્સવ નથી :

એક બીજી ઘટના આની સાથે જોડાયેલી છે. ઉત્સવાત્મક રૂપથી નહીં પણ ઐતિહાસિક રૂપથી જોડાયેલી છે. તે એ છે કે આજના દિવસે આચાર્યચરણ નિત્યલીલામાં પધાર્યા હતા. જાણે ઠાકોરજી આચાર્યજીને લેવા માટે રથમાં બેસીને પધાર્યા અને આપ ઠાકોરજીની સાથે પધાર્યા. જૈન-બૌદ્ધોમાં નિર્વાણોત્સવ મનાવવામાં આવે છે, આપણે ત્યાં તિરોધાનનો ઉત્સવ મનાવવામાં નથી આવતો. આની પાછળનું કારણ વાર્તામાં ખૂબ જ સારી રીતથી સમજાવ્યું છે કે જે વખતે શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પધાર્યા તે વખતે ઘણા ભગવદીયો રડવા લાગ્યા હતા. અચ્યુતદાસ સારસ્વતે એમને આશ્વાસન આપ્યું અને જ્યારે ટેરો ખોલ્યો તો આચાર્યજી અંદર બિરાજીને પોથી જોઇ રહ્યા હતા. એવા દર્શન બધાને કરાવ્યા. તેથી જ્યારે આચાર્યજી નિત્ય બિરાજી રહ્યા છે તો પછી આપણે તિરોધાનનો ઉત્સવ શા માટે મનાવીએ !

બૌદ્ધ-જૈન નિર્વાણ માને છે. 'નિર્વાણ' નો અર્થ છે બુઝાઇ જવું. આપણો આચાર્ય બુઝાઇ જાય એવો દીપક નથી, નિત્ય પ્રજ્વલિત દીપક છે. તેથી આપણે શ્રીમહાપ્રભુજીના પરલોકગમનનો ઉત્સવ મનાવતા નથી. કેમકે શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર બિરાજી જ રહ્યા છે તો આપણે શા માટે પરલોકગમનનો ઉત્સવ મનાવીએ. આપણે આજે પણ શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ છીએ. પહેલાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપની સેવા થતી ન હતી. પણ મેં અહીં કિશનગઢમાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ પધરાવ્યું અને સેવાનો ક્રમ શરૂ કર્યો. અત્યારે તો ઘણી જગ્યાએ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ સેવામાં પધારે છે. ચિત્ર અને સ્વરૂપ સિવાય શ્રીગુસાંઇજીના કાળથી શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર-પાદુકાની સેવા સાક્ષાત્ સ્વરૂપની રીત મુજબ જ થતી હતી. બેઠકજીમાં પણ શ્રીમહાપ્રભુજીની સ્વરૂપસેવાનો પ્રકાર હતો જ. આટલા બધા શ્રીમહાપ્રભુજીની

સેવાના પ્રકાર હતા જ. કેમકે શ્રીમહાપ્રભુજી સદા સર્વદા બિરાજી જ રહ્યા છે તો પછી આપણે શા માટે રથયાત્રાની સાથે તિરોધાનનો ઉત્સવ મનાવીએ ! માટે રથયાત્રાના પદોમાં શ્રીમહાપ્રભુજીના પધારી જવાનું એક પણ પદ નથી. આપણે શ્રીમહાપ્રભુજી, કૃષ્ણ-રામના જન્મોત્સવ મનાવીએ છીએ પણ એમના નિર્વાણોત્સવ નથી મનાવતા. કેમ? કેમકે ''સદા વ્રજહીમેં કરત વિહાર''. તમારી અંદર જે ભાવના છે ઠાકોરજીને ઘરમાં પધરાવીને સેવા કરવાની, ઠાકોરજીને હૃદયમાં પધરાવીને ભાવભાવના કરવાની તો ઠાકોરજી અહીં જ બિરાજી રહ્યા છે. આપણે શું કામ નિર્વાણોત્સવ મનાવીએ ! આ કહેવાની પાછળ મારો હેતુ એ છે કે આજે પુષ્ટિમાર્ગ જે રીતે બગડતો જાય છે તેને જોતા એવું લાગે છે કે મુસલમાન, જૈન અને બૌદ્ધોની દેખાદેખીથી આવતા દશ-પંદર વરસમાં આપણે પણ શ્રીમહાપ્રભુજીનો નિર્વાણોત્સવ મનાવતા થઇ જશું. આજ સુધી આપણે કેમ આ ઉત્સવ ન મનાવ્યો તેનો ભાવ પણ બિલકુલ સ્પષ્ટ છે કે શ્રીમહાપ્રભુજી સતત આપણી સાથે બિરાજી જ રહ્યા છે. સ્વયં શ્રીમહાપ્રભુજી અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં આજ્ઞા કરી રહ્યા છે કે ''દેહ-દેશપરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ'' શ્રીમહાપ્રભુજીનો દેહ-દેશપરિત્યાગ લોકગોચર માત્ર છે એટલે લોકોને એવું લાગે છે કે આપે દેહ-દેશનો પરિત્યાગ કર્યો છે. આ તો આજ્ઞા શ્રીમહાપ્રભુજી પોતાના શબ્દોમાં કરી રહ્યા છે. એટલા માટે જ ઓ પાંચસોથી પણ વધારે વરસ સુધી આપણે આને શ્રીમહાપ્રભુજીની આસુરવ્યામોહલીલા જ કહેતા આવ્યા છીએ. એટલે કે અસુરોને એવું લાગશે કે શ્રીમહાપ્રભુજી ભૂતલ છોડી ગયા છે, દૈવી જીવોને તો એવું લાગી જ નથી શકતું કે શ્રીમહાપ્રભુજી આપણને છોડી ગયા છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીકૃષ્ણ, શ્રીરામ, શ્રીનૃસિંહ, શ્રીવામન સદાય આપણી સાથે બિરાજી રહ્યા છે. માટે શ્રીગુસાંઇજીએ 'વિદ્વન્મંડન' ગ્રંથમાં નિત્યલીલાવાદમાં લખ્યું છે કે પ્રભુની બધી જ લીલાઓ નિત્ય છે. પણ આપણે તેની નિત્યતા ત્યારે સમજી શકીએ કે જ્યારે આપણી અંદર તેની ભાવના હોય. આ કાંઇ પુષ્ટિમાર્ગનોજ સિદ્ધાંત નથી. મર્યાદામાર્ગમાં પણ કોઇ શ્રીકૃષ્ણ કે શ્રીરામનો નિર્વાણોત્સવ નથી મનાવતા. કેમકે આપણો ઠાકુર નિત્યલીલામાં

બિરાજી રહ્યો છે એવો ભાવ, વૈષ્ણવ, શૈવ વગેરે વૈદિક ધર્મનું અવલંબન કરનારાઓનો હતો. તેથી આપણે કયારેય પણ આ ઘટનાને અસામાન્ય નથી માની. આપણે આને એટલી સહજતાથી લઇએ છીએ કે પહેલાં આપ એવી રીતે બિરાજતા હતા હવે આવી રીતથી બિરાજી રહ્યા છે. તેથી આમાં આપણે ન તો ઉત્સવ મનાવવા જેવું કાંઇ લાગે છે અને ન છાતી કૂટી-કૂટીને હાય-હાય કરવા જેવું લાગે છે.

હું જબલપુર ગયો ત્યારે એક વૈષ્ણવ મારી સામે રોતા-રોતા કહેવા લાગી કે હું છેલ્લા સાતા-આઠ વરસથી ઠાકોરજીની સેવા કરી રહી છું પણ ઠાકોરજીએ હજી સુધી મને દર્શન ન આપ્યા. મેં તેને કહ્યું કે જ્યારે તને દર્શન જ નથી થઇ રહ્યા તો પછી તું સેવા કેવી રીતે કરે છે એ તો બતાવ ! આ સાંભળીને એને આંચકો લાગ્યો. પછી તે કહેવા લાગી કે આમ તો દર્શન આપી રહ્યા છે પણ ઓમ નથી આપી રહ્યા. મેં કહ્યું કે ભઇ આ 'એમ' અને 'ઓમ'નું શું ચક્કર છે ? તું જેની સેવા કરી રહી છે તેને તું શું ધાતુ-પત્થરનો ટૂકડો માની રહી છે ? આવું જો માની રહી છો તો તને કયારે પણ દર્શન થશે જ નહીં. અને જો સાક્ષાત માની રહી છો તો પછી તને દુઃખ શા માટે થઇ રહ્યું છે કે ઠાકોરજી દર્શન નથી આપી રહ્યા. દર્શન આપી રહ્યા છે ત્યારે તો તું સેવા કરી રહી છે ! ફરીથી અહીંયા નૃસિંહઅવતારને યાદ કરી લો. તો બધું રહસ્ય સમજી જશો. પ્રહલાદ બનશો તો સમજી શકશો. હિરણ્યકશિપુ બનશો તો તો પછી આસુરવ્યામોહલીલા જ થશે.

મોટા-મંદિરમાં એક વખત એવો વિવાદ થયો હતો. અમારા પરિવારના મુખ્ય ઠાકોરજી બાલકૃષ્ણલાલજી છે. એક દિવસ ચર્ચા કરતા-કરતા અમારા કાકાના દિકરા ભાઇએ મને પૂછ્યું કે તું બાલકૃષ્ણલાલમાં ઠાકોરજી માને છે કે નહીં. મેં કહ્યું કે નથી માનતો. પછી તો એવી રાડા-રાડ થઇ ગઇ કે જાણે દીવાળીનો બોંબ ફૂટયો હોય. બધા કહેવા લાગ્યા કે આ તો ભણી-ભણીને નાસ્તિક થઇ ગયો છે. આની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ છે. બાલકૃષ્ણલાલમાં ઠાકોરજી નથી માનતો. આ વાત બધાએ પોતપોતાના પિતાજીને જઇને કહ્યું. કાકાએ જઇને અમારા દાદાજીને ફરિયાદ કરી. દાદાજીએ મને બોલાવીને

ફટકાર્યો કે શ્યામુ, તું શું બકવાસ કરે છે ! મેં દાદાજીને કહ્યું કે હું તો કાંઇ બકવાસ નથી કરતો ! આ લોકો મને કહેતા હતા કે તું બાલકૃષ્ણલાલમાં ઠાકોરજી માને છે કે નહીં ? આપ જ કહો કે બાલકૃષ્ણલાલમાં ઠાકોરજી હોય છે કે બાલકૃષ્ણલાલ સ્વયં-પોતે જ ઠાકોરજી છે ! બાલકૃષ્ણલાલ કાંઇ ડાબલી છે કે જેની અંદર ઠાકોરજી હોય. દાદાજી આ સાંભળીને હસી પડ્યા અને કહ્યું કે તું તો આવી રીતે જ બધાને ચિડવતો રહે છે. મેં કહ્યું કે લોકો સવાલ ખોટા કરે તો એમને હું જવાબ કેમ આપું !

તો આ વાત એવી છે. ઠાકોરજી તો સાક્ષાત્ છે, દર્શન તો આપી જ રહ્યા છે. તો પછી આપણને રડવાની શું જરૂર છે ! ઠાકોરજીને સ્નાન કરાવી રહ્યા છીએ, કપોલ ખેલાવી રહ્યા છીએ, રંગ છાંટી રહ્યા છીએ.... દર્શન તો આપી જ રહ્યા છે. હવે કોના દર્શન કરવા છે ! તમને શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી ત્યારે તો તમને જીવતા માણસમાં પણ વિશ્વાસ નહીં રહે. તમારો શું ભરોસો !

એક મારા પરિચિતને જ્યોતિષિએ કહી દીધું કે તમારી આત્મા તમારામાંથી નિકળીને નારિયેળીના વૃક્ષ ઉપર બેસી ગઇ છે અને કોઇ બીજા દુષ્ટની આત્મા તમારી અંદર ઘૂસી ગઇ છે. તે રોતી-રોતી મારી પાસે આવીને કહેવા લાગી હવે હું શું કરૂ. મેં કહ્યું કે દુષ્ટ આત્મા તારા અંદર ઘૂસી ગઇ છે છતાં પણ તું મને ઓળખી રહી છે, હું તને ઓળખી રહ્યો છું તો પછી ચિન્તા કરવા જેવું શું છે ? તારી આત્માને નારીયેળના વૃક્ષ ઉપર બેસવા દે. તને શું ફરક પડી રહ્યો છે ! જયોતિષિઓ કેવા-કેવા બકવાસ કરે છે આપણે પણ કેવી-કેવી વાતો વિચારીએ છીએ કે બાલકૃષ્ણલાલમાં ઠાકોરજી, શ્રીનાથજીમાં ઠાકોરજી ! બાલકૃષ્ણલાલમાં ઠાકોરજી હોય ? બાલકૃષ્ણલાલ પોતે જ ઠાકોરજી છે. પણ આ રહસ્ય આપણે જો પ્રહલાદ બનીએ તો જ સમજી શકીએ, હિરણ્યકશિપુ આ સમજી શકે જ નહીં. એને તો પોતાની અક્કલની ગદા મારવાની ઇચ્છા થઇ જ જાય છે.

## હિંડોરા :

રથયાત્રા પછી હિંડોરાના દિવસો આવે છે. જો કે આ ઋતુક્રમ છે,

ઉત્સવ નથી.

## ઠકુરાણી ત્રીજ :

આ લીલાત્મક ઉત્સવ છે.

## પવિત્રા એકાદશી :

મેં તમને સમજાવ્યું હતું કે આ આપણા સમ્પ્રદાયનો-ઠાકોરજીનો પ્રાકટ્યોત્સવ છે. કૃષ્ણનો પ્રાકટ્યોત્સવ વ્રજમાં નિઃસાધન જીવોના માટે થયો એવી રીતે અત્યારના જીવો માટે ઠાકોરજીનું પ્રાકટય પવિત્રા અગીયારસના દિવસે શ્રીમહાપ્રભુજીની સામે થયું છે. આ પ્રભુનું પ્રાકટય ગુરૂના રૂપમાં છે. પ્રભુ આપણા પુષ્ટિમાર્ગના આદ્યગુરુ છે. આદ્યગુરુરૂપે ઠાકોરજીએ શ્રીમહાપ્રભુજી દ્વારા બ્રહ્મસંબંધમંત્ર આપ્યો. આ ખૂબ મોટો ઉત્સવ છે. પુષ્ટિમાર્ગનો જન્મદિવસ છે. ફકત એટલું જ નહીં, આપણા પ્રભુનો પણ પુષ્ટિપ્રભુરૂપે પ્રાકટ્યનો દિવસ છે.

મર્યાદામાર્ગીભક્તો પણ પવિત્રોત્સવ મનાવે છે. પૂજાનું એક ચક્ર પુરું થાય તેના ઉપલક્ષ્યમાં પવિત્રોત્સવ મનાવવામાં આવે છે. બ્રાહ્મણનું એક વર્ષ રાખીપૂનમે પુરું થાય, ક્ષત્રિયનું દશેરાએ પુરું થાય. વૈશ્ય (વાણીયા)નું વર્ષ દિવાળીએ પુરું થાય અને શૂદ્રનું એક વર્ષ હોળી ઉપર પુરૂ થાય છે આવી રીતે પૂજાનું એક વર્ષ પવિત્રા અગીયારસના દિવસે પુરું થાય છે. આપણે ત્યાં ઠાકોરજીની પૂજા સ્વતન્ત્ર રૂપમાં કરવામાં નથી આવતી, સેવાના અંગ રૂપે કરવામાં આવે છે. તે પણ પાછી સ્થાયી ભાવથી નથી કરવામાં આવતી, સંચારી ભાવથી કયારેક-કયારેક કરવામાં આવે છે. જેથી કરીને પ્રભુ પ્રત્યે આપણા દૈન્ય-મર્યાદાના ભાવને આપણે ભૂલી ન જઇએ. માટે આપણે ઠાકોરજીને પવિત્રા ધરાવીએ છીએ.

જૈનોમાં એક મજેદાર ઉત્સવ ''મિચ્છામી દુક્કડમ્'' નો હોય છે. આ દિવસે દરેક જૈન એક-બીજા સાથે મળીને આખા વરસમાં થયેલી ભૂલોની માફી માંગે છે. દેવપૂજામાં પવિત્રોત્સવ આપણું મિચ્છામિ દુક્કડમ્ જ છે. આપણે સેવા-પૂજામાં જે ભૂલો કરી હોય તેને ભૂલી જાઓ. વર્ષના કુલ દિવસના ૩૬૦

તારનું પવિત્રુ આપણે આ ભાવથી ઠાકોરજીને ધરાવીએ છીએ. અમારી ક્ષમાયાચનાને આપ કંઠમાં ધારણ કરો અને અમને ક્ષમા કરો. પૂજા કરતી વખતે જીવ-સ્વભાવવશ કાંઇક-ને-કાંઇક અપરાધ આપણાથી થતા જ હોય છે. પુષ્ટિમાર્ગીય ભાવથી ઠાકોરજીને કહેવું હોય તો આમ વિશેષ પણ કહી શકીએ છીએ કે ''ક્ષમા બડેનકો ચાહિયે છોટેનકો ઉત્પાત''. આપ મોટા છો. આપ ક્ષમા નહીં કરો તો બીજું કોણ કરશે ! અને અમે નાના છીએ. અમે તોફાન (અપરાધ) નહીં કરીએ તો બીજું કોણ કરશે ! તો મિચ્છામિ દુક્કડમ્ પણ સારી વાત છે અને ''ક્ષમા બડેનકો ચાહિયે છોટેનકો ઉત્પાત'' આ પણ સારી વાત છે. પણ આપણો શુદ્ધ પૂજામાર્ગીય ભાવ માફી માંગવાનો નથી, મિશ્ર ભાવ છે આ રહસ્યને ખાસ સમજજો.

**રાખીપૂનમ :**

આ એક આપણે ત્યાં વધુ મોટો મહત્ત્વપૂર્ણ ઉત્સવ છે. વ્રજમાં ઠાકોરજીને કોઇ બહેન ન હતી. એક જે બહેન હતી તેને તો કંસે પહેલાંજ ઉપર મોકલી દીધી હતી. છતાં પણ ''બહન સુભદ્રા રાખી બાંધત'' ગાઇએ છીએ. આપણે ઠાકોરજીની બહેન દ્વારકાથી પધરાવી છે. લોકો બેવકૂફીની (મુર્ખાઇની) વાતો કરે છે કે પુષ્ટિમાર્ગમાં બાલભાવ છે. પણ વિચાર કરો કે બાલભાવમાં સુભદ્રા છે કયાં ! રાખીનું પદ ગાઇને જુઓ ''બહન સુભદ્રા રાખી બાંધત બલ ઔર શ્રીગોપાલકે'' આમાં બાલભાવ કયાં રહ્યો. સુભદ્રા તો ઠાકોરજી મથુરા પધારી ગયા પછી જન્મી છે. શ્રીમહાપ્રભુજીએ ત્રિવિધલીલાનામાવલી લખી છે તેમાં લખ્યું છે કે બાલલીલાના પાઠથી પ્રભુમાં પ્રેમ થશે, પૌગંડલીલાના પાઠથી આસક્તિ થશે અને દ્વારકાલીલાના નામપાઠથી પ્રભુમાં વ્યસન થશે. ''યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ''. જો દ્વારકાલીલા સાથે આપણો કોઇ સંબંધ ન હોત તો તે લીલાના નામપાઠથી વ્યસન કેવી રીતે સિદ્ધ થઇ શકે ! આપણે કૃષ્ણને સંપૂર્ણ સ્વરૂપે સ્વીકાર્યા છે અને કૃષ્ણની પૂર્ણતાને સ્વીકારી છે. કૃષ્ણના જેટલા પાસા છે તે બધાને આપણે સ્વીકાર્યા છે. હીરો ત્યારે જ અતિશય ચમકે છે કે જ્યારે તેના ઘણા બધા પાસાઓ તરાશવામાં આવે. તરાશ્યા વગરના હીરામાં એટલી ચમક નથી હોતી. હીરનું હીરાપણું જ એ છે કે

તેના સિવાય બીજા કોઇપણ રત્નમાં એટલા પાસાઓ પાડી ન શકાય. આનું કારણ એ છે કે ગમે તેટલો તરાશવાથી પણ હીરો તૂટતો નથી. બીજા રત્નો તરાશતા-તરાશતા તૂટી જાય છે. આના કારણે એમાં વધારે પાસા પાડી નથી શકાતા અને એના લીધે એમાં હીરા જેવી ચમક નથી આવતી. પુષ્ટિમાર્ગનો ઠાકુર હીરો છે. તેમાં એક નહીં અનેક પાસાઓ પાડેલા છે. આપણે આપણી ભાવનાથી, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી અનેક પાસાઓ પાડ્યા છે. એ પાડવામાં આવેલા બધા જ પાસાઓથી આપણો પુષ્ટિપ્રભુ ચમકી રહ્યો છે. આ રહસ્યને જ્યાં સુધી આપણે નહીં સમજીએ ત્યાં સુધી લોકો આપણને બેવકૂફ બનાવતા રહેશે કે પુષ્ટિમાર્ગમાં બાલભાવ છે અને અમારે ત્યાં કિશોરભાવ છે. અરે, અમારો ભાવ કૃષ્ણ પ્રત્યે પૂર્ણતાનો છે અને કૃષ્ણને અમે પૂર્ણતાથી સ્વીકારીએ છીએ. સેવામાં આપણે વ્રજલીલા સ્થાયીભાવના રૂપમાં ચોક્કસ સ્વીકારી છે. પણ સંચારી ભાવરૂપે સુભદ્રાજી ઠાકોરજીને રાખી ધરાવવા આવી શકે છે. ''બહન સુભદ્રા રાખી બાંધત બલ ઔર શ્રીગોપાલકે'' આ પદ આ વાતનું પ્રમાણ છે. આ અર્થમાં રાખીનો ઉત્સવ એ યાદ દેવડાવવા માટે સારો છે કે બહેન ભાઇને રાખડી બાંધે છે, માં પણ બાંધે છે, પુરોહિત પણ યજમાનને રાખી બાંધે છે. અને અત્યારે તો હિંદી ફિલ્મોએ એવી માન્યતા ફેલાવી દીધી છે કે રાખડી બાંધી એટલે ભાઇ થઇ ગયો પણ આપણે ત્યાં પત્ની પણ પતિને રાખડી બાંધે છે. પહેલી રાખી ઇન્દ્રાણીએ ઇન્દ્રને બાંધી છે. રાખીનો અર્થ : રક્ષા. રક્ષાનું બંધન રાખડી છે. પ્રભુ તારી રક્ષા કરે એ ભાવનાથી તે બાંધવામાં આવે છે. તે કોઇપણ કોઇને પણ બાંધી શકે છે. આપણે પણ ઠાકોરજીને બાંધી શકીએ છીએ. કદાચ સુભદ્રાને ન પણ પધરાવત તો પણ કાંઇ ફરક ન પડત. કેમકે આપણે ત્યાં તો યશોદાજી અને ગર્ગાચાર્યજી પણ રાખડી બાંધે છે. એના પણ પદ છે. અને આપણે પણ ઠાકોરજીને રાખડી બાંધીએ એવા પણ પદ બનાવીને રાખડી બાંધી શકીએ છીએ. અને તેમ છતાં પણ આપણે સુભદ્રાને રાખડી બાંધવા બોલાવી છે તે આ વાતનું પ્રમાણ છે કે આપણે ત્યાં એક જ ભાવ નથી. ''સર્વદા <u>સર્વભાવેન</u> ભજનીયો વ્રજાધિપઃ''

## છઠીનો ઉત્સવ :

આ નાનો ઉત્સવ છે પણ ખૂબ મધુર ઉત્સવ છે. આપણે જન્માષ્ટમીના એક દિવસ પહેલાં સાતમના દિવસે ઠાકોરજીની છઠીનો ઉત્સવ મનાવીએ છીએ. આપણને પ્રશ્ન થાય કે છઠીનો ઉત્સવ ઠાકોરજીના જન્મના આગલે દિવસે કેમ મનાવવામાં આવે છે ? શ્રીમહાપ્રભુજી આનું સમાધાન કરે છે કે જે દિવસે ઠાકોરજીની છઠી હતી તે દિવસે પૂતના વ્રજમાં આવી ગઇ. તેથી તે દિવસે છઠી પૂજન ન થઇ શકયું. એટલે જયારે એક વરસના થયા તે દિવસે છઠી પૂજવામાં આવી. છઠીની ભાવના એવી છે કે તેનાથી ઠાકોરજીનું આયુષ્ય વધે, બધી જ રીતે અભિવૃદ્ધિ થાય, આયુ–આરોગ્ય–ક્ષેમ બધું વધે.

આજે આપણે છઠી ઠાકોરજીના જન્મના એક દિવસ પહેલાં પૂજીએ છીએ પણ લીલામાં છઠી એક વર્ષ પછી આવનારી ઘટના છે. અહીંથી આગળ પાછો જન્માષ્ટમીથી આપણો ''વ્રજ ભયો મહરકે પૂત જબ યહ બાત સુની, સુનિ આનન્દે સબ લોગ ગોકુલ ગનિત ગુની'' સેવાનો પ્રથમ ઉત્સવ શરૂ થઇ જાય છે.

પુષ્ટિમાર્ગની શરૂઆત પવિત્રા અગીયારસથી છે પણ આપણે આપણો સેવાનો ક્રમ આપણા ઠાકોરજીના જન્મથીજ શરૂ કરીએ છીએ. એટલા માટે સેવાની લખાયેલી બધી વિધિમાં (પુસ્તકમાં) જન્માષ્ટમીથી જ સેવાનો ક્રમ શરૂ થાય છે આ ઉલ્લેખનીય છે. જો કે પવિત્રા અગીયારસથી પણ સેવાની વિધિ લખી શકાતી હતી પણ જે દિવસે આપણો ઠાકુર જન્મ્યો છે તે આપણો પહેલો ઉત્સવ છે. તેના પછી તો ''સબવિધ મંગલ હોત ગોપાલસો'' ગોપાલથી સબવિધ મંગલ છે, નિત્ય ઉત્સવ છે.

આ પ્રકારે આપણે ઉત્સવના ક્રમનો વિચાર કર્યો.

★★★

# મનોરથક્રમ

### પરિભાષા :

'મનોરથ' નો પારિભાષિક અર્થ આપણે એવો કરી શકીએ કે સેવા કરવાવાળાની વિશેષ ઇચ્છાથી ભગવત્સેવા સંબંધી મનાવવામાં આવતો કોઇક વિશેષ ઉત્સવ કે જે કોઇ ખાસ દિવસે મનાવવામાં આવતો ન હોય.

### મનોરથકોણ કરી શકે ?

આમ તો 'મનોરથ' નો સામાન્ય અર્થ થાય છે મનનો રથઅથવા મનરૂપી રથ. તેના ઉપર સવાર બનીને જીવાત્મા દોડે છે. પણ જ્યારે આપણે પ્રભુ સંબંધી મનોરથની વાત કરીએ છીએ ત્યારે તે સામાન્ય ઇચ્છા કે આકાંક્ષાના રૂપમાં ન હોઇને ભગવત્સેવાસંબંધી, પ્રભુ સંબંધી કોઇ ઇચ્છા કે આકાંક્ષા તે મનોરથછે. મનોરથનું જ્યારે આવું સ્વરૂપ છે ત્યારે આ વાત પણ બિલ્કુલ સ્પષ્ટ છે કે તે ઇચ્છા અથવા આકાંક્ષા ભગવત્સેવકની હોવી જોઇએ. જે ભગવત્સેવક (ભગવાનની સેવા કરતો) નથી તેને મનોરથનો કોઇ પ્રસંગ જ નથી.

### મનોરથનો વિકૃત પ્રકાર :

આ સંબંધમાં એક વાત સાવધાનીપૂર્વક સમજવી જોઇએ કે વર્તમાન સમયમાં આપણે ત્યાં મનોરથનો જે અર્થ સમજવામાં આવે છે તે તો પુષ્ટિસિદ્ધાંતથી સર્વથા વિરૂદ્ધ અર્થ જ છે. હાલતા-ચાલતા કોઇપણ માણસની પાકીટ પૈસાથી છલકાઇ ગઇ છે તે મન્દિરમાં જઇને ત્યાં જે મનોરથના ભાવ નક્કી કરેલા હોય તે પ્રમાણે ભેટ (કિંમત) મંદિરમાં જમા કરાવી દે. મંદિર તે ભેટ (રૂપિયા)ના બદલામાં તે ઘરાકને નિયમ મુજબ મિઠાઇ આપી દે જેમ હોટલમાં ઘરાકને મેનૂ આપવામાં આવે કે એક થાળીના આટલા રૂપિયા, લાડવાના આટલા, સંભાર-ચટણીના આટલા... તો હાલમાં તો આપણે ત્યાં હોટલો જેવી સિસ્ટમ (રીત) થઇ ગઇ છે મનોરથના નામ ઉપર. હોટલમાં કોઇ ઉપર

રોક-ટોક નથી હોતી, દુકાન ખુલ્લી છે ગમે તે આવી જાય, મેનૂ જૂએ, જે ખાવું હોય તેનો ઓર્ડર આપે અને રેડીમેડ (તૈયાર) થાળી આવી જાય. આ મનોરથતો મહા ભ્રષ્ટ મનોરથછે. આ ન તો પુષ્ટિમાર્ગની કથા છે અને ન મર્યાદામાર્ગની કથા છે. આ તો કુષ્ઠીમાર્ગની કથા છે. આપણા માર્ગને ભગવાન્‌ના નામે પેટીયુ રળવાનો કોઢનો રોગ લાગી ગયો છે તેની કથા છે. હમણાં આપણે આ કોઢની વાતને એકબાજુ રાખીએ.

સિદ્ધાંત એ છે કે સેવાકર્તાને નિત્ય-ઉત્સવ-ઋતુક્રમાનુસાર સેવા કરતા-કરતા આ સેવા સિવાય જો તેના મનમાં પ્રભુસેવા સંબંધી કોઇ વિશેષ ઇચ્છા થઇ રહી છે, અથવા આમાંથી કોઇ તિથિવિશેષમાં પ્રાપ્ત નથી તો પણ કોઇ વિશેષ સેવાની ઇચ્છા થઇ રહી છે તો તે પ્રકાર મનોરથનો પારિભાષિક પ્રકાર છે.

સિદ્ધાંત પ્રમાણે મનોરથકરવા માટે યોગ્ય એ જ છે કે જેના ઘરમાં ઠાકોરજી બિરાજતા હોય. સેવા કરનાર જ મનોરથનો અધિકારી છે. બાકી આલતુ-ફાલતુ ગમે તે આવીને કહે કે મારો મંગલાનો મનોરથછે, મારો રાજભોગનો મનોરથછે... પણ ભાઇ, તારા ઠાકોરજી કયાં છે ? ઠાકોરજી જ નથી તો મનોરથકેવો ! કોઇને બાળકનો મનોરથથાય. આપણે પૂછીએ કે પત્ની કયાં છે ? પતિ કયાં છે ? આના જવાબમાં કોઇ કહે કે એ તો બાજારુ કોઇ પણ લઇ આવશું. આ તે કાંઇ મનોરથછે ! આ તો દુષ્ટતા છે. બાળકનો મનોરથછે તો પતિ-પત્ની તો હોવા જોઇએ કે નહીં ! એમ જેને મનોરથથાય તેના ઘરમાં ઠાકોરજી હોવા જોઇએ. અને પાછા એ ઠાકોરજીની સેવા થતી હોય તો મનોરથછે. સેવા જ નથી અને નિકળી પડયા છે મનોરથકરાવવા ! આ તો ભ્રષ્ટાચાર છે ભકિતમાર્ગના હિસાબે તાત્પર્ય એ છે કે મનોરથનો મતલબ છે ભક્તનો મનોરથ.

## મનોરથભક્તિભાવપ્રસૂત હોય :

પ્રભુ ભક્તમનોરથપૂરક છે. ભકતના મનોરથપણ ઘણી જાતના હોઇ શકે છે. લૌકિક મનોરથપણ કયારેક ભકતને થઇ શકે છે. પણ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભક્તિભાવથી પ્રસૂત મનોરથ-ઇચ્છા અથવા ભક્તિભાવને પ્રાપ્ત

કરવા અથવા વધારવાની ઇચ્છાસ્વરૂપ મનોરથના પૂરક પ્રભુ છે. કેમકે પુષ્ટિપ્રભુ છે. આપ કયારેય પણ ભક્તના મનોરથઅધૂરાં નહીં રાખે. પણ ભક્તના લૌકિક મનોરથપૂર્ણ કરવા માટે પુષ્ટિપ્રભુ બંધાયેલા નથી.

એક દિવસ હું કિશનગઢથી દિલ્હી જઇ રહ્યો હતો. ટ્રેનમાં એક સહયાત્રીએ મને પૂછયું કે આપ કયા સમ્પ્રદાયના ધર્મગુરૂ છો ? મેં કહ્યું કે આપે કદાચ વલ્લભાચાર્યજીનું નામ સાંભળ્યું હશે. તો તેમણે કહ્યું એ તો અમારા શેઠજીને ત્યાં દર વરસે આવે છે. મેં કહ્યું કે વલ્લભાચાર્યજીને લીલામાં પધાર્યે પાંચસો વરસ વીતી ગયા છે. તે તમારા શેઠજીને ઘરે કેવી રીતે આવે ? તે બોલયો કે નહીં, એ જ આવે છે. મેં કહ્યું કે એક જેવા નામની બે વ્યક્તિ હોઇ શકે છે. અમે જે વલ્લભાચાર્યના સમ્પ્રદાયના છીએ તે પાંચસો વરસ પહેલાં થયા હતા. પછી તેણે કહ્યું કે હા, તમારું તિલક અલગ છે અને તેમનું તિલક અલગ છે. મેં કહ્યું હવે બરાબર છે. ફરી તેણે પૂછયું કે તમારું હેડ્ કવાર્ટર (મુખ્ય મથક) કયાં છે. મને કહેવાની ઇચ્છા તો થઇ ગઇ કે હેડ્કવાર્ટર હેડમાં (માથામાં) હોય બીજે કયાં હોય ! પણ વાતને ટાળવા માટે મેં કહી દીધું કે નાથદ્વારા અમારૂં હેડ્કવાર્ટર છે. તો તેણે કહ્યું કે ત્યાં તો અમે દર વરસે જઇએ છીએ. આ સાંભળીને મને ઘણી નવાઇ લાગી કે દર વરસે જે નાથદ્વારા જાય છે તેને શ્રીવલ્લભાચાર્યજી કોણ છે એ પણ ખબર નથી. આ આપણી કેવી દુર્દશા છે, રડવા જેવી વાત છે. ચર્ચમાં જવાવાળાને ઇસાની ખબર ન હોય, મસ્જિદમાં જવાવાળાને મોહમ્મદની ખબર નથી શું આ શકય છે ? હું ત્રાસી ગયો. આવા માણસ સાથે શું વાત કરવી. પણ અમને બંનેને ઉંઘ આવતી હતી. થોડીવાર પછી તેણે કહ્યું કે તે બ્યાવર (ગામમાં)ની મીલનો એક મેનેજર છે અને જ્યારે કોઇ સોદો થવાનો હોય ત્યારે તે મનોરથકરાવવા માટે ખાસ નાથદ્વારા જાય છે. અને જો એનો મનોરથએની હાજરીમાં થઇ જાય તો સમજી જાય કે સોદો પતી જશે. અને કોઇક કારણથી તેની હાજરીમાં મનોરથન થઇ શકે તો તે સમજે કે સોદો નહીં પતે. આને સમજો કે આ મનોરથમીલના મેનેજરનો તો મનોરથછે પણ ભકતમનોરથનથી.

એણે મને એક ઘટના સંભળાવી કે એક વખત કોઇ મોટો ઓર્ડર

મળવાનો હતો. ત્યારે તે નાથદ્વારા ગયો. તે ત્યાં પહોંચ્યા અને દર્શન બંધ થઇ ગયા. તે તો ઢીલો પડી ગયો કે શ્રીનાથજીએ ટેરો ખેંચી લીધો હવે સોદો કેમ થશે ! તે ગયો સીધો મુખીયાજીની પાસે. એમને થોડાક રૂપીયા આપ્યા અને કહ્યું કે ગમે તે રીતે દર્શન કરાવી દો. જોગાનુજોગ ત્યાં સુધી તાળામંગલ નહોતા થયા. મુખીયાજીએ એમને અંદર બોલાવીને દર્શન કરાવી દીધા. આ ઘટના સંભળાવીને એમણે મને પૂછયું કે એમણે બરાબર કર્યું કે ખોટું કર્યું. મેં કહ્યું કે સાચું, સારું કે ખોટું બતાવવાવાળો હું કોણ ! આપ રાજી, મુખીયાજી રાજી અને કદાચ શ્રીનાથજી રાજી હોય તો વચમાં બોલવાવાળો હું કોણ ! આને શું કહેવું ! પુષ્ટિમાર્ગી હોય તો આપણે કાંઇક કહી શકીએ. મીલના મેનેજરને સલાહ આપવાવાળો હું કોણ ! થોડીવારમાં તેણે કહ્યું કે મારા બાપુજી તમારા જેવું જ તિલક લગાડતા હતા. ત્યારે હું સમજી ગયો કે આ પુષ્ટિમાર્ગી નથી, પુષ્ટિમાર્ગીનો છોકરો છે. પછી તો થાકીને હું સૂઇ ગયો.

એક પુષ્ટિમાર્ગીએ પોતાના દિકરાને ભણાવી-ગણાવીને મીલનો મેનેજર બનાવી દીધો. બાપે પોતાનું કર્તવ્ય ચોક્કસ બજાવ્યું પણ એક પુષ્ટિમાર્ગીએ પોતાના દીકરાને સારો પુષ્ટિમાર્ગીબનાવવાનું કર્તવ્ય ન નભાવ્યું આ વિચારથી મને ખૂબ દુ:ખ થયું. જો બાપે પુષ્ટિમાર્ગનું કર્તવ્ય નભાવ્યું હોત તો મારી સાથે આવી દુર્ઘટના સર્જાઇ ન હોત કે એક પુષ્ટિમાર્ગીનો પુત્ર પુષ્ટિમાર્ગીને જોઇને, વલ્લભાચાર્યનું નામ લેવા છતાં પણ અને એમાં પણ પાછો વારંવાર શ્રીનાથજી દર્શન કરવા જતો હોવા છતાં શ્રીમહાપ્રભુજીને ન ઓળખતો હોય આનાથી વધારે દુ:ખની વાત બીજી કઇ હોઇ શકે છે. આ આપણા પુષ્ટિમાર્ગની દુર્દશા છે. આવી દુર્દશામાં જે મનોરથો ચાલી રહ્યા છે તેના બધા રથતુટેલા છે, પૈડાઓ પણ તુટેલા છે અને ઘોડાઓ બિલ્કુલ દિશાશૂન્ય બનીને દોડી રહ્યા હોય એવું લાગે છે. આ મનોરથભગવાન સુધી પહોંચાડી શકે એવા નથી, સોદા સુધી કદાચ પહોંચાડી દેતા હશે. ''જાકી રહી ભાવના જૈસી પ્રભુમૂરત તિન દેખી તૈસી'' પણ આ મનોરથપુષ્ટિમાર્ગીય નથી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તિભાવપ્રસૂત અથવા ભક્તિભાવને પ્રાપ્ત કરવા માટે પ્રકટ થતી ઇચ્છાઓને પ્રભુ અવશ્ય પૂર્ણ કરે છે. આપણને

આપણા મનની ધાંધલી (ઉતાવળ)ના કારણે ઇચ્છાઓ પૂર્ણ નથી થઇ રહી એવું લાગી શકે છે પણ પ્રભુ એને કોઇ-ને-કોઇ પ્રકારથી પૂર્ણ કરે જ છે. આપણામાં તેનો અનુભવ કરવાની સમજણ હોય તો ખબર પડી શકે છે કે પ્રભુએ કેવી રીતે બધી જોડ-તોડ બેસાડી દીધી છે.

આપણે મનોરથના મૌલિક અને વિકૃત એમ બે સ્વરૂપો જોયા. આના અંતર્ગત ભક્તિભાવની મુખ્યતા છે આના ઉપરથી ભાવની નિરુપાધિકતા આવશ્યક છે તે તો આપણે સમજી જ શકીએ છીએ. મીલના મેનેજરની બાબતમાં વિચારીએ તો એવી વાત નથી કે તેને ઠાકોરજી ઉપર શ્રદ્ધા નથી અથવા ભાવ નથી. શ્રદ્ધાભાવ છે પણ મીલનો સોદો પતાવવા માટે છે. આ પ્રકારનો ભાવ શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિમાં ભક્તિપ્રસૂત ભાવ નથી, લૌકિક કામના-ઉપાધિથી પ્રસૂત ભાવ છે. આ મૌલિક અંતર છે. આ વાત આપણે સમજીએ તો જિજ્ઞાસા થાય છે કે ભક્તિપ્રસૂત ભાવ કેવી રીતે થાય.

## સ્વરૂપાનંદ અને ભજનાનંદ :

ભક્તિપ્રસૂત ભાવ બે પ્રકારના હોઇ શકે છે : સ્વરૂપાનંદ સંબંધી અથવા ભજનાનંદ સમ્બન્ધી. ભગવાનના સ્વરૂપમાં આનંદનું દાન કરવાનું સામર્થ્ય છે. તેને પ્રાપ્ત કરવાની આપણી લલક-ઇંતેજારી એ મનોરથનો એક પ્રકાર છે. બીજો પ્રકાર ભજનાનન્દ પ્રાપ્ત કરવાની આકાંક્ષાનો છે. એટલેકે ભગવત્સ્વરૂપ જ્યાં ગૌણ હોય અને ભજનનો ભાવ મુખ્ય હોય ''હું આ પ્રકારે સેવા કરું'' એવી ભાવના. ભજન ભગવત્સ્વરૂપના વિના તો થઇ નહીં શકે આ તો સ્પષ્ટ જ છે. પણ મુખ્યતા સ્વરૂપાનન્દ સંબંધી ન હોઇને ભજન કેવી રીતે કરવું એના પ્રકાર સંબંધી હોય છે કે મારે આ પ્રકારથી ભજન કરવું છે. 'ભજન'નો આજે અર્થ એવો થાય છે કે ઢોલક-મંજીરા લઇને ધુન-કીર્તન કરવા. પણ અહીંયા એવા અર્થમાં આપણે ચર્ચા નથી કરી રહ્યા. 'ભજન'નો અર્થ સેવા થાય છે.

મનોરથના આ બે વિભાગને સમજી લીધા પછી હવે એ સમજો કે એક તો ભગવત્સ્વરૂપનો સંયોગ હોય છે અને બીજો ભગવત્સ્વરૂપનો વિપ્રયોગ હોય છે. સંયોગ=મિલન અને વિપ્રયોગ=છુટ્ટા પડી જવું. સામાન્યરીતે એવું હોય છે કે

આપણે પ્રિયથી છુટ્ટા પડીએ છીએ ત્યારે છુટ્ટા પડવાની અનુભૂતિને પ્રિયની અનુભૂતિ નથી માનવામાં આવતી. કેમ કે પ્રિયની અનુભૂતિ ન થવી એ જ છુટ્ટા પડવું છે. પણ શ્રીમહાપ્રભુજીએ આ સમજાવ્યું છે કે આપણો પ્રિય પ્રભુ નટવર છે. નટ પણ છે અને વર પણ છે. નટવર હોવાને લીધે તેના મળવામાં પણ આનંદ છે. અને તેનાથી છુટ્ટા પડવામાં પણ એક પ્રકારનો આનંદ છે. અને છુટ્ટા પડવું એ પણ તેની અનુભૂતિનું એક અંગ છે. તેથી આપણે ત્યાં ભગવાન્‌ના વિપ્રયોગનો અનુભવ થવો તે ભગવાન્‌ની અનનુભૂતિ નથી, ભગવાનની અનુભૂતિનો જ એક પ્રકાર છે. જેમ પુત્ર-પતિ-પત્નીનું આંખોની સામે હોવું એ મિલન છે. આંખોની સામે ન હોવું એ વિયોગ છે. પણ ભગવાનનું મિલન અને ભગવાનથી વિયોગ આ બંને એની અનુભૂતિના અલગ-અલગ પ્રકારો છે. આપણને પ્રશ્ન થાય કે ભગવાનથી છુટ્ટા પડી જવું તેને ભગવાન્‌ની અનુભૂતિ કેવી રીતે કહી શકાય. પણ છાંયો અને પ્રકાશનો વિચાર કરો. અંધારું જુદી વસ્તુ છે. તેને પડછાયો ન સમજતા. અહીં પ્રકાશ છે તેથી પડછાયાનો અનુભવ થાય છે. એકદમ અંધારું હોય તો પડછાયાનો પણ અનુભવ નથી થતો. અહીં આપણે પડછાયાને જોઇ રહ્યા છીએ તેનાથી આપણે પ્રકાશની વિભાજક રેખા જોઇ શકીએ છીએ. તો જેમ પ્રકાશ અને છાંયો એકબીજાના પૂરક છે એમ ભગવાનના મળવા અને છુટ્ટા પડવાની અનુભૂતિ એકબીજાની પૂરક છે. દુનિયામાં કોણ જાણે કેટલી વ્યક્તિ અને કેટલી ચીજો એવી છે કે જે આપણને મળી નથી. જેમકે દક્ષિણ ધ્રુવમાં 'પેંગ્વિન' નામનું મોટું પક્ષી હોય છે. તે આપણને નથી મળ્યું. શું આપણને તેનાથી છુટ્ટા પડવાનો અનુભવ થાય છે ? નહીં. આપણે કોઇને એવો અનુભવ નથી થઇ રહ્યો કે આપણે પેંગ્વિનથી છુટ્ટા પડી ગયા છીએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે છુટ્ટા પડવાનો અનુભવ તમને ત્યારે થશે કે જ્યારે તમને પ્રેમનો અનુભવ છે. પ્રેમનો અનુભવ છે તો એક દીવાલની આડશ હશે તો પણ છુટ્ટા પડવાનો અનુભવ થઇ શકશે. ભકતકવિએ તો ત્યાં સુધી કહ્યું છે કે ''તબ હાર વહારસે લાગતે હૈ અબ આનિકે બીચ પહાડ પરે''. એક-બીજા સાથે ગળે મળવામાં ગળાનો હાર પણ દૂરીનો એવો અનુભવ કરાવી રહ્યો છે કે જાણે બંનેની વચમાં કોઇ પહાડ આવી ગયો હોય. આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વિપ્રયોગના અનુભવમાં પ્રિયતમના કરતાં પ્રેમનો

અનુભવ મુખ્ય બની જાય છે. અને સંયોગમાં પ્રિયતમનો અનુભવ થાય છે તે વખતે પ્રેમની મુખ્યતા નથી રહેતી, પ્રિયતમની મુખ્યતા હોય છે. છૂટ્ટા પડવામાં પ્રેમ મુખ્ય બની જાય છે, પ્રિયતમ ગૌણ થઇ જાય છે. જેટલો-જેટલો છુટ્ટા પડવાનો અનુભવ વધુ થાય એટલો-એટલો પ્રેમ વધતો જાય છે. એવી જ રીતે જેટલો-જેટલો પ્રેમ વધતો જાય છે એટલો-એટલો છુટ્ટા પડવાનો અનુભવ વધારે થતો જાય છે. પ્રેમ ઓછો થતા જ છુટ્ટા પડવાનો અનુભવ ખતમ થઇ જાય છે.

પ્રભુ નટવર શા માટે છે એ શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્યારે પ્રભુ આપણી સામે છે ત્યારે આપ વર છે. વર-વધૂવાળો વર, વરરાજા. અને જ્યારે આપણા સામે નથી તે વખતે પણ જો એનો પ્રેમ આપણા હૃદયમાં જોર પકડી રહ્યો છે તો આ પ્રેમ કોનું નાટક છે ? કોણ આ નાટક કરી રહ્યું છે ? પ્રિયતમનો અનુભવ ન થાય અને ફક્ત પ્રેમનો અનુભવ થાય આ નાટક કરવાવાળો તો એ જ છે.

''પાની બિચ મીન પિયાસી મોહિ સુનિ સુનિ આવે હાંસી''. પાણીમાં રહીને માછલી તરસી કેવી રીતે હોઇ શકે છે ? એમ પ્રભુ જે સર્વવ્યાપી છે એનાથી જીવ છુટ્ટો કેવી રીતે પડી શકે છે ? જે સર્વાન્તરાત્મા છે તેનાથી જીવ છુટ્ટો પડશે કેવી રીતે ? પણ જો તે આવું નાટક કરે છે ... તે આખું નાટક આપણી સાથે કયારે કરશે. કાં તો તે આપણી અંદર પ્રેમ વધારવા માગે છે એટલા માટે નાટક કરે છે. અથવા આપણી અંદર તેના માટે પ્રેમ વધ્યો છે તેથી તે આવું નાટક કરી શકે છે. બાકી પ્રભુથી છુટ્ટા પડવું એ તો પ્રભુની હકીકત હોઇ જ ન શકે. પાણીની વચ્ચે માછલી તરસી રહી જ કેવી રીતે શકે ? પણ છતાંય જો પાણી માછલીને એવી પ્રતીતિ કરાવે કે તે તરસી છે તો તે પાણીનું નાટન જ સમજવું પડશે. આથી શ્રીમહાપ્રભુજી પ્રભુને 'નટ' કહી રહ્યા છે. પણ પ્રભુ ફકત નટ જ નથી. પ્રભુ આપણી અંદર માત્ર છુટ્ટા પડવાનો ભાવ જ જગાવે છે એવું નથી. પ્રભુ આપણને મળે પણ છે. તેથી એ નટવર છે. એક સૂફીએ ખૂબ સુંદર વાત કહી છે : ''ખુદરા ન નુમાઇ વ નુમાઇ હમાઝા'' તે કહે છે કે તું ખુદને પ્રકટ પણ કરે છે અને પ્રકટ કરવા છતાંય તું ખુદને છૂપાવી પણ લે છે. દરેકમાં તું

અમને પ્રકટ અનુભવ પણ કરાવી રહ્યો છે અને દરેકમાં તું પોતાને છૂપાવી પણ રહ્યો છે. આપણને લાગે કે આવું કેવી રીતે થઇ શકે. પણ સમજો કે આપણે દહીં જમાવ્યું, તેની છાશ બનાવી. તેમાંથી માખણ કાઢયું. તેનું ઘી બનાવી દીધું. બીજી પણ દશ-પંદર વસ્તુ બનાવી લીધી. રસગુલ્લા-ગુલાબજાંબુ-પેંડા-બાસુંદી. હવે આ બધામાં દૂધ આપણને જૂદા-જૂદા રૂપમાં અનુભવમાં આવી રહ્યું છે કે નહીં. જુદા-જુદા રૂપમાં અનુભવમાં આવવાના કારણે તે ખુદને પ્રકટ પણ કરે છે અને ખુદના મૂળ રૂપને દૂધ છુપાવે પણ છે. રસગુલ્લા-પેંડા આ બધું કોની અભિવ્યક્તિ છે ? દુધની જ તો છે ! દુધની અભિવ્યક્તિ હોવા છતાં પણ દુધ અનુભવમાં આવતું બંધ થઇ ગયું. જ્યારે સ્ત્રીઓ પડદો (ઘુંઘટ) રાખતી હતી ત્યારે પણ આવું જ થતું હતું. પડદામાં રહીને તે પોતાને છુપાવતી અને કોઇ રીતે પોતાની નુમાઇશ પણ કરતી. જેમ ઘટામાં ચાંદ છુપતો રહે, ઝલકતો રહે. આ રીતનું પરમાત્માનું સ્વરૂપ છે. ''ખુદરા ન નુમાઇ વા હમાઝા'' એ નટ પણ છે, એ વર પણ છે. વર એટલે સામે આવનારો અને નટ એટલે નાટક કરનારો. આપણે ત્યાં પ્રકટ છે તો પણ અપ્રકટ હોવાનું નાટક કરવાવાળો આ અર્થમાં એ નટ છે. અને બંનેને મેળવીને ભગવાનનું નામ 'નટવરવપુ' છે.

સ્વરૂપાનંદ સંયોગ અને વિપ્રયોગ એમ બંને પ્રકારથી હોઇ શકે છે. સંયોગ-વિપ્રયોગના પણ પાછા બાહ્ય અને આભ્યન્તર એવા બે-બે ભેદ હોઇ શકે છે. મતલબ એ કે બહારથી આપણે છુટ્ટા પડેલા છીએ પણ અંદરથી આપણને એવું લાગતું હોય કે નહીં, હું છુટ્ટો નથી પડયો. જેમ મેં તમને વાત કરી કે દ્વારકાની રાણીઓ જ્યારે વ્રજમાં આવી ત્યારે એમણે વ્રજભકતોને પૂછયું કે અમે તો કૃષ્ણથી છુટ્ટી પડી ત્યારથી અતિ પરેશાન છીએ પણ તમે આટલી પ્રસન્ન કેમ છો ? ત્યારે વ્રજભકતોએ કહ્યું કે અમે તો કૃષ્ણથી છુટ્ટી પડી જ નથી. આનો મતલબ શું ? શું વ્રજમાં કૃષ્ણ હતા ? કૃષ્ણ બહાર ન હતા પણ અંદરથી તો એમને કૃષ્ણની અનુભૂતિ નિરન્તર થતી જ રહેતી હતી. તો બહારથી વિયોગ છે અને અંદરથી સંયોગ છે. આ પણ એક સ્થિતિ છે.

કયારેક એવું પણ બની શકે છે કે ભીતરથી વિયોગ હોય અને બહારથી સંયોગ હોય. ''ન ગૈર લગતા હૈ ન અપનોંકી તરહ મિલતા હૈ, તૂ જમાનેકી તરહ

મુઝકો સતાતા કયું હૈ ?'' તને જોઉ છું તો એવું નથી લાગતું કે કોઇ પારકાને મળી રહ્યો છું પણ જ્યારે મળે છે ત્યારે એવી રીતે નથી મળતો કે જાણે કોઇ પોતાનો મળતો હોય આ કેવો અનુભવ છે ? અંદરથી વિયોગ છે અને બહાર સંયોગ છે. પોતાનાની જેમ નથી મળી રહ્યો એટલે કોઇ જાતનો વિયોગ છે અને જ્યારે મળે છે ત્યારે પાછો પારકો નથી લાગી રહ્યો.

જ્યારે આ સમજાઇ ગયું તો આ પણ સમજાઇ જશે કે એક સ્થિતિ એવી પણ હોઇ શકે છે કે અંદર-બહાર બંને ઠેકાણે સંયોગનો અનુભવ થાય. મન પણ તેમાં રમી રહયું છે અને આંખો પણ તેમાં રમી રહી છે.

તેના પછી ચોથી સ્થિતિ એવી પણ હોઇ શકે છે કે ન અંદર છે ન બહાર છે બંને જગ્યાએ વિપ્રયોગનો અનુભવ થાય છે.

આમ બધા મળીને સ્વરૂપાનંદના ચાર પ્રકાર હોય છે. પ્રમેય-સાધન-ફલ પ્રકરણના ત્રણ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ આ ભગવદનુભૂતિના ત્રણ પ્રકાર બતાવ્યા છે. માત્ર છેલ્લો પ્રકાર ભ્રમર ગીતમાં બતાવ્યો છે કે જ્યારે ઠાકોરજી મથુરા પધારી ગયા.

ભજન પુષ્ટિમાર્ગના હિસાબે ત્રણ રીતે થઇ શકે છે. એક પ્રકાર લીલા સ્મરણનો છે. બીજો પ્રકાર સેવાનો છે. અને ત્રીજો પ્રકાર .... જેમાં આપણે પ્રભુના ગુણ ગાતા રહીએ. તે મુજબ મનોરથપણ આપણા ત્રણ પ્રકારના હોઇ શકે છે.

આપણે નિત્ય-ૠતુ-ઉત્સવ ક્રમની સેવા કરી રહ્યા છીએ. પણ ભગવાનની કોઇ લીલા સંબંધમાં મનોરથથાય કે અને પ્રભુની આ લીલાનો સેવામાં અનુભવ કરીએ. લીલાના મનોરથઘણી જાતના હોઇ શકે છે. મોટાભાગે નિત્યસેવાના ક્રમમાં તો મનોરથહોતા નથી કારણકે એ તો સ્વભાવથી જ થઇ રહી છે. પણ ૠતુક્રમની સેવાનો મનોરથઆપણને થઇ શકે છે.

પદમાં આવે છે કે ''ભીજત કબ દેખોંગી નૈનન''. વરસાદ વરસતો હોય, ઠાકોરજી ભીંજાતા હોય, ઠાકોરજીની વાળની લટોમાંથી ટપ-ટપ-ટપ ટીપાં પડી રહ્યાં હોય. ઠાકોરજીના વસ્ત્ર ભીંજાઇ ગયા હોય એવા દર્શન મને

કયારે થશે ! આ ઋતુ સંબંધી લીલાનો મનોરથથયો. યશોદાજીનો મનોરથપદમાં પ્રકટ થાય છે ''કબ મેરો મોહન ચલેગો ઘુટુરુવન તબ હોં કરોંગી બધાઇ'' જ્યારે તે મને 'મૈયા' કહીને બોલાવશે ત્યારે ''સર્વસ્વ વાર દેહોં મોહનપેં 'મૈયા' કહીકે બુલાવે'' આ મનોરથછે. ભક્તિભાવથી પ્રસૂત લીલાત્મક મનોરથછે. આવા મનોરથયશોદાજીને જ થાય એવી વાત નથી. આપણને પણ એવા મનોરથથઇ શકે છે. આ મનોરથોને પૂર્ણ કરવા માટે આપણે સેવામાં કોઇ અતિરિકત ક્રમ કરીએ તો પ્રભુ એને પૂર્ણ કરશે. કેમકે મનોરથભક્તિભાવથી પ્રસૂત છે અને પ્રભુ ભકતમનોરથપૂરક છે. પણ જો પ્રભુ આવા મનોરથપૂર્ણ ન કરતા હોય તો થોડી-ઘણી હેરા-ફેરી કરીને, છૂટ લઇને આપણે આપણી રીતથી આ મનોરથોને પૂર્ણ કરી શકીએ છીએ. જેમકે વરસાદ નથી પડી રહ્યો. પણ આપણે ફૂવારા ઉડાડીને ઠાકોરજીની આગળ વરસાદ પડી રહ્યો છે એવો અનુભવ કરી શકીએ છીએ. આ લીલાત્મક મનોરથના પ્રકાર છે.

તમે બધા લોકો અહીં (કિશનગઢ) સૌભાગ્યશાળી છો કે અહીં મનોરથની વિકૃતિ ગુજરાત-મુંબઇની જેમ જોર નથી પકડી. ગુજરાતના શહેરોમાં તો વિકૃત મનોરથોનો કોઇ અંત નથી. ગુજરાતના એક ગામમાં ઠાકોરજીને અક્રૂરજી કંસને ત્યાં પધરાવવા આવ્યા તેનો મનોરથથયો ! તેની સજાવટ એવી થઇ કે રથમાં ઠાકોરજી બિરાજે છે અને અક્રૂરજી એમને મથુરા પધરાવી જઇ રહ્યા છે ! ગોકુલ-મથુરાના રસ્તાઓ બન્યા છે. ગોપીઓ રથની આગળ પડીને તડપી-તડપીને રોઇ રહી છે. બેવકૂફ દર્શનાર્થીઓ દર્શન કરીને કહી રહ્યા હતા કે આજે તો ગજબ દર્શન થયા, ગજબની ઝાંખી થઇ. અરે ભાઇ, આ ઝાંખી ગજબની છે કે માથુ કુટવાની છે ! મેં પત્ર લખ્યો કે આવો દુષ્ટ મનોરથતો કંસને થયો હતો. આવો ક્રૂર મનોરથપુષ્ટિમાર્ગીને થયો કેવી રીતે ? અક્રૂરજી ઠાકોરજીને મથુરા પધરાવી જાય એવો મનોરથપુષ્ટિમાર્ગીને તો ન થઇ શકે ને ! તો જુઓ અત્યારે આપણને રાક્ષસોના જેવા મનોરથથવા લાગી ગયા છે. થોડોક પણ જેના અંદર ભક્તિભાવ હશે તેને આ વાત સમજી જવી જોઇએ કે આવો મનોરથઆપણે ત્યાં ન થઇ શકે. કેમ કે ન તો આમાં સ્વરૂપાનંદ છે અને ન આમાં ભજનાનંદ છે. આમાં તો સજાવટના દ્વારા ભીડ ભેગી કરીને પૈસા

કમાવાનો જ ફકત મનોરથછે. ધિક્કાર છે એમને કે જેઓ આવા મનોરથકરી રહ્યા છે.

ગુજરાતના જ એક ગામમાં અધિકમાસમાં ઠાકોરજીને મારવા પૂતના આવી તેનો મનોરથથયો. સજાવટમાં બહુ મોટી પૂતના બનાવી. તેના ઉપર ઠાકોરજીને બેસાડયા. તેની અંદર એક ટેપ-રેકોર્ડ રાખ્યું. તેમાંથી થોડી-થોડી વારે અવાજ આવતો ''અરે, મર ગઇ રે, મર ગઇ...'' ભગવાને તો પૂતનાને મારી હતી પણ તમને આવો કુમનોરથકેવી રીતે થયો કે ઠાકોરજીને મારવા પૂતના આવે !

આજે પુષ્ટિમાર્ગીઓ ભક્તિભાવથી રહિત બની ગયા છે તેના સર્ટિફિકેટ જેવો આ કુમનોરથછે. આનો આનંદ લેવો એ આપણી રાક્ષસી મનોવૃત્તિને ઉઘાડી કરવા જેવું છે.

એક જગ્યાએ ઠાકોરજીના વિવાહનો મનોરથથયો. તેમાં હજારોની ભીડ થઇ. મનોરથી એક લગ્ન-વિવાહનો ડેકોરેટર હતો. તેણે મનોરથની સજાવટમાં પોતાના ધંધાના પ્રચારનું પાટીયું લગાડી દીધું. એની પબ્લિસિટિ ખૂબ થઇ. લોકોને થયું કે આટલી બધી સરસ સજાવટ કરે છે તો આપણા પ્રસંગમાં પણ આને જ કામ આપીશું ! વિચાર કરો કે આ ઠાકોરજીનો મનોરથહતો કે ધંધાની જાહેરાત હતી !

મુંબઇમાં તો છાપાઓમાં આવતું હોય છે કે નાથદ્વારામાં છપ્પનભોગ કરાવવા જઇએ છીએ. જેઓને અમારી સાથે આવવું હોય તે આવી શકે છે. બે બસ જશે, ત્રણ બસ જશે. પછી બધા લોકો પોત-પોતાના નામ લખાવે. ખબર જ ન પડે કે આમાં મનોરથશું થયો ! આ મનોરથનથી. મનોરથભક્તિભાવથી જન્મેલો હોવો જોઇએ, ભાવ નિરુપાધિક હોવો જોઇએ. સ્વરૂપાનંદ કે ભજનાનંદની કામનાથી મનોરથહોવો જોઇએ.

સ્વરૂપાનંદનો અનુભવ આપણને બે પ્રકારથી થઇ શકે છે. કાં તો સ્વરૂપની એવી છટાના દર્શન કે જેને કારણે આપણને સ્વરૂપાનંદની અનુભૂતિ થાય અથવા સેવાનો કોઇ એવો પ્રકાર જે સજાવટવાળો હોય, જેમાં આપણને

પ્રભુની કોઇ લીલાની ઝાંખી થાય. ઠાકોરજીને આપણે શૃંગાર ધરાવીને આરસી બતાવીએ પછી તે આરસીને આપણે હૃદય સાથે લગાવીએ છીએ. આ મનોરથનો જ એક પ્રકાર છે. આમાં આપણે ઠાકોરજીને એ જતાવીએ છીએ કે જેવા આપ આરસીમાં સુસ્પષ્ટ દર્શન આપી રહ્યા છો એવા મારા હૃદયમાં આપ મને દર્શન આપો. મારૂં હૃદય આરસી જેવું સ્વચ્છ બની જાય, નિર્મલ બની જાય કે મારા હૃદયમાં પણ ... જેમ તે કહે છે કે ''દિલકે આયનેમેં હે તસવીરે યાર, જબ જરા ગર્દન ઝુકાઇ દેખલી'' આ મનોરથછે. ભક્તિભાવથી જન્મેલો સ્વરૂપાનંદ સંબંધી મનોરથછે. આંખોથી તો તમે મને દેખાઇ રહ્યા છો પણ આરસીમાં જેમ આપ કેદ થઇ રહ્યા છો એવા મારા હૃદયમાં કયારે કેદ થશો એ મારો મનોરથછે. આપણે પ્રભુ પાસે કાંઇ માંગતા નથી. કેમકે માગણી કરવી એ સારી વાત નથી. આરસીને હૃદય સાથે લગાવીને આપણે પ્રભુને જતાવીએ છીએ. આવા મનોરથમાં તો ભક્તિભાવનું સૌંદર્ય છે કે જેમાં આપણે સ્વરૂપાનંદ લેવા ઇચ્છીએ છીએ, આ સ્વરૂપને શૃંગાર ધરાવીને, ભોગ ધરાવીને, હિંડોળા-પલના-ફૂલમંડલીની સજાવટ કરીને યશોદાજી જેમ ઠાકોરજીને ઝુલાવતા હતા તે પ્રકારથી ઠાકોરજીને ઝુલાવીને, ગોપીજન ઠાકોરજીને જેમ છાક આરોગાવવા જતા હતા. તેવી પ્રભુની લીલાનો આનંદ લેવા માટે, આપણા ઘરમાં ભલે વૃંદાવન ન હોય પણ બે-ચાર વૃક્ષ રાખીને, ગિરિરાજજી ન હોય તો બે-ચાર શીલા રાખીને પ્રભુની તે-તે લીલાઓનો આનંદ અનુભવ કરવા ઇચ્છીએ તો આ બધા મનોરથસ્વરૂપાનંદ કે લીલાનંદના મનોરથછે. એવા મનોરથઆપણા ઘરમાં કરી શકાય છે.

તેથી જ મેં તમને બતાવ્યું કે ભગવાન તો આપણને વિપ્રયોગનું દાન કરે એમાં પણ પ્રભુનું નટરૂપ છે આ શ્રીમહાપ્રભુજીએ સ્વીકાર્યું છે. પણ આપણે વિપ્રયોગનો મનોરથનથી કરતા. ભગવાનને આપણે આમ ન કહી શકીએ કે ઘણા દિવસ સાથે રહ્યા હવે આપ થોડાક દિવસ અમારાથી છૂટ્ટા પડો ! કોઇ પોતાના પ્રિયને આવું કહી શકશે કે થોડાક દિવસ તમે બહારગામ જતા રહો, અમે તમારો વિપ્રયોગ કરવા માગી રહ્યા છીએ ! જો આપણે આમ કહી રહ્યા છીએ તો મતલબ સાફ છે ભક્તિ-સ્નેહ ખતમ થઇ ગયો છે. જ્યારે આપણે

વિપ્રયોગની માગણી કરી રહ્યા છીએ તો ભક્તિ ખતમ થઇ ગઇ છે. પણ માગી નથી રહ્યા અને આપણને છૂટ્ટા પડવાનો અનુભવ થઇ રહ્યો છે તો લોકમાં એ અનુભવ તે વ્યકિતનો નથી, તે વ્યક્તિના અનુભવનો અભાવ છે. પરંતુ ઠાકોરજી પ્રેમાત્મક પણ છે અને પ્રિયતમાત્મક પણ છે. રસખાન કહે છે ''જ્યોં હરિ પ્રેમસ્વરૂપ હૈં ત્યોં પ્રેમ હૂ હરિસ્વરૂપ, એક હોય દોઉ યોં લખેં જ્યોં સૂરજ અરુ ધૂપ'' તેથી પ્રભુના વિપ્રયોગનો અનુભવ પણ પ્રભુનો જ એક પ્રકારનો અનુભવ છે. સૂરજ અને ધૂપ એક હોવા છતાં પણ બે દેખાઇ રહ્યા છે એવી રીતે પ્રેમ હૃદયમાં છે અને હરિ સામે છે. હરિ સામે છે અને એનો પ્રેમ હૃદયમાં અનુભવાઇ રહ્યો છે તો તે એની ધૂપ છે. અને હરિ દેખાઇ નથી રહ્યા પણ તેનો પ્રકાશ અનુભવમાં આવી રહ્યો છે તો તે તેનું છુટ્ટા પડવું છે આ વાત સમજી શકાય છે પણ આનો મનોરથનથી હોઇ શકતો. મનોરથતો સંયોગનો જ થશે. આ રહસ્ય સમજો.

કેવા-કેવા મનોરથપ્રભુના કરવા તેની સામાન્ય સમજણ મેં તમને બતાવી. કેટલાક મનોરથકેવી રીતે કરવા તે આપણને ખબર છે. પણ એક વાત સમજો કે આજે જે પ્રકારથી છપ્પનભોગના મનોરથથઇ રહ્યા છે, અન્નકૂટના મનોરથથઇ રહ્યા છે તે ઠાકોરજીને આરોગાવવા માટે નથી થતા, દર્શન ખોલવા માટે હોય છે. કેમકે ભોગ ધરવાનો સમય ૯૦ મિનિટનો હોય છે. અને દર્શન એના ખુલ્લા રહે છે છથી સાત કલાક ! આના ઉપરથી જ વાત સ્પષ્ટ થઇ રહી છે કે આ મનોરથભોગ આરોગાવવા માટે નથી થતા, દર્શન ખોલવા માટે હોય છે. આ મનોરથો ભક્તિભાવથી જન્મેલા મનોરથનથી. આ મનોરથો ભક્તિભાવ પ્રાપ્ત કરવાને માટે પણ નથી. કારણકે મનોરથજ્યારે કોઇ પ્રેમી-ભક્તને પોતાના પ્રિયતમ-ભગવાનને માટે થશે ત્યારે તે બીજાની તેમાં આડખીલી સહન નહીં કરે. ધારો કે મને મારી પત્નીની સાથે કયાંય ફરવા જવાની ઇચ્છા થઇ એમાં કોઇ પાડોશણ કહે કે હું પણ સાથે આવીશ તો મને મજા નહીં આવે. મને મારા બાળકો સાથે રમવાની ઇચ્છા છે તે વખતે કોઇ આવી જશે તો મને મજા નહીં આવે. આવી જ રીતે હું મારા ઠાકોરજીનો કોઇ મનોરથકરી રહ્યો છું તે સમયે કોઇ આંખો ફાડીને જુએ તો મારા મનમાં ડીસ્ટર્બન્સ્ (ખલેલ) થવી જોઇએ.

પણ જ્યારે આપણે પોતે જ ઇચ્છીએ કે લોકો મનોરથમાં આંખો ફાડીને જુએ (સામેલ થાય) તો મતલબ તો સાફ છે કે આપણે લોકોને દેખાડવા માટે મનોરથકરી રહ્યા છીએ. આવા મનોરથઠાકોરજીને માટે નથી હોતા. લોકોના માટે હોય છે કે આવો જુઓ, આવીને જુઓ કે અમે ઠાકોરજીને પલના ઝુલાવી રહ્યા છીએ, જુઓ અમે હિંડોરા ઝૂલાવી રહ્યા છીએ, આવીને જુઓ કે અમે ઠાકોરજીને અન્નકૂટ ભોગ ધર્યો છે, આવીને જુઓ કે અમે ઠાકોરજીને છપ્પનભોગ ધર્યો છે... તો આવા મનોરથકોના માટે થયા ? ઠાકોરજી માટે કે દર્શનીયા ભગત માટે ? આવા મનોરથો ભક્તિભાવથી પ્રગટ થયેલ મનોરથનથી. હું તો નિરંતર આ જ શુભકામના કરતો રહું છું કે જેના હૃદયમાં પુષ્ટિભક્તિનો બીજભાવ છે એને કયારેય પણ એવા મનોરથન જાગે કે જે ભક્તિભાવથી પ્રકટ થયેલા ન હોય, ભક્તિભાવને પ્રકટ કરનારા ન હોય. શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોને એવા કુમનોરથોથી બચાવે આ જ શુભકામના છે. કેમકે ''સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો, સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો''.

**પ્રશ્ન : ખંડિતા કોને કહેવાય છે ?**

**ઉત્તર :** ખંડિતાનો ભાવ એ છે કે પ્રભુ વચન આપી ગયા કે પાછા પધારશે પણ પધાર્યા નહીં અથવા પધારવામાં વિલંબ થયો તેનું નામ ખંડિતા.

**પ્રશ્ન :**

**ઉત્તર :** સારો પ્રશ્ન કરવા માટે ખૂબ-ખૂબ વધાઇ. એક તો ભાષા હોય છે અને એક ભાવ હોય છે. મારે ત્યાં એક ખવાસ હતો. તે વખતે અમારા ઘરમાં શ્યામનો ત્રિકોણ હતો. મારૂં નામ પણ શ્યામ, અમારા ઠાકોરજીનું નામ પણ શ્યામ અને ખવાસનું નામ પણ શ્યામ હતું. મારા ખવાસને તેના બાપ સાથે એક દિવસ ઝઘડો થઇ ગયો. બાપે તેને ખીજમાં કહ્યું કે જા, નિકળી જા અહિંથી. એણે પૂછ્યું કે કયાં જાઉં. તો બાપે કહ્યું કે કૂવામાં પડ. તે ખરેખર કૂવામાં પડી ગયો. બાપે કહ્યું ભલે પણ તે ખરેખર એવું થોડું ઇચ્છી રહ્યો હતો કે એનો દિકરો કૂવામાં પડે.

આપણા ઘરમાં આવનારને આપણે 'આવો-આવો !' કહિએ છીએ પણ જરૂરી નથી કે આવનાર દરેક વ્યક્તિ પ્રત્યે આપણો ભાવ સ્વાગતનો જ હોય. આપણે કોઇને 'જાઓ' કહિએ ત્યારે જરૂરી નથી કે તેના તરફનો આપણો ભાવ રજા દેવાનો હોય. ઘણી વખત 'જાઓ' કહેવામાં સ્નેહ પણ પ્રકટ થતો હોય છે અને 'આવો' કહેવામાં સ્નેહ પ્રકટ નથી થતો હોતો. આપણે મુંઝવણમાં હોઇએ તે વખતે કોઇ આવી ગયું હોય ત્યારે આપણે કહીએ કે 'આવો'. પણ તે વખતે આપણા મનમાં સ્નેહ-સ્વાગતનો ભાવ નથી હોતો.

તો આ વાત ધ્યાનમાં લેવી જોઇએ કે જ્યારે ખંડિતાનો ભાવ મનમાં છે અને તે પ્રભુને 'જાઓ' કહી રહી છે તો તે પ્રેમના કારણે કહી રહી છે. પ્રેમ ખંડિત થવાના કારણે નથી કહી રહી કે 'જાઓ'. અંગ્રેજીમાં એક ગીત છે : ''સમ્ ટાઇમ્ આઇ લવ યૂ, સમ્ ટાઇમ્ આઇ હેઇટ્ યૂ બટ વ્હેન આઇ હેઇટ યૂ ઇટ્સ્ કૉસ આઇ લવ યૂ'' કયારેક હું તને પ્રેમ કરું છું, કયારેક હું તારી સાથે ધૃણા કરું છું. પણ હું જ્યારે તારી સાથે ધૃણા કરું છું તેનું કારણ એ જ છે કે હું તને પ્રેમ કરું છું. ગુસ્સો આપણને એના ઉપર જ આવે છે કે જેને આપણે પોતાનો માનતા હોઇએ. જેને આપણે આપણો નથી માનતા તેની સાથે આપણો મતલબ શું છે ? જેમ કરવું હોય તેમ કરે. કરે કે ન કરે. આપણું બાળક ભણે નહીં તો આપણને ગુસ્સો આવે છે. પાડોશીનું બાળક ન ભણે તો આપણને કયારેય ગુસ્સો આવે ! કેમ નથી આવતો? આપણો બાળક જુગાર રમતો હોય, દારૂ પીતો હોય તો આપણને ગુસ્સો આવે. પણ પાડોશીનો બાળક જુગાર રમતો હોય, દારૂ પીતો હોય તો આપણને કયાં ગુસ્સો આવે છે. નિંદાનો ભાવ આવે પણ ગુસ્સો નથી આવતો. કેમ ? કેમકે આપણે તેને આપણો નથી માન્યો. તેથી એક વાત સમજો કે ખંડિતાનો ભાવ પ્રેમ ખંડિત થવાનો નથી. પ્રેમ અખંડિત છે એટલે તો ગુસ્સો આવે છે. તેથી જ્યારે ખંડિતા 'જાઓ' કહી રહી છે ત્યારે તેમાં 'ચાલ્યા જાઓ અહીંથી' એવો ભાવ નથી, ફરીયાદનો ભાવ છે કે મોડા કેમ આવ્યા. ભાષા એવી છે પણ ભાવ એવો નથી.

એક સાચી વાત કહું કે બધા ગોસ્વામીઓ સાથે હું આટલો ઝઘડો કરૂં છું. બધા ગો. બાલકો મારાથી પરેશાન છે. બધા કહે છે કે શ્યામમનોહરજી

અમારા દ્વેષી છે. પણ સમજો કે મને એમના ઉપર સ્નેહ છે એટલા માટે હું એમની સાથે ઝઘડો કરૂં છું. નહીંતર તો તેઓ ભાડમાં (ચૂલામાં) જાય, મારૂં શું જાય ? તેઓ ફાવે તે કરે એમાં મને શું નુકશાન ? ધારો કે કોઇ બાલક મનોરથો કરીને હજાર-લાખ રૂપીયા પડાવી લેતા હોય તો એમાં મારું શું ગયું ? પણ મને એવું લાગે છે કે આ બધા મારા ભાઇઓ છે આવું કેમ કરે છે ! ઝઘડો એટલા માટે છે. હું કોઇ મુલ્લા સાથે ઝઘડવા કેમ નથી જતો કે તમે ખોટી રીતે નમાજ કેમ પઢી રહ્યા છો ! તેઓ સાચી નમાજ પઢે કે ખોટી નમાજ પઢે તેની સાથે મારે શું લેવા-દેવા ! કોઇ ક્રિશ્ચિયન સાથે હું કેમ ઝઘડતો નથી. એની સાથે મારે શું મતલબ. કેમ ગોસ્વામીઓ સાથે જ હું ઝઘડું છું ? શું મને ઝઘડો કરવાની આદત છે ? આવી આદત તો નથી.

એક દિવસ મુંબઇથી બે ભાઇ મારા ઘરે આવ્યા. બીજાું કોઇ તે વખતે હતું નહીં. તેઓ આવીને દરવાજા પાસે દૂર બેસી ગયા. મેં તેઓને નજીક બેસવા માટે બે-ત્રણ વખત કહ્યું પણ તેઓ ઠીક છે- ઠીક છે કહેતા રહ્યા. મેં પણ વિચાર્યું કે ઠીક છે તો ઠીક છે ! પછી અડધી-પોણી કલાક સુધી તેઓ મારી સાથે સવાલ-જવાબ કરતા રહ્યા. થોડી વારમાં એક ભાઇ બીજા ભાઇને કહેવા લાગ્યો કે જોખમ જેવી તો કોઇ વાત લાગતી નથી. મેં એમને પૂછયું કે કેવું જોખમ ? તો એમણે કહ્યું કે લોકો એવું કહી રહ્યા છે કે શ્યામમનોહરજી બધા સાથે બહુ ઝઘડો કરે છે અને ગુસ્સામાં કયારેક કયારેક લાફો પણ ઝીંકી દે છે. એ બીકથી અમે આઘા બેઠા છીએ તમે મારવા આવો તો કમસે કમ જલ્દી ભાગી તો શકાય ! મેં કહ્યું કે હવે તો કોઇ બીવા જેવી વાત નથી ને. હવે તો જ્યારે તેઓ આવે છે ત્યારે પાસે જ બેસે છે. તો કયારેક આવું બને છે. મારી ખ્યાતિ ઝઘડાળુ હોવાની છે. પણ એટલો બધો ઝઘડાળુ નથી કે જે આવે તેને વાંદરાની જેમ બટકું ભરી લઉં, હા જ્યાં સ્નેહ છે ત્યાં તો ઝઘડો કરીશ જ. કાં તો એ મને તેઓની વાત સમજાવી દે, કાં મારી વાત તેઓ સમજી જાય. બસ આટલો જ ઝઘડો છે. ખંડિતાને લાગે છે કે ઠાકુર તેનો છે એટલે તેઓ ઝઘડો કરે છે કે ''જાઓ, કેમ મોડા આવ્યા ?'' અહીં 'જાઓ' નો મતલબ જાઓ નથી, કેમ મોડા આવ્યા એ મતલબ છે.

**પ્રશ્ન :**

**ઉત્તર :** આત્મામાં પરમાત્મા છે. આત્મા એ પરમાત્મા નથી.

**પ્રશ્ન :**

**ઉત્તર :** મંત્રીમાંથી પ્રધાનમંત્રી થાય છે કે મંત્રીઓમાં કોઇ પ્રધાનમંત્રી હોય છે ? મંત્રી ૪૦-૫૦ હોય તો એમાંથી કોઇ પ્રધાનમંત્રી હોય છે. એમ અનેકાનેક આત્માઓ છે. એમાં એક પરમાત્મા હોય છે. એટલા માટે ''આત્મા સો પરમાત્મા'' કેવી રીતે હોય ? જે મંત્રી તે પ્રધાનમંત્રી એમ કાંઇ થોડું થાય છે. તો તો પછી પ્રધાનમંત્રી જેવું કાંઇ રહ્યું જ નહીં. ઘણા બધા મંત્રીઓ છે એમાંથી એક મંત્રી પ્રધાન છે. એવી રીતે ઘણા બધા આત્માઓ છે એમાંથી એક આત્મા પરમ છે. જે પરમ આત્મા છે તે પરમાત્મા. ઘણા બધા મિત્રોમાં એક પરમ મિત્ર હોય છે. એટલા માટે આપણો સિદ્ધાંત આત્મા સો પરમાત્માનો નથી. આત્મામાં પરમાત્માનો છે.

## <u>પછીના દીવસનું પ્રવચન</u>

સેવામાં મનોરથની રીતિની પાછળ રહેલા સિદ્ધાંત અને એમની વિકૃતિ આ બંને વાતોની ચર્ચા કરી. ભક્તની ભગવત્સ્વરૂપાનંદ કે ભજનાનંદની આકાંક્ષા મનોરથછે. આ આકાંક્ષાના કારણે ભક્ત શું-શું કરી શકે છે ? ભક્ત એ જ કાર્ય કરશે કે જેથી તેને કાંતો વિશેષ સ્વરૂપાનંદ પ્રાપ્ત થાય. આ ભજનમાં આનંદવિશેષનો અનુભવ થાય. મનોરથનિત્યસેવામાં પણ થઇ શકે છે, ઋતુક્રમ-ઉત્સવક્રમ પણ થઇ શકે છે અને આના સિવાય પણ થઇ શકે છે.

## લીલાનુભૂતિમેં પિછવાઇ-કીર્તન :

સેવામાં આપણે કોઇ લીલા વિશેષનો અનુભવ કરવા ઇચ્છીએ જેમ આપણે ત્યાં ઠાકોરજીની પાછળ પિછવાઇ લગાવવામાં આવે છે. તેનું રહસ્ય મનોરથમાં રહેલું છે. શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજીના કાળમાં ચિત્રવાળી પિછવાઇ ન હતી, સાદી પિછવાઇ આવતી હતી. ચિત્રવાળી પિછવાઇનો ક્રમ શ્રીનાથજી નાથદ્વારા પધાર્યા તે વખતથી શરુ થયો.

જેની જે માન્યતા હોય, મારી દઢ માન્યતા છે કે પિછવાઇના કારણે ઠાકોરજીના દર્શનમાં વિશેષ આનંદ આવે છે. કેમ ? આપણે દાનના દિવસોમાં દાનના પદ ગાઇએ છીએ. પદ ગાતી વખતે આપણા મનમાં પણ કોઇને કોઇ ચિત્ર ઉપસતું જ હોય છે. પણ દરેક વ્યક્તિનું એવું સામર્થ્ય નથી હોતું કે સાંભળેલા પદનું પૂરે-પૂરું ચિત્ર તે મનમાં ઉપસાવી શકે. સી.આઇ.ડી.માં એવો વિભાગ હોય છે કે જે અપરાધીનું વર્ણન સાંભળીને તેનું ચિત્ર તૈયાર કરે છે. અને તે ચિત્ર મોટા ભાગે ગુનેગાર જેવું બને છે. આ સામર્થ્ય ખૂબ મહાન છે કે સાંભળેલી વાતને આંખોથી જોયેલી હોય એવી રીતથી ગ્રહણ કરી શકવું. આ દરેકના ગજાની વાત નથી. આમ તો એ સાચું છે કે મોટાઓ કરતાં બાળકોમાં આ સામર્થ્ય વધારે હોય છે. ખૂબ વાપરેલી તલવારની ધાર જેમ બુઠ્ઠી થઇ જાય છે. એવી રીતે મોટાઓના મનની શક્તિ પણ દુનિયાના ઘાત-પ્રતિઘાતને સહન કરતા-કરતા બુઠ્ઠી થઇ જાય છે. જેમ-જેમ ઉંમર વધે તેમ-તેમ મનની સંવેદનાની શક્તિની ધાર વધારે બુઠ્ઠી થતી જાય છે. મોટાભાગે બાળકોમાં આ શકિત અતિશય પ્રબળ હોય છે.

હું કલકતામાં કોઇના ઘરે ઉતર્યો હતો. ત્યાંના બાળકો રાતે વાર્તા સાંભળવા માટે મને ઘેરીને બેસી જતા. છોકરાઓને ભૂતની વાર્તામાં વધારે રસ પડતો. હું એમને ડરામણી વાર્તા સંભળાવતો. જ્યારે વાર્તાનો વળાંક ખૂબ જ ડરામણો આવતો ત્યારે છોકરાઓ પૂછતા કે વાર્તા સાચી છે કે ખોટી. હું કહેતો કે વાર્તા સાચી છે તો બધા બાળકો ડરીને પોત-પોતાની માંની પાસે ભાગી જતા. આમ વિચારીએ તો ઘરમાં બેઠા છીએ, ડરવાની કોઇ વાત નથી. પણ બાળકોની સંવેદના શક્તિ એટલી તેજ હોય છે કે તેઓ ભયનો સાક્ષાત્ અનુભવ કરે છે. એમનો અનુભવ એવો હોય છે કે જાણે એ ઘટના એમની સાથે ઘટિત થઇ રહી છે.

કીર્તન આપણે, એટલા માટે જ ગાઇએ છીએ કે આપણે સેવામાં વ્રજલીલાનો અનુભવ કરવો છે. આ આપણો મનોરથછે કે સેવા હું મારા ઘરમાં કરું અને વ્રજાધિપની સેવા થઇ રહી છે તેથી વ્રજલીલાનો અનુભવ મને થવો જોઇએ. આવો અનુભવ થવામાં આપણે ત્યાં સૌથી વધુ સહાયક એક તો કીર્તન

છે કે પછી ભાવભાવના છે. જેને કીર્તન ગાવાની સુવિધા નથી તે ભાવભાવનાથી પણ વ્રજલીલાનો અનુભવ કરી શકે છે. પણ તકલીફ એ છે કે સેવાની ક્રિયા કરતી વખતે ભાવભાવના તો ત્યારે થઇ શકે કે જ્યારે સેવા કરનારની અંદર સંવેદનશીલતા હોય. અને એકાદ વખત કદાચ પ્રકટ થઇ પણ જાય પણ રોજે-રોજ ઉભરવી કઠીન છે. તેથી કીર્તન બધા કરતાં સક્ષમ ઉપાય છે. સેવાની સાથે આપણે વ્રજલીલાના કીર્તન કરીએ તો લીલાનો અનુભવ દશ્યાત્મક ભલે ન થાય પણ શબ્દાત્મક તો થાય ને ! પણ પિછવાઇ એ દશ્યને પણ આપણી સામે લાવે છે. એટલા માટે દાનલીલાના દીવસો હોય તો દાનની પિછવાઇ લગાવીએ, શરત્પૂર્ણિમા હોય તો રાસની પિછવાઇ લગાવીએ, પ્રબોધિની હોય તો વિવાહની, ઉષ્ણકાલમાં જલવિહારની પિછવાઇ, જન્માષ્ટમી ઉપર નંદમહોત્સવની પિછવાઇ, હોળીના દિવસોમાં ખેલની, અન્નકૂટ ઉપર અન્નકૂટની પિછવાઇ લગાવીએ. પિછવાઇ લગાવવાથી આપણને દર્શનાત્મક અનુભવ થાય છે. આ પણ એક મનોરથછે કે આપણે સેવા કરીએ તેમાં લીલાનો અનુભવ થાય અને આપણે પિછવાઇના માધ્યમથી પૂરો કરીએ છીએ. હોળીના દિવસોમાં આપણે આપણા ઘરોમાં કુંજ બનાવીને ઠાકોરજીને ખેલાવીએ. કેમકે ઠાકોરજીએ કુંજમાં હોળીનો ખેલ ખેલ્યો તેવા કીર્તન આપણે ગાઇએ છીએ. પણ તે તો લીલાનો શ્રવણાત્મક અનુભવ છે. જો આપણે થોડાક વૃક્ષ-લતાની આપણા ઘરમાં જ કુંજ બનાવી દઇએ અને તેમાં પધરાવીને ઠાકોરજીને ખેલાવીએ, કુંજને ખેલાવીએ તો આપણને થોડોક દશ્યાત્મક લીલાનો અનુભવ પણ થઇ શકે છે. એવી જ રીતે ફૂલમંડલીમાં ફકત પદ ગાઓ અને તેની સાથે-સાથે ફૂલમંડલી પણ બનાવી દો તો સેવા કરતાં કરતાં વ્રજલીલાનો અનુભવ કરવાનો મનોરથશ્રવણાત્મક-કીર્તનાત્મકની સાથે દર્શનાત્મક પણ અનુભવ થાય છે. એટલા માટે જ ઉષ્ણકાલમાં ઠાકોરજી યમુનાતટ ઉપર ક્રીડા કરે છે એ ભાવથી આપણે ત્યાં ઠાકોરજીની સન્મુખ યમુનાજલના ભાવથી એક થાળ ભરવામાં આવે છે. તેમાં કાચબા, ફૂલ વગેરે પધરાવવામાં આવે છે જેથી એ લીલાનો દર્શનાત્મક અનુભવ આપણને થાય. ઘણા લોકોને અન્નકૂટના દર્શન કરીને નવાઇ લાગે કે અન્નકૂટ ભોગ ઉલટો કેમ સાજવામાં આવે છે. પણ સમજો કે અન્નકૂટ ગિરિરાજજી ઉપર સાજવામાં આવ્યો હતો અને ઠાકોરજીએ

ગિરિરાજજીનું રૂપ ધારણ કરીને અન્નકૂટ આરોગ્યો હતો. તેથી ભોગ તો એને જ સજાવવામાં આવશેને! માટે અન્નકૂટ આપણે ત્યાં ચોકી ઉપર નથી સજાવવામાં આવતો. આપણે જ્યારે અન્નકૂટ ભોગ ધરીએ છીએ ત્યારે આપણે તેમાં ગિરિરાજજી ઉપર ભોગ ધર્યો છે તેના દર્શન કરવા માગીએ છીએ. એટલા માટે આપણે ઠાકોરજીને સિંહાસન ઉપર બિરાજાવીએ, ઠાકોરજીની સામે અને આજુ-બાજુ ભોગ સાજીએ, તેના પછી ખંડ-પટ અને ચોકીના આકારમાં ભોગ સજાવીએ, અને પછી સખડીનો કોટ (ઢગલો) બનાવીએ ''ભયો ભાત કો કોટ ઓટ ગિરિરાજ છુપાયો'' આમ જ્યારે આપણે અન્નકૂટ સજાવીએ ત્યારે કીર્તન તો આપણે ગાઇએ જ છીએ પણ સાથે-સાથે સજાવટના કારણે આપણને એવા દર્શન પણ થાય છે કે ઠાકોરજી ગિરિરાજજી બનીને અન્નકૂટ આરોગી રહ્યા છે. તેથી અન્નકૂટ એક એવો ભોગ છે કે જે ચોકી ઉપર ધરવામાં નથી આવતો, ઢાળમાં ધરવામાં આવે છે. આ આપણો મનોરથછે કે આપણા ઘરમાં આપણે આપણા ઠાકોરજીને સિંહાસન ઉપર બિરાજાવીને ભોગ ધરીએ અને આપણને દર્શન એવા થાય કે ગિરિરાજજી ઉપર જ્યારે ભોગ સાજયો હશે ત્યારે આવા ઢાળમાં જ તો ધર્યો હશે. આ મનોરથછે સેવા કરતા-કરતા લીલાના અનુભવનો. આ પ્રાથમિક મનોરથછે.

મોટાભાગના જેટલા પણ સ્વસ્થમનોરથછે એનું મૂળ આપણે ત્યાં સેવામાં ગાવામાં આવતા પદોમાં હોવું જોઇએ. પદોમાં જેનું મૂળ છે એ સ્વસ્થમનોરથનું થર્મોમિટર છે. કારણ કે એ પદ વ્રજલીલાના પદ છે. અને વ્રજલીલાના અનુભવનો મનોરથજ મુખ્ય છે. વ્રજાધિપની સેવામાં વ્રજલીલાનો અનુભવ આનાથી મોટો મનોરથબીજો કોઇ હોઇ નથી શકતો. આના પ્રકાર વિવિધ હોઇ શકે છે.

ભજનાનંદના અંતર્ગત લીલાનુભવના મનોરથજેમ હોય છે એમ ભજનાનંદના અંતર્ગત સેવા અને સમર્પણના પણ મનોરથહોય છે. આ લીલા કે સ્વરૂપ સાથે જોડાયેલી વાત નથી, આપણા પહેલુ સાથે જોડાયેલી વાત છે. જેમ આપણે કિશનગઢની વાત લઇએ. જ્યારે મહારાજા રૂપસિંહજી ઔરંગઝેબ સાથે લડતા-લડતા આગ્રાની પાસે ઘાયલ થઇને પડયા તે વખતે એમના ગળાનો હાર

કોઇ જઇને કલ્યાણરાયજીને ધરાવી દે એવી એમની તીવ્ર ઇચ્છા થઇ. મહારાજા મદનસિંહજી પણ જ્યારે ફ્રાંસની સરહદ ઉપર લડાઇ લડી રહ્યા હતા તે વખતે એમને સ્વપ્નમાં હીરાનો મુકુટ ધારણ કરેલા કલ્યાણરાયજીના દર્શન થયા. તો એમણે ફ્રાંસમાં જ 'જેવા દર્શન થયા તેવો' મુકુટ સિદ્ધ કરાવ્યો. આ લીલાની વાત નથી. સેવાનો મનોરથછે કે મારે આવો મનોરથમારા તરફથી કરવો છે.

સેવાના મનોરથની પહેલી શરત એ છે કે ''તત્સિદ્ધયૈ તનુવિત્તજા'' મનોરથપોતાના તનુવિત્તથી થવો જોઇએ. જો મનોરથઆપણે આપણા તનુવિત્તથી કર્યો ત્યારે જ એ સેવાત્મક મનોરથથયો. અને જો આપણે પોતાના તનુવિત્તથી ન કર્યો ત્યારે તો માફિયા જેવું ચક્કર થયું. કોઇને મારી નાખવો છે પણ પોતાનામાં મારવાની હિંમત નથી તો માફિયાને સોપારી આપી દે કે મારા તરફથી તેને મારી નાખ. આવી રીતે અત્યારે વૈષ્ણવો હવેલીઓમાં જઇને માફીયાઓને ભેટ-સામગ્રી આપીને મનોરથકરાવડાવે છે. અમે આમાં હાથ-પગ નહીં હલાવીએ, કોણ એવી પીંજણમાં પડે ! આવા મનોરથતો મુંબઇના માફિયાઓ જેવા ખાતાનો છે. આ પુષ્ટિમાર્ગીય મનોરથનથી. પૈસા ફેંકો તમાશા દેખો તેના જેવું ખાતું છે.

પુષ્ટિમાર્ગીય મનોરથતો ''તત્સિદ્ધયૈ તનુવિત્તજા'' ના સિદ્ધાંતથી થાય છે. પોતાના તનથી, પોતાના ધનથી, પોતાના પરિવારજનોને સાથે રાખીને પોતાના ઠાકોરજીનો મનોરથપોતાના ઘરમાં જ કરવો. કેમ ? કેમકે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' આ સિદ્ધાંત સેવાના વિષયમાં મુખ્ય છે. ભાવના વિષયમાં વ્રજલીલા મુખ્ય છે. ફરીથી સમજો કે ભાવના વિષયમાં વ્રજલીલા મુખ્ય છે અને સેવાના વિષયમાં તનુવિત્તજા, પરિવાર ને ઘર મુખ્ય છે. સેવામાં વ્રજલીલા મુખ્ય નથી. કારણકે સેવામાં જો મુખ્ય હોય તો દરેક પુષ્ટિમાર્ગીએ વ્રજમાં જ રહેવું પડત. પરંતુ એવું નથી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ''. સેવામાં ઘરની મુખ્યતા છે. આટલા માટે જ આપણે જાણીએ છીએ કે શ્રીમહાપ્રભુજીએ ત્રણ વખત પરિક્રમા કરી, શ્રીગુસાંઇજીએ નવ વખત અડેલથી દ્વારકાની યાત્રા કરી. આપ જો ઇચ્છતા તો દરેક ગામમાં મંદિર બનાવી શકતા હતા. આપના સેવકોની અંદર ધનવાન લોકોનો તોટો ન હતો. પરંતુ

શ્રીમહાપ્રભુજીએ આવું દુ:સાહસ નથી કર્યું કે ન તો શ્રીગુસાંઇજીએ પણ. કેમ ? કેમકે સેવા તો ઘરમાં જ થવી જોઇએ. ભાવ વ્રજનો છે. સેવા આપણે વ્રજલીલાના પદ ગાઇને કરી રહ્યા છીએ તેથી આપણો ભાવ પણ વ્રજનો છે. આપણા ઘરનો ભાવ પણ વ્રજનો છે અને આપણા ઠાકોરજીનો ભાવ પણ વ્રજાધિપનો છે. આ રહસ્યને સરખી રીતે સમજો કે સેવાનો ઠાકુર ઘરનો છે પણ સેવાભક્તિના ઠાકુરનો ભાવ વ્રજના ઠાકુરનો છે. તેથી પદમાં ગાવામાં આવે છે કે

> ''ઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયો,
> માઇ આજ બધાઇ''

આપણા ઘરનો ઠાકુર નંદરાય છે. તેને ત્યાં દીકરો થયો છે. તેથી આપણો સેવ્ય ઠાકુર ઘરનો છે અને ભાવ્ય ઠાકુર વ્રજનો છે. ''ભજનિયો વ્રજાધિપ:'' જેમ નટ દોરી બાંધીને તેના ઉપર ચાલે છે અને સન્તુલન જાળવવા માટે લાંબો વાંસ હાથમાં રાખે છે. ડાબી બાજુ નમતો હોય તો વાંસને જમણી બાજુ નમાવી દે. અને જમણી બાજુ નમતો હોય તો વાંસને ડાબી બાજુ નમાવી દે આ રીતે તે દોરી ઉપર એક છેડેથી બીજા છેડા સુધી જઇ શકે છે. એવી રીતે આપણે ત્યાં પણ સેવામાં ઘર અને વ્રજલીલા વાંસની જેમ નમતા રહેવા જોઇએ. જો આપણે વધારે વ્રજ બાજુ નમી જઇએ તો ચાલો બધું છોડીને વ્રજમાં ચાલ્યા જઇએ એવું થઇ આવે; તો વાંસને થોડોક ઘરની બાજુ નમાવી દેવો. અને ઘરમાં વધારે આસક્તિ વધવા લાગે અને વ્રજનો ભાવ ખતમ થવા લાગે તો વાંસને થોડોક વ્રજલીલા બાજુ નમાવી દેવો. આમ કરશો ત્યારે સેવાની દોરી ઉપર સરખી રીતે ચાલી શકશો. જો કયાંય એક જગ્યાએ વધારે નમી ગયા તો ધડ દઇને નીચે પડશો અને માથું ફુટી જશે. અમદાવાદવાળા મહારાજશ્રી રમુજી સ્વભાવના હતા. એમણે રમુજમાં જ એક ખુબ સરસ વચનામૃત કર્યા. ''સદા મન શ્રીગોકુલમેં રહીયે, જો તન રહિયે તો લુટ જૈયે'' તેથી મનથી હંમેશા વ્રજમાં રહેવું પણ તનથી રહેશો તો ત્યાં તો અત્યારે લુંટારાઓનું સામ્રાજ્ય છે, લુંટાઇ જશો. કેમકે ત્યાં એવા-એવા લુંટારાઓ છે કે સ્ત્રીઓની બંગડીને માટે હાથજ કાપીને લઇ જાય છે. આ જોકે મજાકની વાત છે

પણ સમજવાનું એ છે કે અતિશય વ્રજલીલા ઉપર નમી જવું અથવા અતિશય ઘર ઉપર નમી જવું આ બંને જ શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત નથી.

વ્રજમાં આપણે એટલા માટે જઇએ છીએ કે આપણને ઘરમાં વ્રજની લીલાનો અનુભવ કયારે થશે તેની તડપ જાગે. ઘરમાં સેવા આપણે એટલા માટે કરીએ છીએ કે પ્રભુ કયારે આપણને ઘરમાં વ્રજલીલાનો અનુભવ જતાવશે. આવી રીતે ડંડાને આમ-તેમ ફેરવતા રહેવું જોઇએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''ભાવો ભાવનયા સિદ્ધઃ'' ભાવની સિદ્ધિ ભાવનાથી થાય છે. તો વ્રજભાવભાવનાત્મિકા સેવા અને આપણા ઘરમાં તનુવિત્તજા સેવા આ બે છેડા છે. આમાં કયાંય પણ અતિરેક નથી કરવાનો. આ બંનેના સન્તુલનને સંભાળીને સેવાની દોરી ઉપર આપણે ચાલવાનું છે. આપણો ઠાકુર નટવર છે તો આપણે પણ થોડાક નટ બનવું પડશે.

## ધર્મમાં આધ્યાત્મિકતા અને નાટકીયતા :

એક ખૂબજ મોટા વિદ્વાન થયા, ડો. ભાંડારકર. એમણે એક પૂસ્તક લખ્યું છે ''શૈવિઝમ્ એન્ડ વૈષ્ણવિઝમ્ ઇન ઇંડિયા''. તેમાં વૈષ્ણવિઝમના પ્રકરણમાં પુષ્ટિમાર્ગની બાબતમાં એમના રિમાર્કસ્ સારા નથી. તે જે પણ હોય પણ એમણે સેવાપ્રકારની બાબતમાં એવું લખ્યું છે :

''પુષ્ટિમાર્ગીય સેવામાં આધ્યાત્મિકતા ઓછી છે અને નાટકીયતા વધારે છે''

મારો એક અમેરિકન પાદરી વિદ્યાર્થીછે. તે પાદરી બનાવવાની સંસ્થામાં કામ કરે છે. તેણે ત્રણ વરસ મારી પાસે રહીને શ્રીમહાપ્રભુજીની રાસપંચાધ્યાયી સુબોધિની ઉપર પી.એચ.ડી. કરી છે. મેં તેને પૂછયું કે ભાંડારકરના વિધાનની બાબતમાં તમારો શું અભિપ્રાય છે. એણે કહ્યું કે દુનીયાના કોઇ પણ ધર્મમાં પ્રાર્થના કે પૂજા છે અને તેમાં જો નાટકીય એલિમેંટ (તત્ત્વ) નથી તો તે પ્રાર્થના સાચી હોઇ જ નથી શકતી.

નાટક બે પ્રકારના હોય છે. એક તો બીજાને છેતરવા માટે કરવામાં આવે છે, છલ-પ્રપંચ એ નાટક નહીં... મેં તેની વાત ઉપર ગંભીરતાથી વિચાર

કર્યો તો મને પણ તેની વાત ગમી ગઇ. જેમ ઇસાને ફાંસીએ ચઢાવવામાં આવ્યો તે ફાંસી ક્રોસના આકારની () હતી. આજે જેટલા પણ ઇસાઇઓ ચર્ચમાં જાય છે ત્યારે શૂળીની સામે ઉભા રહીને ઇસાને શૂળી ઉપર ચઢાવવામાં આવેલા તેની તેમાં ભાવના કરે છે. આ નાટક નહીં તો બીજું શું છે ?

જે અલ્લાહ સાતમા આસમાન ઉપર બેઠો છે, કુરાનની ગણત્રીએ, તેને મક્કાની દિશામાં મોઢું રાખીને નમાજ પઢવી આ નાટક નથી તો બીજું શું છે ? એમની કબરો પણ મક્કાભિમુખ બને છે. આ નાટક નથી ?

જૈન મંદિરોને જોઇ લો. મહાવીરસ્વામી તો વસ્ત્ર પણ ધારણ નહોતા કરતા. એમનો અસલી ધર્મ દિગંબર છે. શ્વેતાબંર તો પાછળથી ચાલી નિકળ્યો છે. જે વસ્ત્ર પણ ધારણ નહોતા કરતા એ મહાવીર સ્વામીને જૈન મંદિરોમાં કેટલા શૃંગાર પહેરાવે છે ! કેટલા બધા લાડવા ભોગ ધરે છે. અને કોણ જાણે કેવા-કેવા મનોરથો કરે છે. હવે આ નાટક નથી તો બીજું શું છે ?

તેથી કોઇપણ ધર્મ કે જેમાં સાધના જેવી કાંઇક વસ્તુ છે તો તેમાં નાટક તો હશે જ. પણ એ નાટક કોના માટે છે ? બીજાઓને છેતરવા માટે નથી, પોતાના શ્રદ્ધાસ્પદ પરમાત્માને માટે છે. તેથી ભાગવતમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે મારી લીલાનું નાટક કરવું એ પણ મારી ભક્તિનો એક પ્રકાર છે. એટલે તો આપણે રામલીલા અને રાસલીલા કરીએ છીએ. આ રામ-કૃષ્ણની ભક્તિનો પ્રકાર છે. આવી જ રીતે શિવલીલા કરવી એ પણ શિવભક્તિનો જ એક પ્રકાર છે. ચિત્ર બનાવવા, ભારતનાટયમ વગેરે નૃત્ય કરવા આ બધા કોઇને કોઇ પ્રકારથી ભક્તિના જ પ્રકાર છે. શિવજીએ ભસ્મ ધારણ કરી છે એટલે બધા શૈવો ભસ્મ ધારણ કરે છે. શિવજી તો સ્મશાનમાં ગયા છે પણ તમે તો વગર સ્મશાનમાં ગયે જ ભસ્મ ધારણ કરો છો ! આ નાટક નથી તો બીજું શું છે ? હાં, આ નાટક જ છે. પણ પોતાના આરાધ્યના માટે આ નાટક છે. આ નાટક પોતાના ઉપાસ્ય પ્રત્યે પોતાના પ્રેમનો ઇજહાર (સ્વીકાર) છે. આપણે નાટકથી ડરવું ન જોઇએ. નાટક હશે તો સાધનામાં રસાત્મકતા પ્રકટ થશે.

માટે, ઘરમાં જ્યારે આપણે તનુવિત્ત-પરિવાર વિનિયોગાત્મિકા સેવા કરી રહ્યા છીએ એમાં વ્રજલીલાની ભાવનાનું નાટક કરવામાં જો આપણે ચૂકી

ગયા તો આપણી સાધનાને આપણે ચૂકી ગયા. મુસલમાનના તાજીયા નિકળે છે. અને ''હાય હસન હમ ન હુવે'' એમ પોકારે છે. હસન કયારે હતો, કયારે મરી ગયો. અને તે વખતે તમે હોત તો શું કરી લેત ! હવે અત્યારે તમે હાય-હાય કરો તો તે નાટક જ તો છે ! પણ તે હસનને જે તકલીફ પડી તેનો તેના પ્રત્યેની શ્રદ્ધાના કારણે જે અનુભવ કરી રહ્યો છે તેનું હૃદય જ જાણી શકે છે. જેમને તેના તરફ સંવેદના નથી તેમને તો આ નાટક જ લાગશે.

એમ ભંડારકરના મનમાં વ્રજલીલાની ભાવના નથી તેથી નાટક લાગી રહ્યું છે. મહર્ષિ અરવિન્દે ખૂબ જ સુંદર વાત કરી છે કે ઘણા લોકો અત્યારે પોતાને અક્કલવાળો માનીને કૃષ્ણલીલાને કાવ્યની કલ્પના માને છે. પણ એ જો કલ્પના છે તો પણ એવી કલ્પના છે કે જેના ઉપર સો-સો હકીકત ન્યોછાવર કરી શકીએ છીએ. જીવનની હકિકત એટલી સારી નથી જેટલું સારું વ્રજલીલાનું સેવામાં કરવામાં આવતું નાટક છે. એટલે તેનાથી ગભરાવું નહીં. ઘણા જ્ઞાનમાર્ગીગભરાય છે, તેઓ કહે છે કે ઠાકોરજીને પલના-હિંડોરા ઝુલાવવા નાટક છે, અન્નકૂટ ભોગ ધરવો નાટક છે. પણ એમની વાતોથી ગભરાવું નહીં. કેમકે તમે જે બોલી રહ્યા છો એ પણ તો એક નાટક જ છે ! તમે આવ્યા-ગયાને નમસ્કાર કરી રહ્યા છો. ''આવો-બેસો'' કહો છો તે નાટક નથી તેની શું ખાત્રી ! તે જેવા જશે કે તરત જ ગાળ દેશો ! ફરી પાછો આવશે તો એમ જ કહેશો ''કેમ સાહેબ, કેમ આવવાનું થયું, બેસો સાહેબ''. આ નાટક નથી તો શું છે ? તો વિચારો, જીવનમાં નાટક કયાં નથી કે જેથી આપણે તેનાથી ગભરાવું જોઇએ.

અને આ વાત સમજો, આપણું નાટક જો ગામને દેખાડવા માટે છે તેમાં તો હું પણ તેનો નિંદક છું. પણ આપણું નાટક જો ઠાકોરજીની સાથે ખેલની જેમ છે તો તે બાળકોના ખેલની જેમ જ છે એક બાળક શિક્ષક બન્યો છે. એક વિદ્યાર્થીબની રહ્યો છે. ''ચાલો ભણો-મારું સોટી !''

અમારો એક કાકાનો દિકરો ખૂબ લાડ-પ્યારમાં મોટો થયો. તેને કયારેય માર નહોતો પડયો. કોઇ કારણવશ તેને બીજાને મારવાનું વ્યસન થઇ ગયું. એને રમકડાં પણ અમારા કાકા ઘણા બધા લાવીને આપતા. અમે બધા

જ્યારે રમતા ત્યારે તે ચોર-સિપાહીની રમત રમવાનો આગ્રહ કરતો અને પછી પોતે હંમેશા સિપાહી જ બનતો. અમે બીજા જેઓ ચોર બનતા તો અમને પકડી-પકડીને એ મારતો. રમવાવાળાને એ ખબર ન પડતી કે નાટકની પિટાઇ થઇ રહી છે કે ખરેખરની પિટાઇ થઇ રહી છે.

આ પણ એક નાટક છે. છોકરાઓ નાટક કરે છે, મોટાઓ પણ નાટક કરે છે. નાટક બધી જ જગ્યાએ છે તો પછી ડરવાની શું વાત છે ! પણ આ રહસ્ય સમજો કે આપણું નાટક કોઇને બતાવવા માટે નથી. એ તો આપણા પ્રેમને પ્રકટ કરવાની એક ભાષા છે. એ ભાષાની રીતથી લેશું તો સમજાશે કે આપણા ઘરના ઠાકુરને કહેવું કે તું વ્રજનો ઠાકુર છે, હું યશોદા છું, આ ચોક ગિરિરાજજી છે, ડોલતિબારી વૃંદાવન છે, નિજમંદિર નંદાલય છે. નાટક શરૂ થઇ ગયું !

પંદરમી ઓગષ્ટના દિવસે આપણે રાષ્ટ્રધ્વજને સલામી આપીએ છીએ. આ નાટક નથી તો શું છે ! કેમ કહી શકશો કે આ નાટક નથી. ત્રણ કલરના લુગડાના થીગડાને દેશ માનવો આ નાટક નથી તો બીજું શું છે ? મૂર્તિપૂજાના વિરોધી ઘણા લોકો કહે છે કે મૂર્તિપૂજા નાટક છે. ઠીક છે ચલો નાટક છે પણ તમે યજ્ઞ કરી રહ્યા છો તે શું છે? આનો જવાબ આપો ! યજ્ઞના નાનકડા કુંડમાં સર્વવ્યાપી આખો પરમાત્મા સમાઇ કેવી રીતે ગયો ? આ નાટક નથી ? નાટક જ તો છે. ઠીક છે, તમને જે નાટક ગમે તે તમે કરો, અમને જે નાટક ગમે તે અમે કરીએ. આમાં આક્ષેપ-પ્રત્યાક્ષેપની કોઇ વાત જ નથી, ન તો આમાં બીવા જેવી કોઇ વાત છે. કોઇ આપણા ઉપર આક્ષેપ કરે કે તમે નાટક કરી રહ્યા છો ત્યારે આપણામાં એટલી હિંમત હોવી જોઇએ કે તે જે કરતો હોય તેનું ધ્યાન આપણે ખેંચી શકીએ. ગુજરાતીમાં એક કહેવત છે કે ''જ્યારે તમે કોઇની સામે એક આંગળી ચીંધો છો ત્યારે ત્રણ આંગળી તમારા તરફ તકાઇ જાય છે''. આપણો દોષ દેખાડવાવાળાના ત્રણ દોષ આપણે દેખાડી શકીએ આટલી હિંમત આપણામાં હશે ત્યારે પુષ્ટિમાર્ગીય મનોરથનું રહસ્ય તમે સમજી શકશો. આ એક દિવ્ય રહસ્યમય પ્રણાલી છે. પણ ગામને દેખાડવા માટે કરવી એ જઘન્ય કક્ષાની વૃત્તિ છે. એ રહસ્ય નથી, નાગાઇ છે. એક પતિ

પોતાની પત્નીને કહે કે ''તું બધાથી વધુ સુંદર છો'' આ નાટક નથી તો બીજું શું છે ? પણ આ પ્રેમાલાપ જો ગામને દેખાડવા માટે કરે તો તે ભદ્દગી (ભવાઇ) થઇ ગઇ. પણ જો એ પ્રેમાલાપ અંદરોઅંદર કરી રહ્યા છે તો તે પ્રેમને પ્રકટ કરવાની એક ભાષા છે, નાટકીય હોવા છતાં પણ. અને ગામને સંભળાવવા માટે કરે તો ખુશામત થઇ ગઇ. એવી જ રીતે આપણા ઠાકોરજીના પ્રત્યે આપણે જે પણ નાટક કરી રહ્યા છીએ તે આપણા પ્રેમને પ્રકટ કરવાની એક ભાષા છે. ઠાકોરજી પણ આપણા સાથે નાટક કરી રહ્યા છે કે હું બ્રહ્માંડનો નાયક નથી, તારા ઘરનો ઠાકુર છું. હું વ્રજનો નાયક નથી, તારા ઘરનો નાયક છું. મારે વ્રજની ગાય નથી જોઇતી. તારી પાસે ખિલૌનાની જે ગાય છે તેને મારા આગળ તું સજાવી દે એને ચરાવવા જઇશ. આપણે રાજભોગના સમયે બે-ચાર નાની-નાની ગાયોને ઠાકોરજીની આગળ સજાવી દઇએ. ઠાકોરજી એ ગાયને ચરાવવા પધારે છે. આ નાટક છે, આ આપણો મનોરથછે સેવા કરતા-કરતા લીલાનુભવ કરવાનો. જ્યારે સંધ્યાઆર્તિ થાય ત્યારે બધી ગાય એક જગ્યાએ રાખી દેવામાં આવે છે. હવે ગાય બધી ગૌશાળામાં ગઇ. ઠાકોરજી પણ નંદ-જશોદાની પાસે પધારી ગયા. આપણા ઠાકુર સાથે આ પ્રકારથી ખેલવાની વૃત્તિ આધ્યાત્મિકતા જ છે, અને આધ્યાત્મિકતાની પરાકાષ્ઠા છે. જે પોતાના પ્રભુ સાથે ખેલી નથી શકતો તે જીવ દુર્ભાગ્યપૂર્ણ છે. અરે દુનિયામાં તમે ખેલી તો રહ્યા છો, બીજું શું કરી રહ્યા છો ! દુકાનમાં ઘરાકનું હસીને સ્વાગત કરી રહ્યા છો એ નાટક નથી તો બીજું શું છે ? આપણા સગા-સંબંધી-મિત્રનું સ્વાગત કરી રહ્યા છો એ નાટક નથી તો બીજું શું છે ? ઘણા બધા નાટક હકીકતમાં ચાલી રહ્યા છે. પણ એ બધા નાટક સંસારના નાટક છે. એક વખત ભગવાનની સાથે ભક્તિનું નાટક ખેલો, એક વખત ઘરના ઠાકુરની સાથે વ્રજલીલાનું નાટક ખેલો ત્યારે તમને ખબર પડશે કે રસની અભિવ્યક્તિની કેટલી ગંભીર પ્રક્રિયા છે. એટલે જ આપણે ત્યાં ભરતમુનિએ ''નાટ્યસ્તુ પંચમો વેદઃ'' કહ્યું છે. નાટયશાસ્ત્ર પાંચમો વેદ છે. કેમકે નાટકથી રસાભિવ્યકિત થાય છે. આપણે એ જાણીએ છીએ કે રામાયણ આપણે વાંચી શકીએ છીએ પણ રામના દર્શન આપણે કયાં કરી શકીએ છીએ. રામના વિલાપની કથા જ્યારે આપણે સાંભળીએ છીએ તે વખતે જે આપણું હૃદય પીગળે છે તેનું પ્રમાણ છે, ભરતની

શ્રદ્ધા જ્યારે રામ ઉપરની જોઇએ, લક્ષ્મણની ભરતના પ્રત્યે આશંકા-કુશંકાઓ જ્યારે આપણે ભરત તરફ જોઇએ તો બે ભાઇઓની વચ્ચે કેવો સ્નેહ છે તેની સંવેદના આપણા હૃદયમાં જાગે છે કે નહીં ? કયારેક રામલીલા વાંચીને જુઓ તો આ રહસ્ય સમજાશે. તે વખતે આપણું હૃદય રામની ભક્તિથી, રામની ભાવનાથી કેટલું કોમળ બની જાય છે, કઠોરથી કઠોર હૃદય પણ તે વખતે કેટલું કોમળ બની જાય છે આ રહસ્યનો અનુભવ કરો. આ અનુભવ જ્યારે ટી.વી.માં રામાયણ-મહાભારત આવ્યા ત્યારે પણ લોકોએ કર્યો છે. એક સામાન્ય વાત કહું કે રામાયણમાં જે સીતાજી બની હતી તે અભિનેત્રી કયાંક સિગરેટ્ ફૂંકી રહી હતી તો લોકો તેને મારવા દોડયા ! સીતાજી થઇને સિગરેટ્ ફૂંકે છે ! અરે ભાઇ, સીતાજી થોડી સિગરેટ્ ફૂંકી રહ્યા છે, અભિનેત્રી ફૂંકી રહી છે. આમ તો આ રમુજી ઘટના છે પણ જેણે સીતાજીનો અભિનય કર્યો તેના પ્રત્યે લોકોનો ભાવ કેવો છે આ તેનું પ્રમાણ છે.

દયા ભવૈયાની વાર્તામાં આવે છે કે જ્યારે તે વૈષ્ણવ વેશ ધારણ કરીને રાજાને હસાવવા ગયો ત્યારે તે વેશના લીધે તેના શરીરમાં રહેનારી ત્રણ હત્યાઓ તેના શરીરમાંથી બહાર નિકળી ગઇ.

આ સૃષ્ટિ પરમાત્માનું એક નાટક છે. પરમાત્મા જ આમાં બધું જ કાંઇ બન્યો છે, અહીં ન કોઇ જીવ છે ન કોઇ શિવ છે. તો પણ તેણે આ સૃષ્ટિમાં કાંઇક પારકાપણું પ્રકટ કર્યું છે. એ જ પરમાત્મા જીવ પણ બન્યો છે, એ જ પરમાત્મા શિવ પણ બન્યો છે, એ જ કૃષ્ણ પણ બન્યો છે, એ જ વ્રજ પણ બન્યો છે, એ જ દશરથપણ બન્યો છે, એ જ રામ પણ બન્યો છે. જયારે પરમાત્મા સૃષ્ટિના રૂપમાં નાટક કરી રહ્યો છે ત્યારે આપણે પણ તેની સાથે નાટક કેમ ન કરવું જોઇએ ! પણ એ નાટક છળથી ન થવું જોઇએ. એ નાટક ખેલનું, ભક્તિનું નાટક હોવું જોઇએ. તેથી આપણી સેવામાં નાટકીયતા છે. પણ તેમાં ડરવા જેવી કોઇ વાત નથી. નાટકીયતા વર્તો પણ ગામને દેખાડવા માટે નહીં. કારણ કે ત્યારે તે ભક્તિનો મનોરથન થઇને સાંસારિક મનોરથથઇ જશે. પણ જ્યારે તું અને હું આપણા બંને સિવાય ત્રીજું કોઇ નહીં આવી સ્થિતિમાં જ્યારે આપણે નાટક કરી રહ્યા છીએ તો તેમાં કોઇને દેખાડવાનો પ્રશ્ન જ નથી,

એ શુદ્ધ ભક્તિથી પ્રકટેલો મનોરથછે. આવા મનોરથથી ભગવલ્લીલાનો અનુભવ થાય જ છે. રામલીલામાં રામચંદ્રજી જ્યારે વનવાસ પધાર્યા ત્યારે સ્ટેજ ઉપર વન કયાંથી આવી શકે. પણ પાછળ એક વન દોરેલો પડદો લગાડી દેવામાં આવે છે. તેના કારણે આપણને એવો જ અનુભવ થાય છે કે જાણે રામચંદ્રજી વનવાસ માટે જઇ રહ્યા છે. તો જૂઓ, નાટકમાં પિછવાઇ જે કામ કરે છે એ જ કામ આપણે ત્યાં પિછવાઇ સેવામાં પણ કરે છે. ઠાકોરજીની પાછળ આપણે દાનની પિછવાઇ લગાવી દીધી અને આપણે દાનના પદ ગાઇએ તો એવું જ લાગે કે જાણે ઠાકોરજી આપણી પાસેથી દાન માગી રહ્યા છે, રાસના પદ આપણે ગાઇએ અને ઠાકોરજીની પાછળ એક રાસની પિછવાઇ લગાવી દઇએ. આ બધા આપણા દ્વારા કરવામાં આવતી ગૃહસેવામાં વ્રજલીલાના મનોરથછે. જે પિછવાઇના રૂપમાં સાકાર થાય છે, વિવિધ સજાવટોના રૂપમાં સાકાર થાય છે. આ ભજનાનંદનો એક પ્રકાર છે. કે આપણે ભજનનો વ્રજલીલાના રૂપમાં આનંદ લેવા માગીએ છીએ. વ્રજલીલાનો આપણા ઘરમાં કરવામાં આવતા ભજનમાં આનંદ લેવા માગીએ છીએ. આ બધા ભજનાનંદના જ પ્રકાર છે.

ત્રીજો પ્રકાર ગુણગાન કે કથાનો પણ છે. એ પણ ભજનાનંદનો જ પ્રકાર છે. તેનો પણ મનોરથહોઇ શકે છે. જેમ આપણે ત્યાં શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણમાં આને ખૂબ જ સુંદર રીતથી સમજાવ્યો છે :

''યચ્ચ દુઃખં યશોદાયાઃ નન્દાદીનાં ચ ગોકુલે,
ગોપિકાનાન્તુ યદ્દુઃખ તદ્દુઃખં સ્યાન્ મમ કવચિત્''

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યારે ઠાકોરજી ગોકુલથી ગાય ચરાવવા માટે વૃંદાવન પધારતા તે વખતે વ્રજમાં રહેનારાઓને જે સૂનાપણું લાગતું હતું કે ઠાકુર ઘરમાં નથી એવું સૂનાપણું આપણને અનવસરના સમયમાં કયારે લાગશે ! જેમ બાળક ભણવા જાય, રજામાં પિકનિકમાં જાય ત્યારે માંને સૂનાપણું લાગે આવું સૂનાપણું નંદ-યશોદાને લાગતું હતું. આ પ્રકારનું સૂનાપણું મને સેવાના અનવસરમાં કયારે લાગશે ! આ શ્રીમહાપ્રભુજીનો મનોરથછે. આગળ આપ સમજાવી રહ્યા છે :

''ગોકુલે ગોપિકાનાંચ સર્વેષા વ્રજવાસિનામ્
યત્સુખં સમભૂત્ તન્ મે ભગવાન કિં વિધાસ્યતિ !''

સાંજે જ્યારે ઠાકોરજી ગોકુલમાં પાછા પધારતા તે વખતે, સ્કૂલથી બાળક આવીને જેમ માંની સાથે ચોંટી જાય એમ ગાય ચરાવીને પાછા પધારતા ઠાકોરજીના દર્શનનું સુખ જેવી રીતે વ્રજવાસીઓને થતું હતું એવું સુખ મને કયારે થશે ! આ સેવામાં લીલાભાવના મનોરથની વાત છે.

આગળ કથાની વાત શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે :

ઉદ્ધવાગમને જાતઃ ઉત્સવઃ સુમહાન્ યથા
વૃંદાવને ગોકુલેવા તથા મે મનસિ કવચિત્

જ્યારે શ્રીઠાકોરજી મથુરા પધારી ગયા ત્યારે વ્રજવાસીઓ નિરંતર ભગવચ્ચર્ચા કરતા કરતા અંદરો અંદર ભગવાનની યાદમાં ડૂબેલા રહેતા હતા. એવામાં એક દિવસ ઉદ્ધવજી આવ્યા. ઉદ્ધવજીના મુખેથી ફરી કોઇ નવી ભગવત્કથા સાંભળવા મળશે એવી આશાથી ગોકુલના વાસીઓને અને વૃંદાવનની ગોપીકાઓને જેવો ઉત્સાહ થયો એવો ઉત્સાહ મારા માનમાં કયારે પ્રકટ થશે ! આ ગુણગાનનો મનોરથછે. રત્નાકર ખૂબ જ સુંદર વાત કહે છે :

ઉધોકે આવનકી સુધી મનભાવનકી
નન્દજુકેગાંવમેં આવન જબે લગી,
હમકોં લિખ્યો હૈ કહા ? હમકોં લિખ્યો હૈ કહા ?
હમકો લિખ્યો હૈ કહ કહન સબેં લગી.

જે જુઓ તે ઉદ્ધવજીને પકડી-પકડીને પૂછે છે કે અમારા માટે ઠાકોરજીએ કાંઇ લખ્યું છે કે નહીં. આપણે ઠાકોરજીની કથા સાંભળીએ ત્યારે આવો ભાવ જાગવો જોઇએ કે આમાં પ્રભુની એવી કઇ વાત છે કે જે ખાસ મારા માટે છે. હમકોં લિખ્યો હૈ કહા ! આ ભાવ, ઉત્સાહ, ઉત્કંઠાનું જાગૃત થવું એ ગુણગાનનો મનોરથછે. આ મનોરથપણ આપણે ત્યાં કરી શકાય છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

''પ્રેમ્ણોન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્,
શ્રીભાગવતમેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્''

પ્રભુનો અનુભવ પ્રેમ સિવાય બીજી કોઇ પણ રીતથી ફકત જ્ઞાન કે ફકત કર્મથી સારી રીતે નથી થઇ શકતો. અને ભગવત્પ્રેમને પ્રકટ કરવાનું સાધન ભાગવતથી વધારે બીજું કાંઇપણ હોઇ જ નથી શકતું. આ વાત કહીને શ્રીમહાપ્રભુજી એક ગુલાંટ ખાઇ રહ્યા છે કે :

''પરમ્ અત્ર એકો દોષઃ તદુપજીવનમ્ ઇતિ
...વૃત્યર્થં ઉપાયો ન કર્તવ્યઃ''

આજે તો પુષ્ટિમાર્ગમાં એ નિયમ જ બની ગયો છે કે જે મરે તેની પાછળ ભાગવત બેસાડવું. અરે, જે મરી જાય તે બધા ધંધુકારી જેવા મહાપાપી જ હોય છે શું ! મને તો મરવાનો ડર લાગી રહ્યો છે જેવો રીવાજ આજે પુષ્ટિમાર્ગમાં ચાલી રહ્યો છે તેને જોઇને કે મરી જઇએ તો છોકરાઓ આપણને ધંધુકારી માનીને ભાગવત બેસાડી દેશે. ભાઇ, તું મને ધંધુકારી સમજતો હોય તો જીવતો હોઉં ત્યારે જ મને ધંધુકારી કહી દઇશ તો મને એટલું દુઃખ નહીં થાય જેટલું દુઃખ મને મારી પાછળ ભાગવત બેસાડીસ તેનાથી થશે. પણ અત્યારે તો દરેક પુષ્ટિમાર્ગીપોતાના મરી ગયેલા મા-બાપને ધંધુકારી સમજી રહ્યા છે. આ ખૂબ જ વિચિત્ર પરંપરા ચાલી નીકળી છે. આવું ભાગવત કયારેય થવું ન જોઇએ, આવું ભાગવત કયારેય સાંભળવું ન જોઇએ, આવી ભાગવત કથાને કયારેય પ્રોત્સાહન પણ ન આપવું જોઇએ. પણ આવી ધંધુકારીવાળી ભાગવતકથા આપણે ત્યાં જ બધાથી વધુ ચાલી રહી છે.

અજીબ દાંસતા હૈ યે કહાં શુરુ કહાં ખતમ,
યે મંજિલે હૈ કૌનસી ન વો સમજ સકે ન હમ.

આ મનોરથસારો મનોરથનથી. આનાથી કયારેય પણ આપણને સેવાનો ભાવ સમજમાં નહીં આવી શકે. શ્રીમહાપ્રભુજીએ જે મનોરથઆપણને સમજાવ્યો એ છે ''ઉદ્ધવાગમને જાતઃ ઉત્સવઃ સુમહાન્ યથા, વૃન્દાવને ગોકુલેવા તથા મે મનસિ કવચિત્''. ભગવત્કથા સાંભળતી વખતે મારા મનમાં

એ ઉત્સવ કયારે જાગશે ! જે દિવસે એ ઉત્સવ જાગશે તે દીવસથી આપણામાં સેવાનો ભાવ, સેવા રીતિ બધું જ ધીમે-ધીમે સમજણમાં આવવા માંડશે.

હું સમજું છું કે આપણા વચનામૃત વિચારનો છેલ્લો ભાગ આ જ હતો

''સેવાકો પ્રકાર એતન્માર્ગીય વૈષ્ણવ જાનત હૈ
તિનસોં મિલિ ભાવ પૂછિકે સેવા કરની તબ ભગવદ્ભાવ
ઉત્પન્ન હોય, ઠાકુરજીકી લીલાકો સબ ભેદ જાને''

આ એજ વાત છે જે શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણમાં બતાવી છે ''ઉદ્ધવાગમને જાતઃ.... તથા મે મનસિ કવચિત્''. ભગવદ્ભકતોનો સંગ કરવો, એમની સાથે લૌકિક ચર્ચા ન કરવી ભગવચ્ચર્ચા કરવી. ભગવદ્ભાવને સમજવાનો પ્રયાસ કરવો. સમજાવવાનો પ્રયાસ કરવો. એકબીજા સાથે મળવું, એટલા માટે નહિં કે આપણે પરિચય-સંચય વધારવો છે. પણ એટલા માટે કે આપણો ભગવત્સંચય વધે, ભગવલ્લીલા-ગુણગાનનો પરિચય વધે. સેવાનો પરિચય વધે, સેવ્યનો પરિચય વધે. આવા હેતુથી જ્યારે આપણે મળવાનું શરૂ કરશું તો તે આપણું પુષ્ટિમાર્ગીય મિલન છે. આવા હેતુથી આપણે ન મળ્યા અને લગ્ન-પ્રસંગમાં મળ્યા, પિકનિકમાં મળ્યા તો તે સાંસારિક મિલન છે. આમાં ભગવદ્ભાવનો કોઇ પ્રસંગ નથી. પણ જ્યારે આપણે આ હેતુથી મળીએ કે આપણે ભગવચ્ચર્ચા કરીએ, સિદ્ધાંત સમજીએ, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતનો અભિપ્રાય સમજીએ કે જેનાથી આપણામાં સેવાનો ભાવ, સેવાની સમજણ, મનોરથકેવા હોવા જોઇએ તેની સમજણ જાગૃત થાય.

એક વાત સમજો કે આપણા મનમાં અહંકાર ન હોવો જોઇએ કે અમે જે પ્રકારથી ભક્તિ કરી રહ્યા છીએ એ જ પ્રકાર બધા કરતાં શ્રેષ્ઠ છે. બીજા લોકો જે કરી રહ્યા છે તે પ્રકાર અમારા જેટલો શ્રેષ્ઠ નથી. ભક્તિનો ભાવ આ પ્રકારના અહંકારને સહન નથી કરી શક્તો. એવી જ રીતે ભક્તિનો ભાવ ન તો એવા પ્રકારના દૈન્યને સહન કરી શકે છે કે અમે જે કરી રહ્યા છીએ તે બધું તુચ્છ જ છે, ઠાકોરજીને અમે તો શ્રમ જ કરાવીએ છીએ... મોટાભાગના વૈષ્ણવોમાં એમને ડરાવી-ડરાવીને એવો ભાવ પેદા કરી દેવામાં આવ્યો છે કે તમે સેવા કરો તે તો માત્ર અપરાધ જ કરી રહ્યા છો. અરે યાર, પેદા થયા ત્યારે

પણ એ અપરાધ હતો, મરશું ત્યારે અપરાધ થશે, જીવીએ એ પણ અપરાધ છે. તો બે-ચાર અપરાધ વધારે થઇ જાય તો શું ફરક પડયો ! પણ અપરાધ શા માટે કરવો છે એ વાત સમજી લઇએ કે અપરાધ ગામને દેખાડવા માટે નહીં, ગામને ઠગીને ખ્યાતિ અને પૈસા ભેગા કરવા માટે નહીં. અપરાધ કરવો છે... હું દરેક વખતે સમજાવું છું કે અપરાધ કરવો છે તો કેવો કરવો છે. વિદેશની ઘટના છે. એક ઘરમાં રંગ-રોગાન ચાલી રહ્યું હતું. માં ઉત્સાહથી ઘરને રંગી રહી હતી. છોકરી માને જોઇ રહી હતી. થોડીવાર પછી માં બજારમાં ખરીદી કરવા ગઇ. છોકરીને થયું કે હું પણ મારી માંને મદદ કરું. એણે પીછી હાથમાં લીધી અને ટીવી, ફ્રિઝ, સોફા, ખુરશી બધી જગ્યાએ રંગ લગાવી દીધો. એટલામાં માં ઘરે આવી. છોકરીએ ખૂબ ઉત્સાહથી માંને કહ્યું કે જો માં મેં કેવો સરસ રંગ કર્યો ! બધે રંગ લગાડી દીધો. માંએ વિચાર્યું કે રંગ લગાડયો કે પછી કબાડો કર્યો ! પણ એ છોકરીનો ભાવ માંને રાજી કરવાનો હતો. તોફાન કરવાનો ન હતો. એટલે માં એ છોકરીના ચહેરા ઉપર નિર્દોષ ભાવ જોયો ત્યારે તેણે પોતાની બાળકીને ગળે લગાડી દીધી. આવી રીતે આપણે પણ કયારેક આવો રંગ-રોગાન કરી દેશુ ત્યારે પ્રભુ પણ આપણને ગળે લગાડી લેશે. તેં અપરાધ કર્યો પણ મારા સુખ માટે કર્યો છે. તારી જેટલી સમજણ હતી તે પ્રમાણે તે કર્યું. ટી.વી.ને નહોતું રંગવું જોઇતું પણ તે સમજણ વગર રંગી દીધું. પણ ઠીક છે, તારો ભાવ શુદ્ધ હતો. મને ટી.વી.ની સફાઇ કરતાં આવડે છે. તેના કેમિકલ્સ્ પણ મારી પાસે છે અને કપડું પણ મારી પાસે છે. તું ચિંતા નહીં કર. તેં મને પ્રસન્ન કરવા માટે જ કર્યું છે, ''શાક વિદુર ઘર ખાઇ'' કેળાની છાલ ખાઇને પ્રભુએ નારાજગી નહોતી બતાવી, પ્રસન્ન થયા. અને દુર્યોધને પૂછયું કે મારે ત્યાં આટલા પકવાન છે છતાંય કેમ નથી આવતા, વિદુરના ઘરે શા માટે જાઓ છો ? ઠાકોરજીએ દુર્યોધનને બે વાકયોમાં જવાબ આપ્યો કે રાજા, કોઇ કોઇને ઘરે ખાવા કયારે જાય છે ? કાં તો તે ભૂખ્યો હોય તો જાય અને કાં પછી પ્રેમ હોય તો જાય, મને ભૂખ નથી અને તને પ્રેમ નથી તો હું તારે ત્યાં શા માટે આવું ? વિદુરની પત્નીમાં પ્રેમ હતો, ભોજન કરાવવામાં એટલી તન્મય હતી કે છાલ આરોગાવતી ગઇ અને કેળા ફેંકતી ગઇ. ઠાકોરજી પણ છાલ આરોગતા ગયા. ''શાક વિદુર ઘર ખાઇ સબસે ઉંચી પ્રેમ સગાઇ'' તેથી પ્રેમ સગાઇથી જે

મનોરથથશે તે બધાથી ઉંચા કહેવાશે. ગામ ભલે અજંપો કરતું રહે કે આમાં નાટકીયતા છે.

એક સાચી વાત કહું કે ભાંડારકરને એવું કહેવાનો મોકો મળ્યો કે પુષ્ટિમાર્ગીય સેવા પ્રકારમાં નાટકીયતા છે એનો અપરાધી ભાંડારકર નથી. એના અપરાધી પુષ્ટિમાર્ગીછે. આપણે આપણો સેવા પ્રકાર ગામને શા માટે દેખાડ્યો કે જેથી ભાંડારકર જોઇ ગયો. જો ગામને દેખાડત જ નહીં, ઘરમાં સેવા કરતા હોત તો ભાંડારકરને કેવી રીતે ખબર પડત કે આપણે કેવી રીતે સેવા કરી રહ્યા છીએ પણ આપણે સેવાનું પ્રદર્શન ગામની સામે કર્યું એટલે ભાંડારકર જેવા માણસો જોઇ ગયા અને લખી નાખ્યું કે આમાં નાટક વધારે છે અને આધ્યાત્મિકતા ઓછી છે. પણ એના અપરાધી આપણે છીએ, તેઓ નથી.

દાદાજીના શિષ્ય અને મારા પરિચિત એક મરાઠીને મેં ઠાકોરજી પધરાવી આપ્યા. એમણે ઠાકોરજીને મરાઠી ટાઇપના વસ્ત્ર ધરાવ્યા. તે દિવસે કોઇ પાડોશી વૈષ્ણવે એમના ઠાકોરજીના દર્શન કર્યા. એમણે કહ્યું કે અરે રે રે, મોટો અપરાધ થઇ ગયો. આવા વસ્ત્ર કયારેય ઠાકોરજીને ધરાવાય ! મરાઠી વૈષ્ણવ ડરી ગયા. એમણે મને ફોન કરીને માફી માંગી. મેં વાત પૂછી તો એમણે કહ્યું કે આપ જલ્દી પધારો. હું ૨૦-૨૨ માઇલ દૂર એમના ઘરે ગયો. દર્શન કર્યા તો ઠાકોરજી મરાઠી રીતના વસ્ત્ર ધારણ કરીને બિરાજતા હતા. ખૂબ સુંદર દર્શન થઇ રહ્યા હતા. મેં પૂછયું કે શું અપરાધ થઇ ગયો. એમણે બધી વાત કહી. મેં કહ્યું કે વાત તો સાચી છે ખરેખર મોટો અપરાધ થયો છે. આ સાંભળીને તેઓ વધુ ડર્યા. એમણે પૂછયું કે આનું પ્રાયશ્ચિત શું. મેં કહ્યું કે આ અપરાધનું પ્રાયશ્ચિત્ત એ જ છે કે આજ પછી તમે કયારેય તમારા ઠાકોરજીના દર્શન કરાવતા નહીં. દર્શન કરાવ્યા એ અપરાધ થયો છે, મરાઠી વસ્ત્ર ધરાવ્યા એમાં કોઇ અપરાધ નથી થયો. ઉલ્ટું મને તો સારું લાગ્યું કે તમે મરાઠી છો અને તમારા મનમાં ભાવના જાગી કે અમારા ઘરનો ઠાકુર અમારી રીતના વસ્ત્ર ધરે. કેમકે મધ્યકાલમાં દરેક સમૃદ્ધ વ્યકિત સૂથન કાછની પહેરતો હતો. મહારાજા રૂપસિંહજી, નાગરીદાસજી, અમારા પૂર્વજોના ચિત્ર જોઇલો. તમને સૂથન-કાછની પહેરેલા ચિત્ર જોવા મળશે. આપણને એ વસ્ત્ર સારા લાગ્યા તો

ઠાકોરજીને પછી તેવા વસ્ત્ર ધરાવવાનો આપણો મનોરથથયો અને આપણે એ ધરાવ્યા.

એવું કહેવાય છે કે શ્રીનાથજીએ શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી કે મારે પણ કુલ્હા પહેરવો છે એટલે આપણે ત્યાં કુલ્હેનો શૃંગાર આવ્યો. 'કુલ્હા' ફારસી શબ્દ છે. શ્રીગુસાંઇજીએ વિચાર્યું કે ઠાકોરજીને મનાવવા જ તો છે ! મુસલમાની વેશ આપણે શા માટે ધરાવીએ ! શ્રીનાથજીને કુલ્હા કેમ ધરાવવો એ સમસ્યા થઇ તો શ્રીગુસાંઇજીએ કેશનો અંબોડો આગળ ધર્યો. તેનું ટોપી જેવું બની ગયું. અને બાકી રહેલી પાગની કુલ્હા બનાવી દીધી. આમ કુલ્હે બની ગઇ. આ શૃંગાર ઠાકોરજીએ પોતાની ઇચ્છાથી ધર્યો તેથી શ્રીગુસાંઇજીએ નિયમ કરી દીધો કે હવેથી દરેક ઉત્સવ ઉપર કુલ્હેનો શૃંગાર થશે. આ ઠાકોરજીનો મનોરથછે. ઠાકોરજીનો ભક્તની સામે પ્રકટ કરવામાં આવેલો મનોરથછે. ઠાકોરજીએ એમ નહોતું કહ્યું કે મારે કુલ્હા પહેરીને ગામમાં રખડવું છે. એમણે ગુસાંઇજીની સામે ઇચ્છા પ્રગટ કરી કે મને કુલ્હા ધરાવો. તો આપણે કુલ્હા ધરાવી દીધી. તેથી જ્યારે આપણે કુલ્હે ધરાવી શકીએ છીએ તો મરાઠી પરિવારનો વૈષ્ણવ મરાઠી વસ્ત્ર ઠાકોરજીને કેમ ન ધરાવી શકે ! પણ જો ગામને દેખાડવા જશો તો ડાહ્યા માણસો ચર્ચા કરશે જ કે અરે રે રે અપરાધ થઇ ગયો ! એટલા માટે પોતાના ઠાકોરજી કોઇને દેખાડવા એ જ સૌથી મહાન અપરાધ છે. બાકી તો આપણે આપણા ઠાકોરજી સાથે ખેલ કરી રહ્યા છીએ તેમાં અપરાધ કેવો. આપણે રાજી આપણો ઠાકુર રાજી તો પછી અપરાધ કેવો. મારા કાકાના દિકરા ભાઇનો માર ખાવાવાળા રાજી હતા અને મારો ભાઇ રાજી હતો. આમાં કોઇ રાગ ન હતો કોઇ દ્વેષ ન હતો. બસ એક ખેલ હતો. આવો ખેલ આપણે આપણા ઠાકોરજીની સાથે ખેલીએ. આ મનોરથનું સૌથી મોટું રહસ્ય છે.

અમે ગોસ્વામી જે અપરાધ કરી રહ્યા છીએ તે રીતિનો નહીં, પ્રીતિનો અપરાધ કરી રહ્યા છીએ. ઠાકોરજીની સેવા અમારા ગાંઠના પૈસાથી નહીં ગામના પૈસે કરવી, ગામના પૈસે કરવી અને પાછુ ગામને જ પ્રસાદ વેંચાતો દેવો. એના પૈસા ખિસ્સામાં નાખવા. અમારા ઠાકોરજીની સેવા ઠાકોરજીના સુખ માટે નહીં, ગામને દેખાડવા માટે કરવી. આથી અમારા ગોસ્વામીઓના

જેટલા પણ અપરાધ છે તે બધા પ્રીતિના અપરાધ છે. અને એક રહસ્યને સમજો કે પ્રીતિનો અપરાધ વધારે ખતરનાક હોય છે રીતિના અપરાધની સરખામણીમાં. કેમકે રીતિનો અપરાધ મર્યાદામાર્ગમાં ખતરનાક હોય છે પણ પુષ્ટિમાર્ગમાં રીતિનો અપરાધ એટલો ખતરનાક નથી. જો ખરેખર રીતિનો અપરાધ ખતરનાક હોત તો પદ્મનાભદાસ છોલા કેવી રીતે આરોગાવી શકત ? રજસ્વલા સ્ત્રી ઠાકોરજીની સેવા કેવી રીતે કરી શકત ? તેથી રીતિનો અપરાધ પણ અપરાધ ચોક્કસ છે પણ એટલો મોટો નથી. પણ પ્રીતિનો અપરાધ એટલો મોટો અપરાધ છે કે જેનાથી મોટો અપરાધ ભક્તિમાર્ગમાં બીજો કોઇ હોઇ જ નથી શકતો.

અમે લોકો પ્રીતિનો અપરાધ કરીએ છીએ. કદાચ તમારા વૈષ્ણવથી કયારેક રીતિનો કોઇ અપરાધ થઇ જતો હશે તો થઇ જાય. બહુ ચિંતા જેવી વાત નથી. ઠાકોરજી તમારા ઉપર પ્રસન્ન છે. જો તમે તમારા ઠાકોરજીને સર્વસ્વ માનીને સેવા કરી રહ્યા છો તો. અને જો કોઇક હવેલી-મંદિરમાં બિરાજતા ઠાકોરજી ઉપર તમે સર્વસ્વનો ભાવ કરી રહ્યા છો તો ઘરની સ્ત્રીના બદલે તમને હિરોઇન સારી લાગવા જેવી વાત છે. પણ યાદ રાખજો કે હિરોઇન તમારૂં ઘર નહીં વસાવી શકે. અને જો ઘર વસાવશે તો તે હિરોઇન નહીં રહી જાય. કારણ કે ઘરની સ્ત્રી એટલા શૃંગાર-મેકઅપ નથી કરી શકતી જેટલા હિરોઇન કરતી હોય છે. પણ પોતાની સ્ત્રી તમને કયારેય દગો નહીં દે અને હિરોઇન કયારેય તમને ચાહશે નહીં. આટલું રહસ્ય સમજી જાઓ. તમે બીમાર પડશો તો કોઇ હિરોઇન તમારી સેવા કરવા નહીં આવે. સેવા તો તમારી પોતાની સ્ત્રી જ કરશે. ભલે તે હિરોઇન જેટલી સુંદર ન લાગતી હોય. એવી જ રીતે આપણા પોતાના ઘરના ઠાકોરજી ઘરના સેવકોનું પૂરેપૂરૂં ધ્યાન રાખશે. અને હવેલીના ઠાકોરજીને તો તમે મરી જશો તો પણ તેને તમારી સામે જોવાની ફૂરસત નહીં મળે. કેમકે એની સામે હજારો માણસો બીજા ઉભા છે. તમે મરી જાવ કે જીવતા રહો એને કાંઇ પાંદડુય હાલશે નહીં. એટલા માટે પ્રીતિનો અપરાધ રીતિના અપરાધથી વધુ ખતરનાક છે.

સંપ્રદાયમાં ઘણી બધી જાતની ખરાબીઓ ઘુસી ગઇ છે પણ મેં આજ

સુધીમાં કોઇ વૈષ્ણવને પૈસા કમાવા માટે સેવા કરતો નથી જોયો. કાલે જોવામાં નહીં આવે એની ગેરંટી હું પણ નથી આપી શક્તો. પણ આજ સુધી તો એવું નથી જોયું કે કોઇ વૈષ્ણવ પોતાના ઠાકોરજીનો ધંધો કરતો હોય. પ્રીતિનો અપરાધ કોઇ વૈષ્ણવો તો નથી કરતા. રીતિનો અપરાધ થઇ જતો હોય તો થવા દો. કેમકે જ્યારે ઠાકુર તમારી સેવા લેવા ભૂતલ ઉપર આવ્યો છે તો એણે વૈકુંઠની રીતી તોડી છે. તમારા ઘરમાં એ બિરાજ્યો છે તો એણે વ્રજની રીતિ તોડી છે. એ તમારી પાસે કયાં વૃંદાવન માગે છે. એ તો સિંહાસન-ખંડ-પાટ ઉપર ફકત બે ખિલૌનાની ગાય જ તો માંગી રહ્યો છે. એણે પોતાની નવલાખ ગાયની મર્યાદા તોડી નથી. તે પોતાની રીતિ તોડી રહ્યો છે તો તમે થોડી ઘણી તમારી રીતિ તોડો તો એમાં ડરવા જેવું શું છે ? તમે આનંદથી તમારા ઠાકોરજીની સેવા કરો. લોકો તો બહુ બીવડાવશે. અપરાધ પડી જશે, સખડીભોગ ધરશો તો અનાચાર થઇ જશે. શેનો અનાચાર ! આજે કોણ આચાર પાળી રહ્યું છે ? ઠાકોરજીને આચારની જરૂરત નથી. આચારની જરૂર તમારે છે, મારે છે અમે અને તમે આચાર પાળીએ નહીં અને બળજબરીથી ઠાકોરજીને આચારમાં ફસાવીને રાખીએ. આ કયાંની પ્રીતિ છે ? રીતને છોડો, પ્રીતને પકડો. પ્રીતની પાછળ રીતનો રથપોતાની મેળે જ ઘસડાતો આવશે. પણ રીતની પાછળ પ્રીતને બાંધી દેશો તો જયપુર મહારાજ જેવી ગતિ થશે.

જયપુર મહારાજને અંગ્રેજોએ કાર ભેટમાં આપી. એમણે કારમાં બેસીને શહેરમાં ફરવાનું વિચાર્યું. એમના બે-ચાર દરબારીઓએ કહ્યું કે આજ સુધી જયપુરનો રાજા ઘોડા વગર સવારીમાં નિકળ્યો નથી. અને આપ વગર ઘોડાની કારમાં નિકળશો તો આપની શાન શું ? એમણે કહ્યું કે મોટરગાડીની આગળ બે ઘોડા બાંધી દો. હવે તો રાજાની શાન ખંડિત નહીં થાયને ! હવે ન ઘોડા ચાલી શકે કે ન ગાડી. ડ્રાઇવરે કહ્યું કે કાં તો ઘોડાગાડીમાં બેસો અને કાં મોટરમાં પણ આવી ફજેત ન કરો. કેમકે મોટરનો મતલબ જ એ છે કે જે વગર ઘોડાથી ચાલે. એમ જ્યારે આપણે પ્રીતને રીતની પાછળ બાંધી દેશું તો આપણી ગાડી કેમ ચાલશે ? પ્રીતિની પાછળ રીતિ પોતાની મેળે ચાલશે. પ્રીતિ ખૂદ તમને સમજાવી દેશે કે સાચી અને ખોટી રીતિ શું છે. રીતિ તમને નહીં

સમજાવી શકે કે સાચી પ્રીતિ શું છે. સોએ સો ટકા પણ જો તમે રીતિનું પાલન કરી લીધું છતાં પણ એ રીતિ તમને પ્રીતિ નહીં સમજાવી શકે. પણ પ્રીતિ તમને રીતિ સારી રીતે સમજાવી દેશે. રામને ખાટા બોર ન આરોગાવવા જોઇએ આ શબરીને કોણે સમજાવ્યું ? રામે સમજાવ્યું, વાલ્મીકીએ સમજાવ્યું કે દશરથે સમજાવ્યું. પ્રીતિએ તેને એ સમજાવ્યું હતું કે ખાટા બોર હું મારા રામને નહીં ધરાવું. રીતિ તુટી ગઇ તો તુટી ગઇ, ભાડમાં ગઇ. રામે એનું કયાં ખોટું લગાડયું હતું ! તેથી પ્રીતિની પાછળ રીતિ ઘોડાની પાછળ જોડેલી ગાડીની જેમ પોતાની મેળે ખેંચાતી ચાલી આવશે. પણ જો ગાડીની આગળ કે પાછળ ઘોડા જોડશો તો ન ગાડી ચાલી શકશે અને ન ઘોડા. મનોરથમાં પ્રીતિના ઘોડા જોડાવા જોઇએ, રીતિના નહીં.

# પ્રશ્નોત્તર

**પ્રશ્ન : અધિકમાસ કેમ આવે છે ? અધિકમાસમાં સેવાનો ક્રમ શું રાખવો જોઈએ ?**

**ઉત્તર :** તિથિકયારેક-કયારેક બે આવી જતી હોય છે. એક તિથિજ્યારે બે સુર્યોદયમાં મૌજૂદ હોય તો તે તિથિબે દિવસ મનાવવામાં આવે છે. એમ જે તિથિકોઇપણ સુર્યોદયને સ્પર્શે નહીં એ તિથિનો ક્ષય થઇ જાય છે. તિથિનું માન સામાન્યરીતે અહો-રાત્રનું હોય છે. પણ જેને આપણે ૨૪ કલાક કહીએ છીએ આવી રીતનું માન તિથિનું નથી. તિથિથોડી-ઘણી અહીં-તહીં સરકતી રહે છે. તેને આકાશમાં જોશો તો તેનું કારણ સમજી શકશો. સૂરજ-ચંદ્ર પૂર્વમાં ઉગે છે પણ બંને એક જ સ્પોટ ઉપર (અક્ષાંશ-રેખાંશ ઉપર) નથી ઉગતા. એમના ઉગવામાં થોડોક સ્થાનભેદ થતો રહે છે. આને કારણે ઉત્તરાયણ અને દક્ષિણાયનનો પ્રભેદ રહે છે. આના કારણે એની ગતિમાં ફરક પડે છે. અને તિથિનો મતલબ છે જે દિવસે પૂરો ચંદ્ર હોય તેને પંદરથી ભાગી નાખવું. આનાથી ચંદ્રની એક-એક કલા એક-એક તિથિબને છે. જો એક ભાગે સૂર્યનો સ્પર્શ કરી લીધો તો તે તિથિઆખા દિવસની માનવામાં આવે છે. પણ કયારેક

એવું થાય છે કે સૂર્યોદય ૦૭:૨૦ મિનિટે થઇ રહ્યો છે તે સમય સુધી એક તિથિછે. હવે સાત વાગીને એકવીશ મિનિટે જો બીજી તિથિઆવી રહી છે જે તે આખો દિવસ રહેવાની છે તો પણ તે દિવસની તિથી એ જ માનવામાં આવશે કે જે સાતને વીશ મિનિટે હતી. અને જો બંને તિથિસૂર્યોદયના સમયને સ્પર્શ નથી કરતી ત્યારે તિથિનો ક્ષય માનવામાં આવે છે.

આકાશમાં ૨૭ નક્ષત્ર છે. ચૈત્ર મહીનાની પૂર્ણિમાના દિવસે ચંદ્રમા ચિત્રા નક્ષત્રમાં હશે. વૈશાખની પૂર્ણિમાના દિવસે ચન્દ્ર વિશાખા નક્ષત્રમાં હશે. જેઠમાં ચંદ્રમાં જયેષ્ઠા નક્ષત્રમાં હશે. અત્યારે અશ્વિની-કૃતિકા-રોહિણી નક્ષત્ર આપણા ઉપર છે. કેમકે અત્યારે તે મહીના ચાલી રહ્યા છે. સૂર્યાસ્ત થતાં જ તે નક્ષત્ર દેખાવા લાગે છે. અને તે આખી રાત ચાલશે.

જેમ તિથિનો સિદ્ધાંત છે એમ મહીનાનો પણ સિદ્ધાંત છે. દરેક મહીનામાં સૂર્ય એક રાશીથી બીજી રાશીમાં બદલવો જોઇએ. ધારોકે કોઇ મહીનામાં બે રાશીમાં બદલી ગયો તો તે માસ અધિક માસ થઇ જાય છે. અને કોઇ મહિનો એવો આવ્યો કે જેમાં સૂર્યે કોઇ રાશી બદલી જ નહીં તો તે મહીનાનો ક્ષય માનવામાં આવે છે. ક્ષય માસ ૧૦૦ વર્ષમાં કયારેક એકાદ વખત આવે છે. અધિક માસ લગભગ ત્રણ વર્ષમાં એક વખત આવે છે.

અધિકમાસ કેમકે અદકિનો માસ છે એટલા માટે તેને મળમાસ, અપવિત્ર માનવામાં આવેલો છે. આ માસમાં કોઇપણ કર્મ નથી થઇ શકતા. કાંઇ જ ન થઇ શકે તો શું કરવું ? શાસ્ત્રવિધિ અનુસાર ભગવત્સમરણ કરવું એ નિયમ હતો. જેમ ગ્રહણના સમયે કાંઇ ન થઇ શકે તો આપણે ભગવત્સમરણ-જપ-કીર્તન કરીએ છીએ.

આપણા પુષ્ટિમાર્ગમાં પણ આ પ્રશ્ન આવ્યો કે અધિકમાસમાં શું કરવું. અધિકમાસમાં તિથિઓ તો બધી આવે છે. જેમ શ્રાવણ અધિક આવે અને તેમાં ત્રીજ આવી તો તે તિથિને ઠકુરાણી ત્રીજનો ઉત્સવ નથી મનાવવામાં આવતો. શુદ્ધ શ્રાવણમાં થાય પણ મલ શ્રાવણમાં ન થાય. તિથિઓ બધી આવે છે પણ ઉત્સવ એકેય મનાવાતા નથી. તો શું કરવું ? આના બે કલ્પ થઇ શકતા હતા. એક તો એ કે કાંઇપણ ન કરવું, નિત્યની સેવા કરતા રહેવું. બીજો

કલ્પ વિચારવામાં આવ્યો કે રીતના હિસાબે કાંઇ નથી કરી શકાતું તો જે મનોરથમનમાં ઉગે તે કરો ! આ કલ્પથી અધિકમાસમાં મનોરથો શરુ થયા.

પુષ્ટિમાર્ગના પણ બધા ઘરોમાં અધિકમાસમાં મનોરથનથી થતા. પણ અમુક ઘરોમાં મનોરથોએ જોર પકડયું. સમજવાની વાત એ છે કે વાત બંને જ સારી છે. કાંઇ ન કરો, ફકત નિત્યસેવા કરો એ પણ સારૂં છે. અને જ્યારે માસના હિસાબથી સેવાક્રમ નથી ચાલી રહ્યો તો આપણને રજા મળી ગઇ. ત્યારે મનોરથની ગણત્રીએ સેવાક્રમ કરો.

આ સ્થિતિમાં આપણા મનોરથચાહે સ્વરૂપાનંદ સંબંધી હોય કે પછી ભજનાનંદ સંબંધી હોય અને ભજનાનંદમાં પણ આપણા મનોરથલીલાનો, સેવાનો કે ગુણગાનનો આનંદ લેવાનો હોય તે સંબંધમાં આપણા મનોરથઆપણે અધિકમાસમાં પૂરા કરી શકીએ છીએ. તે વખતે સેવાની કોઇ પણ રીત આપણને નડતી નથી.

આ ખૂબ જ સારી, મીઠી-મધુર, ભક્તિભાવથી પ્રકટ થયેલી વાત છે. જેમ નિત્યક્રમથી સેવા કરવી તે સારી વાત છે એમ આપણ સારી વાત છે. પણ આમાં ગડબડ એક એ થઇ ગઇ છે કે ''સૈંયા ભયે કુતવાલ અબ ડર કાહેકા''. મનોરથની ગણત્રીથી સેવાની રજા મળી ત્યારે આપણે ગરમીમાં શીતકાલના મનોરથકરીએ તો તે ગરબડ છે. મહીનો અધિક થયો છે ઋતુ અધિક નથી થઇ. તેથી ઋતુથી વિરુદ્ધ મનોરથકરવો તેમા તત્સુખના વિચારની હાની છે. ઋતુ પ્રમાણે જ મનોરથકરવા જોઇએ.

**પ્રશ્ન :**

**ઉત્તર :** શિવલિંગમાં બે પ્રભેદ હોય છે : સ્વયંભૂ અને સ્થાપિત. જ્યાં સ્વયંભૂ શિવલિંગ છે ત્યાં પ્રાણપ્રતિષ્ઠા નથી થતી અને જ્યાં સ્થાપના કરવામાં આવે છે ત્યાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ જ રીતે આપણે ત્યાં પણ ઠાકોરજીના કેટલાક સ્વરૂપ સ્વયંભૂ છે જેમકે શ્રીનાથજી. ઘણા સ્વરૂપ પુષ્ટ કરેલા છે. સ્વયંભૂ ભગવત્સ્વરૂપ જ્યાં બિરાજે છે. ત્યાં સર્વત્ર આપણે ચરણામૃત-પ્રસાદ

લઇ શકતા. જેમ તિરુપતિ બાલાજી, દ્વારકાધીશ, બદ્રીનાથ, વિઠ્ઠલનાથજી, શ્રીરંગજી, જગદીશ, ઉડુપી, કાંચી-વરદરાજસ્વામી વગેરે. અને જ્યાં વૈષ્ણવતંત્ર પ્રમાણે પૂજા થતી હોય પણ ત્યાં બિરાજતું સ્વરૂપ સ્વયંભૂ ન હોય ત્યારે પણ આપણે ચરણામૃત-પ્રસાદ લઇ શકતા. અને જ્યાં કૃષ્ણની પણ વૈષ્ણવઆગમ પ્રમાણે પ્રતિષ્ઠા ન થઇ હોય ત્યાં આપણો કૃષ્ણનો પ્રસાદ પણ નથી લઇ શકતા. આ આપણો નિયમ છે. કેમકે કૃષ્ણની પ્રતિષ્ઠા સ્માર્ત પદ્ધતિથી પણ થઇ શકે છે. વૈષ્ણવઆગમથી પણ થઇ શકે છે, બીજી પણ દશ પદ્ધતીઓથી થઇ શકે છે. તેથી જ્યાં વૈષ્ણવાગમની પદ્ધતિથી પ્રતિષ્ઠા ન થઇ હોય ત્યાં આપણે પ્રસાદ નથી લઇ શકતા. વૈષ્ણવાગમ પદ્ધતિથી પ્રતિષ્ઠા થઇ હોય તો રામ, નૃસિંહનો પણ પ્રસાદ આપણે લઇ શકીએ છીએ. એવી જ રીતે દાઉજીનો, શ્રીયમુનાજીનો પણ પ્રસાદ લઇ શકાય છે.

**પ્રશ્ન : અન્ય દેવી–દેવતાઓની વૈષ્ણવાગમોકત પ્રકારથી પ્રતિષ્ઠા થઇ હોય તો ?**

**ઉત્તર :** અન્ય દેવી-દેવતાઓની પ્રતિષ્ઠા વૈષ્ણવામગમમાં બતાવવામાં જ નથી આવી.

આમાં ધ્યાનમાં લેવાની વાત એ છે કે ગોસ્વામીઓએ પોતાના મંદિર ચલાવવા માટે લોકોને ભરમાવી દીધા કે મર્યાદામાર્ગના મંદિરોમાં તમે ન જઇ શકો. બાકી શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે કે જે પુષ્ટિમાર્ગીથી પુષ્ટિમાર્ગના સિદ્ધાંત મુજબ ઘરમાં સેવા ન નભી શકતી હોય એમણે વૈષ્ણવાગમના અનુસાર મર્યાદામાર્ગીય મંદિરોમાં જઇને પૂજા કરવી જોઇએ. આવી સ્પષ્ટ આજ્ઞા શ્રીમહાપ્રભુજીની છે. ગોસ્વામીઓ આ કરવા નથી દેતા. કેમકે જો લોકો ત્યાં જશે તો ગોસ્વામીના મંદિરમાં કોણ આવશે ? ઘરની સેવા ગોસ્વામી વૈષ્ણવોને બતાવવા નથી માગતા. એમાં પણ કારણ એ જ છે કે વૈષ્ણવ જો ઘરમાં સેવા કરશે તો અમારે ત્યાં કોણ આવશે ! તો બંને બાજુથી વૈષ્ણવને સાણસામાં ફસાવવા માટે સેવાની રીતિને એટલી જટિલ બનાવી દીધી, એટલા અપરાધોનો ડર પેદા કરી દીધા, એટલી આચાર મર્યાદા ઠોકી બેસાડી કે વૈષ્ણવ

બિચારો ઇચ્છે તો પણ ઘરમાં ઠાકોરજીની સેવા કરી જ ન શકે. અને બીજી બાજુ મર્યાદામાર્ગીય મંદિરોમાં જવાની મનાઇ કરી દીધી કે ત્યાં જવાથી અન્યાશ્રય થઇ જશે. જો મર્યાદામાર્ગીય કૃષ્ણમંદિરોમાં ન જઇ શકાતું હોય તો મહાપ્રભુજીએ જગદીશનો પ્રસાદ કેવી રીતે લીધો ? વરદરાજ સ્વામીના પ્રસાદી ઢોકળા કેવી રીતે ખાધા ? પંઢરપુર વિઠલનાથજીનો પ્રસાદ કેમ લીધો ? દ્વારકામાં રણછોડરાયજીનો પ્રસાદ કેવી રીતે લીધો ? અયોધ્યામાં શ્રીરામચંદ્રજીનો પ્રસાદ લીધો છે. પના નૃસિંહજી પધાર્યા છે ત્યારે ત્યાં પણ પ્રસાદ લીધો છે. વાર્તા વાંચીને જોઇ લ્યો. આ બધે જ ઠેકાણે આપે પ્રસાદ લીધો છે. શ્રીમહાપ્રભુજીએ છૂટ આપી છે પણ ત્યાં ગોસ્વામીઓ એવું કહી દે છે કે એ તો મર્યાદામાર્ગ છે ત્યાં પ્રસાદ ન લઇ શકાય. આમ બંને બાજુથી જ્યારે વૈષ્ણવ ઘેરાઇ જાય ત્યારે તે કહ્યા વગર સીધો ગોસ્વામીઓના મંદિરનો ઘરાક બની જાય છે. આ પુષ્ટિમાર્ગ નથી. આ ઇબ્ને બતુતાવાળું ચક્કર છે. છૂટ ચારની હતી. પણ શાદી કરી છત્રીસ સાથે અને ભાગલા પાડી દીધા જ્યારે નાવ ડૂબી. આ લોકો ઇબ્ને બતૂતા છે, ઇબ્ને વલ્લભ નથી. 'ઇબ્ન' નો અર્થ થાય છે બેટા-પુત્ર. તો આ કરતૂત વલ્લભવંશજના નથી, ઇબ્ને બતૂતાના કરતૂત છે. પણ કોઇક ને કોઇક દિવસે સમજવું પડશે. વૈષ્ણવોને પણ અને અમારે ગુસાંઇઓને પણ. આનાથી પુષ્ટિમાર્ગનું ભલું નહીં અહિત જ થયું છે. કેમકે જ્યારે અમે તમોને ભરમાવીએ છીએ તો છેલ્લે તમે અમને ભરમાવો છો અને જ્યારે આપણે એક-બીજાને ભરમાવતા રહેશું તો જીવનમા તમે સુખી નહીં રહી શકો ન અમે પણ.

ખરેખર થાય છે પણ આવું જ કે આપણે કયાંક જવું છે અને ટિકિટ નથી મળતી ત્યારે આપણે રેલ્વેવાળાને લાંચ આપીને ટિકિટ લઇ લઇએ છીએ. રેલ્વેવાળાની પણ તો કોઇ મર્યાદા છે એમના આર્થિક અને સંબંધના સંકોચની. એ કયાં સુધી પોતાના ઉપર કાબૂ રાખી શકે છે. આના કારણે તે આપણને ખોટી ટિકિટ પકડાવી દે છે. ખોટી ટિકિટ જેમ આપણને મળે છે અને બીજા કોઇને પણ મળે છે. છેવટે બંનેને પસ્તાવું પડે છે. અમે મુંબઇથી ૧૧ ટિકિટ બુક કરાવીને કિશનગઢ આવી રહ્યા હતા. અમદાવાદથી છ જણા ચડયા.

રેલવેએ એમને પણ અમારી ૧૧ ટિકિટમાંથી ૬ ટિકિટ આપી દીધી હતી. હવે અમે એકબીજા ઝઘડવા લાગ્યા. તો આ તો થવાનું જ છે. કંડકટરનું શું જાય છે. એ તો બધાને ઘુસાડી દે છે.

યુ.પી.માં તો અજબ જ હાલત છે. અમે બનારસ જઇ રહ્યા હતા. ટિકિટ રિઝર્વ કરાવી ટ્રેનમાં ચઢયા તો અમારી બધી જ સીટ ઉપર લોકો બેઠા હતા. અમે કંડકટરને કહ્યું કે અમારી સીટ ખાલી કરાવો. ટી.સી. બોલ્યો કે તમારે તો આજે જ જવાનું છે પણ આ લોકોને તો ૩૬૦ દિવસ જવાનું હોય છે. એમને કોણ રોકી શકે છે !

નિયમ તોડતી વખતે તો ખૂબ સારૂં લાગે છે. પણ નિયમ તૂટયા પછી જે પરિણામ આવે છે એ બહુ ખતરનાક હોય છે.

પ્રથમેશજીએ ઉજ્જૈનમાં કુંભના અવરસર ઉપર કલ્પવાસ કર્યો. ત્યાં કોઇ પ્રવચનકર્તાની આવશ્યકતા હતી. એક રામાનુજ સંપ્રદાયના પંડિત આવ્યા અને પ્રવચન માટે તૈયાર થયા. એમણે પ્રસાદની વ્યવસ્થા વિષે પૂછયું તો પ્રથમેશજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં પ્રસાદની શું ચિંતા. પહેલા દિવસે તેઓ ભોજન કરવા આવ્યા ત્યારે પ્રથમેશજીએ એમને પોતાના હાથે પ્રસાદ આપ્યો. મોહનથાળને જોઇને પંડિતજીએ પૂછયું કે આ શું છે ? પ્રથમેશજીએ કહ્યું કે આ જ તો પુષ્ટિમાર્ગ છે. પંડિતજીને પુષ્ટિમાર્ગ ગમી ગયો. એક પછી એક એમ ૯-૧૦ પુષ્ટિમાર્ગ તેઓ ખાઇ ગયા. જેઠ મહીનો હતો. ખાતા તો ખવાઇ ગયા પણ પછી એમને હૈજા (ઝાડા) થઇ ગયા. પ્રથમેશજીએ ખૂબ સરસ વાત કહી કે પંડિતજી, પુષ્ટિમાર્ગ ખાવો સહેલો છે પણ પચાવવો અઘરો છે !

બધા નિયમોનું આવું જ છે. તોડવામાં મજા આવે છે પણ તૂટયા પછી પરિણામ ખૂબ જ ભયંકર હોય છે.

અમે ગોસ્વામીઓએ બ્રહ્મસંબંધ લેવાવાળો ઘરમાં સેવા કરવા તૈયાર છે કે નહીં આની પરીક્ષા કર્યા વગર બધાને બ્રહ્મસંબંધ દેવાનું શરૂ કર્યું. આનુ પરિણામ એ આવ્યું કે આજે કિરીટભાઇ ફટાણીયા પણ બધાને બ્રહ્મસંબંધ આપે છે. કિરિટભાઇ કુંભાર છે. લંડનમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ હતો. કાંઇક હેરા-

ફેરીમાં એને ત્યાં જેલની સજા થઇ. જેલમાં ભાગવત વાંચ્યુ. બહાર આવીને કથા કરવાની શરૂ કરી દીધી. હવે બ્રહ્મસંબંધ પણ આપે છે. ગયા વરસે એણે પોતાને વલ્લભકુલનંદન જાહેર કરી દીધો હતો. ગોસ્વામી અંદરો-અંદર પૂછતા હતા કે કયા ઘરનો બાલક છે એ તો ખૂલાસો કરો ! એ બ્રહ્મસંબંધ આપે છે. એને કેવી રીતે રોકશો ! કેમકે બ્રહ્મસંબંધ દેવામાં કોઇ નિયમ તો રહ્યો જ નહીં. નિયમને તોડવાથી આવી દુર્ગતિ  થાય છે.

કોઇએ આવીને મને પૂછયું કે કિરીટભાઇ ફટાણિયાને બ્રહ્મસંબંધ આપવાનો અધિકાર કેવી રીતે હોઇ શકે છે. મેં એમને કહ્યું કે જેમ આપણને મળ્યો એમ એને પણ મળી ગયો. આપણને પણ દરેક માણસને બ્રહ્મસંબંધ આપવાનો અધિકાર કયાં હતો. જે સેવા કરે એને જ બ્રહ્મસંબંધ આપી શકાય છે. આપણે સેવા ન કરે એને પણ બ્રહ્મસંબંધ આપવાનું ચાલુ કરી દીધું એમ એ પણ દઇ રહ્યો છે !

અસદ્ બઝમે તમાશામેં તગાફુલ પર્દાદારી હે,
અગર ઢાંપેતો આંખે ઢાંપ કે હમ તસવીરે ઉરિયાં હૈં.

આ તો તમાશાની મહેફિલ છે. આમાં પડદો ઉંચો થયો નથી એટલી જ વાર છે.

કિરીટભાઇ જે ઘરનો સેવક છે તે મહારાજ ખૂદ મારી આગળ રોતા હતા કે અમે શું કરીએ અમારૂં કાંઇ ચાલતું નથી. ઠીક છે મને એમાં કોઇ ખરાબ વાત ન લાગી. જ્યારે આપણે નિયમ તોડી રહ્યા છીએ ત્યારે કોઇને તોડતા કેવી રીતે રોકી શકીએ ?

★★★